ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

## સોળમી બત્રીશી

16




**વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત
દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા અંતર્ગત

# ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન


❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
**શ્રી મોહજિતવિજયજી મહારાજા** તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલન-સંશોધનકારિકા ✪

સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી **રોહિતાશ્રીજી** મહારાજના
શિષ્યરત્ના સાધ્વીજી **ચંદનબાલાશ્રી**



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૩૫ ❖ વિ. સં. ૨૦૬૫

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૩૦૦

મૂલ્ય : રૂ. ૭૫-૦૦


## 卐 આર્થિક સહયોગ 卐

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પરમપૂજ્ય આચાર્યદેવેશ સ્વ. શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય આચાર્ય ભગવંત સ્વ. શ્રીમદ્વિજય **હેમભૂષણસૂરીશ્વરજી મહારાજ**ના આજ્ઞાવર્તી પ. પૂ. પ્રવર્તિની સા. શ્રી **હેમશ્રીજી** મ.ના નિશ્રાવર્તી પ. પૂ. વિદુષી સા. શ્રી **જયવર્ધનાશ્રીજી** મ. તથા વિદુષી સા. શ્રી **સુરક્ષિતાશ્રીજી** મ.ના સદુપદેશથી શ્રી સોલાપુર જૈન શ્વે.મૂ. સંઘની આરાધિકા શ્રાવિકા બહેનો અને શ્રી લબ્ધિ-વિક્રમ જૈન શ્વે.મૂ. સંઘ-અમદાવાદની આરાધિકા શ્રાવિકા બહેનો તરફથી નાદુરસ્ત તબિયતમાં કરી રહેલ પ. પૂ. વિદુષી સા. શ્રી **ચંદનબાલાશ્રી** મ.ની શ્રુતભક્તિની અનુમોદનાર્થે જ્ઞાનદ્રવ્યમાંથી આ બત્રીશીના પ્રકાશનમાં સંપૂર્ણ લાભ લીધેલ છે.


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૯૫

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❋ મુદ્રક ❋

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિવિનાયક ટાવર,
વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

*** મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.), મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્કસ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગીતાર્થ ગંગાના પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનના પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનના પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯. प्रश्नोत्तरी
૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથની 'ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા'ના શબ્દશઃ વિવેચનના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

### શ્રુતસદનના સૂત્રધાર મહોપાધ્યાયજી મહારાજા :-

વિક્રમની સત્તરમી સદીમાં જન્મેલા જૈનધર્મના પરમપ્રભાવક, જૈનદર્શનના મહાન દાર્શનિક, મહાન તાર્કિક, ષડ્દર્શનવેત્તા અને ગુજરાતના મહાન જ્યોતિર્ધર શ્રીમદ્ **યશોવિજયજી મહારાજા** – જેઓ એક જૈન મુનિવર હતા. યોગ્ય સમયે અમદાવાદના જૈન શ્રીસંઘે સમર્પિત કરેલા, ઉપાધ્યાપદના બિરુદથી 'ઉપાધ્યાયજી' બન્યા હતા. સામાન્ય રીતે વ્યક્તિ 'વિશેષ' નામથી જ ઓળખાય છે, પણ આમના માટે થોડી નવાઈની વાત એ હતી કે જૈન સંઘમાં તેઓશ્રી વિશેષ્યથી નહિ પણ 'વિશેષણ'થી સવિશેષ ઓળખાતા હતા. "ઉપાધ્યાયજી મહારાજ આમ કહે છે, આ તો ઉપાધ્યાય મહારાજનું વચન છે" આમ 'ઉપાધ્યાયજી'થી શ્રીમદ્ યશોવિજયજી મહારાજાનું જ ગ્રહણ થતું હતું. આવી ઘટનાઓ વિરલ વ્યક્તિ માટે બનતી હોય છે. એઓશ્રી માટે તો આ બાબત ખરેખર ગૌરવાસ્પદ છે.

વળી તેઓશ્રીના વચનો માટે પણ એને મળતી બીજી એક વિશિષ્ટ અને વિરલ બાબત છે. એમની વાણી, વચનો કે વિચારો 'ટંકશાલી' એવા વિશેષણથી ઓળખાય છે. વળી ઉપાધ્યાયજી મહારાજની શાખ એટલે 'આગમશાખ' અર્થાત્ શાસ્ત્રવચન એવી પણ પ્રસિદ્ધિ છે. આમ શ્રીજિનશાસનના ગગનમાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સર્વત્ર પ્રસિદ્ધિને પામેલા મહાપુરુષ છે.

### 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા :-

સર્વનયમયી વાણી વહાવનાર મહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી મહારાજા**ની એક અદ્ભુત અમરકૃતિરૂપ આ 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથ, ૫૦૫૦ શ્લોકપ્રમાણ અદ્ભુત અર્થગંભીર અને મનનીય 'તત્ત્વાર્થદીપિકા' નામની સ્વોપજ્ઞવૃત્તિથી સમલંકૃત છે. પૂજ્યશ્રીએ શ્રુતસાગરની અગાધ જલરાશિને વલોવીને નિષ્પન્ન અમૃતને આ ગ્રંથગાગરમાં આપણને પીરસ્યું છે. તેઓશ્રીની એક એક કૃતિ Master Piece - બેનમૂન નમૂનારૂપ છે, જે તેમના ઉચ્ચ બૌદ્ધિક સ્તરનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણને દર્શન કરાવે છે. આ ગ્રંથનું અધ્યયન કરતાં અનેક પદાર્થોનું યુક્તિસભર નિરૂપણ જોઈ ગ્રંથકાર ઉપાધ્યાયજી **યશોવિજયજી મહારાજા**ની પ્રખર તર્કશક્તિને અને તીવ્ર મેધાશક્તિને બિરદાવ્યા વિના રહી શકાતું નથી.

આ કોઈ આગમગ્રંથ નથી, પરંતુ આગમગ્રંથોનાં ગૂઢ રહસ્યોનું ઉદ્ઘાટન કરે તેવો સરળ અર્થબોધક ગ્રંથ છે. માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજે ટીકામાં પણ માત્ર દુર્ગમ અને દુર્બોધ શબ્દોનું સ્પષ્ટીકરણ કરેલ છે. **'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથ'** સમ્યગ્જ્ઞાનનો દરિયો છે. તેમાં આગમના ગંભીર પદાર્થો, યોગમાર્ગના અતીન્દ્રિય ભાવો, દાર્શનિક પદાર્થો અને આચારસંહિતા પણ ગૂંથાયેલાં છે. તેમ જ અનેક મહત્ત્વના પદાર્થોનું સંકલન અને વિશદીકરણ પણ આ ગ્રંથરત્નમાં કરવામાં આવ્યું છે. જેમ પૂ. સૂરિપુરંદર **શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજે** સ્વરચિત ગ્રંથોનાં નામાભિધાન, ષોડશકપ્રકરણ, અષ્ટકપ્રકરણ, વિંશતિવિંશિકા આદિ તેના વિવિધ શ્લોકસમૂહની સંખ્યાને આશ્રયીને આપેલ છે; તેમ અહીં વિવિધ ૩૨ વિષયોનું નિરૂપણ કરતાં ૩૨ પ્રકરણને રચ્યાં, અને એક એક પ્રકરણમાં ૩૨-૩૨ શ્લોકોનાં ઝૂમખાં મૂકવા દ્વારા, મુખ્ય ૩૨ વિષયોની સાંગોપાંગ અને અર્થગંભીર વિશદ છણાવટ કરેલ છે. ટૂંકમાં પ્રસ્તુત કૃતિ 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' યોગ, આગમ અને તર્ક-યુક્તિના શિરમહોર સમાન એક અણમોલ અને અનુપમ મહાન ગ્રંથ છે. ખરેખર જ, આ શાસ્ત્રોનો વારસો આ કલિકાળમાં આપણને પ્રાપ્ત ન થયો હોત તો આપણે સરળતાપૂર્વક આત્મકલ્યાણ સાધી શકવા સમર્થ કેમ બની શકત ? વર્તમાનમાં તત્ત્વ કે સાર પામવા માટે આલંબનરૂપ આ ગ્રંથ અનેક શાસ્ત્રોના નિચોડરૂપ અમૂલ્ય ખજાનો છે.

"દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા" ગ્રંથનું આ ૧૬મું પ્રકરણ **"ઈશાનુગ્રહવિચાર"** દ્વાત્રિંશિકા છે.

૧૫મી **'સમ્યગ્દષ્ટિ'**બત્રીશીમાં સમ્યગ્દષ્ટિ કોણ છે તેનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું. જીવ જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે તેમનામાં રહેલું સમ્યક્ત્વ ભગવાનના અનુગ્રહથી નિર્વાહ પામે છે, તેથી સમ્યક્ત્વનો નિર્વાહક **'ઈશાનુગ્રહ'** છે તે ઈશાનુગ્રહ શું છે ? તેની વિચારણા પ્રસ્તુત બત્રીશીમાં કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાતંજલમતવાળા એકાંતે ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે તેમ કહે છે. તે મત બતાવીને એકાંતે તે વચન યુક્ત નથી. તે સ્પષ્ટ કરવા માટે પ્રથમ પાતંજલમતનો ગ્રંથકારશ્રીએ ઉપન્યાસ કરેલ છે.

પાતંજલો ત્રણે કાળમાં ક્લેશાદિના સ્પર્શ વગરનો પુરુષવિશેષ ઈશ્વર છે તેમ સ્વીકારે છે. તેમ કહીને પાતંજલમતાનુસાર ઈશ્વરનું સ્વરૂપ, કર્માશયનું સ્વરૂપ, વિપાકાશયનું સ્વરૂપ, જાતિ, આયુષ્ય અને ભોગનું સ્વરૂપ, ચિત્તનું સ્વરૂપ, કર્માશયથી વિપાકને અનુરૂપ વાસનાઓની અભિવ્યક્તિ બતાવીને કર્મવાસનાનું સ્વરૂપ **શ્લોક-૧**માં બતાવેલ છે.

પાતંજલમતાનુસાર ઈશ્વરમાં અપ્રતિઘ અને સહજસિદ્ધ જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મનું સ્વરૂપ **શ્લોક-૨**માં બતાવેલ છે.

પાતંજલમતાનુસાર ઈશ્વરમાં સર્વજ્ઞપણાની સિદ્ધિ અને જગત્કર્તૃત્વની સિદ્ધિ અનુક્રમે **શ્લોક-૩/૪**માં બતાવેલ છે.

આ રીતે **શ્લોક-૧થી** ૪માં પાતંજલમતાનુસાર ઈશ્વરનું સ્વરૂપ બતાવીને સ્થાપન કર્યું કે ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે, તે પાતંજલમતને દૂષિત કરતાં પૂજ્ય ઉપાધ્યાયજી **યશોવિજયજી** મહારાજા **શ્લોક-૫/૬**માં જણાવે છે કે ઈશ્વરથી અનુગ્રહ પામવા યોગ્ય એવા યોગીના આત્મામાં અનુગ્રાહ્યસ્વભાવ માન્યા વગર ઈશ્વરના અનુગ્રહથી યોગની પ્રાપ્તિની સંગતિ થઈ શકતી નથી. અને તે દોષના નિવારણ માટે પાતંજલદર્શનકાર ઈશ્વરનો અનુગ્રાહકસ્વભાવ અને સંસારી જીવોનો અનુગ્રાહ્યસ્વભાવ સ્વીકારે તો ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે એ તેઓનું કથન સંગત થાય, પરંતુ તેમ સ્વીકારવાથી આત્મા પરિણામી સિદ્ધ થાય, તેથી પાતંજલમત પ્રમાણે આત્માના કૂટસ્થપણાની હાનિ પ્રાપ્ત થાય. વળી ઈશ્વરમાં સાત્ત્વિક પરિણામ પરાકાષ્ઠાનો છે, તેના બળથી જ્ઞાનાદિ ધર્મોના ઉત્કર્ષથી ઈશ્વરની સિદ્ધિ પાતંજલદર્શનકાર કરે છે તે પણ યુક્ત નથી; કેમ કે જ્ઞાનાદિ ધર્મોનો અતિઉત્કર્ષ અજ્ઞાનાદિમાં અતિપ્રસંજક છે. વળી, આત્માને પરિણામી સ્વીકાર્યા વગર જગત્કર્તારૂપે ઈશ્વરની સિદ્ધિ થઈ શકતી નથી અને ઈશ્વરને જગત્કર્તા સ્વીકારવા ઉચિત નથી. તેની યુક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવતાં કહે છે કે ઈશ્વરને જગતને કરવાનું કોઈ પ્રયોજન નથી, માટે ઈશ્વર જગતનો કર્તા નથી. અને ઈશ્વરને જગત્કર્તા સ્વીકારવા માટે રાજમાર્તંડવૃત્તિકાર ભોજદેવ કહે છે કે ઈશ્વર પરમ કરુણાવાળા હોવાથી જગતનો અનુગ્રહ કરવો એ ઈશ્વરનું પ્રયોજન છે, તેથી ઈશ્વર જગતને કરે છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે ભોજના વચન પ્રમાણે ઈશ્વર જગતના જીવોના અનુગ્રહ માટે જગતને કરતાં હોય તો સર્વ જીવોનું ઇષ્ટ જ સંપાદન કરે, તેથી જગતના જીવોના અનુગ્રહ માટે ઈશ્વરને જગતના કર્તા માનવા ઉચિત નથી. આ રીતે ઈશ્વરના અનુગ્રહવિષયક ગ્રંથકારશ્રીએ **શ્લોક-૧થી ૪** સુધી પાતંજલમત બતાવ્યો અને **શ્લોક-૫**-૬માં તે મત સંગત નથી તેમ સ્થાપન કર્યું.

હવે આત્માને પરિણામી સ્વીકારીએ તો ઈશ્વરનો અનુગ્રહ આત્મામાં કઈ રીતે સંગત થાય, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે કેવલ ઈશ્વરના આજ્ઞાપાલન-સ્વરૂપ અર્થપ્રાપ્ત વ્યવહારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ સ્વસિદ્ધાંતની નીતિથી સંગત થાય છે. અને આ રીતે અર્થ પ્રાપ્ત વ્યાપારથી ઈશ્વરના અનુગ્રહનો સ્વીકાર કરવાથી ઓંકાર દ્વારા ઈશ્વરના જપથી પ્રત્યૂહનો સંક્ષય થાય છે અને પ્રત્યક્ચૈતન્યનો લાભ થાય છે એ પ્રમાણે પતંજલિઋષિથી યુક્ત કહેવાયું છે. એમ **શ્લોક-૭/૮**માં બતાવ્યું છે.

પ્રણવના=ઓંકારના જાપથી વિઘ્નોનો નાશ થાય છે એ પ્રમાણે કહ્યું, તેથી હવે પાતંજલમતાનુસાર યોગમાર્ગમાં વિઘ્નરૂપ નવ પ્રકારના પ્રત્યૂહોનું=વિઘ્નોનું, સ્વરૂપ **શ્લોક-૯થી ૧૨**માં બતાવેલ છે. તે પ્રત્યૂહો=વિઘ્નો, આ પ્રમાણે છે –

(૧) વ્યાધિ, (૨) જડતા, (૩) પ્રમાદ, (૪) આલસ્ય, (૫) વિભ્રમ, (૬) સંદેહ, (૭) અવિરતિ, (૮) ભૂમિનો અલાભ અને (૯) યોગમાર્ગમાં અનવસ્થિતિ.

આ વિઘ્નો જપથી કઈ રીતે નાશ પામે છે, તેનું સ્વરૂપ **શ્લોક-૧૩**માં બતાવેલ છે.

ઈશ્વરના જપથી પ્રત્યક્ચૈતન્યનો લાભ થાય છે એ પ્રમાણે પતંજલિઋષિએ કહ્યું તે ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજને પોતાને કઈ રીતે સંમત છે, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવતાં કહે છે કે ભગવાનના જપથી બાહ્ય વ્યાપારના રોધ દ્વારા અંતર્જ્યોતિ-વિસ્તારમય પ્રત્યક્ચૈતન્ય થતું અમને સંમત છે. એ પ્રમાણે **શ્લોક-૧૪**માં બતાવેલ છે.

ભગવાનના જપથી કઈ ભૂમિકાનું પ્રત્યક્ચૈતન્ય પ્રગટે છે. તે બતાવતાં કહે છે કે યોગના અતિશયથી ઈશ્વરનો જપ સ્તોત્રથી કોટિગુણ કહેવાયો છે અને બુધપુરુષો વડે યોગદૃષ્ટિથી ધ્યાનની વિશ્રાંત ભૂમિકા જોવાઈ છે. એ પ્રમાણે **શ્લોક-૧૫**માં બતાવેલ છે.

માધ્યસ્થ્યનું અવલંબન કરીને જ દેવતાવિશેષની સેવા સર્વ બુધો વડે ઇષ્ટ છે જે કારણથી કાલાતીતે પણ કહ્યું છે અને કાલાતીતે શું કહ્યું છે ? તે બતાવતાં કહે છે કે ઉપાસ્ય એવા દેવતાના નામ આદિનો ભેદ હોવા છતાં પણ મુક્ત-અવિદ્યાદિવાદી એવા અન્ય તીર્થાંતરીઓનો પણ તત્ત્વથી અમે કહેલ – કાલાતીતે કહેલ, માર્ગ વ્યવસ્થિત છે. એ પ્રમાણે **શ્લોક-૧૬/૧૭**માં બતાવેલ છે.

અન્ય તીર્થાંતરીઓને પણ દેવતાવિષયક ઉપાસના માટે એકવિષયપણારૂપે કાલાતીતે કહેલ માર્ગ વ્યવસ્થિત છે. એ કથનને સ્પષ્ટ કરતાં કહે છે કે જે કારણથી મુક્ત, બુદ્ધ, અરિહંત વગેરે ઐશ્વર્યથી સમન્વિત હોય તે કારણથી મુક્તાદિ જ કાલાતીત વડે કહેવાયેલ ઈશ્વર થાય. મુક્તાદિકથનમાં સંજ્ઞાભેદ છે એ પ્રમાણે કાલાતીતે **શ્લોક-૧૮**માં બતાવેલ છે.

પરકલ્પિત વિશેષના નિરાકરણ માટે કાલાતીત કહે છે કે ઈશ્વરના તે તે તંત્રાનુસારથી અનાદિશુદ્ધ ઇત્યાદિ જે ભેદ કલ્પના કરાય છે તે પણ નિરર્થક છે એમ હું=કાલાતીત માનું છું. અને ઈશ્વરના અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના કેમ નિરર્થક છે, તે બતાવતાં કહે છે કે વિશેષનું અપરિજ્ઞાન હોવાથી, યુક્તિઓનો જાતિવાદ હોવાના કારણે પ્રાયઃ વિરોધ હોવાથી જ અને ભાવને આશ્રયીને ફળનો અભેદ હોવાથી અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના નિરર્થક છે. એ પ્રમાણે **શ્લોક-૧૮/૧૯**માં બતાવેલ છે.

સંસારના કારણરૂપે પણ સર્વદર્શનકારોની માન્યતા સમાન છે. ફક્ત સંસારના કારણના તેઓ નામભેદ કરે છે તે નિરર્થક છે, એ બતાવતાં કહે છે કે જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણથી અવિદ્યા, ક્લેશ, કર્માદિ ભવના કારણ છે તે કારણથી ભવનું કારણ પ્રધાન જ=પ્રકૃતિ જ, સંજ્ઞાભેદને પામે છે અને ભવના કારણમાં પણ કાલાતીતથી અન્ય દર્શનકારો વડે પરિકલ્પિત વિશેષના નિરાકરણ માટે કાલાતીત કહે છે કે પ્રધાનનો પણ તે તે દર્શનના ભેદથી તે તે પ્રકારે ચિત્ર ઉપાધિવાળો ભવના કારણથી જે અપરભેદ જોવાયો છે, તે પણ બુદ્ધિમાનોને અતીત હેતુઓથી પ્રયોજન રહિત છે. એ પ્રમાણે **શ્લોક-૨૧/૨૨**માં બતાવેલ છે.

ઈશ્વરમાં અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના અને ભવના કારણ કર્મમાં મૂર્તત્વ-અમૂર્તત્વાદિરૂપ ભેદની કલ્પના નિરર્થક છે, તેથી વળી દેવાદિ-વિશેષનો ગ્રાહક અનુમાનનો વિષય સામાન્ય હોવાથી દેવાદિગત વિશેષની વિચારણા એ અસ્થાનપ્રયાસ છે. એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ **શ્લોક-૨૩**માં બતાવેલ છે.

આ રીતે=**શ્લોક-૧૭થી ૨૩**માં વર્ણન કર્યું એ રીતે, ભવના કારણમાત્રના જ્ઞાનથી ભવના કારણને દૂર કરવા માટે, ગુણવાન પુરુષવિશેષનું આરાધન કરવું જોઈએ. વળી વિશેષવિમર્શ નિષ્પ્રયોજન છે, એ પ્રમાણે કાલાતીત મત વ્યવસ્થિત છે અને પૂર્વમાં કાલાતીત મત બતાવ્યો એ અમને પણ=જૈન સિદ્ધાંતકારને પણ, વિશેષવિમર્શમાં અસમર્થપુરુષના સ્વઆગ્રહના છેદ માટે સામાન્ય એવા યોગની પ્રવૃત્તિ અર્થે અનુમત છે. વળી કદાગ્રહ વગરના તત્ત્વના પરીક્ષક એવા અન્યનો શાસ્ત્રાનુસારથી ઈશ્વરવિષયક અને ભવના કારણવિષયક વિશેષ વિમર્શ પણ ભગવાનની વિશિષ્ટ ઉપાસનારૂપપણું હોવાના કારણે અશ્રદ્ધામલના ક્ષાલનથી વિશિષ્ટ નિર્જરાનો હેતુ છે; કેમ કે વિશેષ વિમર્શ તત્ત્વજ્ઞાનગર્ભ વૈરાગ્યનો જીવાતુ છે, એથી ઈશ્વરવિષયક કે ભવના કારણવિષયક વિશેષવિમર્શનું કાલાતીત કહે છે, તેમ સર્વથા વિફળપણું નથી, એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે કે આ કાલાતીતનો મત પરમાર્થના બોધ વગર સ્વ-સ્વદર્શનના આગ્રહરૂપ કુચિતિકાના ત્યાગ માટે શાસ્ત્રાનુસારી તર્કથી અર્થની સિદ્ધિ થવાથી નામભેદનો અનભિનિવેશ હોવાને કારણે પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાને પણ અંગીકૃત છે. આ સર્વ કથનથી એ સ્પષ્ટ થાય છે કે તત્ત્વાર્થની સિદ્ધિમાં નામમાત્રનો ક્લેશ યોગનો પ્રતિપંથી છે, પરંતુ ધર્મવાદથી વિશેષવિમર્શ યોગનો અપ્રતિપંથી છે. એ પ્રમાણે **શ્લોક-૨૪**માં બતાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે વિશેષવિમર્શમાં શાસ્ત્ર અને તર્કના પ્રકૃષ્ટ સ્થાનને બતાવવા માટે પ્રથમ શાસ્ત્રના ઉપયોગના પ્રકૃષ્ટ સ્થાનને બતાવતાં કહે છે કે સત્ નિશ્ચય પ્રતિ અંધને રૂપ અવિષય છે, તેવી રીતે છદ્મસ્થને તત્ત્વથી આત્માદિ વિશેષરૂપ અતીન્દ્રિય વસ્તુ અવિષય છે. આ રીતે **શ્લોક-૨૫**માં દૃષ્ટાંતથી બતાવ્યું કે, અતીન્દ્રિય એવા આત્માદિ પદાર્થમાં છદ્મસ્થ જીવો વિશેષનો નિર્ણય કરી શકે નહિ, તેથી હવે સર્વજ્ઞના વચનથી તે વિશેષનો નિર્ણય છદ્મસ્થ જીવો સામાન્યથી કરી શકે, તે બતાવતાં કહે છે કે, હસ્તસ્પર્શ જેવું શાસ્ત્ર છે, શાસ્ત્રથી જ છદ્મસ્થ પ્રમાતામાં કોઈક પ્રકારે અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય પણ તે પ્રકારના ચંદ્ર ઉપરાગની જેમ થાય, આ રીતે **શ્લોક-૨૫/૨૬**માં વિશેષવિમર્શમાં શાસ્ત્રના ઉપયોગના પ્રકૃષ્ટ સ્થાનને બતાવેલ છે.

હવે વિશેષવિમર્શમાં તર્કના ઉપયોગના પ્રકૃષ્ટ સ્થાનને બતાવતાં કહે છે કે **શ્લોક-૨૫**માં દૃષ્ટાંતથી બતાવ્યું એ રીતે શાબ્દજ્ઞાનમાં અસ્પષ્ટતા બતાવી તે અસ્પષ્ટ શાબ્દબોધમાં માધ્યસ્થ્ય નીતિથી વિચારવું યુક્ત છે; કેમ કે તર્કથી વિચારવામાં આવે તો શાસ્ત્રથી થયેલા શાબ્દબોધરૂપ પ્રામાણિક જ્ઞાનનો તર્ક અનુગ્રાહક બને છે; કેમ કે તર્ક વડે જ શાસ્ત્રવચનના ઐદંપર્યની શુદ્ધિ છે અને ઐદંપર્યની શુદ્ધિ સ્પષ્ટજ્ઞાનતુલ્ય છે. જે કારણથી વ્યાસે પણ કહ્યું છે કે, વેદશાસ્ત્રના અવિરોધી એવા તર્કથી આર્ષને અને ધર્મોપદેશને અનુસંધાન કરનારા પુરુષો ધર્મના જાણકાર છે અને ઇતર ધર્મના પરમાર્થને જાણનારા નથી. આ પ્રમાણે **શ્લોક-૨૭/૨૮**માં બતાવેલ છે.

પ્રસ્તુત બત્રીશીમાં ઈશ્વરના અનુગ્રહનો વિચાર કરવાનો પ્રારંભ કરેલ તેમાં પ્રથમ ઈશ્વરના અનુગ્રહવિષયક પતંજલિઋષિનું કથન બતાવીને તે કઈ રીતે સંગત નથી તે બતાવ્યું, ત્યારપછી આર્થવ્યાપારને આશ્રયીને ભગવાનનો અનુગ્રહ યુક્તિસંગત છે તેમ સ્થાપન કર્યું. હવે તે સર્વ કથનનું નિગમન કરતાં કહે છે કે આર્થવ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ છે અને તે અનુગ્રહ સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી થાય છે તે કારણથી દૃષ્ટ-ઇષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રથી સ્યાદ્વાદન્યાયથી સંગત સમ્યગ્ આચરણ ઈશ્વરનો અનુગ્રહ છે. એ પ્રમાણે **શ્લોક-૨૯**માં બતાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે યોગીઓ દૃષ્ટ, ઇષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રથી સમ્યગ્ આચરણા કરે છે તેમને ઈશનો અનુગ્રહ થાય છે એમ **શ્લોક-૨૯**માં બતાવ્યું. ત્યાં પ્રશ્ન થાય કે, વીતરાગ સર્વજ્ઞ ભગવાન તો કોઈ જીવ ઉપર અનુગ્રહ કે કોપ કરતાં નથી, તેથી દૃષ્ટ-ઇષ્ટ અવિરોધી એવા શાસ્ત્રથી સમ્યગ્ આચરણા કરનારા યોગીઓ ઉપર ઈશ્વરનો અનુગ્રહ થાય છે તેમ કેમ કહી શકાય ? આ પ્રકારની શંકાના સમાધાનમાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાય મહારાજ કહે છે કે સર્વ તીર્થંકરોએ જગતના યોગ્ય જીવોને સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રમય મોક્ષમાર્ગ આપીને અનુગ્રહ કર્યો છે. અને જે જીવો સ્યાદ્વાદન્યાયથી સંગત એવા શાસ્ત્રથી સમ્યગ્ આચરણા કરે તે જીવો ઉપર મોક્ષમાર્ગની પ્રાપ્તિરૂપ ઈશનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે **શ્લોક-૩૦**માં બતાવેલ છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલ જીવો ચરમાવર્તમાં આવે છે અને ચરમાવર્તમાં ચરમયથાપ્રવૃત્તિકરણની પ્રાપ્તિ થયા પછી અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના અધ્યવસાયથી જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને સમ્યગ્દષ્ટિજીવનું સ્વરૂપ ૧૫મી **સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા**માં બતાવ્યા પછી પ્રસ્તુત ૧૬મી **ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા**માં જીવને પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ ભગવાનના અનુગ્રહથી નિર્વાહ પામે છે તે સમ્યક્ત્વનો નિર્વાહક ઈશાનુગ્રહ શું છે ? તેની વિચારણા કરતાં પ્રસ્તુત બત્રીશીનો ફલિતાર્થ એ પ્રાપ્ત થાય છે કે ભગવાન કોઈ ઉપર સાક્ષાત્ અનુગ્રહ કરતાં નથી કે નિગ્રહ કરતા નથી, તોપણ વીતરાગ પ્રત્યેનો રાગ અને વીતરાગના માર્ગ પ્રત્યેનો રાગ આત્મામાં પ્રગટ થયેલા સમ્યક્ત્વના નિર્વાહક છે, તેથી ઉપચારથી ભગવાનનો અનુગ્રહ સમ્યક્ત્વનો નિર્વાહક છે એમ કહેવાય છે. માટે વીતરાગ પ્રત્યે અને વીતરાગના માર્ગ પ્રત્યે દૃઢ રાગ કેળવીને ભગવાનની આજ્ઞાના પાલનથી ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે, તેથી જે જીવો શાસ્ત્રને અવલંબીને સ્વશક્તિ અનુસાર આચરણમાં યત્ન કરતાં નથી અને માત્ર ભગવાનની ભક્તિથી ભગવાન પાસે યાચના કરે છે તેમને ભગવાન સાક્ષાત્ કાંઈ આપનાર નહિ હોવાથી તેમના ઉપર ભગવાનનો અનુગ્રહ થશે નહિ. તે બતાવતાં કહે છે કે પ્રાપ્ત એવા અન્ય ધર્મનું પાલન જેઓ કરતા નથી અને ભગવાન પાસે યાચના કરે છે એવા વિહ્વળ પુરુષોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્ય વગર કયા મૂલ્યથી યાચના કરેલા પદાર્થની પ્રાપ્તિ થાય અર્થાત્ નહિ થાય=ધર્મની બાબતમાં પ્રમાદી અને માત્ર યાચના કરનાર જીવોને મોક્ષમાં ગયેલા સિદ્ધના જીવો કે, તીર્થંકરના જીવો કોઈ અનુગ્રહ કરતા નથી, પરંતુ તીર્થંકરોએ આપેલો જે મોક્ષમાર્ગ છે તેને સમ્યક્ સેવવાથી જ ભગવાનનો અનુગ્રહ થાય છે, તે કારણથી ભગવાનના અનુગ્રહથી મારા કલ્યાણની પ્રાપ્તિ છે એ પ્રકારે માનનારા પુરુષોએ સ્વામીના ગુણના રાગપૂર્વક પરમાનંદથી=અત્યંત ઉત્સાહથી, ભગવાને બતાવેલ અનુષ્ઠાન સમ્યક્ સેવવું જોઈએ. એ પ્રમાણે **શ્લોક-૩૧/૩૨**માં પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજાએ બતાવેલ છે.

આ રીતે ૧૬મી **'ઈશાનુગ્રહવિચાર'** બત્રીશીમાં કહેલા પદાર્થોનું અહીં સંક્ષિપ્ત દિગ્દર્શન કરાવેલ છે. તે અંગે વિશેષ સમજ સંક્ષિપ્ત સંકલના, વિષયાનુક્રમણિકા વાંચવાથી પ્રાપ્ત થશે, અને ગ્રંથકારશ્રીની ટીકાના આધારે જે શબ્દશઃ વિવેચન કરેલ છે, તે વાંચતાં અપૂર્વ પદાર્થદર્શન થયાની અનુભૂતિ થશે.

અત્યંત નાદુરસ્ત તબિયત થઈ જવાથી જંઘાબળ ક્ષીણ થતાં અમદાવાદ મુકામે મારે સ્થિરવાસ કરવાનું બન્યું, અને પ્રજ્ઞાધન સુશ્રાવક **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ** પાસે યોગવિષયક અને અધ્યાત્મવિષયક સંવેગ-વૈરાગ્યવર્ધક ગ્રંથોના વાચનનો સુંદર સુયોગ પ્રાપ્ત થયો. નાદુરસ્ત તબિયતમાં પણ પરમાત્માની કૃપા, ગુરુકૃપા, શાસ્ત્રકૃપા અને ગ્રંથકારશ્રીની કૃપાથી **૧૬મી 'ઈશાનુગ્રહવિચાર-બત્રીશી'ના** શબ્દશઃ વિવેચનની સંકલનાનો આ પ્રયાસ સફળ થયો છે. ગ્રંથના વિવરણમાં સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન થઈ ન જાય તે માટે પૂરો પ્રયત્ન કરેલ હોવા છતાં છદ્મસ્થતાને કારણે કોઈ ક્ષતિ રહી હોય, કે તરણતારણ શ્રીજિનેશ્વરદેવોની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અનાભોગથી ક્યાંય પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું અને શ્રુતવિવેકીજનો તેનું પરિમાર્જન કરે એમ ઇચ્છું છું.

આ બત્રીશીની સંકલનાનો પદાર્થની દૃષ્ટિએ સંશોધન કરવામાં શ્રુતપ્રેમી પંડિતવર્ય શ્રી **પ્રવીણભાઈ મોતા**નો અમૂલ્ય ફાળો છે અને તેઓને પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના અધ્યયન-અધ્યાપન કરાવવા દ્વારા સ્વાધ્યાયની અમૂલ્ય તક સાંપડે છે તે બદલ ધન્યતાની લાગણી અનુભવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાંતે ભગવાનના ગુણના રાગપૂર્વક શક્તિનો અતિશય કરીને પરમાનંદથી= અત્યંત ઉત્સાહથી, હું અને સૌ કોઈ લઘુકર્મી ભવ્ય જીવો ભગવાને બતાવેલા સમ્યગ્ અનુષ્ઠાનનું સેવન કરી ભગવાનના પારમાર્થિક અનુગ્રહને ઝીલી વીતરાગભાવની સન્મુખ-સન્મુખતર ગમન કરી વીતરાગભાવની પ્રકર્ષની ભૂમિકાને પામીને વીતરાગતુલ્ય બની સર્વ કર્મથી વિનિર્મુક્ત થઈ નિજશુદ્ધસ્વરૂપના ભોક્તા બની શાશ્વતસુખને પામીએ. એ જ શુભ અભ્યર્થના.

**'कल्याणमस्तु सर्वजीवानाम्'**

**વિ. સં. ૨૦૬૪,**
**આસો સુદ-૧૦,**
**તા. ૯-૧૦-૨૦૦૮, ગુરુવાર,**
**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ,**
**પાલડી, અમદાવાદ-૭.**

વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય સમતામૂર્તિ પ્રવર્તિની સાધ્વીજી **રોહિતાશ્રીજી** મહારાજના શિષ્યરત્ના સાધ્વીજી **ચંદનબાલાશ્રી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૯મી 'ઇશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા'માં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના

પાતંજલદર્શનકાર મહેશના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે તેમ કહે છે અને તે મહેશ કેવા છે તેનું સ્વરૂપ **શ્લોક-૧થી ૪માં** બતાવતાં કહે છે –

જેઓ ક્લેશાદિથી રહિત છે, જેમનું જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ અસાધારણ અને સહજસિદ્ધ છે તેઓ ઈશ્વર છે અને કપલાદિઋષિઓના પણ તે ગુરુ છે.

પાતંજલદર્શનકાર ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ કહે છે તે યુક્ત નથી તે ગ્રંથકારશ્રી **શ્લોક-૫-૬માં** બતાવેલ છે.

જૈનદર્શનકાર ભગવાનની આજ્ઞાના પાલનસ્વરૂપ ભગવાનનો અનુગ્રહ છે તેમ સ્વીકારે છે, તે યુક્તિસંગત છે. તેમ **શ્લોક-૭માં** બતાવેલ છે.

પ્રણવઆદિના જાપથી અંતરાયો દૂર થાય છે અને પ્રત્યગ્ ચૈતન્ય પ્રાપ્ત થાય છે, એમ જે પતંજલિ ઋષિ કહે છે તે સર્વ જિનવચનાનુસાર ભગવાનનો અનુગ્રહ સ્વીકારવાથી સંગત થાય છે તે કથન **શ્લોક-૮થી ૧૫માં** સ્પષ્ટ કરે છે.

અહીં શંકા થાય છે કે, ભગવાન વીતરાગ હોવાથી સાક્ષાત્ અનુગ્રહ કરતાં નથી તો તેમના આર્થવ્યાપારથી અનુગ્રહ જૈનદર્શનકાર માને છે તે કેવી રીતે સંગત થાય ? તેની સ્પષ્ટતા **શ્લોક-૧૬માં** કરેલ છે.

અન્ય દર્શનકારો જે ઈશ્વરની ઉપાસના કરે છે તે પણ પરમાર્થથી સર્વજ્ઞના ઉપાસક છે. નામભેદમાત્રથી તેમનો ભેદ છે તેની સ્પષ્ટતા **શ્લોક-૧૭થી ૨૧માં** કરેલ છે.

ઈશ્વરના વિષયમાં અનાદિશુદ્ધ આદિ જે ભેદો કલ્પાય છે, તે પણ અસ્થાનપ્રયોગરૂપ છે તેની સ્પષ્ટતા **શ્લોક-૨૬-૨૭માં** કરેલ છે.

શાસ્ત્રની પરીક્ષા કરીને દૃષ્ટ, ઇષ્ટઅવિરોધી એવા શાસ્ત્રથી જેઓ સમ્યગ્ આચરણા કરે છે તે ભગવાનની આજ્ઞાના પાલનરૂપ છે અને તે જ ઈશ્વરનો અનુગ્રહ છે, તેની સ્પષ્ટતા **શ્લોક-૨૯માં** કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મોક્ષમાં ગયા પૂર્વે જગતના જીવોનો જે અનુગ્રહ કરવા જેવો હતો તે સર્વ એકી સાથે કર્યો છે, અને તે અનુગ્રહ મોક્ષપથના પ્રદાનરૂપ છે, તેથી જે જીવો મોક્ષપથના પરમાર્થને જાણીને જિનવચનાનુસાર મોક્ષપથને સેવે છે તે ઈશ્વરનો અનુગ્રહ છે, તેમ **શ્લોક-૩૦માં** કહેલ છે.

જૈનદર્શનમાં પણ કેટલાક અર્ધવિચારક જીવો માને છે કે, ભગવાન પાસે પ્રાર્થના કરવાથી ભગવાન આપણને મોક્ષપથ આપશે, તે પ્રાર્થનાથી અનુગ્રહ થાય નહિ, પરંતુ શક્તિ અનુસાર ભગવાનની આજ્ઞાના પાલનથી જ અનુગ્રહ થાય છે તેની સ્પષ્ટતા **શ્લોક-૩૧માં** કરેલ છે.

ઈશ્વરના અનુગ્રહના સારરૂપે છેલ્લે **શ્લોક-૩૨માં** કહ્યું કે, જેઓ ઈશ્વરના અનુગ્રહને માને છે, તેમણે ભગવાનના ગુણના રાગપૂર્વક ભગવાને જે માર્ગ બતાવ્યો છે તેને શક્તિના અતિશયથી સેવવો જોઈએ તો ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત થાય.

છદ્મસ્થતાને કારણે પ્રસ્તુત વિવેચનમાં વીતરાગ ભગવંતની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં માંગું છું.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૬૪, આસો સુદ-૧૦,**
**તા. ૯-૧૦-૨૦૦૮, ગુરુવાર,**
**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી, પાલડી,**
**અમદાવાદ-૭.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૯મી 'ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા'માં આવતા પદાર્થોનું સંક્ષિપ્ત દિગ્દર્શન

**પાતંજલમતાનુસાર ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ : શ્લોક-૧**

**પાતંજલમતાનુસાર ઈશ્વરનું સ્વરૂપ**

↓

ક્લેશ, કર્માશય અને કર્મના વિપાકના આશયથી નહિ સ્પર્શાયેલા એવા પુરુષવિશેષ ઈશ્વર

**ક્લેશો**

(૧) અવિદ્યા (૨) અસ્મિતા (૩) રાગ (૪) દ્વેષ (૫) અભિનિવેશ

**પાતંજલમતાનુસાર કર્માશયનું સ્વરૂપ**

↓

ક્લેશ મૂળ કર્માશય

- દૃષ્ટજન્મવેદનીય કર્માશય
- અદૃષ્ટજન્મવેદનીય કર્માશય

**પાતંજલમતાનુસાર વિપાકાશયનું સ્વરૂપ**

↓

તીવ્ર સંવેગથી કરાયેલા દેવતા આરાધનાદિ પુણ્યરૂપ કર્મોનું ફળ

- જાતિ-મનુષ્યાદિ ભવોની પ્રાપ્તિ
- આયુષ્ય-ચિરકાળ સુધી શરીરનો સંબંધ
- ભોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- કર્મને સાધનારી વ્યુત્પત્તિથી ભોગના વિષયો
- કરણને સાધનારી વ્યુત્પત્તિથી ઇન્દ્રિયો
- ભાવને સાધનારી વ્યુત્પત્તિથી ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોના સંયોગથી થતા સુખ-દુ:ખનું સંવેદન

**પાતંજલમતાનુસાર ચિત્તનું સ્વરૂપ**

- સંસારી પુરુષ → સાશય ચિત્ત
- યોગી પુરુષ → અનાશય ચિત્ત

**પાતંજલમતાનુસાર અયોગી જીવના કર્મનું સ્વરૂપ**

- શુક્લ કર્મ ↓ શુભ ફળને આપનાર યાગાદિકૃત્ય
- કૃષ્ણ કર્મ ↓ અશુભ ફળને આપનાર બ્રહ્મહત્યાદિકૃત્ય
- શુક્લ-કૃષ્ણ કર્મ ↓ શુભ-અશુભ ફળને આપનાર ઉભયસંકીર્ણકૃત્ય

**પાતંજલમતાનુસાર યોગી જીવના કર્મનું સ્વરૂપ**

- ધ્યાનથી થનારું અશુક્લ-અકૃષ્ણકર્મ

**પાતંજલમતાનુસાર કર્માશયનું સ્વરૂપ**

- સાશય ચિત્તવાળા અયોગી પુરુષો ફળની અપેક્ષા રાખી કૃત્યો કરતા હોવાથી તેમના કૃત્યોથી ફળજનક કર્માશયનું પ્રગટીકરણ
- અનાશય ચિત્તવાળા યોગી પુરુષો ફળત્યાગનું અનુસંધાન કરી સર્વ કૃત્યો ઈશ્વરને અર્પણ કરતા હોવાથી તેમના કૃત્યોથી ફળજનક કર્માશયનું અપ્રગટીકરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાતંજલમતાનુસાર કર્મવાસનાનું સ્વરૂપ**

- સ્મૃતિમાત્ર ફળવાળી કર્મવાસના
- જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી કર્મવાસના

**પાતંજલમતાનુસાર ઈશ્વરમાં સહજસિદ્ધ અનાદિકાળથી રહેલા ચાર ભાવો : શ્લોક-૨**

- અપ્રતિઘ જ્ઞાન ↓ નિત્ય સર્વ વિષયવાળું
- અપ્રતિઘ વૈરાગ્ય ↓ રાગનો અભાવ હોવાથી સર્વભાવો પ્રત્યે મધ્યસ્થભાવ
- અપ્રતિઘ ઐશ્વર્ય ↓ અણિમા-લઘિમા આદિ લબ્ધિઓ સ્વરૂપ
- અપ્રતિઘ ધર્મ ↓ પ્રયત્નરૂપ અને સંસ્કારરૂપ ધર્મ

**પાતંજલમતાનુસાર ઈશ્વરમાં સર્વજ્ઞપણાની પ્રસિદ્ધિ : શ્લોક-૩**

**પાતંજલમતાનુસાર ઈશ્વરમાં જગત્કર્તૃત્વની સિદ્ધિ : શ્લોક-૪**

**પાતંજલમતાનુસાર ઈશ્વરના અનુગ્રહથી યોગીની સિદ્ધિના કથનનું પૂ. ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા દ્વારા નિરાકરણ : શ્લોક-૫-૬**

↓

(૧) યોગીના આત્મામાં અનુગ્રાહ્યસ્વભાવ વગર ઈશ્વરના અનુગ્રહથી યોગની પ્રાપ્તિની અસંગતિ.

(૨) ઈશ્વર અને આત્માના વિચિત્ર અનુગ્રાહ્ય-અનુગ્રાહક સ્વભાવના ભેદમાં આત્માના પરિણામીપણાની સિદ્ધિ અને એમ સ્વીકારવામાં પાતંજલ-દર્શનકારને અપસિદ્ધાંતની પ્રાપ્તિ.

(૩) જ્ઞાનાદિ ચિત્તધર્મોનો અતિ ઉત્કર્ષ સ્વીકારીને અનાદિશુદ્ધ ઈશ્વર સ્વીકારવામાં અજ્ઞાનાદિના ઉત્કર્ષવાળા પુરુષના સ્વીકારનો અતિપ્રસંગ.

(૪) આત્માને પરિણામી સ્વીકાર્યા વગર જગત્કર્તારૂપે ઈશ્વરની અસિદ્ધિ.

(૫) ઈશ્વરના જગત્કર્તૃત્વનું યુક્તિ દ્વારા નિરાકરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જૈનસિદ્ધાંત અનુસાર આર્થવ્યાપારને આશ્રયીને**
**ઈશ્વરના અનુગ્રહનું કથન : શ્લોક-૭**

**પ્રણવ=ઓંકાર દ્વારા ઈશ્વરના જપથી ફળપ્રાપ્તિ : શ્લોક-૮**

- પ્રત્યૂહોનો=ચિત્તના વિક્ષેપોનો નાશ
- પ્રત્યક્ચૈતન્યનો લાભ

**પાતંજલમત પ્રમાણે ચિત્તના વિક્ષેપોનું સ્વરૂપ : શ્લોક-૯થી ૧૩**

(૧) વ્યાધિ → ધાતુના વૈષમ્યથી થનારા જ્વરાદિ

(૨) સ્ત્યાન → ચિત્તનું અકર્મપણું= યોગમાર્ગના પ્રારંભથી ક્રિયાનો અપ્રારંભ

(૩) સંશય → ઉભયકોટિના આલંબનવાળું જ્ઞાન=આ પ્રવૃત્તિ યોગરૂપ છે કે નહિ ? એવો સંશય

(૪) પ્રમાદ → અનવધાનતા= સમાધિના સાધનોમાં ઔદાસીન્ય

(૫) આલસ્ય → કાયા અને ચિત્તનું જડપણું

(૬) અવિરતિ → વિષયના સંપ્રયોગસ્વરૂપ ચિત્તની ગૃદ્ધિ

(૭) વિભ્રમ=ભ્રાંતિદર્શન → શુક્તિમાં રજતની જેમ વિપર્યયવાળું જ્ઞાન

(૮) ભૂમિઅલાભ=અલબ્ધ ભૂમિકત્વ → સમાધિની ભૂમિનો અલાભ

(૯) અનવસ્થિતિ= સમાધિની ભૂમિ હોવા છતાં ચિત્તની અપ્રતિષ્ઠા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઈશ્વરના જપથી બહિર્વ્યાપારના રોધ દ્વારા અન્તર્જ્યોતિપ્રથામય પ્રત્યક્ચૈતન્ય ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાને અભિમત : શ્લોક-૧૪**

**ઈશ્વરના જપથી થતા પ્રત્યક્ચૈતન્યનું સ્વરૂપ : શ્લોક-૧૫**

↓

(૧) યોગના અતિશયથી ઈશ્વરનો જપ સ્તોત્રથી કોટિગુણ હોવાને કારણે વચનયોગની અપેક્ષાએ મનોયોગનું અધિકપણું હોવાથી મૌનવિશેષથી જ જપની પ્રશંસા.

(૨) યોગદૃષ્ટિથી જપ એ ધ્યાનની વિશ્રામ ભૂમિકા.

**વિષયવિશેષના પક્ષપાતથી ઈશ્વરનો અનુગ્રહ સ્વીકારવાથી આર્થવ્યાપારથી ઈશ્વરના અનુગ્રહનો સ્વીકાર : શ્લોક-૧૬**

**મુક્તાદિવાદી અને અવિદ્યાદિવાદીઓના મતે કાલાતીત દ્વારા કહેવાયેલ માર્ગ વ્યવસ્થિત : શ્લોક-૧૭**

↓

કાલાતીત નામના શાસ્ત્રકારનું કથન

↓

ઈશ્વરનું નામ અને ઈશ્વરના સ્વરૂપને કહેનારા વિશેષણાદિનો ભેદ હોવા છતાં પણ પરમાર્થથી રાગાદિરહિત પૂર્ણપુરુષ ઉપાસ્ય છે ઇત્યાદિરૂપ એકવિષયપણારૂપે કાલાતીત દ્વારા કહેવાયેલ માર્ગ વ્યવસ્થિત.

**કાલાતીતે દેવતાની ઉપાસનાનો કહેલ માર્ગ સર્વદર્શનકારોની સાથે સમાન છે તેનું સ્પષ્ટીકરણ : શ્લોક-૧૮**

↓

નામ માત્રના ભેદથી ઉપાસ્યનો ભેદ ન હોવાથી જે કારણથી મુક્ત, બુદ્ધ અને અર્હત્ જ્ઞાનાદિ અતિશયસ્વરૂપ ઐશ્વર્યથી સમન્વિત છે તે કારણથી અન્ય દર્શનકારો દ્વારા ઉપાસ્યરૂપે સ્વીકારેલ મુક્તાદિ કાલાતીત વડે સ્વીકારાયેલ ઈશ્વર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુક્તાદિના કથનમાં કેવલ સંજ્ઞાભેદ

- પરબ્રહ્મવાદીઓના ઈશ્વર મુક્ત
- બૌદ્ધોના ઈશ્વર બુદ્ધ
- જૈનોના ઈશ્વર અર્હત્

**કાલાતીત દ્વારા પર વડે કલ્પિત ઈશ્વરના વિશેષ સ્વરૂપનું નિરાકરણ : શ્લોક-૧૯**

પર વડે કલ્પિત ઈશ્વરનું વિશેષ સ્વરૂપ

- શૈવદર્શનકારના મતે ઈશ્વર અનાદિશુદ્ધ અને સર્વવ્યાપી
- જૈનદર્શનકારના મતે ઈશ્વર સાદિશુદ્ધ અને અસર્વગત
- બૌદ્ધદર્શનકારના મતે ઈશ્વર પ્રતિક્ષણ ભંગુર

**અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના કેમ નિરર્થક છે, તેમાં કાલાતીતે આપેલા ત્રણ હેતુઓનું કથન : શ્લોક-૨૦**

- (૧) વિશેષનું અપરિજ્ઞાન હોવાને કારણે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદ નિરર્થક
- યુક્તિઓનો જાતિવાદ હોવાથી પ્રાયઃ વિરોધ હોવાને કારણે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદ નિરર્થક
- (૩) ભાવથી ફળનો અભેદ હોવાને કારણે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદ નિરર્થક

**સંસારના કારણોનો નામભેદ નિરર્થક છે, એ પ્રકારે કાલાતીતનું અન્ય વક્તવ્ય : શ્લોક-૨૧**

કાલાતીત સંસારના કારણને પ્રધાનરૂપે=પ્રકૃતિરૂપે સ્વીકારે છે તે સંસારના કારણોના નામભેદ

- વેદાંતીના મતે અવિદ્યા
- સાંખ્યોના મતે ક્લેશ
- જૈનોના મતે કર્મ
- બૌદ્ધોના મતે વાસના
- શૈવોના મતે પાશ=બંધન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભવના કારણમાં પર વડે પરિકલ્પિત વિશેષનું કાલાતીત દ્વારા નિરાકરણ : શ્લોક-૨૨**

**શાસ્ત્રવચનથી શાબ્દબોધ કર્યા પછી તર્કથી વિચારણા કરવી આવશ્યક છે, તેમાં વ્યાસઋષિના કથનનું સમર્થન : શ્લોક-૨૮**

**વ્યાસઋષિનું કથન**

↓

વેદશાસ્ત્રના અવિરોધી એવા તર્કથી આર્ષને અને ધર્મોપદેશને અનુસંધાન કરનારા પુરુષો ધર્મના જાણકાર, ઇતર અજાણકાર

પ્રસ્તુત બત્રીશીમાં –

* ઈશ્વરના અનુગ્રહના વિચારનો પ્રારંભ, ત્યારપછી
* ઈશ્વરના અનુગ્રહવિષયક પતંજલિઋષિનું કથન, ત્યારપછી
* ઈશ્વરના અનુગ્રહવિષયક પતંજલિઋષિનું કથન કઈ રીતે સંગત નથી તેની સમાલોચના, ત્યારપછી
* આર્થવ્યાપારને આશ્રયીને ભગવાનનો અનુગ્રહ યુક્તિસંગત છે, તેનું સ્થાપન કર્યું, તે સર્વ કથનનું નિગમન

↓

**દૃષ્ટ-ઇષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રથી સ્યાદ્વાદન્યાયથી સંગત સમ્યગ્ આચરણ ઈશ્વરનો અનુગ્રહ : શ્લોક-૨૯**

**શાસ્ત્રવચન**

દૃષ્ટ અવિરોધી શાસ્ત્રવચન

↓

જે શાસ્ત્રવચનો દેખાતા અનુભવથી વિરોધવાળા ન હોય એવા અર્થને કહે તે દૃષ્ટ અવિરોધી શાસ્ત્રવચન.

ઇષ્ટ અવિરોધી શાસ્ત્રવચન

જીવ માટે ઇષ્ટ મોક્ષ છે તે ઇષ્ટ એવા મોક્ષને કહેનારા પરસ્પર વિરોધવાળા ન હોય એવા સાપેક્ષ વચનો જે શાસ્ત્રમા હોય તે ઇષ્ટ અવિરોધી શાસ્ત્રવચન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઈશ્વરમાં અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના અને ભવના કારણ કર્મમાં મૂર્તત્વ-અમૂર્તત્વાદિરૂપ ભેદની કલ્પના નિરર્થક છે તેથી દેવાદિવિશેષનો ગ્રાહક અનુમાનનો વિષય સામાન્ય હોવાથી દેવાદિગત વિશેષની વિચારણા એ અસ્થાન પ્રયાસ : શ્લોક-૨૩**

**પરમાર્થના બોધ વગર સ્વ-સ્વદર્શનના આગ્રહરૂપ કુચિતિકાના ત્યાગ માટે પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે કાલાતીત મતનો સ્વીકાર : શ્લોક-૨૪**

↓

તત્ત્વાર્થની સિદ્ધિમાં ઉપાસ્યવિષયક કે ભવના કારણવિષયક નામમાત્રનો ક્લેશ યોગનો પ્રતિપંથી પરંતુ ધર્મવાદથી વિશેષવિમર્શ યોગનો અપ્રતિપંથી.

**અતીન્દ્રિય પદાર્થવિષયક વિશેષ વિચારણામાં શાસ્ત્ર અને તર્ક બંનેના ઉપયોગનું પ્રકૃષ્ટ સ્થાન : શ્લોક-૨૫થી ૨૭**

**વિશેષવિમર્શમાં શાસ્ત્રના ઉપયોગનું પ્રકૃષ્ટ સ્થાન : શ્લોક-૨૫-૨૬**

↓

૧. સત્ નિશ્ચય પ્રતિ અંધને રૂપ અવિષય છે, તેવી રીતે છદ્મસ્થને તત્ત્વથી આત્માદિ વિશેષરૂપ અતીન્દ્રિય વસ્તુ અવિષય.

૨. અંધપુરુષને પુરોવર્તી પદાર્થના ઉપલબ્ધિનો હેતુ એવા હસ્તસ્પર્શ જેવું અતીન્દ્રિય પાર્થવિષયવાળા શાસ્ત્રથી જ ચંદ્ર ઉપરાગની જેમ અન્ય પણ અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય.

**વિશેષવિમર્શમાં તર્કના ઉપયોગનું પ્રકૃષ્ટ સ્થાન : શ્લોક-૨૭**

↓

શાસ્ત્રવચનથી થતા અસ્પષ્ટ બોધમાં માધ્યસ્થ્યનીતિથી વિચારણા યુક્ત

**સ્યાદ્વાદન્યાયથી સંગત સમ્યગ્ આચરણા**

↓ તેનાથી

**સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રમય મોક્ષમાર્ગની પ્રાપ્તિરૂપ ઈશના અનુગ્રહની પ્રાપ્તિ : શ્લોક-૩૦**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભગવાને બતાવેલા ઉત્તમ ધર્મનું સેવન**

↓ તેનાથી

ઉત્તમ ધર્મના સંસ્કારોનું આધાન

↓ તેનાથી

જન્માંતરમાં વિશેષ પ્રકારના ધર્મની પ્રાપ્તિ

**કેવળ યાચન કરવામાં વિહ્વળ પુરુષોને ઉત્તમ ધર્મનું અનાસેવન**

↓ તેનાથી

ઉત્તમ ધર્મના સંસ્કારોનું અનાધાન

↓ તેનાથી

**જન્માંતરમાં પ્રાર્થના કરાયેલા ધર્મની અપ્રાપ્તિ : શ્લોક-૩૧**

**ભગવાનના ગુણના રાગપૂર્વક સમ્યગ્ અનુષ્ઠાનનું સેવન**

↓ તેનાથી

**વીતરાગભાવનો પ્રકર્ષ પામી વીતરાગતુલ્ય બનવું તે**
**પારમાર્થિક ઈશાનુગ્રહ : શ્લોક-૩૨**

**— પૂ. રોહિતાશ્રી શિષ્યાણુ**
**સા. ચંદનબાલાશ્રી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | **પાતંજલમતાનુસાર ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ.** | |
| | પાતંજલમત પ્રમાણે ઈશ્વરનું સ્વરૂપ. | |
| | પાતંજલમતાનુસાર કર્માશયનું સ્વરૂપ. | |
| | પાતંજલમતાનુસાર વિપાકાશયનું સ્વરૂપ. | |
| | પાતંજલમતાનુસાર જાતિ આયુષ્ય અને ભોગનું સ્વરૂપ. | |
| | પાતંજલમતાનુસાર ચિત્તનું સ્વરૂપ. | |
| | પાતંજલમતાનુસાર અયોગી જીવોના ત્રણ પ્રકારના કર્મનું-કૃત્યનું સ્વરૂપ. | |
| | પાતંજલમતાનુસાર કર્માશયથી વિપાકને અનુરૂપ વાસનાઓની અભિવ્યક્તિ. | |
| | પાતંજલમતાનુસાર કર્મવાસનાનું સ્વરૂપ. | |
| | પાતંજલમતાનુસાર ક્લેશાદિના સ્પર્શ વગરના ઈશ્વરનું સ્વરૂપ. | ૧-૧૯ |
| ૨. | પાતંજલમતાનુસાર ઈશ્વરમાં અપ્રતિઘ અને સહજસિદ્ધ જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મનું સ્વરૂપ. | ૧૯-૨૨ |
| ૩. | પાતંજલમતાનુસાર ઈશ્વરમાં સર્વજ્ઞપણાની પ્રસિદ્ધિ. | ૨૨-૨૫ |
| ૪. | પાતંજલમતાનુસાર ઈશ્વરમાં જગત્કર્તૃત્વની સિદ્ધિ. | ૨૫-૨૭ |
| ૫. | યોગીના આત્મામાં અનુગ્રાહ્યસ્વભાવ વગર ઈશ્વરના અનુગ્રહથી યોગની પ્રાપ્તિની અસંગતિ. | ૨૭-૨૯ |
| ૬. | (i) ઈશ્વર અને આત્માના વિચિત્ર અનુગ્રાહ્ય-અનુગ્રાહક સ્વભાવના ભેદમાં આત્માના પરિણામીપણાની સિદ્ધિ અને એમ સ્વીકારવામાં પાતંજલદર્શનકારને અપસિદ્ધાંતની પ્રાપ્તિ. | |
| | (ii) જ્ઞાનાદિ ચિત્તધર્મોનો અતિઉત્કર્ષ અજ્ઞાનાદિમાં અતિપ્રસંજક. | |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | (iii) આત્માને પરિણામી સ્વીકાર્યા વગર જગત્કર્તારૂપે ઈશ્વરની અસિદ્ધિ. | |
| | (vi) ઈશ્વર જગત્કર્તા નથી તેની યુક્તિ. | ૨૯-૩૯ |
| ૭. | સ્વસિદ્ધાંતની નીતિથી આર્થવ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ. | ૩૯-૪૧ |
| ૮. | (i) ઓંકાર દ્વારા ઈશ્વરના જપથી વિઘ્નોનો નાશ. | |
| | (iii) ઈશ્વરના જપથી પ્રત્યક્ચૈતન્યનો લાભ. | ૪૧-૪૪ |
| ૯. | પાતંજલમત પ્રમાણે ચિત્તના વિક્ષેપોનું સ્વરૂપ. | ૪૪-૪૮ |
| ૧૦થી ૧૨ | ચિત્તના વિક્ષેપોનું સ્વરૂપ. | ૪૯-૫૫ |
| ૧૩. | જપથી વિક્ષેપો કઈ રીતે નાશ પામે છે તેનું સ્વરૂપ. | ૫૫-૫૮ |
| ૧૪. | ગ્રંથકારશ્રીને અભિમત પ્રત્યક્ચૈતન્યનું સ્વરૂપ. | ૫૮-૬૦ |
| ૧૫. | ભગવાનના જપથી થતાં પ્રત્યક્ચૈતન્યનું સ્વરૂપ. | ૬૦-૬૪ |
| ૧૬. | વિષયવિશેષના પક્ષપાતથી ઈશ્વરનો અનુગ્રહ સ્વીકારવાથી આર્થવ્યાપારથી ઈશ્વરના અનુગ્રહનો સ્વીકાર. | ૬૪-૬૮ |
| ૧૭. | કાલાતીત નામના શાસ્ત્રકાર શું કથન કરે છે તેનું વર્ણન. | ૬૮-૭૦ |
| ૧૮. | કાલાતીતે દેવતાની ઉપાસનાનો કહેલ માર્ગ સર્વદર્શનકારોની સાથે સમાન છે તેનું સ્પષ્ટીકરણ. | ૭૧-૭૨ |
| ૧૯. | કાલાતીત દ્વારા પર વડે કલ્પિત ઈશ્વરના વિશેષ સ્વરૂપનું નિરાકરણ. | ૭૨-૭૫ |
| ૨૦. | અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના કેમ નિરર્થક છે ? તેમાં કાલાતીતે આપેલા ત્રણ હેતુઓનું કથન. | ૭૫-૭૯ |
| ૨૧. | સંસારના કારણોનો નામભેદ નિરર્થક છે, એ પ્રકારે કાલાતીતનું અન્ય વક્તવ્ય. | ૮૦-૮૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૨. | ભવના કારણમાં પર વડે પરિકલ્પિત વિશેષનું કાલાતીત દ્વારા નિરાકરણ. | ૮૨-૮૪ |
| ૨૩. | ઈશ્વરમાં અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના અને ભવના કારણ કર્મમાં મૂર્તત્વ-અમૂર્તત્વાદિરૂપ ભેદની કલ્પના નિરર્થક છે તેથી, વળી દેવાદિવિશેષનો ગ્રાહક અનુમાનનો વિષય સામાન્ય હોવાથી દેવતાદિગત વિશેષની વિચારણા એ અસ્થાનપ્રયાસ. | ૮૪-૮૭ |
| ૨૪. | (i) કાલાતીતનો મત પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ કઈ રીતે સ્વીકાર કરેલ છે, તેનું સ્પષ્ટીકરણ.<br>(ii) શાસ્ત્રાનુસારી તર્કથી અર્થની સિદ્ધિ થવાથી નામ ભેદનો અનભિનિવેશ હોવાને કારણે પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજા વડે કાલાતીત મતનો સ્વીકાર.<br>(iii) તત્ત્વાર્થની સિદ્ધિમાં નામમાત્રનો ક્લેશ યોગનો પ્રતિપંથી પરંતુ ધર્મવાદથી વિશેષ વિમર્શ યોગનો અપ્રતિપંથી | ૮૭-૯૬ |
| ૨૫. | સત્ નિશ્ચય પ્રતિ અંધને રૂપ અવિષય છે, તેવી રીતે છદ્મસ્થને તત્ત્વથી આત્માદિ વિશેષરૂપ અતીન્દ્રિય વસ્તુ અવિષય. | ૯૭-૯૯ |
| ૨૬. | વિશેષવિમર્શમાં શાસ્ત્રના ઉપયોગનું પ્રકૃષ્ટ સ્થાન. | ૯૯-૧૦૨ |
| ૨૭. | શાસ્ત્રવચનથી થતા અસ્પષ્ટ બોધમાં માધ્યસ્થ્ય-નીતિથી વિચારણા યુક્ત. | ૧૦૨-૧૦૫ |
| ૨૮. | વેદશાસ્ત્રના અવિરોધી એવા તર્કથી આર્ષને અને ધર્મોપદેશને અનુસંધાન કરનારા પુરુષો ધર્મના જાણકાર, ઇતર અજાણકાર. | ૧૦૫-૧૦૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૯. | (i) દૃષ્ટ-ઇષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રથી સ્યાદ્વાદન્યાયસંગત સમ્યગ્ આચરણા ઈશ્વરનો અનુગ્રહ.<br>(ii) દૃષ્ટ-ઇષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રવચનનું તાત્પર્ય. | ૧૦૬-૧૦૯ |
| ૩૦. | સ્યાદ્વાદન્યાયથી સંગત શાસ્ત્રથી સમ્યગ્ આચરણા કરવાથી સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રમય મોક્ષમાર્ગની પ્રાપ્તિરૂપ ઈશના અનુગ્રહની પ્રાપ્તિ. | ૧૦૯-૧૧૦ |
| ૩૧. | પ્રાપ્ત એવા અન્ય ધર્મને નહિ પાળતા અને જિનો પાસે યાચના કરતા એવા વિહ્વળ પુરુષને યાચનાના વિષયભૂત પદાર્થની અપ્રાપ્તિ. | ૧૧૧-૧૧૩ |
| ૩૨. | શાસ્ત્રથી કરાયેલ સમ્યગ્ આચરણા એ ઈશ્વરનો અનુગ્રહ હોવાથી સ્વામીના ગુણના રાગપૂર્વક અત્યંત ઉત્સાહથી અનુષ્ઠાનની કર્તવ્યતા. | ૧૧૩-૧૧૫ |


■ ○ ■

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

न्यायविशारद-न्यायाचार्य-श्रीमद्यशोविजयोपाध्यायविरचिता
स्वोपज्ञवृत्तियुता

# द्वात्रिंशद्द्वात्रिंशिका

अन्तर्गत

# ईशानुग्रहविचारद्वात्रिंशिका-१६

**૧૫મી સમ્યગ્દષ્ટિબત્રીશી સાથે પ્રસ્તુત ઈશાનુગ્રહવિચારબત્રીશીનું યોજન :–**

**सम्यग्दृष्टिनिरूपणानन्तरं तन्निर्वाहकमीशानुग्रहं विचारयति –**

**અર્થ :–**

**સમ્યગ્દષ્ટિના નિરૂપણ પછી તેના નિર્વાહક=સમ્યક્ત્વના નિર્વાહક, ઈશાનુગ્રહનો વિચાર કરે છે –**

**ભાવાર્થ :–**

૧૫મી સમ્યગ્દષ્ટિબત્રીશીમાં સમ્યગ્દષ્ટિ કોણ છે તેનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું. કોઈ જીવ સમ્યક્ત્વ પામે ત્યારે તેમનામાં રહેલું સમ્યક્ત્વ ભગવાનના અનુગ્રહથી નિર્વાહ પામે છે, તેથી સમ્યક્ત્વનો નિર્વાહક ઈશાનુગ્રહ શું છે તેની વિચારણા પ્રસ્તુત બત્રીશીમાં કરેલ છે.

**વિશેષાર્થ :–**

ભગવાન કોઈ ઉપર સાક્ષાત્ અનુગ્રહ કરતા નથી કે કોઈ ઉપર કુપિત થતા નથી, તોપણ વીતરાગ પ્રત્યેનો રાગ અને વીતરાગના માર્ગ પ્રત્યેનો રાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મામાં પ્રગટ થયેલા સમ્યક્ત્વના નિર્વાહક છે, તેથી ઉપચારથી ભગવાનનો અનુગ્રહ સમ્યક્ત્વનો નિર્વાહક છે તેમ કહેવાય છે.

**અવતરણિકા :-**

**કેટલાક મતવાળા એકાંતે ભગવાનના અનુગ્રહથી યોગની નિષ્પત્તિ થાય છે તેમ કહે છે, તે મત બતાવીને એકાંતે તે વચન યુક્ત નથી, તે સ્પષ્ટ કરવા અર્થે પ્રથમ પાતંજલમતનો ગ્રંથકારશ્રી ઉપન્યાસ કરે છે –**

**શ્લોક :-**

**महेशानुग्रहात्केचिद्योगसिद्धिं प्रचक्षते ।**
**क्लेशाद्यैरपरामृष्टः पुंविशेषः स चेष्यते ।।१।।**

**અન્વયાર્થ :-**

**केचित्=કેટલાક=પાતંજલો, महेशानुग्रहात्=મહેશના અર્થાત્ ઈશ્વરના અનુગ્રહથી योगसिद्धिं=યોગસિદ્ધિને प्रचक्षते=કહે છે च=અને क्लेशाद्यैरपरामृष्टः= ક્લેશાદિથી અપરામૃષ્ટ=ત્રણે કાળમાં ક્લેશાદિના સ્પર્શ વગરનો पुंविशेषः= પુરુષવિશેષ स=તે=મહેશ इष्यते=ઈચ્છાય છે. ।।૧।।**

**શ્લોકાર્થ :-**

**પાતંજલો ઈશ્વરના અનુગ્રહથી યોગસિદ્ધિને કહે છે અને ત્રણે કાળમાં ક્લેશાદિના સ્પર્શ વગરનો પુરુષ વિશેષ ઈશ્વર ઈચ્છાય છે. ।।૧।।**

**ટીકા :-**

**महेशेति-केचित्=पातञ्जलाः, महेशानुग्रहात् योगस्योक्तलक्षणस्य सिद्धिं योगक्षेमलक्षणां, प्रचक्षते=कथयन्ति, स च महेशः पुंविशेषः=पुरुषविशेषः, इष्यते कीदृश इत्याह-क्लेशाद्यैः=क्लेशकर्मविपाकाशयैः, अपरामृष्टः त्रिष्वपि कालेषु, तथा च सूत्रं –** "क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः", **[१-२४] इति । अत्र क्लेशा अविद्यास्मितारागद्वेषाभिनिवेशा वक्ष्यमाणलक्षणाः ।** "क्लेशमूलः कर्माशयः दृष्टादृष्टजन्मवेदनीयः" **[२-१२] ।। अस्मिन्नेव जन्मन्यनुभवनीयो दृष्टजन्मवेदनीयः, जन्मान्तरानुभवनीयस्त्वदृष्टजन्मवेदनीयः, तीव्रसंवेगेन**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हि कृतानि पुण्यानि देवताराधनादीनि कर्माणि इहैव जन्मनि फलं जात्यायुर्भोगलक्षणं प्रयच्छन्ति, यथा नन्दीश्वरस्य भगवन्महेश्वराराधनबलादिहैव जन्मनि जात्यादयो विशिष्टाः प्रादुर्भूताः, न चैतदनुपपत्तिः, सदनुष्ठानेन प्रतिबन्धकापनयने केदारान्तरे जलापूरणवत् पाश्चात्यप्रकृत्यापूरणेनैव सिद्धिविशेषोपपत्तेः, तदुक्तं- "जन्मौषधिमन्त्रतपःसमाधिजाः सिद्धयः" [४-१] ।। सिद्धिश्चोत्कर्षविशेषः कार्यकारणस्य, "जात्यन्तरपरिणामः प्रकृत्यापूरात्" [४-२] ।। "निमित्तमप्रयोजकं प्रकृतीनां वरणभेदस्तु ततः क्षेत्रिकवत्" [४-३] इति ।। "सति मूले तद्विपाको जात्यायुर्भोगाः" [२-१३] ।। सति मूले=क्लेशरूपबीजे, तेषां=कुशलाकुशलकर्मणां, विपाकः=फलं, जात्यायुर्भोगा भवन्ति । जातिर्मनुष्यादिः, आयुश्चिरकालं शरीरसंबन्धः, भोगा विषयाः, इन्द्रियाणि, सुखदुःखसंविच्च कर्मकरणभावसाधनव्युत्पत्त्या भोगशब्दस्य ।

**ટીકાર્થ :-**

केचित् ..... इष्यते, કેટલાક=પાતંજલો, મહેશના અનુગ્રહથી ઉક્ત લક્ષણવાળા યોગની=૧૧મી પાતંજલયોગલક્ષણવિચારબત્રીશીમાં કરાયેલા લક્ષણવાળા યોગની, યોગ-ક્ષેમરૂપ સિદ્ધિને કહે છે. અને તે=મહેશ, પુરુષવિશેષ ઈચ્છાય છે.

कीदृश इत्याह – કેવા પ્રકારનો પુરુષવિશેષ છે ? એથી કહે છે –

क्लेशाद्यैः ..... कालेषु, ત્રણે પણ કાળમાં ક્લેશાદિથી=ક્લેશ, કર્માશય અને વિપાકાશયથી, અપરામૃષ્ટ અર્થાત્ ત્રણે પણ કાળમાં ક્લેશાદિના સ્પર્શ વગરનો, એવો પુરુષવિશેષ મહેશ ઈચ્છાય છે એમ અન્વય છે.

तथा च सूत्रं – અને તે પ્રકારે=પૂર્વમાં મહેશનું સ્વરૂપ બતાવ્યું તે પ્રકારે, પાતંજલયોગસૂત્ર ૧/૨૪ છે.

"क्लेश ..... ईश्वरः" इति । "ક્લેશ, કર્માશય અને વિપાકાશયથી અપરામૃષ્ટ=નહિ સ્પર્શાયેલો, પુરુષવિશેષ ઈશ્વર છે."

इति શબ્દ પાતંજલયોગસૂત્ર ૧/૨૪ના કથનની સમાપ્તિસૂચક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अत्र ..... वक्ष्यमाणलक्षणाः । **અહીં=ઈશ્વરનું સ્વરૂપ બતાવ્યું એમાં કહ્યું કે ક્લેશ, કર્મઆશય અને વિપાકઆશયથી નહિ સ્પર્શાયેલો પુરુષવિશેષ ઈશ્વર છે એ કથનમાં, ક્લેશો અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ આગળમાં કહેવાશે તે સ્વરૂપવાળા છે.**

પૂર્વમાં ક્લેશ, કર્મઆશય અને વિપાકઆશયથી નહિ સ્પર્શાયેલો પુરુષવિશેષ ઈશ્વર છે એમ કહ્યું તેમાં ક્લેશો શું છે તે બતાવ્યું. હવે કર્માશય પાતંજલયોગસૂત્ર ૨/૧૨થી બતાવે છે –

"क्लेशमूलः ..... वेदनीयः" ।। ક્લેશમૂળ દૃષ્ટ-અદૃષ્ટજન્મવેદનીય એવો કર્માશય છે.

अस्मिन्नेव ..... वेदनीयः, **આ જ જન્મમાં અનુભવ કરવા યોગ્ય એવો કર્માશય દૃષ્ટજન્મવેદનીય છે. વળી જન્માંતરમાં અનુભવ કરવા યોગ્ય એવો કર્માશય અદૃષ્ટજન્મવેદનીય છે.**

પૂર્વમાં કહ્યું કે ત્રણે પણ કાળમાં ક્લેશાદિથી નહિ સ્પર્શાયેલો પુરુષવિશેષ ઈશ્વર છે તેમાં ક્લેશ અને કર્મઆશય બતાવ્યો. હવે વિપાકાશય બતાવે છે –

तीव्रसंवेगेन ..... उपपत्तेः, **તીવ્ર સંવેગથી કરાયેલા પુણ્યરૂપ દેવતાઆરાધનાદિ કર્મો આ જ જન્મમાં જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ ફળ આપે છે.**

**જે પ્રમાણે – નંદીશ્વરને ભગવાન મહેશ્વરના આરાધનાના બળથી આ જ જન્મમાં જાતિ આદિ વિશિષ્ટ પ્રાપ્ત થયા.**

**અને આની=તીવ્ર સંવેગથી કરાયેલા પુણ્યરૂપ દેવતાઆરાધનાદિ કર્મો આ જ જન્મમાં ફળ આપે છે એની, અનુપપત્તિ નથી; કેમ કે સદનુષ્ઠાન દ્વારા પ્રતિબંધક એવા કર્મો દૂર થયે છતે=પૂર્વમાં બંધાયેલા હીન જાત્યાદિવાળા કર્મો જે વિશિષ્ટ જાત્યાદિના ઉદયમાં પ્રતિબંધક છે તે કર્મો દૂર થયે છતે, કેદારાંતરમાં જલ આપૂરણની જેમ પ્રાશ્ચાત્યપ્રકૃતિઆપૂરણથી જ સિદ્ધિ-વિશેષની=દેવતાના આરાધનથી થયેલી પાછળની પુણ્યપ્રકૃતિના આપૂરણથી જ વિશિષ્ટ જાતિ આદિ સિદ્ધિવિશેષની, ઉપપત્તિ=સંગતિ છે.**

तदुक्तं – **તે=પૂર્વમાં કહ્યું કે તીવ્રસંવેગથી કરાયેલા પુણ્યરૂપ દેવતા આરાધનાદિ કર્મોથી સિદ્ધિવિશેષની ઉપપત્તિ=સંગતિ છે તે, પાતંજલયોગસૂત્ર ૪/૧, ૪/૨, ૪/૩માં કહેવાયું છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"जन्मौषधि ..... सिद्धयः" ।। "જન્મ, ઔષધિ, મંત્ર, તપ અને સમાધિથી સિદ્ધિઓ થાય છે." (૪/૧)

**सिद्धिश्च ..... कार्यकारणस्य, અને સિદ્ધિ કાર્યના કારણનો ઉત્કર્ષ વિશેષ છે=વિશિષ્ટ કાર્ય કરવાને અનુરૂપ શક્તિવિશેષરૂપ કારણનો ઉત્કર્ષવિશેષ છે.**

"जात्यन्तर ..... आपूरात्" ।। "પ્રકૃતિના પૂરાવાથી જાત્યંતરનો પરિણામ થાય છે (=પૂર્વમાં કહ્યું કે નંદીશ્વરને મહેશ્વરના આરાધનના બળથી વિશિષ્ટ જાત્યાદિ થયા તેથી પૂર્વ કરતાં તેમને જાત્યંતરનો=અન્ય જાતિનો, પરિણામ થયો તે મહેશની આરાધનના બળથી થયેલ પુણ્યપ્રકૃતિના પૂરાવાથી છે.") (૪-૨)

"निमित्तमप्रयोजकं ..... क्षेत्रिकवत्" ।। **इति** "નિમિત્ત અપ્રયોજક છે વળી તેનાથી=વર્તમાનમાં કરેલ દેવતાના આરાધનરૂપ કર્મથી, પ્રકૃતિઓનો વરણભેદ=સારી જાતિ આદિના આવારક એવા અધર્માદિરૂપ પ્રકૃતિઓનો આવરણ ભેદ=ક્ષય, ક્ષેત્રિકની જેમ થાય છે (=જેમ ખેડૂત એક કેદારમાંથી અન્ય કેદારમાં જલ લઈ જવા માટે અન્ય કેદારમાં જલને જતા અટકાવવા અર્થે પૂર્વમાં જે પાળ બાંધેલી તે પાળરૂપ આવરણનો નાશ કરે તો તે જલ સ્વયં જ અન્ય કેદારમાં જાય છે તેમ નંદીશ્વરના વર્તમાનની દેવતાની આરાધનાદિથી નવા જાતિ આદિના આવરણરૂપ ઉદયમાં આવવામાં અટકાયતરૂપ જે પૂર્વમાં આવરણરૂપ અધર્માદિ હતા તે વર્તમાનના ધર્મની આરાધના દ્વારા ક્ષય થવાથી નવા જાતિ આદિનો ઉદય થાય છે.) **इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે."**

વિપાક આશય બતાવ્યા પછી ક્લેશ હોતે છતે કર્મનો વિપાક પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે પાતંજલયોગસૂત્ર ૨/૧૩ કહે છે –

"सति ..... भोगाः" ।। "મૂળ હોતે છતે=ક્લેશોરૂપ મૂળ હોતે છતે, તેનો વિપાક=કર્મોનો વિપાક, જાતિ, આયુષ્ય અને ભોગ છે."

પાતંજલયોગસૂત્ર ૨/૧૩નો અર્થ સ્પષ્ટ કરે છે –

**सति ..... भोगशब्दस्य । મૂળ હોતે છતે=ક્લેશોરૂપ બીજ હોતે છતે, તેઓનો=કુશળ-અકુશળ કર્મોનો, વિપાક=ફળ, જાતિ, આયુષ્ય અને ભોગ થાય છે.**

**જાતિ મનુષ્યાદિ છે, આયુષ્ય ચિરકાળ સુધી શરીરનો સંબંધ છે, ભોગો વિષયો, ઈન્દ્રિયો અને સુખ-દુઃખની સંવિત્=સંવેદન છે. ભોગશબ્દની કર્મ,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરણ અને ભાવને સાધનારી વ્યુત્પત્તિથી આ ત્રણ અર્થો થાય છે અર્થાત્ ભોગનું કર્મ વિષયો છે, ભોગનું કરણ ઈન્દ્રિયો છે અને ભોગનો ભાવ=ભોગનું સંવેદન, સુખ-દુઃખ છે.

**ટીકા :-**

इदमत्र तात्पर्यं – चित्तं हि द्विविधं साशयमनाशयं च, तत्र योगिनामनाशयं, तदाह-"(तत्र)ध्यानजमनाशयम्" [४-६] ।। अत एव तेषामशुक्लाकृष्णं कर्म, तदाह-"कर्माशुक्लाकृष्णं योगिनः त्रिविधमितरेषाम्" [४-७] ।। शुभफलदं कर्म यागादि शुक्लं, अशुभफलदं ब्रह्महत्यादि कृष्णं, उभयसंकीर्णं शुक्लकृष्णं, तत्र शुक्लं दानतपःस्वाध्यायादिमतां पुरुषाणां, कृष्णं नारकाणां, शुक्लकृष्णं मनुष्याणां, योगिनां तु विलक्षणमिति, साशयं चित्तमयोगिनां, तत्र फलत्यागानुसन्धानाभावात् फलजनकः कर्माशयः, "ततस्तद्विपाकानुगुणानामेवाभिव्यक्तिर्वासनानां" [४-८] ।। द्विविधा हि कर्मवासनाः-स्मृतिमात्रफला जात्यायुर्भोगफलाश्च, तत्राद्या येन कर्मणा यादृक् शरीरमारब्धं देवमानुषतिर्यगादिभेदेन जात्यन्तरशतव्यवधानेन पुनस्तथाविधस्यैव शरीरस्यारम्भे तदनुरूपामेव स्मृतिं जनयन्ति, अन्यादृशीं च न्यग्भावयन्ति देवादिभवे नारकादिशरीरोपभोगस्मृतिवत्, न चातिव्यवहितयोः स्मृतिसंस्कारयोर्जन्यजनकभावानुपपत्तिः, दूरानुभूतस्याप्यविचलितचित्ते वासनात्मना स्थितस्योद्बोधविशेषसहकारेण स्मृतिविशेषपरिणामे व्यवधानाभावात्, तदुक्तं-"जातिदेशकालव्यवहितानामप्यानन्तर्यं स्मृतिसंस्कारयोरेकरूपत्वात्" [४-९] ।। ताश्च सुखसाधनावियोगाध्यवसायसंकल्पस्य मोहलक्षणस्य बीजस्यानादित्वादादिरहिताः, तदुक्तं-"तासामनादित्वं चाऽऽशिषो नित्यत्वात्" [४-१०] ।। द्वितीया अपि चित्तभूमावेवानादिकालं संचिता यथा यथा पाकमुपयान्ति तथा तथा गुणप्रधानभावेन स्थिता जात्यायुर्भोगलक्षणं कार्यमारभन्त इति, तदेतत्कर्माशयफलं जात्यादिविपाकमिति, यद्यपि सर्वेषामात्मनां क्लेशादिपरामर्शो नास्ति, तथापि ते चित्तगतास्तेषां व्यपदिश्यन्ते, यथा योधगतौ जयाजयौ स्वामिनः, अस्य तु त्रिष्वपि कालेषु तथाविधोऽपि क्लेशादिपरामर्शो नास्तीति विलक्षणोऽयमन्येभ्यः ।।१।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

इदमत्र तात्पर्यम् – **અહીં=પૂર્વમાં ક્લેશો, કર્માશય અને વિપાકઆશયનું સ્વરૂપ પાતંજલયોગસૂત્રના ઉદ્ધરણપૂર્વક ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કર્યું એમાં આ=આગળમાં કહે છે એ, તાત્પર્ય છે –**

चित्तं ..... अनाशयम्, **ચિત્ત બે પ્રકારનું છે – (૧) સાશય અને (૨) અનાશય.**

तत्र ..... अनाशयम्, **ત્યાં=બે પ્રકારના ચિત્ત કહ્યા તેમાં, યોગીઓનું ચિત્ત અનાશય છે.**

तदाह – **તેને કહે છે=બે પ્રકારના ચિત્તો છે તેમાં યોગીઓનું ચિત્ત અનાશય છે તેને પાતંજલયોગસૂત્ર ૪/૬માં કહે છે –**

"(तत्र) ध्यानजमनाशयम्" ।। "ત્યાં=બે પ્રકારના ચિત્તો છે તેમાં, ધ્યાનથી ઉત્પન્ન થયેલ=સમાધિથી ઉત્પન્ન થયેલ, જે ચિત્ત છે તે અનાશય=કર્મવાસનારહિત છે."

अत एव ..... कर्म, **આથી જ તેઓને=યોગીઓને, અશુક્લ-અકૃષ્ણકર્મ છે.**

तदाह – **તેને=યોગીઓને અનાશયચિત્ત હોવાને કારણે અશુક્લ-અકૃષ્ણકર્મ છે તેને, પાતંજલયોગસૂત્ર ૪/૭માં કહે છે –**

"कर्माशुक्ल ..... इतरेषाम्" ।। "યોગીઓને અશુક્લ-અકૃષ્ણકર્મ છે, ઇતરને=બીજાઓને, ત્રણ પ્રકારનું કર્મ છે."

ઇતરના અને યોગીઓના કર્મના સ્વરૂપને બતાવે છે –

शुभफलदं ..... विलक्षणमिति, **શુભફળને આપનારું યાગાદિ કર્મ=ક્રિયા, શુક્લ છે, અશુભફળને આપનારું બ્રહ્મહત્યાદિ કૃષ્ણ છે, ઉભયસંકીર્ણ શુક્લકૃષ્ણ છે. ત્યાં=ત્રણ પ્રકારના કર્મ બતાવ્યા તેમાં, દાન, તપ અને સ્વાધ્યાયાદિવાળા પુરુષોને શુક્લ=શુક્લકર્મ છે, નારકોને કૃષ્ણ=કૃષ્ણ કર્મ છે અને મનુષ્યોને શુક્લ કૃષ્ણ=શુક્લકૃષ્ણ કર્મ છે. વળી યોગીઓને વિલક્ષણકર્મ છે અર્થાત્ આશય વગરનું કર્મ છે.**

**इति શબ્દ કર્મના સ્વરૂપની સમાપ્તિસૂચક છે.**

પૂર્વમાં બે પ્રકારના ચિત્તો કહ્યા તેમાં યોગીઓને અનાશય ચિત્ત છે તે બતાવ્યું. હવે બીજા પ્રકારનું સાશય ચિત્ત કોને હોય તે બતાવે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**साशयं ..... कर्माशयः, અયોગીઓને સાશય ચિત્ત છે. ત્યાં=સાશય ચિત્તમાં, ફળત્યાગના અનુસંધાનનો અભાવ હોવાથી ફળજનક કર્માશય છે.**

સાશય ચિત્તવાળા અયોગીઓને કર્માશય થાય છે, તે કર્માશયનું કાર્ય શું છે તે પાતંજલયોગસૂત્ર ૪/૮થી બતાવે છે –

"ततः ..... वासनानाम्" ।। "તેનાથી=કર્માશયથી, તેના વિપાકને અનુગુણ જ=અનુરૂપ જ, એવી વાસનાઓની અભિવ્યક્તિ છે."

પાતંજલયોગસૂત્ર ૪/૮નું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**द्विविधा ..... स्मृतिवत्, બે પ્રકારની કર્મોની=કૃત્યોની, વાસના છે. (૧) સ્મૃતિમાત્રફળવાળી અને (૨) જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી છે.**

**તેમાં=બે પ્રકારની કર્મવાસના બતાવી તેમાં, જે કર્મો વડે દેવ, મનુષ્ય અને તિર્યંચાદિ ભેદથી જેવું શરીર આરંભ કરાયું. વળી સેંકડો અન્ય જાતિના વ્યવધાનથી તેવા પ્રકારના શરીરના આરંભમાં આદ્ય=સ્મૃતિમાત્રફળવાળી કર્મવાસના, તેને અનુરૂપ જ સ્મૃતિને પેદા કરે છે, અને દેવતાદિશરીરના ભવમાં નારકાદિ શરીરના ઉપભોગની સ્મૃતિની જેમ અન્ય પ્રકારની સ્મૃતિને તિરોધાન કરે છે.**

પૂર્વમાં કહ્યું કે જે દેવાદિભવ ઘણા ભવો પછી મળે છે તેમાં પૂર્વના દેવાદિભવોની સ્મૃતિ થાય છે, પરંતુ વચલા વ્યવધાનવાળા ભવોના અનુભવની સ્મૃતિ થતી નથી. ત્યાં શંકા કરતાં કોઈ કહે છે, તેનું ગ્રંથકારશ્રી નિરાકરણ કરે છે –

**न चातिव्यवहितयोः ..... व्यवधानाभावात् । અતિવ્યવધાનવાળા સ્મૃતિ અને સંસ્કારમાં જન્ય-જનકભાવની અનુપપત્તિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે એમ ન કહેવું; કેમ કે દૂર અનુભવાયેલા પણ અવિચલિત ચિત્તમાં વાસનારૂપે રહેલા એવા સંસ્કારોનો ઉદ્‌બોધ વિશેષના સહકારથી સ્મૃતિવિશેષના પરિણામમાં વ્યવધાનનો અભાવ છે.**

**तदुक्तम् – તે=પૂર્વમાં કહ્યું કે દેવાદિભવમાં અનુભવાયેલી વાસનાનું ફરી દેવાદિભવની પ્રાપ્તિકાળમાં સ્મૃતિ થાય છે તેમાં ઉદ્‌બોધવિશેષના સહકારને કારણે વ્યવધાનનો અભાવ છે તે, પાતંજલયોગસૂત્ર ૪/૯માં કહેવાયું છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"जातिदेश ..... रूपत्वात्" ।। "જાતિ, દેશ અને કાળથી વ્યવહિત એવા પણ સ્મૃતિ અને સંસ્કારનું આનંતર્ય છે; કેમ કે સ્મૃતિ અને સંસ્કારનું એકરૂપપણું છે."

**ताश्च ..... आदिरहिताः, મોહસ્વરૂપ સુખસાધનના અવિયોગના અધ્યવસાયના સંકલ્પરૂપ બીજનું અનાદિપણું હોવાથી તે=વાસના, આદિ રહિત છે.**

**तदुक्तम् – તે=વાસના આદિરહિત છે એમ પૂર્વમાં કહ્યું તે, પાતંજલયોગસૂત્ર ૪/૧૦માં કહેવાયું છે –**

"तासाम् ..... नित्यत्वात्" ।। "તેઓનું=વાસનાઓનું, અનાદિપણું છે; કેમ કે આશિષનું=મહામોહરૂપ ઈચ્છાનું, નિત્યપણું છે."

પૂર્વમાં બે પ્રકારની કર્મવાસના=કૃત્યોની વાસના, બતાવી તેમાં સ્મૃતિમાત્રફળવાળી વાસનાનું સ્વરૂપ બતાવ્યું. હવે જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી કર્મવાસનાઓનું સ્વરૂપ બતાવે છે –

**द्वितीया ..... जात्यादिविपाकमिति, બીજી પણ=જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી કર્મવાસના પણ, ચિત્તભૂમિમાં જ અનાદિકાળથી સંચિત જે જે પ્રકારે પાકને પ્રાપ્ત કરે છે તે તે પ્રકારે ગુણ-પ્રધાનભાવથી રહેલી એવી કર્મવાસના જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ કાર્યનો આરંભ કરે છે.**

**इति શબ્દ જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ બીજા પ્રકારની કર્મવાસનાના સ્વરૂપની સમાપ્તિસૂચક છે.**

**તે આ=બે પ્રકારની કર્મવાસના બતાવી અને તેમાં બીજી કર્મવાસના જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી છે તે આ, કર્માશયનું ફળ જાત્યાદિ વિપાક છે.**

**इति શબ્દ इदमत्र तात्पर्यम्ના કથનની સમાપ્તિસૂચક છે.**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું કે ક્લેશાદિથી નહિ સ્પર્શાયેલો એવો પુરુષવિશેષ ઈશ્વર છે અને તેની પુષ્ટિ અત્યાર સુધી પાતંજલયોગસૂત્રોના બળથી કરતાં ક્લેશ, કર્માશય અને વિપાકઆશયનું સ્વરૂપ બતાવ્યું. હવે ક્લેશાદિથી નહિ સ્પર્શાયેલા પુરુષવિશેષ ઈશ્વર છે તે બતાવતાં કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यद्यपि ..... अन्येभ्यः ।। જોકે સર્વે આત્માઓને ક્લેશાદિનો પરામર્શ=સ્પર્શ, નથી તોપણ ચિત્તગત એવા તેઓ=ક્લેશો, તે આત્માના વ્યપદેશ કરાય છે. જે પ્રમાણે યોદ્ધાગત જય-અજય સ્વામીના વ્યપદેશ કરાય છે. વળી આને=ઈશ્વરને, ત્રણે પણ કાળમાં તેવા પ્રકારનો પણ=જે પ્રકારનો અન્ય આત્માઓમાં ઉપચારથી ક્લેશનો વ્યપદેશ કરાય છે તેવા પ્રકારનો પણ, ક્લેશાદિનો પરામર્શ=ક્લેશાદિનો સ્પર્શ, નથી એથી અન્ય જીવોથી આ=ઈશ્વર, વિલક્ષણ છે. ।।૧।।**

❖ दूरानुभूतस्यापि - અહીં अपि થી એ કહેવું છે કે નજીકના ભવોમાં અનુભવાયેલું તો વાસનારૂપે ચિત્તમાં અવિચલિત રહે છે, પરંતુ ઘણા ભવોમાં વ્યવધાનવાળા દૂરના ભવોમાં અનુભવાયેલ પણ વાસનારૂપે ચિત્તમાં અવિચલિત રહે છે.

❖ त्रिष्वपि कालेषु - અહીં अपि થી એ કહેવું છે કે ઈશ્વરમાં કોઈ એક કાળમાં તો ક્લેશાદિનો પરામર્શ નથી, પરંતુ ભૂત, વર્તમાન અને ભવિષ્યરૂપ ત્રણે પણ કાળમાં ક્લેશાદિનો પરામર્શ નથી.

❖ तथाविधोऽपि - અહીં अपि થી એ કહેવું છે કે ઈશ્વરને બીજા કોઈ પ્રકારનો તો ક્લેશાદિનો સ્પર્શ નથી, પરંતુ સંસારી જીવોને જેવા પ્રકારનો ક્લેશાદિનો સ્પર્શ છે, તેવા પણ પ્રકારનો ક્લેશાદિનો સ્પર્શ નથી.

**ભાવાર્થ :-**

પાતંજલદર્શનકારો કહે છે કે સંસારવર્તી જીવો યોગના બળથી મોક્ષને પામે છે અને પાતંજલદર્શનકારને અભિમત એવું યોગનું લક્ષણ પૂર્વમાં પાતંજલયોગ-લક્ષણવિચાર-૧૧મી દ્વાત્રિંશિકામાં "**योगश्चित्तवृत्तिनिरोधः**" બતાવ્યું અને તે યોગની સિદ્ધિ મહેશના અનુગ્રહથી થાય છે એમ પાતંજલદર્શનકારો કહે છે તે મહેશનું સ્વરૂપ શ્લોકના ઉત્તરાર્ધથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -

**પાતંજલમત પ્રમાણે ઈશ્વરનું સ્વરૂપ :-**

ક્લેશ, કર્માશય અને કર્મના વિપાકના આશયથી નહિ સ્પર્શાયેલો એવો પુરુષવિશેષ ઈશ્વર છે.

પાતંજલમત પ્રમાણે ઈશ્વરનું સ્વરૂપ બતાવ્યા પછી તેમના મત પ્રમાણે ક્લેશો શું છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ક્લેશો :-**

(૧) અવિદ્યા, (૨) અસ્મિતા, (૩) રાગ, (૪) દ્વેષ અને (૫) અભિનિવેશ-સ્વરૂપ ક્લેશો છે.

ક્લેશોનું સ્વરૂપ સ્વયં ગ્રંથકારશ્રી આગળમાં બતાવવાના છે.

**પાતંજલમતાનુસાર કર્માશયનું સ્વરૂપ :-**

ક્લેશમૂળ કર્માશય છે=જીવમાં કૃત્ય કરવાનો આશય છે અને તે કર્માશય દૃષ્ટજન્મવેદનીય અને અદૃષ્ટજન્મવેદનીય છે.

**દૃષ્ટજન્મવેદનીય કર્માશય :-**

જે કર્મ આ જન્મમાં વેદનીય=ભોગવવા યોગ્ય છે, તે દૃષ્ટજન્મવેદનીય કર્માશય છે.

**અદૃષ્ટજન્મવેદનીય કર્માશય :-**

જે કર્મ જન્માંતરમાં વેદનીય=ભોગવવા યોગ્ય છે, તે અદૃષ્ટજન્મવેદનીય કર્માશય છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે ક્લેશોને કારણે જીવમાં તે તે કૃત્યો કરવાનો કર્માશય થાય છે અને તેના કારણે પુણ્યરૂપ કે પાપરૂપ કર્મ બંધાય છે અને તે પુણ્યરૂપ કે પાપરૂપ કર્મ કેટલાક આ ભવમાં વેદનીય છે અને કેટલાક અન્ય ભવમાં વેદનીય છે.

હવે આ ભવમાં વેદનીયકર્મ કઈ રીતે ફળ આપે છે તે સ્પષ્ટ કરતાં વિપાક આશય બતાવે છે –

**પાતંજલમતાનુસાર વિપાકાશયનું સ્વરૂપ :-**

તીવ્રસંવેગથી કરાયેલા દેવતા આરાધનાદિ પુણ્યરૂપ કર્મો આ જ જન્મમાં જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ ફળ આપે છે.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વભવના કર્મને કારણે જાતિ આદિની પ્રાપ્તિ છે તેનું પરાવર્તન આ ભવના કર્મોથી કઈ રીતે થઈ શકે ? તે દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ – નંદીશ્વર નામના કોઈક સાધકને ભગવાન મહેશ્વરની આરાધનાના બળથી આ જ જન્મમાં પૂર્વમાં જે જાતિ આદિ પ્રાપ્ત થયેલા તેના કરતાં વિશિષ્ટ જાતિ આદિ પ્રાપ્ત થયા.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વભવના કર્મને કારણે જે જાત્યાદિ મળેલ હોય તે જાત્યાદિ વિદ્યમાન હોય તો મહેશ્વરની આરાધનાના બળથી તે ભવમાં વિશિષ્ટ જાતિ આદિ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. તેનું નિરાકરણ કરતાં કહે છે –

જેમ ખેડૂત ક્યારાઓ કરીને પાણીનું સિંચન કરતો હોય, તે વખતે એક ક્યારામાં પાણીનું સિંચન કર્યા પછી અન્ય ક્યારામાં પાણીને લઈ જવા માટે જે પ્રતિબંધકરૂપે માટીની પાળ કરેલી હોય, તેને દૂર કરે તો તે પાણીનો પ્રવાહ સ્વાભાવિક અન્ય ક્યારામાં જાય છે, તેથી જેમ અન્ય ક્યારામાં જલનું આપૂરણ થાય છે, તેમ સદનુષ્ઠાનના બળથી વિશિષ્ટ જાતિ આદિને વિપાકમાં લાવવામાં પ્રતિબંધક એવા આ જન્મમાં પ્રાપ્ત થયેલ જાતિ આદિરૂપ પ્રતિબંધકને સદનુષ્ઠાન દ્વારા દૂર કરવામાં આવે તો મહેશ્વરની આરાધનાના બળથી પ્રાપ્ત થયેલી પાશ્ચાત્ય પ્રકૃતિઓનું આપૂરણ થવાથી અર્થાત્ આરાધનાથી પ્રગટ થયેલી પાછળની પ્રકૃતિઓ ઉદયમાં આવવાથી, વિશિષ્ટ જાતિ આદિની પ્રાપ્તિ થાય છે. અને તે વિશિષ્ટ જાતિ આદિની પ્રાપ્તિ સિદ્ધિવિશેષ કહેવાય છે અર્થાત્ મહેશ્વરની આરાધનાના બળથી તે નંદીશ્વર નામના સાધકને વિશિષ્ટ જાતિ આદિની પ્રાપ્તિરૂપ સિદ્ધિવિશેષ થઈ એમ કહેવાય છે.

તેમાં પાતંજલયોગસૂત્ર ૪/૧ની સાક્ષી આપે છે –

કેટલીક સિદ્ધિઓ જન્મથી થાય છે, જેમ – પક્ષીને આકાશગમનની સિદ્ધિ. કેટલીક સિદ્ધિઓ ઔષધિથી થાય છે, જેમ – ઔષધિના બળથી મનુષ્યો પોતાનું રૂપ પરાવર્તન કરે છે. કેટલીક સિદ્ધિઓ મંત્રથી થાય છે, કેટલીક સિદ્ધિઓ તપથી થાય છે અને કેટલીક સિદ્ધિઓ સમાધિથી થાય છે.

સિદ્ધિ શું છે તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

કાર્યના કારણનો ઉત્કર્ષવિશેષ સિદ્ધિ છે=કાર્યને કરવાનું સામર્થ્યવિશેષ સિદ્ધિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ – પૂર્વમાં રૂપપરાવર્તનની શક્તિ ન હતી, પરંતુ ઔષધિને કારણે રૂપપરાવર્તન કરવાનો જે ઉત્કર્ષવિશેષ પ્રાપ્ત થયો તે સિદ્ધિ કહેવાય છે.

વળી નંદીશ્વરને આ જન્મમાં પૂર્વ કરતાં વિશિષ્ટ જાતિ આદિ પ્રાપ્ત થયા તે જાત્યંતરનો પરિણામ મહેશ્વરની આરાધનાથી બંધાયેલી પુણ્યપ્રકૃતિના પૂરણથી થયેલ છે એમ પાતંજલયોગસૂત્ર ૪/૨માં કહેલ છે.

નંદીશ્વરાદિને મહેશ્વરની આરાધનાના બળથી આ જ જન્મમાં વિશિષ્ટ જાતિ આદિ પ્રાપ્ત થયા ત્યાં કોઈને પ્રશ્ન થાય કે નંદીશ્વરે જે ઈશ્વરની આરાધના કરી તે રૂપ ધર્મથી વિશિષ્ટ જાતિ આદિ પ્રાપ્ત થયા. પરંતુ સૂત્ર ૪/૨માં કહ્યું તેમ પુણ્યપ્રકૃતિના પૂરણથી વિશિષ્ટ જાતિ આદિ પ્રાપ્ત થયા નથી. તેના નિરાકરણ માટે પાતંજલયોગસૂત્ર ૪/૩માં કહે છે.

નિમિત્ત અપ્રયોજક છે=દેવતાના આરાધનાદિથી થયેલ ધર્મરૂપ નિમિત્ત તે વિશિષ્ટ જાતિ આદિના પ્રાદુર્ભાવમાં અપ્રયોજક છે તો કઈ રીતે તે દેવતાઆરાધનાદિ ધર્મથી વિશિષ્ટ જાતિ આદિની પ્રાપ્તિ થઈ તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

દેવતા આરાધનાદિરૂપ ધર્મથી પ્રકૃતિના વરણનો ભેદ થાય છે તેનાથી વિશિષ્ટ જાતિ આદિનો પ્રાદુર્ભાવ થાય છે. ક્ષેત્રિકની જેમ.

આશય એ છે કે ખેડૂત ક્યારામાં પાણી સિંચન કરતી વખતે પ્રથમ ક્યારામાં પાણી જાય આગળમાં ન જાય તે માટે ત્યાં માટીની પાળ બાંધે છે, અને તે ક્યારામાં જરૂર પ્રમાણે પાણી અપાયા પછી અન્ય ક્યારામાં પાણી લઈ જવા અર્થે તે માટીની પાળને દૂર કરે છે, તેથી પાણી સ્વતઃ અન્ય ક્યારામાં જાય છે, તેમ નંદીશ્વરે જે મહેશ્વરની આરાધના કરી તે આરાધનારૂપ ધર્મથી પૂર્વભવમાં જે હીન પ્રકારના જાતિ આદિ બાંધેલા અને તેનો ઉદય વર્તમાનભવમાં હતો, તે હીન જાતિ આદિને નવી જાતિ આદિને વિપાકમાં લાવવામાં આવરણરૂપ હતા, તેનો દેવતાઆરાધનાદિ રૂપ ધર્મથી ભેદ થાય છે, તેથી વર્તમાનની આરાધનાના બળથી પ્રાપ્ત થયેલા વિશિષ્ટ જાતિ આદિ સ્વતઃ વિપાકમાં આવે છે.

વળી સંસારી જીવોમાં કર્મોનું મૂળ એવું ક્લેશરૂપ બીજ હોય, તો તે ક્લેશરૂપ બીજથી કુશળ-અકુશળ કર્મો થાય છે અને તેઓનો જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ વિપાકરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાતંજલમતાનુસાર જાતિ, આયુષ્ય અને ભોગનું સ્વરૂપ :-**

જાતિ મનુષ્યાદિ છે, આયુષ્ય ચિરકાળ સુધી શરીરના સંબંધરૂપ છે અને ભોગ શબ્દથી ત્રણ અર્થનું ગ્રહણ થાય છે.

(૧) કર્મને સાધનારી વ્યુત્પત્તિથી ભોગ શબ્દથી ભોગના વિષયો ગ્રહણ થાય છે.

(૨) કરણને સાધનારી વ્યુત્પત્તિથી ભોગ શબ્દથી ઇન્દ્રિયો ગ્રહણ થાય છે, કેમ કે ઇન્દ્રિયો દ્વારા સંસારી જીવો ભોગ કરે છે.

(૩) ભાવને સાધનારી વ્યુત્પત્તિથી ઇષ્ટ-અનિષ્ટ પદાર્થના સંયોગથી થતા સુખ-દુઃખનું સંવેદન પ્રાપ્ત થાય છે.

આ રીતે પાતંજલમતાનુસાર જાતિ, આયુષ્ય અને ભોગથી સર્વ કર્મોના ફળનો સંગ્રહ થાય છે; કેમ કે કર્મોના ફળનો આ ત્રણમાં સમાવેશ થાય છે.

પૂર્વમાં ઈશ્વરનું સ્વરૂપ બતાવતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ક્લેશ, કર્માશય અને વિપાકાશયથી નહિ સ્પર્શાયેલો પુરુષવિશેષ ઈશ્વર છે. ત્યારપછી ક્લેશ, કર્માશય અને વિપાકાશયનું સ્વરૂપ અત્યાર સુધી સ્પષ્ટ કર્યું. હવે તેનું તાત્પર્ય શું છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**પાતંજલમતાનુસાર ચિત્તનું સ્વરૂપ :-**

સંસારીજીવોનું ચિત્ત બે પ્રકારનું છે : (૧) સાશય અને (૨) અનાશય.

યોગીઓને અનાશય ચિત્ત હોય છે અને અયોગીઓને સાશય ચિત્ત હોય છે.

યોગીઓનું અનાશય ચિત્ત કેવું છે તે પાતંજલયોગસૂત્ર ૪/૬થી સ્પષ્ટ કરે છે –

**અનાશયચિત્તનું સ્વરૂપ :-**

ધ્યાનથી થનારું અનાશય ચિત્ત હોય છે, અર્થાત્ યોગીઓ આત્માના શુદ્ધસ્વરૂપનું ધ્યાન કરતા હોય છે, તેના કારણે તેઓને અનાશય ચિત્ત પ્રગટે છે, આથી યોગીઓનું કર્મ=કૃત્ય, અશુક્લ-અકૃષ્ણ હોય છે.

અયોગી જીવોને ત્રણ પ્રકારનું કર્મ હોય છે તે ત્રણ પ્રકાર બતાવે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાતંજલમતાનુસાર અયોગી જીવોના ત્રણ પ્રકારના કર્મનું=કૃત્યનું, સ્વરૂપ :-**

**(૧) શુક્લકર્મ :-** શુભફળને આપનારું યાગાદિ કર્મ=કૃત્ય, શુક્લકર્મ છે અર્થાત્ સંસારી જીવોનું જે સાશય ચિત્ત છે, તેનાથી તેઓ જે ક્રિયા કરે છે તે ક્રિયામાં તેઓ જે યાગાદિક્રિયા કરે છે તે શુભફળને આપનાર શુક્લકર્મ છે.

**(૨) કૃષ્ણકર્મ :-** અયોગી જીવો જે બ્રહ્મહત્યાદિ ક્રિયા કરે છે તે અશુભફળને આપનાર કૃષ્ણકર્મ છે.

**(૩) શુક્લ-કૃષ્ણકર્મ :-** ઉભય સંકીર્ણ=કેટલાક જીવો શુક્લ અને કૃષ્ણ ઉભય કૃત્યો કરે છે તે શુક્લ-કૃષ્ણકર્મ છે.

તેમાં=ત્રણ પ્રકારના કૃત્યોમાં, જે પુરુષો દાન, તપ અને સ્વાધ્યાયાદિ પ્રવૃત્તિઓ કરે છે તેઓનું **શુક્લકર્મ** છે.

નારકના જીવો જે પરસ્પર સંક્લેશ કરે છે તેઓનું **કૃષ્ણકર્મ** છે. અને

મનુષ્યો જે સંસારમાં શુભ અને અશુભ પ્રવૃત્તિઓ કરે છે તે **શુક્લ-કૃષ્ણ** કર્મ છે.

**યોગીઓને અશુક્લ-અકૃષ્ણકર્મ :-**

વળી યોગીઓને વિલક્ષણ=અશુક્લ-અકૃષ્ણકર્મ છે.

યોગીઓ અનાશયચિત્તવાળા છે અને અયોગીઓ સાશયચિત્તવાળા છે, એમ પૂર્વમાં બતાવ્યું. ત્યારપછી સાશયચિત્તવાળા અયોગીઓ કેવા કૃત્યો કરે છે, તે બતાવવા અર્થે ત્રણ પ્રકારના કર્મો બતાવ્યા, અને યોગીઓને અનાશય ચિત્ત હોવાથી તેઓનું કૃત્ય અશુક્લ-અકૃષ્ણ હોય છે તેમ બતાવ્યું. હવે સાશયચિત્તવાળા જીવો જે કૃત્યો કરે છે તેનાથી કર્માશય પ્રગટે છે અર્થાત્ પુણ્ય અને પાપરૂપ કર્માશય પ્રગટે છે તે બતાવવા અર્થે કહે છે –

**પાતંજલમતાનુસાર કર્માશયનું સ્વરૂપ :-**

સાશય ચિત્તવાળા જીવો પોતાના કૃત્યો ઈશ્વરને સમર્પણ કરીને ફળત્યાગનું અનુસંધાન કરતા નથી, પરંતુ ફળની અપેક્ષા રાખીને તે તે કૃત્યો કરે છે, તેથી તેઓના કૃત્યોથી ફળજનક એવો કર્માશય પ્રગટ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથનથી અર્થથી એ ફલિત થાય છે કે યોગીઓ પોતાના સર્વ કૃત્યો ઈશ્વરને અર્પણ કરે છે, તેથી તેઓને ફળના ત્યાગનું અનુસંધાન હોવાથી ફળજનક એવો કર્માશય પ્રગટ થતો નથી, જ્યારે અયોગી જીવોના કર્મોથી ફળજનક એવો કર્માશય પ્રગટે છે.

**પાતંજલમતાનુસાર કર્માશયથી વિપાકને અનુરૂપ વાસનાઓની અભિવ્યક્તિ :-**

આ કર્માશયથી તેના વિપાકને અનુરૂપ વાસનાઓની અભિવ્યક્તિ થાય છે એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર ૪/૮માં કહ્યું છે અને તે કથનને સ્પષ્ટ કરતાં કહે છે –

**પાતંજલમતાનુસાર કર્મવાસનાનું સ્વરૂપ :-**

આત્મામાં બે પ્રકારની કર્મવાસના=કૃત્યોની વાસના, પડેલી છે –

(૧) સ્મૃતિમાત્રફળવાળી કર્મવાસના અને

(૨) જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી કર્મવાસના.

**સ્મૃતિમાત્રફળવાળી કર્મવાસનાનું સ્વરૂપ :-**

કોઈ જીવે જે પ્રકારના કૃત્યોથી જે પ્રકારનું દેવ, મનુષ્ય કે તિર્યંચ વગેરેનું શરીર બનાવ્યું હોય, ત્યારપછી ઘણા ભવના વ્યવધાન પછી ફરી તેવું દેવાદિનું શરીર બનાવે ત્યારે તે શરીરને અનુરૂપ સ્મૃતિ ઉત્પન્ન થાય છે, તે સ્મૃતિમાત્ર-ફળવાળી કર્મવાસના છે.

આશય એ છે કે કોઈ જીવે વર્તમાનના દેવના ભવમાં જે પ્રકારના કૃત્યો કર્યા હોય, તે દેવભવથી તે જીવ મનુષ્ય કે પશુ આદિ ભવમાં જાય ત્યારે તે દેવભવના કૃત્યોના સંસ્કારો જાગૃત થતા નથી, પરંતુ જે મનુષ્ય કે પશુ આદિનો ભવ મળ્યો છે તે મનુષ્ય કે પશુ આદિના ભવ જેવા પૂર્વના કોઈ મનુષ્ય કે પશુ આદિના ભવના સંસ્કારો જાગૃત થાય છે, અને દેવભવના કૃત્યોના સંસ્કારો તે વખતે તિરોધાન થાય છે, અને તે જીવ ફરી દેવભવમાં આવે ત્યારે તે દેવભવમાં જે કૃત્યો કરેલા તેવા કૃત્યોના સંસ્કારો જાગૃત થાય છે. આથી કોઈ મનુષ્ય મૃત્યુ પામીને ભૂંડના ભવમાં જાય તો મનુષ્યભવમાં વિષ્ટા પ્રત્યે જુગુપ્સાના સંસ્કારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા તે જાગૃત થતા નથી, પરંતુ પૂર્વના ભૂંડના ભવના વિષ્ટા પ્રત્યે આકર્ષણના સંસ્કારો હતા તે જાગૃત થાય છે.

અહીં કોઈને શંકા થાય કે, એક દેવભવ પછી બીજા દેવભવના વચમાં ઘણું વ્યવધાન પડે છે, તેથી દેવભવના કૃત્યોના સંસ્કારો અતિવ્યવધાનવાળા બીજા દેવભવમાં તે સંસ્કારોની સ્મૃતિનું કારણ કઈ રીતે બની શકે ? તેથી કહે છે -

દેવભવમાં કરાયેલા કૃત્યોના સંસ્કારો વાસનારૂપે ચિત્તમાં રહેલા હોય છે, અને ફરી દેવભવ મળે ત્યારે તે દેવભવ તે સંસ્કારોનો ઉદ્‌બોધક બને છે, તેથી તે સંસ્કારોની સ્મૃતિવિશેષ થવામાં વ્યવધાન નથી, અર્થાત્ વચ્ચે બીજા ભવોકૃત વ્યવધાન છે પણ દેવભવ મળ્યા પછી ફરી દેવભવ મળ્યો ત્યારે તે દેવભવના કૃત્યોના સંસ્કારો જાગૃત થવાથી તે દેવનો આત્મા ફરી તેવા કૃત્યો કરે છે.

આ રીતે સ્મૃતિમાત્રફળવાળી કર્મવાસના બતાવી. હવે આ સ્મૃતિમાત્રફળવાળી વાસનાના સંસ્કારો આત્મામાં અનાદિકાળથી છે તે બતાવે છે –

સુખના સાધનના અવિયોગના અધ્યવસાયના સંકલ્પરૂપ જે મોહનો પરિણામ છે તે મોહના પરિણામરૂપ બીજનું આત્મામાં અનાદિપણું છે, તેથી સ્મૃતિમાત્રફળવાળી કર્મવાસના અનાદિથી પ્રવર્તે છે.

આશય એ છે કે સંસારી જીવોને સુખના સાધનના અવિયોગનો અધ્યવસાય વર્તે છે, જે ભોગ પદાર્થ પ્રત્યે મોહનો પરિણામ છે. આ મોહનો પરિણામ જીવમાં અનાદિકાળનો છે, તેથી તે તે ભોગોમાંથી આનંદ લેવાની ઇચ્છા અનાદિની વર્તે છે અને તે તે ભોગોમાંથી આનંદ લેવાની ઇચ્છા અનાદિની છે, તેથી જીવ જે ભવમાં જાય તે ભવને અનુરૂપ તે તે કૃત્યોના સંસ્કારો જાગૃત થાય છે, તેથી તે તે ભવમાં તેવા તેવા કૃત્યો કરીને તે તે પ્રકારે આનંદ લેવા પ્રયત્ન કરે છે. જો જીવમાં સુખના સાધનના અવિયોગનો અધ્યવસાય ન હોય તો ભોગનાં સાધનમાંથી આનંદ લેવા તે તે ભવમાં તે તે કૃત્યો કરે છે તે પ્રકારે કૃત્યો કરે નહીં. આથી જ વીતરાગને મોહનો પરિણામ નહીં હોવાથી તે તે પદાર્થમાંથી તે તે પ્રકારનો આનંદ લેવા તે તે કૃત્યો કરતા નથી.

પૂર્વમાં બે પ્રકારની કર્મવાસના છે તેમ કહ્યું, તેમાંથી સ્મૃતિમાત્રફળવાળી કર્મવાસનાનું સ્વરૂપ અત્યાર સુધી સ્પષ્ટ કર્યું. હવે જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી કર્મવાસનાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે --

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી કર્મવાસનાનું સ્વરૂપ :-**

બીજા પ્રકારની આ કર્મવાસના ચિત્તભૂમિમાં અનાદિકાળથી સંચિત છે, અને જે જે પ્રકારે પાકને પામે છે, તે તે પ્રકારના ગુણ-પ્રધાનભાવથી રહેલી એવી તે વાસના જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ કાર્યનો આરંભ કરે છે.

આશય એ છે કે, સંસારી જીવો જે કૃત્યો કરે છે તે વાસનારૂપે ચિત્તભૂમિમાં સંચિત રહે છે, અને જે જે પ્રકારે તે કર્મવાસના પાકને=ઉદયને, પામે છે તે તે પ્રકારે જીવમાં કેટલીક વાસના ગૌણભાવથી અને કેટલીક વાસના પ્રધાનભાવથી રહેલી છે, અર્થાત્ જે ઉદયમાં આવે છે તે પ્રધાનભાવથી રહેલી છે, અને જે ઉદયમાં આવેલી નથી તે ગૌણભાવથી રહેલી છે. તે વાસનારૂપ કર્મને કારણે જીવને તે તે ભવમાં તે જાતિ, તે આયુષ્ય અને તે ભોગરૂપ કાર્યની પ્રાપ્તિ થાય છે, અને આ=જાતિ, આયુષ્ય અને ભોગફળવાળી વાસના એ, કર્માશયનું ફળ જાત્યાદિ વિપાક છે અર્થાત્ સંસારીજીવો જે જે કૃત્યો કરે છે તે કૃત્યોના આત્મા ઉપર કર્માશયરૂપ સંસ્કારો પડેલા હોય છે, અને તે સંસ્કારનું ફળ તે જીવને જાતિ આદિના વિપાકરૂપે પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે પાતંજલમતાનુસાર ક્લેશ, કર્માશય અને વિપાકઆશયનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું. હવે તે ક્લેશ, કર્માશય અને વિપાકઆશયથી નહિ સ્પર્શાયેલા એવા ઈશ્વર છે, અન્ય જીવો નથી તે સ્પષ્ટ કરતાં કહે છે –

**પાતંજલમતાનુસાર ક્લેશાદિના સ્પર્શ વગરના ઈશ્વરનું સ્વરૂપ :-**

જોકે પાતંજલમતાનુસાર સર્વ જીવો અપરિણામી છે અર્થાત્ કૂટસ્થ નિત્ય છે, તેથી ક્લેશાદિનો સ્પર્શ કોઈ જીવને નથી, તોપણ જે જીવો સંસારમાં છે તે જીવોના ચિત્તગત ક્લેશાદિ હોય છે, અને તે ક્લેશાદિ ચિત્તગત હોવા છતાં સંસારી જીવોમાં છે, તેમ ઉપચાર કરાય છે. જેમ – કોઈ રાજાના સૈનિકો કોઈ બીજા રાજા સાથે યુદ્ધ કરે અને તે જય પામે કે પરાજય પામે, તો તે રાજા જીત્યો કે તે રાજા પરાજય પામ્યો તેમ કહેવાય છે. વસ્તુતઃ તે રાજાએ યુદ્ધ કર્યું નથી, પરંતુ તેના યોદ્ધાઓએ યુદ્ધ કર્યું છે અને યોદ્ધાઓ જય કે પરાજય પામ્યા છે, તોપણ તે જય કે પરાજયનો ઉપચાર રાજામાં કરાય છે. તેમ સંસારી જીવોના ચિત્તમાં જે ક્લેશાદિ થાય છે, તે ક્લેશાદિના ઉપચાર તે સંસારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવોમાં કરાય છે, તેથી સંસારી જીવો ત્રણ કાળમાં ક્લેશાદિ સ્પર્શ વગરના નથી, પરંતુ જ્યારે સાધના કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે, ત્યારે ક્લેશાદિ સ્પર્શ વગરના છે તેમ કહેવાય છે, અને ઈશ્વર ત્રણે પણ કાળમાં સંસારી જીવો જેવા ક્લેશાદિ સ્પર્શવાળો નથી, તેથી સર્વ અન્ય જીવો કરતાં ઈશ્વર વિલક્ષણ છે, અને તેવા ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે એમ પાતંજલમતવાળા કહે છે. **II૧II**

**અવતરણિકા :-**

**શ્લોક-૧ના ઉત્તરાર્ધમાં ઈશ્વરનું સ્વરૂપ બતાવ્યું. હવે તે ઈશ્વરનું વિશેષ પ્રકારનું સ્વરૂપ પાતંજલમત પ્રમાણે બતાવે છે –**

**શ્લોક :-**

**ज्ञानमप्रतिघं यस्य वैराग्यं च जगत्पतेः ।**
**ऐश्वर्यं चैव धर्मश्च सहसिद्धं चतुष्टयम् ।।२।।**

**અન્વયાર્થ :-**

**यस्य जगत्पतेः=જે જગત્પતિનું=શ્લોક-૧માં જે પુરુષવિશેષરૂપ ઈશ્વર કહ્યો તે રૂપ જે જગત્પતિનું, अप्रतिघं=અપ્રતિઘ ज्ञानम्=જ્ઞાન वैराग्यं च=વૈરાગ્ય ऐश्वर्यं चैव=ઐશ્વર્ય धर्मश्च=અને ધર્મ सहसिद्धं=સહસિદ્ધ=અનાદિ એવા ઈશ્વરરૂપ આત્મા સાથે સહજ રહેલું, चतुष्टयम्=ચતુષ્ટય છે. ।।૨।।**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૧માં જે પુરુષવિશેષરૂપ ઈશ્વર કહ્યો તે રૂપ જે જગત્પતિનું અપ્રતિઘ, જ્ઞાન વૈરાગ્ય ઐશ્વર્ય અને ધર્મ સહસિદ્ધ એવું ચતુષ્ટય છે. ।।૨।।**

**ટીકા :-**

**ज्ञानमिति-ज्ञानादयो ह्यत्राऽप्रतिपक्षाः(ऽप्रतिहताः) सहजाश्च शुद्धसत्त्वस्यानादिसंबन्धात्, यथा हि-इतरेषां सुखदुःखमोहतया विपरिणतं चित्तं निर्मले सात्त्विके धर्मात्मप्रख्ये प्रतिसंक्रान्तं चिच्छायासंक्रान्तान्तःसंवेद्यं भवति,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नैवमीश्वरस्य, किन्तु तस्य केवल एव सात्त्विकः परिणामो भोग्यतया व्यवस्थित इति, किञ्च प्रकृतिपुरुषसंयोगवियोगयोरीश्वरेच्छाव्यतिरेकेणानुपपत्तेरनादि-ज्ञानादिमत्त्वमस्य सिद्धम् ।।२।।

**ટીકાર્થ :-**

**ज्ञानादयो ..... सहजाश्च ।। અહીં=ઈશ્વરમાં, જ્ઞાનાદિ=જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ એ ચાર અપ્રતિઘ=અપ્રતિહત છે, અને સહજ છે=ઈશ્વરના આત્મા સાથે સહજસિદ્ધ છે.**

જ્ઞાનાદિ ચાર ઈશ્વરમાં કેમ અપ્રતિઘ અને સહજસિદ્ધ છે તેમાં હેતુ કહે છે -

**शुद्धसत्त्वस्य ..... सम्बन्धात्, શુદ્ધસત્ત્વનો અનાદિ સંબંધ છે=ઈશ્વરના આત્મામાં શુદ્ધસત્ત્વનો અનાદિ સંબંધ છે.**

ઈશ્વરમાં શુદ્ધસત્ત્વનો અનાદિ સંબંધ છે, અન્યમાં નથી તે यथा हि થી સ્પષ્ટ કરે છે –

**यथा हि ..... इति । જે પ્રમાણે જ ઈતરનું=સંસારીજીવોનું સુખ, દુઃખ અને મોહપણાથી વિપરિણત એવું ચિત્ત નિર્મળ એવા સાત્ત્વિક ધર્માત્મપ્રખ્યમાં પ્રતિસંક્રાંત થયેલું ચિત્છાયાના સંક્રાંતથી અંતઃસંવેદ્ય છે, એ પ્રમાણે ઈશ્વરને નથી, પરંતુ તેમને=ઈશ્વરને, કેવલ જ સાત્ત્વિકપરિણામ ભોગ્યપણારૂપે વ્યવસ્થિત છે.**

**इति શબ્દ ઈશ્વરમાં શુદ્ધસત્ત્વનો અનાદિ સંબંધ છે તેના સ્પષ્ટીકરણની સમાપ્તિસૂચક છે.**

શ્લોકમાં ઈશ્વરનું સ્વરૂપ બતાવ્યું તે ટીકામાં સ્પષ્ટ કર્યું. હવે સંસારી જીવો કરતાં અતિરિક્ત એવા ઈશ્વરને અનાદિ એવા જ્ઞાનાદિમાનપણારૂપે સ્વીકારવાની યુક્તિ પાતંજલમતાનુસાર ગ્રંથકારશ્રી બતાવે છે –

**किञ्च ..... सिद्धम् ।। વળી ઈશ્વરની ઈચ્છા વગર પ્રકૃતિ અને પુરુષના સંયોગ-વિયોગની અનુપપત્તિ=અસંગતિ હોવાથી આનું=ઈશ્વરનું, અનાદિ-જ્ઞાનાદિમાનપણું સિદ્ધ છે. ।।૨।।**

❖ અહીં ટીકામાં अप्रतिपक्षाः પાઠ છે ત્યાં સ્યાદ્વાદકલ્પલતામાં ज्ञानमप्रतिघं શ્લોક છે તેની ટીકા મુજબ अप्रतिहताः પાઠ સુસંગત જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

શ્લોક-૧માં કહ્યું કે, ઈશ્વરના અનુગ્રહથી પાતંજલમતાનુસાર યોગની સિદ્ધિ થાય છે, અને ઈશ્વર ક્લેશાદિના સ્પર્શ વગરનો છે તેમ બતાવ્યું. હવે ઈશ્વરમાં ચાર ભાવો અનાદિના છે તે બતાવતાં કહે છે –

**પાતંજલમતાનુસાર ઈશ્વરમાં અપ્રતિઘ અને સહજસિદ્ધ જ્ઞાન, વૈરાગ્ય ઐશ્વર્ય અને ધર્મનું સ્વરૂપ :-**

(૧) ઈશ્વરમાં જ્ઞાન અપ્રતિઘ=અપ્રતિહત, છે; કેમ કે ઈશ્વરનું જ્ઞાન નિત્ય છે અને સર્વવિષયવાળું છે, માટે કોઈ કાળમાં તે જ્ઞાન પ્રતિહત નથી, પરંતુ સર્વકાળમાં વિદ્યમાન છે અને કોઈ વિષયમાં સ્પર્શ ન પામે તેવું નથી, પરંતુ સર્વવિષયને જાણે તેવું છે માટે અપ્રતિહત છે.

(૨) ઈશ્વરનો વૈરાગ્ય અપ્રતિઘ=અપ્રતિહત છે; કેમ કે ઈશ્વરમાં રાગનો અભાવ છે, તેથી સર્વ ભાવો પ્રત્યે સદા મધ્યસ્થભાવ છે.

(૩) ઈશ્વરનું ઐશ્વર્ય પારતંત્ર્યના અભાવના કારણે અપ્રતિઘ=અપ્રતિહત છે; અને તે ઐશ્વર્ય અણિમા-લઘિમા આદિ લબ્ધિઓ સ્વરૂપ છે.

(૪) ઈશ્વરમાં પ્રયત્ન અને સંસ્કારરૂપ ધર્મ અપ્રતિઘ=અપ્રતિહત છે; કેમ કે ઈશ્વરમાં અધર્મનો અભાવ છે.

વળી આ જ્ઞાનાદિ ચારે ઈશ્વરમાં સહજસિદ્ધ છે=અન્યની અપેક્ષા નહિ હોવાને કારણે અનાદિકાળથી ઈશ્વરના આત્મા સાથે વ્યવસ્થિત છે.

**નોંધ :-**

અહીં ભાવાર્થમાં લખેલ ઈશ્વરમાં અપ્રતિહત અને સહજસિદ્ધ જ્ઞાનાદિ ચારેનું સ્વરૂપ ज्ञानमप्रतिघं શ્લોક શાસ્ત્રાવાર્તાસમુચ્ચય ગ્રંથમાં છે, તે ગ્રંથની સ્યાદ્વાદકલ્પલતા ટીકામાં જણાવ્યા મુજબ છે.

આ કથનને यथा हि થી ટીકામાં સ્પષ્ટ કરે છે –

પાતંજલમતાનુસાર સંસારીજીવો કૂટસ્થ નિત્ય છે, તેથી ઈશ્વર જેવા છે, તોપણ તેઓને સુખ, દુઃખ અને મોહપણાથી વિપરિણત એવું ચિત્ત પ્રાપ્ત છે, અને તે ચિત્ત ધર્મનામના નિર્મળ એવા સાત્ત્વિક પરિણામમાં પ્રતિસંક્રાંત થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, અને તે સાત્ત્વિક પરિણામમાં પુરુષની ચિત્છાયા પ્રતિસંક્રાંત થાય છે, તેથી તે નિર્મળ ચિત્ત પુરુષને અંતઃસંવેદ્ય બને છે, અર્થાત્ ચિત્તમાં જે સુખ, દુઃખ અને મોહના પરિણામો છે તે મને થાય છે, એ પ્રકારે પુરુષને અંતઃસંવેદ્ય બને છે, પરંતુ એ રીતે ઈશ્વરને થતું નથી; કેમ કે ઈશ્વરને કેવલ જ સાત્ત્વિક પરિણામ ભોગ્યપણારૂપે વ્યવસ્થિત છે.

આનાથી એ ફલિત થાય છે કે, ચિત્તમાં વર્તતા સુખ, દુઃખ અને મોહના પરિણામરૂપે સંસારી જીવોને ગૌણ-મુખ્યભાવથી સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવોનું વેદન છે. કેવલ સાત્ત્વિક પરિણામનું વેદન નથી, જ્યારે ઈશ્વરને કેવલ સાત્ત્વિક પરિણામ ભોગ્યરૂપે વ્યવસ્થિત છે. તેથી સંસારીજીવોની જેમ ઈશ્વર ચિત્તના ભાવોનું વેદન કરનાર નથી, પરંતુ શુદ્ધસત્ત્વનું ઈશ્વરને અનાદિથી વેદન છે માટે ઈશ્વરને જ્ઞાનાદિ અપ્રતિઘ અને સહજસિદ્ધ છે.

હવે ઈશ્વરને અનાદિના જ્ઞાનાદિ ચારભાવોરૂપે સ્વીકારવાની યુક્તિ બતાવે છે –

સંસારી જીવોને પ્રકૃતિનો સંયોગ છે, અને યોગની સાધના દ્વારા પ્રકૃતિનો વિયોગ પ્રાપ્ત થાય છે. આ સંયોગ અને વિયોગ ઈશ્વરની ઇચ્છા વગર થઈ શકે નહિ; તેથી પ્રકૃતિના સંયોગ અને વિયોગને કરનાર એવા અનાદિ જ્ઞાનાદિવાળા ઈશ્વર છે એ પ્રમાણે સિદ્ધ થાય છે. ॥૨॥

**અવતરણિકા :-**

**શ્લોક-૨માં ઈશ્વરમાં અપ્રતિઘ એવા જ્ઞાનાદિ ચાર ભાવો છે તેમ બતાવ્યું, અને શ્લોક-૨ની ટીકામાં સ્પષ્ટ કર્યું કે, ઈશ્વરને કેવલ સાત્ત્વિક પરિણામ ભોગ્યપણારૂપે વ્યવસ્થિત છે. હવે ઈશ્વરને સાત્ત્વિક પરિણામ હોવા છતાં સર્વજ્ઞપણું કેમ છે તે પાતંજલમત પ્રમાણે બતાવે છે –**

**શ્લોક :-**

**सात्त्विकः परिणामोऽत्र काष्ठाप्राप्ततयेष्यते ।**
**नाक्षप्रणालिकाप्राप्त इति सर्वज्ञतास्थितिः ।।३।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

अत्र=અહીં=ઈશ્વરમાં, काष्ठाप्राप्ततया=કાષ્ઠાપ્રાપ્તપણાથી=અત્યંત ઉત્કૃષ્ટપણાથી सात्त्विकः परिणामः=સાત્ત્વિક પરિણામ इष्यते=ઈચ્છાય છે. नाक्षप्रणालिकाप्राप्तः=અક્ષપ્રણાલિકા પ્રાપ્ત નહિ=ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત સાત્ત્વિક પરિણામ ઈચ્છાતો નથી इति=એથી सर्वज्ञतास्थितिः=સર્વજ્ઞતાની સ્થિતિ છે અર્થાત્ ઈશ્વરમાં સર્વજ્ઞપણાની પ્રસિદ્ધિ છે. ।।૩।।

**શ્લોકાર્થ :-**

**ઈશ્વરમાં કાષ્ઠાપ્રાપ્તપણાથી=અત્યંત ઉત્કૃષ્ટપણાથી સાત્ત્વિક પરિણામ ઈચ્છાય છે. અક્ષપ્રણાલિકા પ્રાપ્ત નહિ=ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત સાત્ત્વિક પરિણામ ઈચ્છાતો નથી, એથી ઈશ્વરમાં સર્વજ્ઞપણાની પ્રસિદ્ધિ છે. ।।૩।।**

**ટીકા :-**

सात्त्विक इति-अत्र=ईश्वरे, सात्त्विकः परिणामः काष्ठाप्राप्ततया=अत्यन्तोत्कृष्टत्वेन, इष्यते, तारतम्यवतां सातिशयानां धर्माणां परमाणावल्पत्वस्येवाकाशे परममहत्त्वस्येव काष्ठाप्राप्तिदर्शनात् ज्ञानादीनामपि चित्तधर्माणां तारतम्येन परिदृश्यमाणानां क्वचिन्निरतिशयत्वसिद्धेः, न पुनरक्षप्रणालिकया=इन्द्रियद्वारा, प्राप्त=उपनीतः, इति हेतोः सर्वविषयत्वादेतच्चित्तस्य सर्वज्ञतायाः स्थितिः=प्रसिद्धिः, तदुक्तं-"तत्र निरतिशयं सर्वज्ञबीजम्" [१-२५] ।।३।।

**ટીકાર્થ :-**

अत्र .....प्रसिद्धिः । અહીં=ઈશ્વરમાં સાત્ત્વિક પરિણામ કાષ્ઠાપ્રાપ્તપણાથી=અત્યંત ઉત્કૃષ્ટપણાથી, ઈચ્છાય છે; કેમ કે કાષ્ઠાપ્રાપ્તિનું દર્શન હોવાથી તારતમ્યવાળા સાતિશય ધર્મોનું પરમાણુમાં અલ્પપણાની જેમ=પરમાણુમાં અલ્પપણાની કાષ્ઠાપ્રાપ્તિનું દર્શન હોવાથી પરમાણુના અલ્પપણાની જેમ, આકાશમાં પરમમહત્પણાની જેમ=આકાશમાં ઉત્કૃષ્ટપણાની કાષ્ઠાપ્રાપ્તિનું દર્શન હોવાથી આકાશમાં પરમમહત્પણાની જેમ, તારતમ્યથી પરિદૃશ્યમાન એવા=દેખાતા એવા, જ્ઞાનાદિ પણ ચિત્તધર્મોની કોઈક ઠેકાણે નિરતિશય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પણાની સિદ્ધિ છે, પરંતુ અક્ષપ્રણાલિકાથી=ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત એવો=ઉપનીત એવો સાત્ત્વિક પરિણામ ઈશ્વરમાં નથી એ હેતુથી એમના ચિત્તનું=ઈશ્વરના ચિત્તનું, સર્વવિષયપણું હોવાથી સર્વજ્ઞતાની સ્થિતિ=ઈશ્વરમાં સર્વજ્ઞપણાની પ્રસિદ્ધિ, છે.**

**तदुक्तम् – તે કહેવાયું છે=શ્લોકમાં જે કહ્યું તે પાતંજલયોગસૂત્ર ૧/૨૫માં કહેવાયું છે.**

"तत्र ..... सर्वज्ञबीजम्" ।। "ત્યાં=ઈશ્વરમાં નિરતિશય=નિરતિશય એવો સાત્ત્વિક પરિણામ, સર્વજ્ઞનું બીજ છે." **।।૩।।**

❖ ज्ञानादीनामपि चित्तधर्माणां - અહીં अपिથી એ કહેવું છે કે અન્ય દ્રવ્યના તો સાતિશય ધર્મો તારતમ્યથી પરિદૃશ્યમાન છે, પરંતુ જ્ઞાનાદિ પણ ચિત્તધર્મો તારતમ્યથી પરિદૃશ્યમાન છે.

**ભાવાર્થ :-**

## પાતંજલમતાનુસાર ઈશ્વરમાં સર્વજ્ઞપણાની પ્રસિદ્ધિ :-

શ્લોક-૨ની ટીકામાં કહ્યું કે, ઈશ્વરમાં કેવલ જ સાત્ત્વિક પરિણામ ભોગ્યપણારૂપે વ્યવસ્થિત છે અને આ સાત્ત્વિક પરિણામ બોધનું કારણ છે. વળી, સંસારી જીવોને સાત્ત્વિક પરિણામથી થતો બોધ ઇન્દ્રિયો દ્વારા થાય છે, તેથી સંસારી જીવોને બોધની તરતમતા દેખાય છે, પણ બોધની પરાકાષ્ઠા દેખાતી નથી. અને ઈશ્વરને ઇન્દ્રિયો દ્વારા બોધ નથી, તેથી ઈશ્વરમાં વર્તતો સાત્ત્વિક પરિણામ પરાકાષ્ઠાને પામેલો છે.

કેમ ઈશ્વરમાં સાત્ત્વિક પરિણામ પરાકાષ્ઠાને પામેલો છે તે બતાવીને તેના દ્વારા ઈશ્વરમાં સર્વજ્ઞત્વની સિદ્ધિ કરે છે –

જેમ – પરમાણુમાં અલ્પપરિણામ પરાકાષ્ઠાને પામેલો છે અને આકાશમાં મહત્પરિણામ પરાકાષ્ઠાને પામેલો છે, તેથી જે તરતમતાવાળા સાતિશય ધર્મો હોય છે તે કોઈક ઠેકાણે અલ્પપણારૂપે પરાકાષ્ઠાને પામેલા દેખાય છે અને કોઈક ઠેકાણે મહત્પરિણામરૂપે પરાકાષ્ઠા પ્રાપ્ત દેખાય છે.

તેમ – સંસારી જીવોમાં જ્ઞાનાદિ ચિત્તધર્મો તરતમપણાથી દેખાય છે, તેથી તેવા જ્ઞાનાદિ ચિત્તધર્મો પરાકાષ્ઠા પ્રાપ્ત હોવા જોઈએ, તેવું અનુમાન થાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેવા પરાકાષ્ઠા પ્રાપ્ત ચિત્તધર્મો ઈશ્વરમાં છે, તેથી ઈશ્વરનું ચિત્ત સર્વવિષયવાળું છે, માટે ઈશ્વરમાં સર્વજ્ઞપણાની પ્રસિદ્ધિ છે. ॥૩॥

**અવતરણિકા :-**

શ્લોક-૧માં કહ્યું કે, પાતંજલ મત પ્રમાણે ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે, તેથી ઈશ્વરનું સ્વરૂપ શું છે તેવી જિજ્ઞાસા થાય, તેથી શ્લોક-૧ના ઉત્તરાર્ધમાં ક્લેશાદિના સ્પર્શ વગરનો ઈશ્વર છે તેમ બતાવ્યું. શ્લોક-૨માં જ્ઞાનાદિ ચાર ઈશ્વરમાં અપ્રતિહત છે તેમ બતાવ્યું, તેથી સર્વ સંસારી જીવો કરતા ઈશ્વર વિશેષ છે તેમ સિદ્ધ થયું. શ્લોક-૩માં ઈશ્વરમાં સર્વજ્ઞપણું કેમ છે તેની સિદ્ધિ કરી. હવે પાતંજલ મત પ્રમાણે ઈશ્વરની ઈચ્છાથી આખું જગત પ્રવર્તે છે તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

ऋषीणां कपिलादीनामप्ययं परमो गुरुः ।
तदिच्छया जगत्सर्वं यथाकर्म विवर्तते ।।४।।

**અન્વયાર્થ :-**

अयं=આ=ઈશ્વર, कपिलादीनामपि ऋषीणां=કપિલાદિ પણ ઋષિઓના परमः=પરમ=ઉત્કૃષ્ટ गुरुः=ગુરુ છે. तदिच्छया=તેમની ઇચ્છાથી=ઈશ્વરની ઈચ્છાથી सर्वं जगत्=સર્વ જગત यथाकर्म=યથાકર્મ विवर्तते=વિવર્ત પામે છે અર્થાત્ ઊંચ-નીચ ફળને ભોગવનારું થાય છે. ।।૪।।

**શ્લોકાર્થ :-**

**ઈશ્વર કપિલાદિ પણ ઋષિઓના પરમગુરુ છે. ઈશ્વરની ઈચ્છાથી સર્વ જગત યથાકર્મ વિવર્ત પામે છે. ।।૪।।**

**ટીકા :-**

ऋषीणामिति-अयम्=ईश्वरः, कपिलादीनामपि ऋषीणां परमः=उत्कृष्टो, गुरुः । तदुक्तं- "स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदाद्" [१-२६] इति ।। तस्य=ईश्वरस्य, इच्छया सर्वं जगत् यथाकर्म=कर्मानतिक्रम्य, विवर्तते=उच्चावच्च-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**फलभाग् भवति, न च कर्मणैवाऽन्यथासिद्धः, एककारकेण कारकान्तरानुपक्षयादिति भावः ।।४।।**

**ટીકાર્થ :-**

**अयम् ..... गुरुः, આ=ઈશ્વર, કપિલાદિ પણ ઋષિઓના પરમ=ઉત્કૃષ્ટ, ગુરુ છે.**

**तदुक्तम् – તે=સર્વ પણ ઋષિઓના ઈશ્વર પરમગુરુ છે તે, પાતંજલયોગસૂત્ર ૧/૨૬માં કહેવાયું છે.**

"स पूर्वेषामपि ..... अनवच्छेदात्" ।। **इति** "પૂર્વના પણ સર્વનો તે=ઈશ્વર, ગુરુ છે; કેમ કે કાળથી અનવચ્છેદ છે=કાળથી અનાદિ છે."

**इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**तस्य ..... भावः ।। તેમની=ઈશ્વરની, ઈચ્છાથી સર્વ જગત યથાકર્મ=કર્મનો અતિક્રમ કર્યા વગર=પોતાના કરાયેલા કર્મોને ઉલ્લંઘ્યા વગર, વિવર્ત પામે છે=ઊંચા, નીચા ફળને ભોગવનાર થાય છે. અને કર્મથી જ અન્યથાસિદ્ધ નથી અર્થાત્ જીવો વડે કરાયેલા કૃત્યથી જ કાર્ય થતું હોવાથી ઈશ્વર અન્યથાસિદ્ધ નથી; કેમ કે એક કારક દ્વારા કારકાંતરનો=અન્ય કારકનો, અનુપક્ષય છે. એ પ્રમાણે ભાવ છે. ।।૪।।**

❖ कपिलादीनामपि ऋषीणाम् - અહીં अपि થી એ કહેવું છે કે અન્ય સંસારી જીવોના તો ઈશ્વર પરમગુરુ છે, પરંતુ કપિલાદિ પણ ઋષિઓના પરમગુરુ છે.

**ભાવાર્થ :-**

**પાતંજલમતાનુસાર ઈશ્વરમાં જગત્કર્તૃત્વની સિદ્ધિ :-**

પૂર્વમાં વર્ણન કર્યું એવા સ્વરૂપવાળા ઈશ્વર કપિલાદિ ઋષિઓના પણ ઉત્કૃષ્ટ ગુરુ છે; કેમ કે ઈશ્વરના ઉપદેશ અનુસાર સર્વ ઋષિઓ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. વળી જગતના સર્વ જીવો જે કાંઈ પણ ઊંચું કે નીચું ફળ ભોગવે છે તે સર્વ ઈશ્વરની ઇચ્છાથી થાય છે. ફક્ત ઈશ્વર તે તે જીવોના તે તે કૃત્યોને ઉલ્લંઘીને ફળ આપતા નથી, પરંતુ જે જીવ સારા કૃત્યો કરે છે, તેને સારું ફળ આપે છે અને ખરાબ કૃત્યો કરે છે તેને ખરાબ ફળ આપે છે. તેથી જીવોને પોતાના કૃત્યોનું જે કાંઈ ફળ મળે છે, તે સર્વ ઈશ્વરની ઇચ્છાથી પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં કોઈને પ્રશ્ન થાય કે, જીવોના કર્મોથી તે કર્મોને અનુસાર તે જીવોને ફળ મળતું હોય, તો તે ફળ પ્રત્યે ઈશ્વરને કારણ માનવાની જરૂર નથી, તેથી તે ફળ પ્રત્યે ઈશ્વર અન્યથાસિદ્ધ થશે. તેનું નિરાકરણ કરતાં પાતંજલદર્શનકાર કહે છે –

કોઈ કાર્ય પ્રત્યે એક કારક હોય તેનાથી અન્ય કારકને કારક નથી, તેમ કહી શકાય નહિ. જેમ – ઘટ પ્રત્યે દંડ સાધનરૂપે કારક છે તેટલા માત્રથી કુંભારરૂપ કારકને અન્યથાસિદ્ધ કહી શકાય નહિ. તેમ જીવોને પોતપોતાના કૃત્યોનું ફળ મળે છે, તે ફળ પ્રત્યે તેઓનું કૃત્ય કારક છે, તેમ તે કૃત્યોનું ફળ આપવાની ઈશ્વરની ઇચ્છા પણ કારક છે, માટે જગતમાં જીવોને જે કાંઈ ફળ મળે છે તે સર્વ પ્રત્યે ઈશ્વરની ઇચ્છા કારણ છે. આ રીતે ઈશ્વરનું જગત્કર્તૃત્વ સિદ્ધ થાય છે, માટે ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે, એમ પાતંજલો કહે છે. **॥૪॥**

**અવતરણિકા :-**

एतद् दूषयति –

**અવતરણિકાર્થ :-**

**આને દૂષિત કરે છે=શ્લોક-૧થી શ્લોક-૪ સુધી ઈશ્વરનું સ્વરૂપ બતાવીને સ્થાપન કર્યું કે ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે તે પાતંજલમતને, ગ્રંથકારશ્રી દૂષિત કરે છે –**

**શ્લોક :-**

नैतद्युक्तमनुग्राह्ये तत्स्वभावत्वमन्तरा ।
नाणुः कदाचिदात्मा स्याद्देवतानुग्रहादपि ।।५।।

**અન્વયાર્થ :-**

**अनुग्राह्ये=અનુગ્રાહ્યમાં અર્થાત્ ઈશ્વરથી અનુગ્રહ પામવા યોગ્ય એવા યોગીના આત્મામાં, तत्स्वभावत्वमन्तरा=તત્સ્વભાવપણા વગર=અનુગ્રાહ્ય-સ્વભાવપણા વગર, एतद्=આ=યોગનું ઈશ્વર અનુગ્રહજન્યપણું, न युक्तम्=યુક્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી; (કેમ કે) देवतानुग्रहादपि=દેવતાના અનુગ્રહથી પણ अणुः=પરમાણુ कदाचिद्=ક્યારે પણ आत्मा न स्यात्=આત્મા થતો નથી. ।।૫।।

**શ્લોકાર્થ :-**

**અનુગ્રાહ્યમાં=ઈશ્વરથી અનુગ્રહ પામવા યોગ્ય એવા યોગીના આત્મામાં, તત્સ્વભાવપણા વગર=અનુગ્રાહ્યસ્વભાવપણા વગર, યોગનું ઈશ્વર અનુગ્રહજન્યપણું યુક્ત નથી; (કેમ કે) દેવતાના અનુગ્રહથી પણ પરમાણુ ક્યારે પણ આત્મા થતો નથી. ।।૫।।**

**ટીકા :-**

नैतदिति-एतद्=ईश्वरानुग्रहजन्यत्वं, योगस्य न युक्तं, अनुग्राह्ये तत्स्वभावत्वम्=अनुग्राह्यस्वभावत्वम्, अन्तरा=विना, यतो देवताया अनुग्रहादपि 'अणुरात्मा भवतु' इतीच्छालक्षणात् कदाचिदपि अणुरात्मा न स्यात्, स्वभावापरावृत्तेः ।।५।।

**ટીકાર્થ :-**

एतद् ..... अपरावृत्तेः ।। અનુગ્રાહ્યમાં=અનુગ્રહ કરવા યોગ્ય એવા યોગીના આત્મામાં, તત્સ્વભાવપણા વગર=ઈશ્વરથી અનુગ્રાહ્ય થવાના સ્વભાવપણા વગર, આ=યોગનું ઈશ્વર અનુગ્રહજન્યપણું, યુક્ત નથી. જે કારણથી "અણુ આત્મા થાવ" એ પ્રકારની ઈચ્છાસ્વરૂપ દેવતાના અનુગ્રહથી પણ ક્યારેય પણ અણુ આત્મા થતો નથી; કેમ કે સ્વભાવની અપરાવૃત્તિ છે= અણુમાં જે જડ સ્વભાવ છે તે ચેતનસ્વભાવરૂપે પરાવર્તન પામતો નથી. ।।૫।।

❖ देवताया अनुग्रहादपि - અહીં अपि થી એ કહેવું છે કે દેવતાના અનુગ્રહ વગર તો અણુ આત્મા થાય નહિ, પરંતુ દેવતાના અનુગ્રહથી પણ અણુ ક્યારેય પણ આત્મા થાય નહિ.

**ભાવાર્થ :-**

પતંજલિઋષિ માને છે કે, ઈશ્વરની ઇચ્છાથી યોગની સિદ્ધિ છે, આ પ્રકારની તેમની માન્યતાથી યોગનિષ્પત્તિ પ્રત્યે ઈશ્વરની ઇચ્છા એકાંતે કારણ છે તેમ તેઓ સ્વીકારે છે, તેમની તે માન્યતા યુક્ત નથી તે બતાવવા અર્થે કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**યોગીના આત્મામાં અનુગ્રાહ્યસ્વભાવ વગર ઈશ્વરના અનુગ્રહથી યોગની પ્રાપ્તિની અસંગતિ :-**

જે જીવોમાં ઈશ્વરના અનુગ્રહને ઝીલી શકે તેવો સ્વભાવ ન હોય તેવા જીવોમાં ઈશ્વરના અનુગ્રહથી યોગની નિષ્પત્તિ થાય છે તેમ કહી શકાય નહિ.

જેમ – પરમાણુમાં આત્મારૂપે થવાની યોગ્યતા નથી. આમ છતાં ઈશ્વરને ઇચ્છા થાય કે 'આ અણુને હું આત્મા બનાવું' તોપણ અણુ ક્યારેય આત્મા બને નહિ; કેમ કે અણુમાં રહેલો જડ સ્વભાવ ક્યારેય પરાવર્તન પામીને ચેતનસ્વભાવ બની શકે નહિ, તેથી જે જીવોમાં ઈશ્વરના અનુગ્રહને ઝીલવાની યોગ્યતા છે, તેવા જીવોને સન્માર્ગ બતાવવા દ્વારા ઈશ્વર અનુગ્રહ કરી શકે તેમ સ્વીકારી શકાય, પરંતુ જે જીવોમાં અનુગ્રહ પામવા યોગ્ય સ્વભાવ નથી, તેવા જીવોમાં ઈશ્વરના અનુગ્રહથી યોગ નિષ્પન્ન થાય છે, તેમ સ્વીકારી શકાય નહિ. **॥૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૫માં પાતંજલમતને દૂષણ આપતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ઈશ્વરથી અનુગ્રાહ્ય જીવમાં અનુગ્રાહ્યસ્વભાવ વગર ઈશ્વરથી અનુગ્રહ થઈ શકે નહિ. તે દોષના નિવારણ માટે પાતંજલદર્શનકાર ઈશ્વરનો અનુગ્રાહકસ્વભાવ અને સંસારી જીવોનો અનુગ્રાહ્યસ્વભાવ સ્વીકારે તો ઈશ્વરનો અનુગ્રહ સંગત થાય, પરંતુ તેમ સ્વીકારવાથી આત્મા પરિણામી સિદ્ધ થાય. તેથી પાતંજલમત પ્રમાણે આત્માના કૂટસ્થપણાની હાનિની પ્રાપ્તિ થાય એ બતાવવા અર્થે, વળી ઈશ્વરમાં સાત્ત્વિક પરિણામ પરાકાષ્ઠાનો છે તેના બળથી જ્ઞાનાદિ ધર્મોના ઉત્કર્ષથી ઈશ્વરની સિદ્ધિ પાતંજલદર્શનકાર કરે છે તે પણ યુક્ત નથી, એ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

उभयोस्तत्स्वभावत्वभेदे च परिणामिता ।
अत्युत्कर्षश्च धर्माणामन्यत्रातिप्रसञ्जकः ।।६।।

**અન્વયાર્થ :-**

च=**અને** उभयोः=**ઉભયના=ઈશ્વર અને ઈશ્વરથી અનુગ્રાહ્ય એવા આત્માના,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्स्वभावत्वभेदे=તત્સ્વભાવપણાના ભેદમાં=વિચિત્ર પ્રકારના અનુગ્રાહ્ય, અનુગ્રાહકસ્વભાવના ભાજનપણામાં, परिणामिता=પરિણામીપણું થાય= ઈશ્વરનું અને આત્માનું પરિણામીપણું થાય. च=અને धर्माणाम् अत्युत्कर्षः= ધર્મોનો અતિ ઉત્કર્ષ, (ઈશ્વરનો સાધક સ્વીકારવામાં આવે તો,) अन्यत्र= જ્ઞાનાદિથી અન્યત્ર અજ્ઞાનાદિના ઉત્કર્ષમાં, अतिप्रसञ्जकः=અતિપ્રસંજક છે અર્થાત્ ઈશ્વરથી પ્રતિપક્ષ એવા અજ્ઞાનાદિના ઉત્કર્ષવાળા પુરુષને સ્વીકારવાની આપત્તિરૂપ દોષ છે. ॥૬॥

**શ્લોકાર્થ :-**

**ઈશ્વરને અને ઈશ્વરથી અનુગ્રાહ્ય એવા આત્માના તત્સ્વભાવપણાના ભેદમાં ઈશ્વરની અને આત્માની પરિણામિતા થાય. અને જ્ઞાનાદિ ધર્મોનો અતિ ઉત્કર્ષ જ્ઞાનાદિથી અન્યત્ર અજ્ઞાનાદિના ઉત્કર્ષમાં અતિપ્રસંજક છે. ॥૬॥**

**ટીકા :-**

उभयोरिति-उभयोः=ईश्वरात्मनोः, तत्स्वभावत्वभेदे च=व्यक्तिकालफलादिभेदेन विचित्रानुग्राह्यानुग्राहकस्वभावभाजनत्वे च, परिणामिता स्यात्, स्वभावभेदस्यैव परिणामभेदार्थत्वात्, तथा चापसिद्धान्तः, ज्ञानादिधर्माणामत्युत्कर्षेणेश्वरसिद्धिरित्यपि च नास्ति, यतो धर्माणामत्युत्कर्षः साध्यमानो ज्ञानादाविवान्यत्राज्ञानादावतिप्रसञ्जकोऽनिष्टसिद्धिकृत्, अत्युत्कृष्टज्ञानादिमत्तयेश्वरस्येव तादृशाज्ञानादिमत्तया तत्प्रतिपक्षस्यापि सिद्ध्यापत्तेः, इत्थं च ज्ञानत्वमुत्कर्षापकर्षानाश्रयवृत्ति, उत्कर्षापकर्षाश्रयवृत्तित्वात् महत्त्ववदित्यत्र ज्ञानत्वं न तथा चित्तधर्ममात्रवृत्तित्वात् अज्ञानत्वदिति प्रतिरोधो दृष्टव्यः, प्रकृतिपुरुषसंयोगवियोगौ च यदि तात्त्विकौ तदात्मनोऽपरिणामित्वं न स्यात्, तयोर्द्विष्ठत्वेन तस्य जन्यधर्मानाश्रयत्वक्षतेः, नो चेत्कयोः कारणमीश्वरेच्छा, किञ्च प्रयोजनाभावादपि नेश्वरो जगत् कुरुते, न च परमकारुणिकत्वाद् भूतानुग्रह एवास्य प्रयोजनमिति भोजस्य वचनं साम्प्रतं, इत्थं हि सर्वस्यायमिष्टमेव संपादयेदित्यधिकं शास्त्रवार्तासमुच्चयविवरणे ।।६।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**उभयोः ..... अपसिद्धान्तः, અને ઉભયના=ઈશ્વર અને આત્માના, તત્સ્વભાવપણાના ભેદમાં=વ્યક્તિ, કાળ અને ફળાદિના ભેદથી વિચિત્ર અનુગ્રાહ્ય-અનુગ્રાહકસ્વભાવના ભાજનપણામાં, પરિણામિતા થાય=ઈશ્વર અને આત્માની પરિણામિતા થાય=ઈશ્વર અને આત્માનું પરિણામીપણું થાય; કેમ કે સ્વભાવભેદનું જ પરિણામ ભેદાર્થપણું છે અને તે રીતે=ઈશ્વર અને આત્માને પાતંજલદર્શનકાર પરિણામી સ્વીકારે છે તે રીતે, અપસિદ્ધાંત છે=આત્માના કૂટસ્થ નિત્યપણાના પાતંજલદર્શનકારના સિદ્ધાંતનો વિરોધ છે.**

શ્લોક-૩માં પાતંજલમતાનુસાર ઈશ્વરમાં સર્વજ્ઞતાના સ્વીકાર માટે કહેલ કે ઈશ્વરમાં સાત્ત્વિક પરિણામ કાષ્ઠા પ્રાપ્ત છે, અને તેમાં યુક્તિ આપેલ કે, જ્ઞાનાદિ ચિત્તધર્મોનું તારતમ્યથી પરિદૃશ્યમાનપણું હોવાથી કોઈ સ્થાનરૂપ ઈશ્વરમાં નિરતિશયપણાની સિદ્ધિ છે. તેનું નિરાકરણ કરતાં શ્લોકના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે –

**ज्ञानादि ..... सिद्ध्यापत्तेः, અને જ્ઞાનાદિધર્મોના ઉત્કર્ષથી ઈશ્વરની સિદ્ધિ છે એ પણ નથી, જે કારણથી જ્ઞાનાદિમાં સાધ્યમાન એવો ધર્મોને અતિઉત્કર્ષ એની જેમ અન્યત્ર=અજ્ઞાનાદિમાં, અતિપ્રસંજક=અનિષ્ટસિદ્ધિને કરનારું છે; કેમ કે અતિઉત્કૃષ્ટ જ્ઞાનાદિમત્પણાથી ઈશ્વરની જેમ તેવા પ્રકારના અજ્ઞાનાદિમત્પણાથી=અતિઉત્કૃષ્ટ અજ્ઞાનાદિમત્પણાથી, તેના પ્રતિપક્ષની પણ=ઈશ્વરના પ્રતિપક્ષ એવા અજ્ઞાનાદિમાન પુરુષની પણ, સિદ્ધિની આપત્તિ છે.**

**इत्थं ..... अनाश्रयवृत्ति, અને આ રીતે=પૂર્વમાં यतो धर्माणाम् ..... सिद्ध्यापत्तेः દ્વારા સ્થાપન કર્યું એ રીતે, જ્ઞાનત્વ ઉત્કર્ષ-અપકર્ષઅનાશ્રયવૃત્તિ છે=ઉત્કર્ષના અનાશ્રયમાં વૃત્તિ છે અને અપકર્ષના અનાશ્રયમાં વૃત્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે શ્લોક-૩માં સ્થાપન કર્યું કે તારતમ્યવાળા સાતિશય ધર્મોનો પરમાણુમાં અલ્પત્વ મળે છે અને આકાશમાં મહત્ત્વ મળે છે, તેની જેમ જ્ઞાનત્વનો આશ્રય જ્ઞાન ક્યાંક નિરતિશય સિદ્ધ થઈ શકે છે. તેના નિરાકરણ માટે કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्कर्ष ..... दृष्टव्यः, ઉત્કર્ષ-અપકર્ષ આશ્રયવૃત્તિપણું હોવાથી=તારતમ્યવાળા ધર્મોનું ઉત્કર્ષઆશ્રયવૃત્તિપણું અને અપકર્ષઆશ્રયવૃત્તિપણું હોવાથી, મહત્ત્વની જેમ એ પ્રકારના અનુમાનમાં જ્ઞાનત્વ તેવું નથી; કેમ કે ચિત્તધર્મમાત્રવૃત્તિપણું છે, અજ્ઞાનત્વની જેમ, એ પ્રકારે પ્રતિરોધ જાણવો=જ્ઞાનત્વને ઉત્કર્ષના આશ્રયમાં વૃત્તિ સ્વીકારવામાં પ્રતિરોધ જાણવો.

આ રીતે શ્લોકના અર્થને સ્પષ્ટ કર્યા પછી શ્લોક-૨ની ટીકામાં કહેલ કે પ્રકૃતિ અને પુરુષના સંયોગ અને વિયોગની ઈશ્વરની ઇચ્છા વગર અનુપપત્તિ હોવાથી અનાદિ એવા જ્ઞાનાદિમત્પણાથી ઈશ્વરની સિદ્ધિ છે. એ કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

प्रकृति ..... अनाश्रयत्वक्षतेः, પ્રકૃતિ અને પુરુષના સંયોગ અને વિયોગ જો તાત્ત્વિક હોય તો આત્માનું અપરિણામીપણું થાય નહિ; કેમ કે તે બેનું=પ્રકૃતિ અને પુરુષના સંયોગરૂપ તે બેનું અથવા તો પ્રકૃતિ અને પુરુષના વિયોગરૂપ તે બેનું, દ્વિષ્ઠપણારૂપે=બંનેમાં રહેવાપણારૂપે, તેની=પ્રકૃતિ અને પુરુષના સંયોગ અને વિયોગની, જન્યધર્મ અનાશ્રયપણાની ક્ષતિ છે=જન્યધર્મનો જે અનાશ્રય હોય તે અપરિણામી કહેવાય તેવા જન્યધર્મના અનાશ્રયત્વરૂપ આત્માના અપરિણામીપણાની ક્ષતિ છે.

नो चेत् ..... ईश्वरेच्छा, પ્રકૃતિ અને પુરુષના સંયોગ અને વિયોગ તાત્ત્વિક નથી એમ જો પૂર્વપક્ષી કહે તો, કયા બેનું કારણ ઈશ્વરની ઇચ્છા છે અર્થાત્ કાલ્પનિક એવા તે સંયોગ અને વિયોગનું કારણ ઈશ્વરની ઇચ્છા છે તેમ માનવું પડે.

किञ्च ..... साम्प्रतम्, વળી પ્રયોજનના અભાવથી પણ ઈશ્વર જગતને કરતા નથી, અને પરમકારુણિકપણું હોવાથી જીવોનો અનુગ્રહ જ આનું=ઈશ્વરનું, પ્રયોજન છે એ પ્રકારે ભોજનું વચન પણ સાંપ્રત=યુક્ત, નથી.

કેમ યુક્ત નથી તેમાં હેતુ કહે છે –

इत्थं ..... विवरणे ।। આ રીતે=ભૂતનો અનુગ્રહ જ ઈશ્વરનું પ્રયોજન છે એ રીતે, આ=ઈશ્વર, સર્વનું ઇષ્ટ જ સંપાદન કરે=સર્વ જીવોનું ઇષ્ટ જ સંપાદન કરે, એ પ્રમાણે=ગ્રંથકારશ્રીએ શ્લોક-૧થી ૪માં પાતંજલમત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બતાવ્યો અને ત્યારપછી શ્લોક-૫-૬માં તેનું નિરાકરણ કર્યું એ પ્રમાણે, અધિક શાસ્ત્રવાર્તાસમુચ્ચયના વિવરણમાં છે. ॥૬॥**

❖ ज्ञानादिधर्माणामत्युत्कर्षेणेश्वरसिद्धिरित्यपि च नास्ति - અહીં अपि થી એ કહેવું છે કે જગત્કર્તારૂપે તો ઈશ્વરની સિદ્ધિ નથી, પરંતુ જ્ઞાનાદિ ધર્મોના અતિઉત્કર્ષરૂપે ઈશ્વરની સિદ્ધિ એ પણ નથી.

❖ तत्प्रतिपक्षस्यापि सिद्ध्यापत्तेः - અહીં अपि થી એ કહેવું છે કે સાધ્યમાન એવો ધર્મોનો ઉત્કર્ષ જ્ઞાનાદિમાં સ્વીકારીએ તો ઈશ્વરની સિદ્ધિ થાય, તેની જેમ અજ્ઞાનાદિમત્પણાથી ઈશ્વરના પ્રતિપક્ષની પણ સિદ્ધિ થાય.

❖ प्रयोजनाभावादपि - અહીં अपि થી એ કહેવું છે કે પાતંજલમતાનુસાર આત્મા અપરિણામી છે, માટે ઈશ્વર પુરુષ અને પ્રકૃતિના સંયોગ અને વિયોગ કરતા નથી, પરંતુ પ્રયોજનનો અભાવ હોવાથી પણ ઈશ્વર જગતને કરતા નથી.

**ભાવાર્થ :-**

**ઈશ્વર અને આત્માના વિચિત્ર અનુગ્રાહ્ય-અનુગ્રાહકસ્વભાવના ભેદમાં આત્માના પરિણામીપણાની સિદ્ધિ અને એમ સ્વીકારવામાં પાતંજલ-દર્શનકારને અપસિદ્ધાંતની પ્રાપ્તિ :-**

શ્લોક-૫માં કહ્યું કે, આત્માના અનુગ્રાહ્યસ્વભાવ વગર ઈશ્વરના અનુગ્રહથી પણ યોગની સિદ્ધિ થઈ શકે નહિ તેથી પતંજલિઋષિને ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે, તેમ સ્વીકારવું હોય તો ઈશ્વરનો અને આત્માનો તે પ્રકારનો સ્વભાવ માનવો પડે અર્થાત્ ઈશ્વરનો અનુગ્રહ કરવાનો સ્વભાવ છે અને આત્માનો અનુગ્રાહ્યસ્વભાવ છે તેમ માનવું પડે, અને ઈશ્વરનો અનુગ્રહ સર્વ જીવો ઉપર એક કાળમાં થતો નથી; કેમ કે જો એક કાળમાં સર્વજીવો ઉપર ઈશ્વરને અનુગ્રહ થતો હોય તો સર્વ જીવોને એક કાળમાં યોગની પ્રાપ્તિ આદિ થવી જોઈએ. અને તેમ થતું નથી એ પ્રત્યક્ષથી દેખાય છે. તેથી જે વ્યક્તિ ઉપર જ્યારે અનુગ્રાહ થાય છે, જે કાળમાં થાય છે અને જે પ્રકારની યોગની નિષ્પત્તિરૂપ ફળાદિ ભેદ થાય છે. તે પ્રકારના વિચિત્રસ્વભાવવાળો જીવોનો ઈશ્વરથી અનુગ્રાહ્યસ્વભાવ છે, અને ઈશ્વરનો તે પ્રકારના વિચિત્રસ્વભાવવાળો અનુગ્રાહકસ્વભાવ છે, તેમ માનવું પડે અને તેમ સ્વીકારવાથી ઈશ્વર અને આત્મા બંને વિચિત્ર પ્રકારના અનુગ્રાહ્ય-અનુગ્રાહક સ્વભાવના ભાજન બને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ઈશ્વર અને આત્માને વિચિત્ર પ્રકારના અનુગ્રાહ્ય-અનુગ્રાહકસ્વભાવના ભાજન સ્વીકારીએ તો ઈશ્વરની અને આત્માની પરિણામિતા સિદ્ધ થાય; કેમ કે સંસારી જીવોનો પૂર્વમાં અનુગ્રાહ્ય સ્વભાવ ન હતો, તેથી ઈશ્વરનો અનુગ્રહ થયો નહિ, અને ઈશ્વરનો પણ તે જીવને આશ્રયીને પૂર્વમાં અનુગ્રાહકસ્વભાવ ન હતો; કેમ કે પૂર્વમાં ઈશ્વરના અનુગ્રહથી તેને યોગની પ્રાપ્તિ થઈ નહિ, અને જ્યારે તે જીવને યોગની પ્રાપ્તિ થાય છે ત્યારે તે જીવમાં અનુગ્રાહ્યસ્વભાવ પ્રગટ થાય છે, અને ઈશ્વરમાં પણ તે જીવને આશ્રયીને અનુગ્રાહકસ્વભાવ પ્રગટ થાય છે. તેથી તે જીવમાં અને ઈશ્વરમાં પૂર્વ કરતાં સ્વભાવ ભેદની પ્રાપ્તિ થઈ, અને તે સ્વભાવભેદ એ જ પરિણામભેદ છે, તેથી ઈશ્વરની અને આત્માની પરિણામિતા સિદ્ધ થાય છે, અને તેમ સ્વીકારીએ તો આત્માને ફૂટસ્થ સ્વીકારીને અપરિણામી સ્વીકારનાર પાતંજલમતમાં અપસિદ્ધાંતની પ્રાપ્તિ થાય, માટે પતંજલિઋષિ કહે છે કે, ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે તે વચન સંગત થાય નહિ; કેમ કે પાતંજલમતાનુસાર ઈશ્વર અપરિણામી છે અને સંસારી જીવો પણ અપરિણામી છે, તેથી સંસારી જીવોનો જે સ્વભાવ છે તેમાં પરાવર્તન થઈ શકે નહિ, અને ઈશ્વરના સ્વભાવમાં પણ પરાવર્તન થઈ શકે નહિ, તેથી અપરિણામી એવા આત્માને ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે, એમ કહેવું તે પરસ્પર વિરોધી વચન છે.

વળી શ્લોક-૨માં અપ્રતિઘ જ્ઞાનાદિ ધર્મવાળો ઈશ્વર છે તેમ સ્થાપન કર્યું, અને ત્યારપછી શ્લોક-૩માં સાત્ત્વિક પરિણામ ઈશ્વરમાં કાષ્ઠા પ્રાપ્ત છે માટે ઈશ્વરમાં સર્વજ્ઞતા છે તેમ સ્થાપન કર્યું, અને તેમ સ્થાપન કરવામાં યુક્તિ આપેલી કે તારતમ્યવાળા એવા સાતિશય ધર્મોની ક્યાંક અલ્પતાની પરાકાષ્ઠા અને ક્યાંક ઉત્કૃષ્ટની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે, તેમ જ્ઞાનાદિ ચિત્તધર્મો પણ સંસારી જીવોમાં તરતમતાથી દેખાય છે અને તે ઉત્કર્ષની પરાકાષ્ઠાના ઈશ્વરમાં છે. તેનું નિરાકરણ કરતાં શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

**જ્ઞાનાદિ ચિત્તધર્મોનો અતિઉત્કર્ષ અજ્ઞાનાદિમાં અતિપ્રસંજક :-**

ધર્મોનો અતિઉત્કર્ષ=જ્ઞાનાદિ ચિત્તધર્મોનો અતિઉત્કર્ષ, ઈશ્વરમાં સ્વીકારવામાં આવે તો અન્યત્ર તે અતિપ્રસંગને કરનાર છે=અજ્ઞાનાદિમાં અતિપ્રસંગને કરનાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશય એ છે કે, પાતંજલદર્શનકાર જ્ઞાનને ચિત્તનો ધર્મ સ્વીકારે છે, આત્માનો ધર્મ સ્વીકારતા નથી અને સંસારી જીવોના ચિત્તમાં જ્ઞાનાદિના ઉત્કર્ષ-અપકર્ષની તરતમતા દેખાય છે, તેમ અજ્ઞાનાદિના પણ ઉત્કર્ષ-અપકર્ષની તરતમતા દેખાય છે, તેથી પાતંજલદર્શનકાર અનુમાન કરે છે કે, તારતમ્યવાળા સાતિશય ધર્મો કોઈક ઠેકાણે પરાકાષ્ઠાવાળા હોય છે. જેમ – આકાશમાં પરમ મહત્ત્વ પરાકાષ્ઠાવાળું છે, અને પરમાણુમાં પરમ અલ્પતા પરાકાષ્ઠાવાળી છે, અને તે દૃષ્ટાંતોના બળથી સંસારી જીવોના ચિત્તમાં દેખાતા તારતમ્યવાળા જ્ઞાનાદિ ધર્મોને પણ કોઈ ઠેકાણે ઉત્કર્ષની પરાકાષ્ઠાવાળા સ્વીકારીને તે ધર્મોના ઉત્કર્ષના આશ્રયથી ઈશ્વરની સિદ્ધિ કરે તો તે થઈ શકે નહિ; કેમ કે ચિત્તમાં દેખાતા તરતમતાવાળા જ્ઞાનાદિ ધર્મો છે, તેમ અજ્ઞાનાદિ ધર્મો પણ છે; કેમ કે સંસારી જીવોના ચિત્તમાં કોઈ-કોઈ વિષયનું અજ્ઞાન દેખાય છે તે અજ્ઞાન કોઈકના ચિત્તમાં અધિક છે, તો કોઈકના ચિત્તમાં અલ્પ છે, તેવું તરતમતાવાળું પ્રાપ્ત થાય છે, તેથી જો એમ કહેવામાં આવે કે સંસારી જીવોના ચિત્તમાં દેખાતા તરતમતાવાળા જ્ઞાનાદિ ધર્મો કોઈક પુરુષના ચિત્તમાં પરાકાષ્ઠાવાળા છે, તેની જેમ એમ પણ સ્વીકારવું પડે કે, સંસારી જીવોના ચિત્તમાં દેખાતા અજ્ઞાનાદિ ધર્મો કોઈક પુરુષના ચિત્તમાં પરાકાષ્ઠાવાળા છે, તેથી જેમ પાતંજલદર્શનકાર પરાકાષ્ઠાવાળા જ્ઞાનાદિ ચિત્તધર્મોના આશ્રયરૂપે ઈશ્વરની સિદ્ધિ કરે, તો પરાકાષ્ઠાવાળા અજ્ઞાનાદિ ચિત્તધર્મોના આશ્રયવાળા ઈશ્વર કરતાં પ્રતિપક્ષભૂત એવા પુરુષની પણ સિદ્ધિ થાય, અને જગતમાં અજ્ઞાનાદિ ચિત્તધર્મોની પરાકાષ્ઠાવાળો કોઈ પુરુષ દેખાતો નથી; કેમ કે સંસારી જીવોના ચિત્તમાં અજ્ઞાન વર્તે છે, તોપણ તત્પ્રતિપક્ષ એવું કોઈક જ્ઞાન પણ વર્તે છે, માટે અજ્ઞાનાદિ ચિત્તધર્મોની પરાકાષ્ઠાવાળું એવું ચિત્ત કોઈનું નથી, આમ છતાં ઈશ્વરની જેમ અજ્ઞાનાદિ ચિત્તધર્મોની પરાકાષ્ઠાવાળો કોઈ પુરુષ છે તેમ પાતંજલદર્શનકારને માનવું પડે, માટે જ્ઞાનાદિ ધર્મોના ઉત્કર્ષથી ઈશ્વરની સિદ્ધિ છે, એ પણ પાતંજલદર્શનકારનું વચન સંગત નથી.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, ધર્મોનો ઉત્કર્ષ જ્ઞાનાદિમાં સાધ્યમાન હોતે છતે અજ્ઞાનાદિમાં અતિપ્રસંજક છે, માટે ઈશ્વરમાં જ્ઞાનાદિનો ઉત્કર્ષ છે તેમ સ્વીકારી શકાય નહિ; એ રીતે જ્ઞાનમાં રહેલું જ્ઞાનત્વ ઉત્કર્ષ-અપકર્ષ અનાશ્રયવૃત્તિ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ ફલિત થાય છે અર્થાત્ જેમ મહત્ત્વ ઉત્કર્ષના આશ્રય એવા આકાશમાં વૃત્તિ છે અને અપકર્ષના આશ્રય એવા પરમાણુમાં વૃત્તિ છે એવું જ્ઞાનત્વ નથી, પરંતુ જ્ઞાનત્વ ઉત્કર્ષ-અપકર્ષના અનાશ્રયમાં વૃત્તિ છે, તેથી કોઈ પુરુષમાં જ્ઞાનનો ઉત્કર્ષ છે અને કોઈ પુરુષમાં જ્ઞાનનો અપકર્ષ છે તેમ સ્વીકારી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે જેમ ઉત્કર્ષનો આશ્રય આકાશ છે તેમાં મહત્ત્વ રહે છે અને અપકર્ષનો આશ્રય પરમાણુ છે તેમાં અલ્પત્વ રહે છે, તેમ ઉત્કર્ષ-અપકર્ષ આશ્રયવૃત્તિપણું હોવાથી મહત્ત્વની જેમ જ્ઞાનત્વને સ્વીકારીએ તો શું વાંધો છે ? તેનો ઉત્તર આપતાં કહે છે –

જ્ઞાનત્વ તેવું નથી=જ્ઞાનત્વનો આશ્રય એવું જ્ઞાન કોઈ ઠેકાણે ઉત્કર્ષવાળું કે કોઈ ઠેકાણે અપકર્ષવાળું પ્રાપ્ત થાય તેવું નથી, કેમ તેવું નથી ? તેમાં હેતુ કહે છે –

ચિત્તધર્મમાત્રવૃત્તિપણું છે=ચિત્તનો ધર્મ જે જ્ઞાન તે જ્ઞાનમાત્રમાં જ્ઞાનત્વનું વૃત્તિપણું છે, અને ચિત્તના ધર્મરૂપ જ્ઞાન ક્યાંય ઉત્કર્ષવાળું પ્રાપ્ત થઈ શકે નહિ; કેમ કે ચિત્તથી થનારું જ્ઞાન છદ્મસ્થને થાય છે, અને કોઈ છદ્મસ્થ જ્ઞાનના ઉત્કર્ષવાળા નથી.

જો જ્ઞાનને આત્માનો ધર્મ સ્વીકારવામાં આવે તો તેના આવારક સર્વકર્મના વિગમનથી સર્વ જ્ઞેયનું જ્ઞાન આત્માને થાય છે તેમ સ્વીકારી શકાય, પરંતુ પાતંજલદર્શનકાર તો શ્લોક-૩માં કહ્યું તે રીતે જ્ઞાનાદિને ચિત્તના ધર્મ તરીકે સ્વીકારે છે, અને ચિત્તનો ધર્મ જ્ઞાન સ્વીકારવામાં આવે તો ચિત્તના વ્યાપારથી કોઈને જ્ઞાન થાય તે જ્ઞાન સર્વ જ્ઞેયને વિષય કરે છે તેમ કહી શકાય નહિ. અને તેમાં દૃષ્ટાંત કહે છે કે, અજ્ઞાનત્વની જેમ – તેથી એ ફલિત થાય કે જેમ ચિત્તનો અજ્ઞાન ધર્મ છે અને તેમાં રહેલું અજ્ઞાનત્વ ક્યારે પણ ઉત્કર્ષના આશ્રયવાળું પ્રાપ્ત થતું નથી, તેમ ચિત્તનો જ્ઞાન ધર્મ છે તેથી તેમાં રહેલું જ્ઞાનત્વ પણ ઉત્કર્ષના આશ્રયવાળું ક્યારે પણ પ્રાપ્ત થતું નથી, અને જો ચિત્તના ધર્મરૂપ જ્ઞાનના આશ્રયવાળા જ્ઞાનત્વને ઉત્કર્ષના આશ્રયવાળું સ્વીકારવામાં આવે, તો ચિત્તના ધર્મરૂપ અજ્ઞાનના આશ્રયવાળા અજ્ઞાનત્વને પણ ઉત્કર્ષના આશ્રયવાળા સ્વીકારવાની આપત્તિ આવે, અને તેમ સ્વીકારીએ તો ઈશ્વરની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ તેવા પ્રકારના અજ્ઞાનપણાથી ઈશ્વરના પ્રતિપક્ષ એવા પુરુષની સિદ્ધિ થાય એ પ્રકારનો પ્રતિરોધ છે, માટે જ્ઞાનત્વને ઉત્કર્ષ-અપકર્ષ અનાશ્રયવૃત્તિ સ્વીકારવું જોઈએ, અને તેમ સ્વીકારીએ તો નિરતિશય જ્ઞાનવાળા ઈશ્વર છે, એમ જે પાતંજલદર્શનકાર કહે છે તે સિદ્ધ થાય નહિ.

**વિશેષાર્થ :-**

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે જ્ઞાન આત્માનો ધર્મ છે, અને તેના ઉપર કર્મના આવરણો છે, તેથી જે જે અંશમાં આવરણનું વિગમન થાય છે, તે તે અંશમાં જ્ઞાન પ્રગટ થાય છે; અને સર્વ કર્મોનું વિગમન થાય ત્યારે ઉત્કર્ષવાળું જ્ઞાન કેવલીને પ્રાપ્ત થાય છે, અને કર્મના આવરણવાળું જ્ઞાન છદ્મસ્થને છે, તેથી છદ્મસ્થ જીવો પૂર્ણ જ્ઞેયને જાણી શકતા નથી, પરંતુ મનોવ્યાપાર દ્વારા કિંચિત્ જ્ઞેયને જાણી શકે છે. તેથી છદ્મસ્થ જીવોને ઉત્કર્ષવાળું જ્ઞાન સ્વીકારી શકાય નહિ.

પાતંજલદર્શનકાર જ્ઞાનને ચિત્તનો ધર્મ સ્વીકારે છે, અને તે જ્ઞાનનો ઉત્કર્ષ ઈશ્વરમાં છે તેમ માને છે, તે તેમનું વચન યુક્ત નથી; કેમ કે ચિત્તના ધર્મરૂપ એવું જ્ઞાન ઉત્કર્ષવાળું સ્વીકારીએ તો ચિત્તના ધર્મરૂપ એવું અજ્ઞાન પણ ક્યાંક ઉત્કર્ષવાળું સ્વીકારવું જોઈએ, અને છદ્મસ્થ જીવોને ચિત્તમાં જ્ઞાન અને અજ્ઞાન બંનેનો અનુભવ થાય છે, તેથી ચિત્તનો ધર્મ જેમ જ્ઞાન છે તેમ ચિત્તનો ધર્મ અજ્ઞાન પણ છે, અને તે ચિત્તના ધર્મરૂપ અજ્ઞાનને કોઈક ચિત્તમાં ઉત્કર્ષવાળું છે, તેમ સ્વીકારીએ તો અજ્ઞાનના ઉત્કર્ષવાળા એવા પુરુષની સિદ્ધિ થાય.

વસ્તુતઃ જડ પદાર્થમાં અજ્ઞાનનો ઉત્કર્ષ છે, અને જગતમાં કોઈ એવો પુરુષ નથી કે જેમના ચિત્તમાં ઉત્કર્ષવાળું અજ્ઞાન વર્તે છે. આમ છતાં કોઈક ચિત્તમાં અજ્ઞાનનો ઉત્કર્ષ છે તેમ સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે, કોઈક એવો પુરુષ છે કે જેના ચિત્તમાં જડ પદાર્થની જેમ અજ્ઞાનનો ઉત્કર્ષ છે, તેમ સ્વીકારવાની પાતંજલદર્શનકારને આપત્તિ આવે.

**આત્માને પરિણામી સ્વીકાર્યા વગર જગત્કર્તારૂપે ઈશ્વરની અસિદ્ધિ :-**

શ્લોક-૨ની ટીકામાં પાતંજલમતાનુસાર કહ્યું કે, પ્રકૃતિ અને પુરુષના સંયોગ અને વિયોગ સંસારી જીવોમાં દેખાય છે, તેથી સંસાર અને મોક્ષ સંગત થાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પ્રકૃતિ અને પુરુષના સંયોગ અને વિયોગ ઈશ્વરની ઇચ્છા વગર થઈ શકે નહિ, માટે અનાદિજ્ઞાનાદિવાળા ઈશ્વરની સિદ્ધિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે -

પ્રકૃતિનો સંયોગ અને વિયોગ જો પાતંજલદર્શનકાર તાત્ત્વિક માને તો આત્મા અપરિણામી સિદ્ધ થાય નહિ; કેમ કે પ્રકૃતિ અને પુરુષનો સંયોગ અને પ્રકૃતિ અને પુરુષનો વિયોગ એ બેમાં રહેનારો ધર્મ છે, તેથી તે સંયોગ અને વિયોગ જો ઈશ્વરની ઇચ્છાથી તાત્ત્વિક થતા હોય તો, પ્રકૃતિના સંયોગરૂપ જન્યધર્મ અને પ્રકૃતિના વિયોગરૂપ જન્યધર્મ ઈશ્વરની ઇચ્છાથી આત્મામાં નિષ્પન્ન થાય છે તેમ માનવું પડે, અને તેમ સ્વીકારીએ તો પ્રકૃતિનો આત્મા સાથે સંયોગરૂપ અને વિયોગરૂપ જન્યધર્મ સંસારી જીવોમાં પ્રગટ થાય છે માટે તે જન્ય ધર્મને કારણે આત્મા પરિણામી છે તેમ માનવું પડે, અને જો પ્રકૃતિનો સંયોગ અને વિયોગ તાત્ત્વિક નથી તેમ કહીને પતંજલિઋષિ આત્માને અપરિણામી સ્થાપન કરે તો, ઈશ્વરની ઇચ્છા કયા સંયોગ અને વિયોગનું કારણ છે અર્થાત્ કાલ્પનિક એવા સંયોગ અને વિયોગનું કારણ છે તેમ માનવું પડે, તે અત્યંત અસંમજસ છે, માટે ઈશ્વરની ઇચ્છાથી આ સર્વ જગત તે તે રૂપે પરિણમન પામે છે તેમ સ્વીકારવામાં આવે તો, આત્માને પરિણામી સ્વીકારવો પડે, અને જો પતંજલિઋષિ આત્માને પરિણામી ન સ્વીકારે તો જગત્કર્તારૂપે ઈશ્વરની સિદ્ધિ કરી શકે નહિ.

આ રીતે શ્લોક-રમાં કહ્યું કે પ્રકૃતિ અને પુરુષના સંયોગ અને વિયોગ ઈશ્વરની ઇચ્છા વગર થાય નહિ, માટે અનાદિજ્ઞાનાદિવાળા ઈશ્વરની સિદ્ધિ છે, તે કથન આત્માને અપરિણામી સ્વીકારવાથી સંગત થાય નહિ; તેમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. હવે ઈશ્વરને જગત્કર્તા સ્વીકારવા ઉચિત નથી તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ઈશ્વર જગત્કર્તા નથી તેની યુક્તિ :-**

ઈશ્વરને જગતને કરવાનું કોઈ પ્રયોજન નથી, એથી પણ ઈશ્વર જગતનો કર્તા નથી.

ઈશ્વરને જગતનો કર્તા સ્વીકારવા માટે ભોજ કહે છે કે, ઈશ્વર પરમકરુણાવાળા છે માટે જીવોનો અનુગ્રહ કરવો એ ઈશ્વરનું પ્રયોજન છે, તેથી ઈશ્વર જગતને કરે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજનું આ વચન પણ સંગત નથી; કેમ કે જો ઈશ્વર જગતના જીવોના અનુગ્રહ માટે જગતને કરતા હોય તો સર્વ જીવોનું ઇષ્ટ જ સંપાદન કરે.

વસ્તુતઃ જગતના જીવો સંસારમાં અનેક પ્રકારની કદર્થના પામતા દેખાય છે, તેથી જો ઈશ્વરને જગત્કર્તા સ્વીકારીએ તો ઈશ્વરે કેટલાક જીવોનું અહિત કર્યું છે, અને કેટલાક જીવોનું હિત કર્યું છે, તેમ માનવું પડે. તેથી જીવોના અનુગ્રહ માટે ઈશ્વર જગતનો કર્તા છે તેમ માનવું ઉચિત નથી. આ રીતે ઈશ્વરના અનુગ્રહવિષયક ગ્રંથકારશ્રીએ શ્લોક-૧થી ૪ સુધી પાતંજલમત બતાવ્યો અને શ્લોક-૫-૬માં તે મત સંગત નથી તેમ સ્થાપન કર્યું.

આ વિષયમાં અધિક વક્તવ્ય શાસ્ત્રવાર્તાસમુચ્ચય ગ્રંથના વિવરણમાં ગ્રંથકારશ્રીએ કરેલ છે તેથી જિજ્ઞાસુએ ત્યાંથી જોવું. **॥૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧માં કહ્યું કે પાતંજલમતાનુસાર મહેશના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે, તે મતને દૂષણ આપતાં ગ્રંથકારશ્રીએ શ્લોક-૫માં કહ્યું કે જીવમાં અનુગ્રાહ્યસ્વભાવ વગર ઈશ્વરના અનુગ્રહથી પણ યોગ નિષ્પન્ન થઈ શકે નહિ, અને શ્લોક-૬માં કહ્યું કે ઈશ્વરનો અનુગ્રાહકસ્વભાવ અને જીવોનો અનુગ્રાહ્યસ્વભાવ સ્વીકારવામાં આવે તો ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ માની શકાય, પરંતુ તેમ માનવામાં આત્માના કૂટસ્થપણાની હાનિ થાય છે. હવે આત્માને પરિણામી સ્વીકારીએ તો ઈશ્વરનો અનુગ્રહ આત્મામાં કઈ રીતે સ્વીકારી શકાય તે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**आर्थं व्यापारमाश्रित्य तदाज्ञापालनात्मकम् ।**
**युज्यते परमीशस्यानुग्रहस्तन्त्रनीतितः ।।७।।**

**અન્વયાર્થ :-**

**परम्=કેવલ तदाज्ञापालनात्मकम्=તેમની આજ્ઞાપાલન સ્વરૂપ=ઈશ્વરની આજ્ઞાપાલન સ્વરૂપ आर्थं व्यापारमाश्रित्य=અર્થ પ્રાપ્ત વ્યાપારને આશ્રયીને**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ईशस्य=ઈશ્વરનો अनुग्रहः=અનુગ્રહ तन्त्रनीतितः=સ્વસિદ્ધાંતની નીતિથી युज्यते= ઘટે છે. ।।૭।।

**શ્લોકાર્થ :-**

**કેવલ ઈશ્વરની આજ્ઞાપાલન સ્વરૂપ અર્થ પ્રાપ્ત વ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ સ્વસિદ્ધાંતની નીતિથી ઘટે છે. ।।૭।।**

**ટીકા :-**

आर्थमिति-आर्थ=ततः सामर्थ्यप्राप्तं न तु प्रसह्य तेनैव कृतं, तदाज्ञापालनात्मकं व्यापारमाश्रित्य परं=केवलं, तन्त्रनीतितः=अस्मत्सिद्धान्तनीत्या, ईशस्यानुग्रहो युज्यते, तदुक्तं-"आर्थं व्यापारमाश्रित्य न च दोषोऽपि विद्यते"। इति ।।७।।

**ટીકાર્થ :-**

आर्थं ..... युज्यते । તેનાથી=ઈશ્વરથી, સામર્થ્ય પ્રાપ્ત પરંતુ પ્રસહ્ય તેના વડે કરાયેલું નહિ=અત્યંતથી ઈશ્વર વડે કરાયેલું નહિ એવું, તેમના=ઈશ્વરના, આજ્ઞાપાલન સ્વરૂપ આર્થવ્યાપારને આશ્રયીને કેવલ તંત્રનીતિથી=અમારા સિદ્ધાંતની નીતિથી, ઈશનો=ઈશ્વરનો, અનુગ્રહ ઘટે છે.

तदुक्तम् – તે=શ્લોકમાં કહ્યું તે, યોગબિંદુ શ્લોક-૨૯૭ના પૂર્વાર્ધમાં કહેવાયું છે –

"आर्थं ..... विद्यते" । इति "અર્થ પ્રાપ્ત વ્યાપારને આશ્રયીને (ઈશ્વરનો અનુગ્રહ છે અને એમ સ્વીકારવામાં) દોષ પણ વિદ્યમાન નથી."

इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે. ।।૭।।

**ભાવાર્થ :-**

શ્લોક-૫માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, ઈશ્વરનો અનુગ્રાહક સ્વભાવ અને આત્માનો અનુગ્રાહ્ય સ્વભાવ સ્વીકાર્યા વગર ઈશ્વરથી યોગનો અનુગ્રહ થઈ શકે નહિ. વળી ઈશ્વરની ઇચ્છાથી યોગની પ્રાપ્તિ છે તેમ સ્વીકારવાથી શું દોષ આવે છે, તેનું સ્થાપન શ્લોક-૬માં કર્યું. હવે ઈશ્વરનો અનુગ્રહ કઈ રીતે સ્વીકારવો ઉચિત છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્વસિદ્ધાંતની નીતિથી આર્થવ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ :-**

સ્વસિદ્ધાંત અનુસાર ચરમભવમાં તીર્થંકરો સન્માર્ગ બતાવે છે તે સન્માર્ગને સાંભળીને યોગ્ય જીવોમાં યોગમાર્ગ ઉલ્લસિત થાય છે, તેથી ઈશ્વરથી સામર્થ્ય પ્રાપ્ત એવું તેમની આજ્ઞાના પાલન સ્વરૂપ વ્યાપાર યોગ્ય જીવોમાં પ્રગટ થાય છે, પરંતુ જીવોની ઇચ્છા વગર અત્યંત ઈશ્વર દ્વારા યોગમાર્ગની પ્રવૃત્તિ જીવોમાં થતી નથી તે અપેક્ષાએ ઈશ્વરનો અનુગ્રહ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

આનાથી એ ફલિત થાય છે કે તીર્થંકરો ઉપદેશ આપે છે અને જે જીવોમાં અનુગ્રાહ્યસ્વભાવ છે તે જીવોમાં તીર્થંકરનો ઉપદેશ સમ્યક્ પરિણમન પામે છે, તેથી યોગ્ય જીવો તીર્થંકરની આજ્ઞાનું પાલન કરે છે. તીર્થંકરની આજ્ઞાપાલન સ્વરૂપ તે વ્યાપાર જીવો સ્વપરાક્રમથી કરે છે તોપણ અર્થથી તીર્થંકરોના વચનથી જીવો યોગમાર્ગમાં પ્રવૃત્ત થાય છે, માટે તીર્થંકરના અનુગ્રહથી યોગની સિદ્ધિ છે તેમ કહેવામાં કોઈ વિરોધ નથી.

**વિશેષાર્થ :-**

જેમ – કુંભાર પોતાની ઇચ્છાનુસાર માટીમાંથી ઘડો કરે છે, તેમ ઈશ્વર પોતાની ઇચ્છાના બળથી જીવોમાં યોગની નિષ્પત્તિ કરતા નથી, પરંતુ જેમ કોઈને શાસ્ત્રની કોઈ પંક્તિ સ્વયં બેસતી ન હોય અને યોગ્ય ઉપદેશક તેમને સમજાવે અને તેમના સમજાવવાના પ્રયત્નથી શ્રોતામાં પંક્તિને યથાર્થ સ્થાને જોડવાનો અનુકૂળ વ્યાપાર ઉલ્લસિત થાય, ત્યારે ઉપદેશકના સામર્થ્યથી પ્રાપ્ત એવો તે શ્રોતાનો બોધને અનુકૂળ વ્યાપાર છે. તેમ ઈશ્વરના ઉપદેશથી યોગ્ય જીવોમાં તેમની આજ્ઞાપાલનને અનુકૂળ જે વ્યાપાર થાય છે તે ઈશ્વરના સામર્થ્યથી પ્રાપ્ત છે, પરંતુ અત્યંત ઈશ્વરની ઇચ્છાથી જ તે આજ્ઞાપાલનનો વ્યાપાર થયો નથી. **॥૭॥**

**શ્લોક :-**

**एवं च प्रणवेनैतज्जपात् प्रत्यूहसंक्षयः ।**
**प्रत्यक्चैतन्यलाभश्चेत्युक्तं युक्तं पतञ्जलेः ।।८।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

एवं च=અને આ રીતે=શ્લોક-૭માં કહ્યું એ રીતે, (અર્થથી પ્રાપ્ત વ્યાપારથી ઈશ્વરના અનુગ્રહનો સ્વીકાર કરાયે છતે) प्रणवेन=ઓંકાર દ્વારા एतज्जपात्=આના=ઈશ્વરના જપથી प्रत्यूहसंक्षयः=પ્રત્યૂહનો સંક્ષય=વિઘ્નોનો નાશ च=અને प्रत्यक्चैतन्यलाभः=પ્રત્યક્ચૈતન્યનો લાભ થાય છે इति=એ પ્રમાણે पतञ्जलेः=પતંજલિઋષિથી युक्तम्=યુક્ત उक्तम्=કહેવાયું છે. ॥૮॥

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૭માં કહ્યું એ રીતે અર્થ પ્રાપ્ત વ્યાપારથી ઈશ્વરના અનુગ્રહનો સ્વીકાર કરાયે છતે ઓંકાર દ્વારા ઈશ્વરના જપથી પ્રત્યૂહનો સંક્ષય અને પ્રત્યક્ ચૈતન્યનો લાભ થાય છે એ પ્રમાણે પતંજલિઋષિથી યુક્ત કહેવાયું છે. ॥૮॥**

**ટીકા :-**

एवं चेति-एवं चार्थव्यापारेणेशानुग्रहादरे च, प्रणवेन=ओङ्कारेण, एतस्य=ईश्वरस्य, जपात् प्रत्यूहानां=विघ्नानां संक्षयः, विषयप्रातिकूल्येनान्तः-करणाभिमुखमञ्चति यत्तत् प्रत्यक्चैतन्यं=ज्ञानं, तस्य लाभश्च इति पतञ्जलेरुक्तं युक्तं, "तस्य वाचकः प्रणवः", "तज्जपस्तदर्थभावनं", "ततः प्रत्यक्चेतनाधिगमो-ऽन्तरायाभावश्च" [१/२७-२८-२९] इति प्रसिद्धेर्गुणविशेषवतः पुरुषस्य प्रणिधानस्य महाफलत्वात् ॥८॥

**ટીકાર્થ :-**

एवं ..... महाफलत्वात् ॥ અને આ રીતે=શ્લોક-૭માં કહ્યું એ રીતે, અર્થથી પ્રાપ્ત વ્યાપારથી ઈશ્વરનો અનુગ્રહ સ્વીકાર કરાયે છતે પ્રણવ દ્વારા=ઓંકાર દ્વારા, આના=ઈશ્વરના જપથી પ્રત્યૂહોનો=વિઘ્નોનો અર્થાત્ યોગમાર્ગની પ્રાપ્તિમાં બાધક કર્મોનો, સંક્ષય અને વિષયના પ્રતિકૂળપણાથી અંતઃકરણને અભિમુખ જે પ્રાપ્ત થાય છે તે પ્રત્યક્ચૈતન્ય=જ્ઞાન તેનો લાભ થાય છે અર્થાત્ ઈશ્વરના જપથી પ્રત્યક્ચૈતન્યનો લાભ થાય છે, એ પ્રમાણે પતંજલિથી યુક્ત કહેવાયું છે; કેમ કે "તેનો=ઈશ્વરનો, વાચક પ્રણવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે", "તેનો જપ=પ્રણવનો જપ, તેના અર્થનું=પ્રણવના વાચ્ય એવા ઈશ્વરરૂપ અર્થનું, ભાવન છે", "તેનાથી=તે જપથી અને તેના અર્થના ભાવનથી અર્થાત્ ઈશ્વરના જપથી અને પ્રણવના વાચ્ય એવા ઈશ્વરરૂપ અર્થના ભાવનથી, પ્રત્યક્ ચેતનાનો અધિગમ થાય છે અર્થાત્ વિષયના પ્રતિકૂળપણાથી સ્વ અંતઃકરણને અભિમુખ એવી ચેતનાનો અધિગમ થાય છે અને અંતરાયોનો અભાવ થાય છે" **એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર ૧/૨૭-૨૮-૨૯માં પ્રસિદ્ધિ હોવાને કારણે ગુણવિશેષવાળા પુરુષના પ્રણિધાનનું મહાફળપણું છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૭માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે આર્થવ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ ઘટે છે અને એ રીતે આર્થવ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ સ્વીકારવામાં આવે તો પતંજલિઋષિએ પાતંજલયોગસૂત્ર ૧/૨૭-૨૮-૨૯માં જે કહ્યું છે તે યુક્ત સંગત થાય છે પતંજલિઋષિએ શું કહ્યું છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ઓંકાર દ્વારા ઈશ્વરના જપથી વિઘ્નોનો નાશ :-**

પ્રણવ દ્વારા=ઓંકાર દ્વારા, ઈશ્વરના સ્વરૂપના ભાવનપૂર્વક ઈશ્વરના જપથી વિઘ્નોનો નાશ થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે, કોઈ પુરુષ ઈશ્વરને ગુણવાન પુરુષ તરીકે ઉપસ્થિત કરીને જાપ કરે તો તેમનું ચિત્ત ગુણવાન એવા ઈશ્વરના સ્વરૂપથી ભાવિત થવાને કારણે ગુણવાન એવા ઈશ્વર પ્રત્યે રાગભાવવાળું થાય છે, તે વીતરાગતાના રાગ સ્વરૂપ છે અને તે રાગને કારણે યોગમાર્ગની નિષ્પત્તિમાં બાધક એવા કર્મોરૂપ વિઘ્નોનો સંક્ષય થાય છે; કેમ કે અવીતરાગભાવથી યોગમાર્ગના બાધક એવા કર્મો બંધાયેલા, તે કર્મો યોગમાર્ગમાં વિઘ્નભૂત છે, અને વીતરાગના રાગથી જપ કરનારનો આત્મા વીતરાગભાવને અભિમુખ-પરિણામવાળો બને છે, તેથી અવીતરાગભાવથી બંધાયેલા વિઘ્ન આપાદક કર્મોનો ક્ષય થાય છે.

**ઈશ્વરના જપથી પ્રત્યક્ચૈતન્યનો લાભ :-**

ઈશ્વરના ગુણોના પ્રણિધાનપૂર્વક ઈશ્વરના જપથી વિષયના પ્રતિકૂળપણાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતઃકરણને અભિમુખ એવું પ્રત્યક્ચૈતન્યજ્ઞાન પ્રગટ થાય છે એમ પતંજલિઋષિ કહે છે –

આનાથી એ પ્રાપ્ત થાય છે કે ઈશ્વરના જપથી ચિત્ત આત્માના શુદ્ધભાવને અભિમુખ બને છે, તેથી વિષયોના આભિમુખ્યનો ત્યાગ કરીને શુદ્ધચૈતન્યરૂપ આત્માના પરિણામને અભિમુખ તે જપ કરનારનો આત્મા બને છે, તેથી પતંજલિઋષિનું તે વચન ઈશ્વરના આર્થવ્યાપારને આશ્રયીને સંગત થાય છે; કેમ કે ઈશ્વરનો જપ કરવાથી જે લાભ થાય છે, તે અર્થથી ઈશ્વરથી થયો તેમ કહીએ તો ઈશ્વરના વ્યાપારથી જપ કરનારને યોગમાર્ગની પ્રાપ્તિરૂપ અનુગ્રહ થાય છે, તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી; કેમ કે ગુણવાન પુરુષ એવા પરમાત્માના પ્રણિધાનવાળા ચિત્તનું મહાફળપણું છે.

**વિશેષાર્થ :-**

પ્રણવના જાપથી જપ કરનારને જે યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે, તે સાક્ષાત્ જપના પ્રયત્નજન્ય છે, તોપણ તે પ્રયત્નનું આલંબન ઈશ્વર છે, તેથી અર્થથી ઈશ્વરના અનુગ્રહથી તે યોગમાર્ગ નિષ્પન્ન થયો છે તેમ કહેવાય છે, અને જપ કરનાર યોગીમાં ઈશ્વરને અવલંબીને થતા દૃઢવ્યાપારથી વિઘ્નભૂત કર્મના નાશને કારણે યોગમાર્ગને સ્પર્શે એવા નિર્મળ જ્ઞાનના પ્રાદુર્ભાવથી સાક્ષાત્ યોગમાર્ગ નિષ્પન્ન થાય છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૮માં કહ્યું કે પ્રણવના જપથી પ્રત્યૂહોનો સંક્ષય થાય છે, તેથી પાતંજલમતાનુસાર યોગમાર્ગમાં વિઘ્નરૂપ પ્રત્યૂહો કયા કયા છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**प्रत्यूहा व्याधयः स्त्यानं प्रमादालस्यविभ्रमाः ।**
**सन्देहाविरती भूम्यलाभश्चाप्यनवस्थितिः ।।९।।**

**અન્વયાર્થ :-**

**व्याधयः=વ્યાધિઓ, स्त्यानं=સ્ત્યાન=ચિત્તની અકર્મણ્યતા અર્થાત્ ચિત્તની**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રવૃત્તિ, प्रमादालस्यविभ्रमाः=પ્રમાદ, આળસ, વિભ્રમ, सन्देहाविरती=સંદેહ, અવિરતિ, भूम्यलाभः=ભૂમિનો અલાભ અર્થાત્ સમાધિની ભૂમિનો અલાભ चापि=અને अनवस्थितिः=અનવસ્થિતિ=સમાધિની ભૂમિ પ્રાપ્ત થવા છતાં ચિત્તની તેમાં અપ્રતિષ્ઠા प्रत्यूहाः=પ્રત્યૂહો=વિઘ્નો છે. ॥૯॥

**શ્લોકાર્થ :-**

**વ્યાધિઓ, સ્ત્યાન, પ્રમાદ, આળસ, વિભ્રમ, સંદેહ, અવિરતિ, ભૂમિનો અલાભ અને અનવસ્થિતિ પ્રત્યૂહો=વિઘ્નો છે. ॥૯॥**

**ટીકા :-**

**प्रत्यूहा इति**-"व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपाः तेऽन्तरायाः" **[१-३०] इति सूत्रम्** ॥९॥

**ટીકાર્થ :-**

"व्याधि ..... अन्तरायाः" **इति सूत्रम्** ॥ "વ્યાધિ, સ્ત્યાન, સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધભૂમિકત્વ અને અનવસ્થિતત્વ ચિત્તના વિક્ષેપો (છે) તે અંતરાયો છે." **એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર ૧/૩૦ છે.**

**ભાવાર્થ :-**

**પાતંજલમત પ્રમાણે ચિત્તના વિક્ષેપોનું સ્વરૂપ :-**

જીવમાં રજ અને તમના બળથી પ્રવર્તમાન ચિત્તના વિક્ષેપો થાય છે. એકાગ્રતાના વિરોધી એવા તે વિક્ષેપોથી ચિત્ત વિક્ષિપ્ત થાય છે.

પાતંજલયોગસૂત્ર ૧/૩૦ રાજમાર્તંડ ટીકાનુસાર ચિત્તના વિક્ષેપોનું વર્ણન :-

(૧) વ્યાધિ :- ધાતુના વૈષમ્યથી થનારા જ્વરાદિ વ્યાધિઓ છે.

કોઈ વ્યાધિવાળા મહાત્મા ચિત્તને યોગમાર્ગમાં પ્રવૃત્ત કરવા યત્ન કરે તોપણ શરીરની અસ્વસ્થતાને કારણે યત્ન કરી શકતા નથી, તેથી વ્યાધિઓ યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિક્ષેપ કરનાર છે. ઈશ્વરના જપથી તે વિઘ્નઆપાદક કર્મોનો ક્ષય થવાથી યોગી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨) સ્ત્યાન :-** ચિત્તનું અકર્મપણું.

કોઈ યોગી મહાત્માને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી હોય અને તે મહાત્માને વ્યાધિઓ પણ ન હોય આમ છતાં ચિત્તમાં જડતા વર્તતી હોય તો ચિત્ત યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા માટે સમર્થ બને નહિ, કદાચ તે મહાત્મા સ્થૂલથી કોઈ યોગવિષયક પ્રવૃત્તિ કરે તોપણ તેમનું ચિત્ત યોગમાર્ગની પ્રવૃત્તિમાં સમ્યક્ પ્રવર્તન થઈ શકે નહિ, તેનું કારણ તેમના ચિત્તની સ્ત્યાનતા=જડતા, છે અને ઈશ્વરના જપથી તે જડતા દૂર થાય તો યોગી યોગમાર્ગમાં સમ્યક્ પ્રવૃત્તિ કરી શકે છે.

**(૩) સંશય :-** ઉભયકોટિના આલંબનવાળું જ્ઞાન સંશય છે.

કોઈ યોગી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા હોય ત્યારે આ યોગમાર્ગની પ્રવૃત્તિ મારાથી સાધ્ય છે કે નહિ ? તેવો સંશય થાય તો પોતાને અભીષ્ટ એવા યોગમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ થાય નહિ, તેથી સંશય યોગમાર્ગની પ્રવૃત્તિમાં અંતરાયરૂપ છે અને ઈશ્વરના જપથી નિર્મળ થયેલા ચિત્તથી સંશય આપાદક કર્મો દૂર થાય છે, તેથી સ્વભૂમિકા અનુસાર આ યોગમાર્ગ મારાથી સાધ્ય છે તેવો નિર્ણય કરીને યોગી યોગમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ કરી શકે છે.

**(૪) પ્રમાદ :-** અનવધાનતા એ પ્રમાદ છે અર્થાત્ સમાધિના સાધનોમાં ઔદાસીન્ય એ પ્રમાદ છે.

કોઈ યોગી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં હોય તોપણ ચિત્તમાં પ્રમાદ વર્તતો હોય તો તે યોગમાર્ગના સેવનકાળમાં તે યોગમાર્ગના સેવનથી ચિત્તમાં જે સમાધિ પ્રગટ કરવાની છે તેને અનુકૂળ એવા માનસવ્યાપારરૂપ સાધનમાં ઔદાસીન્ય વર્તે છે, તેથી લક્ષ્યના અવધાનપૂર્વક યોગની ક્રિયા થતી નથી, માટે પ્રમાદ એ યોગમાર્ગની પ્રવૃત્તિમાં અંતરાયરૂપ છે અને ઈશ્વરના જપથી ચિત્ત નિર્મળ બને તો તે પ્રમાદ દૂર થાય અને અવધાનપૂર્વક યોગમાર્ગની પ્રવૃત્તિ યોગી કરી શકે છે.

**(૫) આલસ્ય :-** કાયા અને ચિત્તનું જડપણું એ આળસ છે.

યોગના અર્થી જીવોમાં પણ કાયા અને ચિત્તનું જડપણું હોય છે. તે આળસ યોગવિષયક પ્રવૃત્તિના અભાવનો હેતુ છે, તેથી યોગનિષ્પત્તિના અર્થી જીવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આળસને કારણે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકતા નથી. ક્વચિત્ યત્નપૂર્વક યોગમાર્ગની પ્રવૃત્તિ કરે તોપણ કાયા અને ચિત્તની જડતાને કારણે યોગમાર્ગની પ્રવૃત્તિ સમ્યક્ થતી નથી, માટે આળસ એ યોગની નિષ્પત્તિમાં અંતરાયરૂપ છે અને ઈશ્વરના જપથી તે પ્રકારનો અંતરાય દૂર થાય તો યોગી યોગમાર્ગમાં સમ્યક્ પ્રવૃત્તિ કરી શકે છે.

**(૬) અવિરતિ :-** ચિત્તની વિષયના સંપ્રયોગ સ્વરૂપ ગૃદ્ધિ અવિરતિ છે.

યોગના અર્થી જીવો પણ ઇન્દ્રિયોના વિષયોમાં ગૃદ્ધિવાળા હોય તો તેમને વિષયોની પ્રાપ્તિ થાય ત્યારે તેમાંથી તેમનું ચિત્ત ગૃદ્ધિને કારણે ખસતું નથી, તેથી બાહ્યથી યોગમાર્ગની પ્રવૃત્તિ થતી હોય તોપણ અવિરતિને કારણે વિષયોથી વિમુખ અંતરંગ આત્મભાવોમાં ચિત્ત જતું નથી, આથી આરાધક પણ યોગી સદનુષ્ઠાનકાળમાં ઇન્દ્રિયોના વિષયોથી યોજન પામીને તે તે ભાવો કરે છે. તેથી યોગની નિષ્પત્તિમાં અવિરતિ અંતરાયરૂપ છે અને ઈશ્વરના જપથી ઈશ્વરના ગુણો પ્રત્યે રાગવાળું ચિત્ત બને તો વિષયોની ગૃદ્ધિ ઓછી થાય છે, તેનાથી અવિરતિરૂપ અંતરાય દૂર થાય છે; માટે યોગી યોગમાર્ગની સમ્યક્ પ્રવૃત્તિ કરી શકે છે.

**(૭) વિભ્રમ=ભ્રાંતિદર્શન :-** શુક્તિમાં રજતની જેમ વિપર્યયવાળું જ્ઞાન.

યોગના અર્થી જીવો યોગમાર્ગની પ્રવૃત્તિ કરી રહ્યા હોય ત્યારે કયા પ્રકારની યોગની પ્રવૃત્તિ કયા અંતરંગ વ્યાપારપૂર્વક ગુણનિષ્પત્તિનું કારણ બને છે, તે વિષયમાં વિપરીત બોધ હોય તો તે ભ્રાંતિદર્શનરૂપ છે; આ પ્રકારની ભ્રાંતિ યોગશાસ્ત્રોના વચનોનો સમ્યગ્ બોધ નહિ થવાથી યોગમાર્ગના વચનોના યથાર્થ તાત્પર્યના અયોજનને કારણે થાય છે અને તે પ્રકારનું ભ્રાંતિદર્શન વર્તતું હોય તો યોગમાર્ગની બાહ્ય પ્રવૃત્તિથી પણ યોગની નિષ્પત્તિ થાય નહિ અને ઈશ્વરના જપથી પ્રગટ થયેલ નિર્મળ મતિને કારણે તે ભ્રાંતિ નામનો અંતરાય દૂર થાય છે, તેથી યોગી યોગમાર્ગમાં સમ્યક્ પ્રવૃત્તિ કરી શકે છે.

**(૮) ભૂમિઅલાભ=અલબ્ધભૂમિકત્વ :-** કોઈ નિમિત્તથી સમાધિની ભૂમિનો અલાભ=અસંપ્રાપ્તિ એ અલબ્ધભૂમિકત્વ નામનો અંતરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગમાર્ગની અનેક ભૂમિકાઓ છે અને જે ભૂમિકાને અનુરૂપ આત્મામાં કષાયની અનાકુળતારૂપ સમાધિ પ્રાપ્ત થયેલી હોય તેવી ચિત્તની ભૂમિવાળો સાધક ઉત્તરના યોગમાર્ગને સેવવા માટે સમર્થ બને છે, તેથી પૂર્વભૂમિકાવાળું ચિત્ત ઉત્તરના યોગમાર્ગને અનુકૂળ એવી સમાધિની ભૂમિ છે.

જેમ – સર્વવિરતિને અનુકૂળ જેમનું ચિત્ત ઉપશાંત થયેલું હોય તેમનામાં સર્વવિરતિની સમાધિની ભૂમિ છે, અને તેવો સાધક સર્વવિરતિ ગ્રહણ કરે તો સર્વવિરતિની ક્રિયાથી સર્વવિરતિની પરિણતિરૂપ યોગની સંપ્રાપ્તિ થાય, અને જે જીવોને કોઈક નિમિત્તથી તેવી સમાધિની ભૂમિ પ્રાપ્ત થયેલી ન હોય અર્થાત્ કોઈ શારીરિક સ્થિતિને કારણે કે કોઈ કૌટુંબિક ક્લેશને કારણે કે કોઈ તથા પ્રકારના બોધના અભાવને કારણે કે કોઈ અન્ય કારણે તેવી સમાધિની ભૂમિનો અલાભ હોય, અને તે મહાત્મા સર્વવિરતિના ગ્રહણરૂપ યોગમાર્ગની પ્રવૃત્તિ કરે તો તે યોગમાર્ગની પ્રવૃત્તિથી સર્વવિરતિની પરિણતિરૂપ યોગ નિષ્પન્ન થઈ શકતો નથી; કેમ કે તે મહાત્માનું ચિત્ત સર્વવિરતિને અનુકૂળ લબ્ધભૂમિકાવાળું નથી, તેથી અલબ્ધભૂમિકા યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નરૂપ છે, અને દૃઢ પ્રણિધાનપૂર્વક ઈશ્વરનો જપ કરવાથી ઈશ્વરના ગુણો પ્રત્યે રાગનો અતિશય થાય છે, માટે ચિત્તમાં નિર્મળતા આવે છે, તેથી અલબ્ધ-ભૂમિકાવાળું ચિત્ત તે તે યોગમાર્ગને અનુકૂળ લબ્ધભૂમિકાવાળું બને છે, તેથી યોગી તે તે યોગમાર્ગની સમ્યક્ પ્રવૃત્તિ કરી શકે છે.

**(૯) અનવસ્થિતિ=અનવસ્થિતત્વ :-** યોગી યોગમાર્ગની સાધના કરતાં હોય ત્યારે કોઈ નિમિત્તથી સમાધિની ભૂમિમાં ચિત્ત પ્રતિષ્ઠા ન પામે તે અનવસ્થિતત્વ નામનો અંતરાય છે.

યોગમાર્ગને અનુકૂળ લબ્ધભૂમિકાવાળું ચિત્ત હોય આમ છતાં ચિત્તના ચાંચલ્યને કારણે તે તે ભૂમિકાના અનુષ્ઠાનમાં ચિત્ત પ્રતિષ્ઠા પામતું ન હોય તે અનવસ્થિતત્વ નામનો અંતરાય પ્રાપ્ત થાય છે, અને ઈશ્વરના જપથી સ્થિર થયેલું ચિત્ત સ્વભૂમિકા અનુસાર યોગમાર્ગમાં સમ્યક્ પ્રવૃત્તિ કરીને યોગની નિષ્પત્તિ કરી શકે છે.

આ નવ ચિત્તવિક્ષેપો યોગમાર્ગની નિષ્પત્તિમાં અંતરાયો જાણવા. **॥૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

શ્લોક-૯માં બતાવેલા નવ પ્રકારના વિઘ્નોનું સ્વરૂપ ગ્રંથકારશ્રી શ્લોક-૧૦-૧૧-૧૨માં બતાવે છે –

**શ્લોક :-**

धातुवैषम्यजो व्याधिः स्त्यानं चाकर्मनिष्ठता ।
प्रमादोऽयत्न आलस्यमौदासीन्यं च हेतुषु ।।१०।।

**અન્વયાર્થ :-**

धातुवैषम्यजः=ધાતુના વૈષમ્યથી થનારો व्याधिः=વ્યાધિ છે, चाकर्मनिष्ठता= અને અકર્મનિષ્ઠતા स्त्यानम्=સ્ત્યાન છે, अयत्नः=અયત્ન प्रमादः=પ્રમાદ છે, च=અને हेतुषु=હેતુઓમાં અર્થાત્ સમાધિના સાધનોમાં औदासीन्यम्=ઉદાસીનતા आलस्यम्=આળસ છે. ।।૧૦।।

**શ્લોકાર્થ :-**

**ધાતુના વૈષમ્યથી થનારો વ્યાધિ છે, અને અકર્મનિષ્ઠતા સ્ત્યાન છે, અયત્ન પ્રમાદ છે, અને સમાધિના સાધનોમાં ઔદાસીન્ય આળસ છે. ।।૧૦।।**

**ટીકા :-**

धात्विति-धातुवैषम्यजः=धातूद्रेकादिजनितः, व्याधिर्ज्वरातिसारादिः, स्त्यानं चाकर्मनिष्ठता=आदित एव कर्माप्रारम्भः, प्रमादोऽयत्नः=आरब्धेऽप्यनुत्थान-शीलता, आलस्यं च हेतुषु=समाधिसाधनेषु, औदासीन्यं=माध्यस्थ्यं न तु पक्षपातः ।।१०।।

**ટીકાર્થ :-**

धातुवैषम्यजो ..... अतिसारादिः, ધાતુના વૈષમ્યથી થનારો=ધાતુના ઉદ્રેકાદિથી જનિત જ્વર-અતિસારાદિ વ્યાધિ છે,

स्त्यानं ..... अप्रारम्भः, આદિથી જ કર્મના અપ્રારંભરૂપ અકર્મનિષ્ઠતા સ્ત્યાન છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रमादो ..... अनुत्थानशीलता, આરબ્ધ પણ અનુષ્ઠાનમાં અનુત્થાનશીલતારૂપ અયત્ન પ્રમાદ છે,**

**आलस्यं ..... पक्षपातः ।। સમાધિના સાધનરૂપ હેતુઓમાં ઔદાસીન્ય= માધ્યસ્થ, પરંતુ પક્ષપાત નહિ તે આલસ્ય છે. ।।૧૦।।**

❖ आरब्धेऽप्यनुत्थानशीलता - અહીં अपि થી એ કહેવું છે કે અનારબ્ધ એવા યોગમાર્ગમાં તો પ્રમાદને કારણે અનુત્થાનશીલતા હોય, પરંતુ આરબ્ધ એના પણ યોગમાર્ગમાં પ્રમાદને કારણે અનુત્થાનશીલતા પ્રાપ્ત થાય.

**ભાવાર્થ :-**

## ચિત્તના વિક્ષેપોનું સ્વરૂપ :-

**(૧) વ્યાધિ :-** દેહમાં સાત ધાતુઓ છે તેનો વિષમભાવ થાય ત્યારે કોઈક ધાતુઓ ઉદ્રેક પામે છે, તેનાથી જ્વરાદિ વ્યાધિઓ પ્રગટે છે તે યોગમાર્ગમાં અંતરાયરૂપ છે.

**(૨) સ્ત્યાન=જડતા :-** યોગમાર્ગમાં પ્રારંભથી જ ક્રિયાનો અપ્રારંભ તે અકર્મનિષ્ઠતા છે, તેથી કોઈ સાધક ફક્ત ક્રિયા કરે, પરંતુ તે ક્રિયામાં કોઈ પ્રકારનો મનોવ્યાપાર ન કરે. જેમ – ઉપયોગરહિત પ્રતિક્રમણાદિની ક્રિયા તે સ્ત્યાન દોષ કહેવાય છે. તે યોગમાર્ગમાં અંતરાયરૂપ છે.

**(૩) પ્રમાદ :-** આરબ્ધ પણ અનુષ્ઠાનમાં અનુત્થાનશીલતા તે અયત્ન છે અને તે પ્રમાદ છે. જેમ – કોઈ ઉત્સાહપૂર્વક યોગનિષ્પત્તિ અર્થે પ્રતિક્રમણાદિ ક્રિયાનો પ્રારંભ કરે. આમ છતાં સૂત્ર અને અર્થથી ભાવિત થઈ ક્રિયા કરવી કષ્ટસાધ્ય જણાય તેથી તે પ્રકારનું ચિત્ત અનુત્થાનશીલ બને ત્યારે તે પ્રમાદદોષવાળું અનુષ્ઠાન બને અને પ્રમાદ યોગમાર્ગમાં અંતરાયરૂપ છે.

**સ્ત્યાન અને પ્રમાદમાં તફાવત :-** સ્ત્યાનમાં આદિથી જ ક્રિયાનો પ્રારંભ નથી ફક્ત બાહ્યથી ક્રિયા છે, જ્યારે પ્રમાદમાં પ્રથમ ક્રિયાનો પ્રારંભ છે, પાછળથી તે પ્રયત્ન કષ્ટ સાધ્ય જણાવાથી ચિત્ત પ્રમાદી બને છે.

**(૪) આલસ્ય :-** સમાધિના સાધનભૂત એવા હેતુઓમાં ઔદાસીન્ય આલસ્ય છે. ચિત્તમાં રાગાદિ ભાવોની અલ્પતા થવારૂપ સમાધિ છે અને તે તે અનુષ્ઠાનથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધ્ય એવી સમાધિના સાધનભૂત એવા યોગમાર્ગના સ્વભૂમિકા અનુસાર અનુષ્ઠાનોના સેવનમાં જેમને પક્ષપાત નથી, પરંતુ ઔદાસીન્ય છે અર્થાત્ દ્વેષ નથી અને રાગ પણ નથી, પરંતુ મધ્યસ્થભાવ આલસ્ય છે. સમાધિના સાધનમાં રાગપૂર્વક પ્રવૃત્તિ કરવાથી યોગની નિષ્પત્તિ થાય છે. અને દ્વેષપૂર્વક પ્રવૃત્તિ કરવાથી યોગમાર્ગની પ્રાપ્તિમાં બાધક કર્મ બંધાય છે, પરંતુ જેઓ યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે અને રાગપૂર્વક પ્રવૃત્તિ કરતા નથી પરંતુ આળસથી કરે છે. તેઓ યોગના અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવા છતાં ગુણની નિષ્પત્તિ કરી શકતા નથી માટે તેઓનું સેવાયેલું અનુષ્ઠાન વ્યર્થ બને છે, તેથી આળસ એ યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નરૂપ છે. **॥૧૦॥**

**શ્લોક :-**

**विभ्रमो व्यत्ययज्ञानं सन्देहः स्यान्नवेत्ययम् ।**
**अखेदो विषयावेशाद् भवेदविरतिः किल ॥११॥**

**અન્વયાર્થ :-**

**व्यत्ययज्ञानं=વ્યત્યયજ્ઞાન विभ्रमः=વિભ્રમ છે, अयं स्यान्न वा=આ=યોગ છે કે નહિ ? इति=એ પ્રકારનો सन्देहः=સંદેહ છે, किल=ખરેખર विषयावेशाद्=વિષયના આવેશથી अखेदः=અખેદ=વિષયોની પ્રવૃત્તિનો અનુપરમ, अविरतिर्भवेत्=અવિરતિ છે. ॥૧૧॥**

**શ્લોકાર્થ :-**

**વ્યત્યયજ્ઞાન વિભ્રમ છે, આ યોગ છે કે નહિ ? એ પ્રકારનો સંદેહ છે, ખરેખર વિષયના આવેશથી અખેદ અર્થાત્ વિષયોની પ્રવૃત્તિનો અનુપરમ અવિરતિ છે. ॥૧૧॥**

**ટીકા :-**

विभ्रम इति-विभ्रमो=व्यत्ययज्ञानं, रजते रङ्गबुद्धिवत् इष्टसाधनेऽपि योगेऽनिष्टसाधनत्वनिश्चयः, सन्देहोऽयं=योगः स्याद्वा न वेत्याकारः, विषयावेशाद् बाह्येन्द्रियार्थव्याक्षेपलक्षणात्, अखेदोऽनुपरमलक्षणः किलाविरतिर्भवेत् ॥११॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**विभ्रमो ..... निश्चयः, રજતમાં રંગબુદ્ધિની જેમ ઈષ્ટના સાધન પણ યોગમાં અનિષ્ટ સાધનત્વ નિશ્ચયરૂપ વ્યત્યયજ્ઞાન વિભ્રમ છે,**

**सन्देहो ..... इत्याकारः, આ યોગ થાય કે નહિ ? પોતે જે યોગની પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિને આશ્રયીને વિચારે કે આ પ્રવૃત્તિ યોગ થાય કે નહિ ? એ પ્રકારનો સંદેહ છે,**

**विषयावेशाद् ..... भवेत् ।। બાહ્ય ઈન્દ્રિયાર્થના વ્યાક્ષેપસ્વરૂપ વિષયના આવેશથી અનુપરમસ્વરૂપ અખેદ=વિષયોની પ્રવૃત્તિમાં ઈન્દ્રિયોના અનુપરમ-સ્વરૂપ અખેદ, ખરેખર અવિરતિ છે. ।।૧૧।।**

❖ इष्टसाधनेऽपि - અહીં अपि થી એ કહેવું છે કે અનિષ્ટના સાધન એવા પ્રતિકૂળ પદાર્થોમાં તો અનિષ્ટસાધનત્વનો નિશ્ચય છે, પરંતુ ઇષ્ટના સાધન એવા યોગમાં પણ અનિષ્ટસાધનત્વનો નિશ્ચય છે.

**ભાવાર્થ :-**

**(૫) વિભ્રમ :-** રજતમાં રંગની બુદ્ધિ થાય તે વિપરીત જ્ઞાન છે, તેને વિભ્રમ કહેવાય છે. આવો વિભ્રમ યોગમાર્ગમાં કેવા પ્રકારનો થાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે – યોગમાર્ગની પ્રવૃત્તિ ચિત્તની સ્વસ્થતા આપાદન કરીને કલ્યાણનું કારણ હોવાથી કલ્યાણરૂપ એવા ઇષ્ટનું સાધન છે. આવા યોગમાર્ગમાં જે જીવોને અનિષ્ટ સાધનત્વનો નિશ્ચય છે અર્થાત્ આ યોગની પ્રવૃત્તિ જીવોને ભોગના આનંદથી વંચિત કરનાર હોવાથી અનિષ્ટ એવા ભોગના ત્યાગનું સાધન છે એ પ્રકારનો જેમને નિશ્ચય છે તે વિભ્રમ છે.

જેમ – પ્રદેશી રાજાને પરલોકમાં અશ્રદ્ધા હતી ત્યારે પરલોક માટે યોગની પ્રવૃત્તિ અનર્થક છે તેવી બુદ્ધિ હતી તે વિભ્રમ છે, અને આ વિભ્રમ એ યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નરૂપ છે.

**(૬) સંદેહ :-** કોઈ જીવને યોગમાર્ગ કલ્યાણનું કારણ છે, જીવ માટે હિતાવહ છે, તેવી બુદ્ધિ હોય તોપણ કોઈ વિવક્ષિત એવી યોગમાર્ગની પ્રવૃત્તિમાં સંદેહ થાય છે અર્થાત્ આ પ્રવૃત્તિ યોગરૂપ છે કે નહિ એવો સંશય થાય છે, તેથી યોગના અર્થી એવા તે જીવને પણ તે યોગની ઉચિત પ્રવૃત્તિ કરવામાં ઉત્સાહ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) **અવિરતિ :-** યોગના અર્થી જીવો યોગમાર્ગની પ્રવૃત્તિ કરતાં હોય તોપણ ઇન્દ્રિયોના બાહ્ય વિષયોમાં ચિત્તનું આકર્ષણ હોવાને કારણે યોગની પ્રવૃત્તિ કાળમાં ચિત્ત તે તે ઇન્દ્રિયોના વિષયને ગ્રહણ કરવામાં ઉપરમ પામતું નથી=અટકતું નથી, તેથી તેમના ચિત્તમાં અવિરતિ વર્તે છે, તેના કારણે યોગની પ્રવૃત્તિ સમ્યક્ થતી નથી. જેમ – ભગવાનની પૂજા આદિ અનુષ્ઠાન કાળમાં ભગવાનના ગુણોને છોડીને ચિત્ત અન્ય અન્ય વસ્તુને જોવામાં કે સાંભળવામાં વ્યાપારવાળું થાય તે અવિરતિરૂપ છે. **॥૧૧॥**

**શ્લોક :-**

**भूम्यलाभः समाधीनां भुवोऽप्राप्तिः कथञ्चन ।**
**लाभेऽपि तत्र चित्तस्याप्रतिष्ठा त्वनवस्थितिः ॥१२॥**

**અન્વયાર્થ :-**

**कथञ्चन=કોઈક રીતે समाधीनां=સમાધિઓની भुवः=ભૂમિની अप्राप्तिः= અપ્રાપ્તિ भूम्यलाभः=ભૂમિનો અલાભ છે, तु=વળી लाभेऽपि=લાભમાં પણ અર્થાત્ સમાધિઓની ભૂમિનો લાભ થવા છતાં પણ तत्र=ત્યાં=સમાધિઓની ભૂમિમાં चित्तस्य=ચિત્તની अप्रतिष्ठा=અપ્રતિષ્ઠા=અનિવેશ अनवस्थितिः= અનવસ્થિતિ છે. ॥૧૨॥**

**શ્લોકાર્થ :-**

**કોઈક રીતે સમાધિઓની ભૂમિની અપ્રાપ્તિ ભૂમિનો અલાભ છે, વળી સમાધિઓની ભૂમિનો લાભ થવા છતાં પણ સમાધિઓની ભૂમિમાં ચિત્તની અપ્રતિષ્ઠા અનવસ્થિતિ છે. ॥૧૨॥**

**ટીકા :-**

भूम्यलाभ इति-कुतोऽपि हेतोः समाधीनां भुवः=स्थानस्य, अप्राप्तिः भूम्यलाभः, लाभेऽपि=समाधिभूप्राप्तावपि, तत्र=समाधिभुवि, चित्तस्याप्रतिष्ठा=अनिवेशः, त्वनवस्थितिः ॥१२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

कुतोऽपि ..... भूम्यलाभः, **કોઈપણ હેતુથી સમાધિઓની ભૂમિની=સ્થાનની, અપ્રાપ્તિ ભૂમિનો અલાભ છે,**

लाभेऽपि ..... अनवस्थितिः ।। **વળી સમાધિઓની ભૂમિની પ્રાપ્તિમાં પણ, ત્યાં=સમાધિઓની ભૂમિમાં, ચિત્તની અપ્રતિષ્ઠા=ચિત્તનો અનિવેશ, અનવસ્થિતિ છે. ।।૧૨।।**

❖ लाभेऽपि=समाधिभूप्राप्तावपि - અહીં अपि થી એ કહેવું છે કે સમાધિની ભૂમિની અપ્રાપ્તિ હોય અને ચિત્તનું ત્યાં અપ્રતિષ્ઠાન હોય તો તો અનવસ્થિતિ વિઘ્નરૂપ છે, પરંતુ સમાધિની ભૂમિની પ્રાપ્તિ હોવા છતાં પણ સમાધિની ભૂમિમાં ચિત્તનું અપ્રતિષ્ઠાન અનવસ્થિતિ છે.

**ભાવાર્થ :-**

**(૮) ભૂમ્યલાભ :-** જે જે પ્રકારની યોગમાર્ગના ઉચિત અનુષ્ઠાનને સમ્યક્ કરવામાં પ્રતિબંધક એવી રાગાદિની અનાકુળતા થાય છે, તે તે પ્રકારની યોગમાર્ગની પ્રવૃત્તિને અનુકૂળ ચિત્તમાં સમાધિ પ્રગટે છે, અને તેવા પ્રકારની સમાધિવાળું ચિત્ત તે ભૂમિકાને અનુરૂપ યોગમાર્ગની પ્રવૃત્તિ કરીને ઉત્તર ઉત્તરની ભૂમિકાના અનુષ્ઠાનને સમ્યક્ કરી શકે તેવી સમાધિવાળું બને છે, તેથી અનેક પ્રકારની યોગમાર્ગના સમ્યગ્ સેવનનું કારણ બને તેવી ચિત્તની સમાધિઓ છે, અને તે સમાધિને અનુરૂપ ઉચિત યોગમાર્ગના સેવનની પ્રવૃત્તિ તે તે પ્રકારના યોગની નિષ્પત્તિ દ્વારા કલ્યાણનું કારણ બને છે, પરંતુ જે મહાત્માને કોઈક નિમિત્તે સ્વીકારાયેલા યોગમાર્ગની પ્રવૃત્તિને અનુકૂળ સમાધિના સ્થાનની અપ્રાપ્તિ હોય તો સેવાતા એવા તે અનુષ્ઠાનની પ્રવૃત્તિથી ગુણની વૃદ્ધિરૂપ યોગ નિષ્પન્ન થતો નથી, માટે સ્વીકારાયેલા અનુષ્ઠાનને અનુરૂપ ચિત્તની ભૂમિનો અલાભ યોગની પ્રવૃત્તિના ફળની પ્રાપ્તિમાં અંતરાયરૂપ છે.

**(૯) અનવસ્થિતિ :-** કોઈક યોગીને પોતે જે અનુષ્ઠાન સ્વીકારેલ છે તેને અનુરૂપ સમાધિની ભૂમિની પ્રાપ્તિ થયેલી હોય, આમ છતાં યોગમાર્ગની પ્રવૃત્તિ કરે ત્યારે સમાધિની ભૂમિઓમાં ચિત્ત નિવેશ પામે નહિ તે અનવસ્થિતિ નામનો અંતરાય છે, તેથી સમાધિની ભૂમિને પામેલા યોગીને પણ યોગના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવનનું ફળ પ્રાપ્ત થતું નથી. માટે અનવસ્થિતિ એ ઉચિત અનુષ્ઠાનથી નિષ્પાદ્ય એવા ગુણની પ્રાપ્તિરૂપ યોગમાં અંતરાયરૂપ છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦થી ૧૨ સુધી ગ્રંથકારશ્રીએ અંતરાયોનું સ્વરૂપ બતાવ્યું. હવે તે અંતરાયો જપથી કઈ રીતે નાશ પામે છે તે ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**रजस्तमोमयाद्दोषाद्विक्षेपाश्चेतसो ह्यमी ।**
**सोपक्रमा जपान्नाशं यान्ति शक्तिहतिं परे ।।१३।।**

**અન્વયાર્થ :-**

रजस्तमोमयाद्दोषात्=રજ અને તમોમય દોષથીचेतसो=ચિત્તનાहि=ખરેખર अमी विक्षेपाः सोपक्रमाः=આ સોપક્રમ વિક્ષેપોजपात्=જપથીनाशं यान्ति=નાશ પામે છે परे=પર=નિરુપક્રમ વિક્ષેપો शक्तिहतिम्= શક્તિની હતિને પામે છે. ॥૧૩॥

**શ્લોકાર્થ :-**

**રજ અને તમોમય દોષથી ચિત્તના આ સોપક્રમ વિક્ષેપો જપથી નાશ પામે છે અને નિરુપક્રમ વિક્ષેપો શક્તિની હતિને પામે છે. ॥૧૩॥**

**ટીકા :-**

रज इति-अमी हि रजस्तमोमयाद्दोषाच्चेतसो विक्षेपा=एकाग्रताविरोधिनः परिणामाः, सोपक्रमा अपवर्तनीयकर्मजनिताः सन्तः जपाद्=भगवति प्रणिधानात्, नाशं यान्ति परे=निरुपक्रमाः शक्तिहतिं=दोषानुबन्धशक्तिभङ्गं, उभयथापि योगप्रतिबन्धसामर्थ्यमेषामपगच्छतीति भावः ।।१३।।

**ટીકાર્થ :-**

अमी ..... भावः ।। અંતરાયો, રજ અને તમોમય દોષથી ચિત્તના આ= પૂર્વમાં વર્ણન એ, વિક્ષેપો=એકાગ્રતાના વિરોધી પરિણામો, સોપક્રમ= અપવર્તનીય કર્મથી ઉત્પન્ન થયેલા છતા જપથી=ભગવાનવિષયક પ્રણિધાનથી, નાશ પામે છે. પર=નિરુપક્રમ એવા અંતરાયો શક્તિની હતિને=દોષની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુબંધશક્તિના ભંગને પ્રાપ્ત કરે છે. આમનું બંને પણ પ્રકારનું યોગપ્રતિબંધનું સામર્થ્ય=પૂર્વમાં બતાવેલા અંતરાયરૂપ દોષોનું સોપક્રમ અને નિરુપક્રમરૂપ બંને પણ પ્રકારનું યોગપ્રતિબંધરૂપ સામર્થ્ય, દૂર થાય છે અર્થાત્ જપથી દૂર થાય છે એ પ્રકારનો ભાવ છે. ।।૧૩।।**

❖ उभयथाऽपि योगप्रतिबन्धसामर्थ्यम् - અહીં अपि થી એ કહેવું છે કે સોપક્રમ કે નિરુપક્રમકર્મવાળા વિક્ષેપોમાંથી એકનું તો યોગપ્રતિબંધ સામર્થ્ય ભગવાનના જપથી દૂર થાય છે, પરંતુ સોપકર્મ અને નિરુપકર્મરૂપ બંને પણ પ્રકારે તેઓનું યોગપ્રતિબંધ સામર્થ્ય ભગવાનના જપથી દૂર થાય છે.

**ભાવાર્થ :-**

**જપથી વિક્ષેપો કઈ રીતે નાશ પામે છે તેનું સ્વરૂપ :-**

શ્લોક-૧૦થી ૧૨ સુધી અંતરાયોનું સ્વરૂપ બતાવ્યું, તેમાં વ્યાધિદોષ ધાતુના વૈષમ્યથી થાય છે, પરંતુ રજ તમ દોષથી સાક્ષાત્ થતો નથી, છતાં તે વ્યાધિને કારણે ચિત્તમાં જે વિક્ષેપ થાય છે તે રજ અને તમ ઉભયના દોષથી થાય છે, અને તે સિવાયના અન્ય સર્વ અંતરાયો રજ અને તમ ઉભયના દોષથી થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, શરીરમાં વ્યાધિ વર્તતો હોય, તેના કારણે યોગમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ થાય તેવો રાગનો અતિશય યોગવિષયક ઉલ્લસિત થઈ શકતો ન હોય, પરંતુ વ્યાધિની પીડાથી ચિત્ત ક્ષુભિત થતું હોય તો વ્યાધિ અંતરાયરૂપ બને છે, અને દેહમાં વ્યાધિ હોવા છતાં જેમનું ચિત્ત ક્ષુભિત થતું નથી તેમને વ્યાધિ અંતરાયરૂપ બનતું નથી. આથી સનત્કુમાર ચક્રવર્તીને દેહમાં રહેલા વ્યાધિઓ યોગમાર્ગની પ્રવૃત્તિમાં અંતરાયરૂપ બન્યા નહિ, છતાં વ્યાધિ જેમને યોગમાર્ગની પ્રવૃત્તિમાં અંતરાયરૂપ બને છે તેવા પણ યોગી જપ કરે તો તે જપથી વ્યાધિના આપાદક સોપક્રમ કર્મ હોય તો દૂર થાય છે અને નિરુપક્રમ હોય તોપણ જપથી શાંત થયેલું ચિત્ત થવાથી વ્યાધિ અંતરાયરૂપ બનતી નથી.

વળી વ્યાધિ સિવાયના સર્વ અંતરાયો રજ અને તમ ઉભયના દોષથી ચિત્તમાં વિક્ષેપ કરનારા છે; કેમ કે અન્ય સર્વ દોષો તો યોગમાર્ગની દૃઢ પ્રવૃત્તિ ઉલ્લસિત કરે તેવા રાગમાં સાક્ષાત્ પ્રતિબંધક છે અને તેવા દોષવાળું ચિત્ત રજ અને તમથી અભિભૂત છે અને તેના કારણે ચિત્તમાં પૂર્વમાં શ્લોક-૧૦થી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨માં વર્ણન કર્યું એ વિક્ષેપો, પેદા થાય છે. અને આ ચિત્તના દોષો સોપક્રમ કર્મથી ઉત્પન્ન થયેલા હોય તો ઈશ્વરના જપથી નાશ પામે છે, અને નિરુપક્રમ કર્મથી ઉત્પન્ન થયેલા હોય તો દોષના અનુબંધની શક્તિ નાશ પામે છે.

આશય એ છે કે, ચિત્તમાં વિક્ષેપ કરનારા રાગાદિ ભાવો યોગમાર્ગની પ્રવૃત્તિમાં એકાગ્રતા લાવવામાં બાધ કરનારા છે, અને તે રાગાદિ ભાવો સોપક્રમ કર્મના ઉદયથી વર્તતા હોય તો પુરુષના પ્રયત્નથી નિવર્તન પામે તેવા છે, તેથી કોઈ યોગી દૃઢ પ્રણિધાન કરીને ઈશ્વરનો જપ કરે તો ઈશ્વરના ગુણો પ્રત્યે રાગવાળું ચિત્ત બને છે, અને ઈશ્વરના ગુણો પ્રત્યે રાગવાળું થયેલું ચિત્ત હોય ત્યારે યોગમાર્ગમાં બાધક એવા સોપક્રમ કર્મથી થયેલા રાગાદિ ભાવો નિવર્તન પામે છે, તેથી યોગી એકાગ્રતાપૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે છે, આથી જ દુષ્કૃતની ગર્હા કરીને દુષ્કૃતથી વિમુખ થવા માટે અને સુકૃતની અનુમોદના કરીને સુકૃતને અભિમુખ થવા માટે તત્પર થયેલા યોગી અરિહંતાદિ ચારનું શરણું સ્વીકારે છે, તે ચારના શરણ સ્વીકારની ક્રિયાથી અરિહંતાદિ ચાર ભાવો પ્રત્યે રાગભાવવાળું ચિત્ત બને છે, અને તેના કારણે ચિત્તમાં શાંતિ ઉત્પન્ન થાય છે અને શાંત થયેલું ચિત્ત દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના દ્વારા ઉત્તર-ઉત્તરના યોગમાર્ગને નિષ્પન્ન કરી શકે છે.

આનાથી એ ફલિત થાય છે કે ઈશ્વરના જપથી સોપક્રમ કર્મથી ઉત્પન્ન થયેલા વિક્ષેપો નાશ પામે છે. વળી કોઈ યોગીના વિક્ષેપોને પેદા કરનારા નિરુપક્રમ કર્મો હોય તો તે યોગી વિક્ષેપોને દૂર કરવા માટે ઈશ્વરનો જપ કરે તેથી ભગવાનના ગુણોના પ્રણિધાનવાળું ચિત્ત બને તોપણ તે નિરુપક્રમ કર્મો નાશ પામે નહિ, છતાં તે નિરુપક્રમ કર્મોમાં દોષના અનુબંધની શક્તિનો નાશ થાય છે, તેથી તે વિક્ષેપને કરનારા નિરુપક્રમ કર્મો પ્રવાહરૂપે ચાલતા નથી, પરંતુ તે નિરુપક્રમ કર્મો વિપાકમાં આવીને ભોગવાઈ જાય પછી યોગી સુખપૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે છે.

જેમ -- નંદિષેણમુનિને ચારિત્રમાં પ્રતિબંધક નિરુપક્રમ કર્મો હતા, છતાં શ્રુતથી ભાવિત તેમનું ચિત્ત હોવાને કારણે તેમના નિરુપક્રમ કર્મોમાં અનુબંધશક્તિ નાશ પામેલી તેથી તે નિરુપક્રમ કર્મો ભોગવાઈને દૂર થયા ત્યારે નંદિષેણમુનિ વિઘ્નરહિત સંયમમાં ફરી યત્નશીલ બન્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનાથી એ પ્રાપ્ત થાય છે કે ભગવાનના જપથી વિક્ષેપ આપાદક કર્મોમાં યોગના પ્રતિબંધનું સામર્થ્ય બંને પણ પ્રકારે દૂર થાય છે અર્થાત્ સોપક્રમ કર્મો હોય કે નિરુપક્રમ કર્મો હોય તે બંને પણ પ્રકારના કર્મોનું સામર્થ્ય દૂર થાય છે. ફક્ત સોપક્રમ કર્મો તત્કાળ નિવર્તન પામે છે અને નિરુપક્રમ કર્મો પ્રવાહથી નિવર્તન પામે છે. **||૧૩||**

**અવતરણિકા :-**

**શ્લોક-૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું તે રીતે પાતંજલમતાનુસાર ઈશ્વરના જપથી વિઘ્નોનો સંક્ષય થાય છે અને પ્રત્યક્ચૈતન્યનો લાભ થાય છે તે યુક્ત છે. ત્યાં પ્રથમ ઈશ્વરના જપથી પ્રત્યૂહોનો=વિઘ્નોનો, સંક્ષય કેવી રીતે થાય તે અત્યાર સુધી બતાવ્યું. હવે ઈશ્વરના જપથી પ્રત્યક્ચૈતન્યનો લાભ થાય છે, તે ગ્રંથકારશ્રીને કઈ રીતે સંમત છે તે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

प्रत्यक्च्चैतन्यमप्यस्मादन्तर्ज्योतिःप्रथामयम् ।
बहिर्व्यापाररोधेन जायमानं मतं हि नः ।।१४।।

**અન્વયાર્થ :-**

अस्माद्=આનાથી=ભગવાનના જપથી, बहिर्व्यापाररोधेन=બહિર્વ્યાપારના રોધ દ્વારા अन्तर्ज्योतिः प्रथामयम्=અન્તર્જ્યોતિપ્રથામય प्रत्यक्चैतन्यमपि=પ્રત્યક્-ચૈતન્ય પણ जायमानं=થતું हि=ખરેખર नः=અમને मतम्= સંમત છે. ।।૧૪।।

**શ્લોકાર્થ :-**

**ભગવાનના જપથી બહિર્વ્યાપારના રોધ દ્વારા અન્તર્જ્યોતિપ્રથામય પ્રત્યક્ચૈતન્ય પણ થતું ખરેખર અમને સંમત છે. ।।૧૪।।**

**ટીકા :-**

प्रत्यगिति-अस्माद्=भगवज्जपात्, बहिर्व्यापाररोधेन=शब्दादिबहिरर्थग्रह-त्यागेन, अन्तर्ज्योतिःप्रथा=ज्ञानादिविशुद्धिविस्तारः, तन्मयं प्रत्यक्चैतन्यमपि हि जायमानं मतं नः=अस्माकं, तथैव भक्तिश्रद्धाद्यतिशयोपपत्तेः ।।१४।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**अस्माद् ..... उपपत्तेः ।। આનાથી=ભગવાનના જપથી, બહિર્વ્યાપારના રોધ દ્વારા=શબ્દાદિ બાહ્ય અર્થના ગ્રહણના ત્યાગ દ્વારા, અન્તર્જ્યોતિપ્રથા= જ્ઞાનાદિની વિશુદ્ધિનો વિસ્તાર, તન્મય એવું=વિસ્તારમય એવું, પ્રત્યક્ચૈતન્ય પણ થતું અમને સંમત છે; કેમ કે તે રીતે જ=પ્રણિધાનપૂર્વક જાપ કરવામાં આવે તે રીતે જ, ભક્તિ અને શ્રદ્ધાદિના અતિશયની ઉપપત્તિ છે. ।।૧૪।।**

❖ प्रत्यक्चैतन्यमपि - અહીં अपि થી એ કહેવું છે કે ઈશ્વરના જપથી પ્રત્યૂહોનો સંક્ષય તો અમને સંમત છે, પરંતુ પ્રત્યક્ચૈતન્ય પણ થતું એવું અમને સંમત છે.

❖ भक्तिश्रद्धाद्यतिशयोपपत्तेः - અહીં भक्तिश्रद्धादि માં આદિથી સૂક્ષ્મબોધ, રાગાદિની તાનવતા આદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**ગ્રંથકારશ્રીને અભિમત એવું પ્રત્યક્ચૈતન્યનું સ્વરૂપ :-**

કોઈ યોગી મહાત્મા ભગવાનના ગુણોના પ્રણિધાનપૂર્વક ભગવાનનો જપ કરે તો ઈશ્વરના ગુણોમાં ચિત્તનો દૃઢ વ્યાપાર થવાથી બહિર્વ્યાપારનો રોધ થાય છે=પાંચે ઇન્દ્રિયોના શબ્દાદિ બાહ્ય અર્થોના ગ્રહણનો ત્યાગ થાય છે, અને ઈશ્વરના ગુણોને અભિમુખ એવું ચિત્ત થતું હોવાથી અંતર્જ્યોતિનો વિસ્તાર થાય છે અર્થાત્ મોહથી અનાકુળ એવી આત્માની નિર્મળ અવસ્થાને જોવાને અનુરૂપ જ્ઞાનશક્તિનો વિસ્તાર થાય છે, વળી ચિત્તમાં સ્થૈર્ય થવાને કારણે ચારિત્રની વિશુદ્ધિનો વિસ્તાર થાય છે, અને તેવા જ્ઞાનાદિની વિશુદ્ધિના વિસ્તારમય એવું પ્રત્યક્ચૈતન્ય પણ તે યોગીમાં પ્રગટ થતું દેખાય છે અર્થાત્ પ્રત્યક્ચૈતન્ય= કેવલ ચૈતન્ય, અને તેવું ચૈતન્ય વીતરાગમાં પૂર્ણ પ્રગટ છે, અને જપકાળમાં યોગીમાં તેવું પ્રત્યક્ચૈતન્ય પૂર્ણ પ્રગટ નથી તોપણ કાંઈક કાંઈક પ્રગટ થતું દેખાય છે, એ પ્રકારે અમને પણ સંમત છે એમ ગ્રંથકારશ્રી કહે છે.

જપથી પ્રત્યક્ચૈતન્ય પ્રગટ થતું કેમ દેખાય છે, તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

તે પ્રકારે જ ભક્તિ અને શ્રદ્ધાના અતિશયની ઉપપત્તિ છે, અર્થાત્ ઈશ્વરના ગુણોના પ્રણિધાનપૂર્વક ઈશ્વરનો જપ કરવામાં આવે ત્યારે ઈશ્વરના જેવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈતન્ય પોતાનામાં પ્રગટ થાય, તેને અનુકૂળ ઈશ્વર પ્રત્યેની ભક્તિનો અતિશય થાય છે, અને ઈશ્વરના ગુણો એકાંતે જીવ માટે હિતકારી છે તેવી શ્રદ્ધાનો અતિશય થાય છે, અને ઈશ્વરના જેવા થવા માટે અનુકૂળ એવી મતિવિશેષનો અતિશય થાય છે, અને ઈશ્વર સાથે એકાકાર ચિત્ત થાય તેવા દૃઢયત્નનો અતિશય થાય છે, તેથી ભગવાનના જપથી આવું પ્રત્યક્ચૈતન્ય પ્રગટ થતું અમને સંમત છે.

**વિશેષાર્થ :-**

સંસારી જીવોનો આત્મા અવીતરાગભાવનાથી અત્યંત ભાવિત છે, તેથી રાગાદિથી આકુળ થઈને બાહ્ય વિષયોમાં સતત પ્રવર્તે છે, અને પોતાના અવીતરાગભાવને અતિશય-અતિશયતર કરે છે, અને જ્યારે યોગી દૃઢ પ્રણિધાનપૂર્વક ઈશ્વરનો જપ કરે છે, ત્યારે વીતરાગમય એવા ઈશ્વરના સ્વરૂપ પ્રત્યે યોગીનું ચિત્ત દૃઢ વર્તે છે, તેથી યોગીનો આત્મા સતત વીતરાગભાવનાથી ભાવિત બને છે, જેના કારણે આત્મામાં પડેલા અવીતરાગભાવના સંસ્કારો ક્ષીણ-ક્ષીણતર થાય છે, અને વીતરાગભાવ પ્રત્યે પક્ષપાતના સંસ્કારો અતિશય-અતિશયતર થાય છે, તેથી તે યોગીનો આત્મા વીતરાગભાવને આસન્ન-આસન્નતર બને છે, તે જપથી થતું એવું પ્રત્યક્ચૈતન્ય છે, અને જ્યારે યોગી વીતરાગ બને છે ત્યારે તેમનું ચૈતન્ય વીતરાગની જેમ પ્રત્યક્ચૈતન્ય બની જાય છે અર્થાત્ સંપૂર્ણ મોહથી અનાકુળ એવું ચૈતન્ય બની જાય છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૪માં કહ્યું કે ભગવાનના જપથી પ્રત્યક્ચૈતન્ય પણ થતું અમને સંમત છે, તેથી હવે ભગવાનના જપથી કઈ ભૂમિકાનું પ્રત્યક્ચૈતન્ય પ્રગટે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**योगातिशयतश्चायं स्तोत्रकोटिगुणः स्मृतः ।**
**योगदृष्ट्या बुधैर्दृष्टो ध्यानविश्रामभूमिका ।।१५।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

च=અને योगातिशयतः=મન-વચન-કાયાના વ્યાપારરૂપ યોગના અતિશયથી अयं=આ=ઈશ્વરનો જપ स्तोत्रकोटिगुणः=સ્તોત્રથી કોટિગુણ स्मृतः=કહેવાયો છે (અને) बुधैः=બુધો વડે योगदृष्ट्या=યોગદૃષ્ટિથી ध्यानविश्रामभूमिका=ધ્યાનની વિશ્રામ ભૂમિકા दृष्टः=જોવાઈ છે. ।।૧૫।।

**શ્લોકાર્થ :-**

**અને યોગના અતિશયથી ઈશ્વરનો જપ સ્તોત્રથી કોટિગુણ કહેવાયો છે (અને) બુધો વડે યોગદૃષ્ટિથી ધ્યાનની વિશ્રામ ભૂમિકા જોવાઈ છે. ।।૧૫।।**

**ટીકા :-**

योगेति-योगातिशयतश्च=आत्माभ्यन्तरपरिणामोत्कर्षाच्च, अयं=जपः, स्तोत्रकोटिगुणः स्मृतः चिरन्तनाचार्यैः, वाग्योगापेक्षया मनोयोगस्याधिकत्वात्, अत एव मौनविशेषेणैव जपः प्रशस्यते, तथा बुधैर्विशारदैः योगदृष्ट्या योगजप्रातिभज्ञानेन, ध्यानस्य विश्रामभूमिका=पुनरारोहस्थानं, दृष्टः ।।१५।।

**ટીકાર્થ :-**

योगातिशयतः ..... दृष्टः ।। અને યોગના અતિશયથી=આત્માના અભ્યંતર પરિણામરૂપ મનના ઉત્કર્ષથી, આ=જપ, સ્તોત્રથી કોટિગુણ ચિરંતનાચાર્યો વડે કહેવાયો છે; કેમ કે વાગ્યોગની અપેક્ષાએ મનોયોગનું અધિકપણું છે. આથી જ=વાગ્યોગની અપેક્ષાએ મનોયોગનું અધિકપણું છે આથી જ, મૌનવિશેષથી જ જપની પ્રશંસા કરાય છે અને બુધો વડે=વિશારદો વડે, યોગદૃષ્ટિથી=યોગના સેવનથી થયેલા પ્રાતિભજ્ઞાનથી અર્થાત્ યોગના સેવનથી થયેલી મતિવિશેષથી, ધ્યાનની વિશ્રામ ભૂમિકા જોવાઈ છે=ધ્યાનનું ફરી આરોહનું સ્થાન જોવાયું છે. ।।૧૫।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**ભગવાનના જપથી થતા પ્રત્યક્ચૈત્યનું સ્વરૂપ :-**

ભગવાનની પૂજા અન્યત્ર પુષ્પ, આમિષ, સ્તોત્ર અને પ્રતિપત્તિરૂપ એમ ચાર પ્રકારે ઉત્તરોત્તર અધિક અધિક કહેલ છે, તે પ્રમાણે ભગવાનના ગુણોની સ્મૃતિપૂર્વક પુષ્પપૂજા કરનારને જે ભાવો થાય છે, તેના કરતાં આમિષપૂજામાં વીતરાગતાને અભિમુખ અધિક ભાવ થાય છે, અને આમિષપૂજામાં વીતરાગતાને અભિમુખ જે ભાવ થાય છે, તેના કરતાં સ્તોત્રપૂજામાં વીતરાગતાને અભિમુખ અધિક ભાવ થાય છે. વીતરાગતાને અભિમુખ આ ભાવો જ જાયમાન=ઉત્પન્ન થતું એવું, પ્રત્યક્ચૈતન્ય છે, અને સ્તોત્રપૂજાથી જે પ્રકારનો વીતરાગતાને અભિમુખ ભાવ થાય છે, તેના કરતાં જપથી યોગના અતિશયને કારણે ઘણો અધિક ભાવ થાય છે, તે બતાવવા માટે કહે છે કે, અભ્યંતર પરિણામના ઉત્કર્ષને કારણે જપને સ્તોત્રથી કોટિગુણો ચિરંતનાચાર્યો કહે છે.

અભ્યંતર પરિણામનો ઉત્કર્ષ એટલે બાહ્યવ્યાપારના રોધપૂર્વક જપના વિષયભૂત એવા પરમાત્માને અભિમુખ અંતરંગ પરિણામનો ઉત્કર્ષ.

સ્તોત્રથી થતા પરિણામ કરતાં મન દ્વારા થતા જાપ દ્વારા અભ્યંતર પરિણામનો ઉત્કર્ષ કેમ થાય છે ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

વાગ્યોગની=વચનયોગની, અપેક્ષાએ મનોયોગનું અધિકપણું છે.

આનાથી એ ફલિત થાય છે કે, જે યોગીઓ આદ્ય ભૂમિકામાં છે તેઓ ભગવાનની પુષ્પપૂજાથી વિશેષ પ્રકારના ભાવો કરી શકે છે, તેનાથી અધિક સંપન્ન ભૂમિકાવાળા યોગીઓ આમિષપૂજાથી અધિક ભાવો કરી શકે છે, તેનાથી પણ અધિક સંપન્ન ભૂમિકાવાળા યોગીઓ એકાગ્રતાપૂર્વક સ્તોત્રો બોલીને ભગવાનના ગુણોને અભિમુખ જાય છે. આમ છતાં તે યોગીઓ હજુ એટલા સંપન્ન નથી, કે વચનયોગના અવલંબન વગર માત્ર મનોયોગના બળથી વીતરાગભાવને અભિમુખ જઈ શકે તેવા યોગીઓ માટે સ્તોત્રપૂજા ગુણને કરનાર છે, અને જ્યારે સ્તોત્રપૂજા કરી કરીને, યોગી સંપન્ન થાય છે ત્યારે સ્થિર આસનમાં બેસીને, ચિત્તને નાસિકા આદિ ઉચિત સ્થાનમાં સ્થાપન કરીને, હોઠ વગેરે હલાવ્યા વગર અંતર્જલ્પાકારરૂપે જપ દ્વારા વીતરાગના ગુણોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિમુખ જઈ શકે છે, ત્યારે સ્તોત્રપૂજા કરતાં તે યોગી અધિક શક્તિ સંચયવાળા છે. આથી જ વચનયોગના અવલંબન વગર મૌનવિશેષથી પરિણામનો ઉત્કર્ષ કરી શકે છે, તેથી તેઓનું જાયમાન=ઉત્પન્ન થતું એવું પ્રત્યક્ચૈતન્ય સ્તોત્રપૂજાના કાળ કરતાં અધિક વીતરાગભાવને આસન્ન બને છે, આથી સ્તોત્રપૂજા કરતાં જપ કોટિગુણવાળો છે એમ કહ્યું છે.

વળી અહીં કહ્યું કે, મૌનવિશેષથી જપ પ્રશસ્ય છે. તેથી એ ફલિત થાય કે માત્ર નવકાર આદિનો જાપ કરે તેટલામાત્રથી તે જાપ પ્રશસ્ય નથી, પરંતુ પાંચે ઇન્દ્રિયોનો સંવર હોય અને જપના વિષયભૂત પરમાત્માના સ્વરૂપમાં જપના વચનો દ્વારા ચિત્ત પ્રવેશ પામતું હોય તેવા મૌનવિશેષથી જાપ પ્રશસ્ય છે. આવા જાપને બુધપુરુષો યોગદૃષ્ટિથી ધ્યાનની વિશ્રામ ભૂમિકા કહે છે, અર્થાત્ કોઈ યોગી મહાત્મા ધ્યાનમાં ચડેલા હોય અને વર્તમાનમાં ધ્યાનમાં ન હોય તેવા યોગી મહાત્માઓ આ રીતે જપ દ્વારા ધ્યાનમાં આરોહણ કરે તેનું સ્થાન આ જાપ છે, આ જાપના બળથી તે યોગી મહાત્મા ફરી ધ્યાનમાં ચડી શકે તેવી ભૂમિકા સર્જન થાય છે.

અહીં ટીકામાં યોગદૃષ્ટિનો અર્થ કર્યો કે યોગજ પ્રાતિભજ્ઞાનથી જાપ ધ્યાનની વિશ્રામ ભૂમિકા છે, તેથી એ પ્રાપ્ત થાય છે કે જે યોગીઓ મૌનવિશેષથી જાપ કરે છે તે વખતે તે જપરૂપ યોગના સેવનથી જીવમાં એવી પ્રતિભાવિશેષ થાય છે કે, જેથી વીતરાગભાવના મર્મને સ્પર્શનારું સૂક્ષ્મ મતિજ્ઞાન ઉલ્લસિત થાય છે જેને શાસ્ત્રીય ભાષામાં યોગજ પ્રાતિભજ્ઞાન કહેવાય છે, અને વીતરાગતાના સૂક્ષ્મ સ્વરૂપને જોનાર એવા તે પ્રાતિભજ્ઞાનરૂપ મતિજ્ઞાનના બળથી તે યોગી મહાત્મા ધ્યાનમાં આરોહણ કરીને વિશેષ પ્રકારના પ્રત્યક્ચૈતન્યને આવિર્ભાવ કરવા ઉદ્યમ કરી શકે છે.

**વિશેષાર્થ :-**

વીતરાગતાના અર્થી જીવો વીતરાગના ધ્યાનના પ્રકર્ષથી વીતરાગતાને પ્રાપ્ત કરે છે, આમ છતાં વીતરાગ પ્રત્યેનો અહોભાવ અતિશય કરવા અર્થે સ્વભૂમિકા અનુસાર પુષ્પાદિ પૂજા આદિ કરે છે, તેમાં તન્મયતા આવે તો ધ્યાન આવી શકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, આથી જ પુષ્પપૂજા કરતાં કરતાં ધ્યાનના પ્રકર્ષથી નાગકેતુને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આમ છતાં વીતરાગતાની સાથે લય પામવા માટે ધ્યાનમાં યત્ન કરવો અતિદુષ્કર છે, અને પુષ્પપૂજા દ્વારા તેવું ધ્યાન પ્રાપ્ત કરવું અતિદુષ્કર છે, તેથી ધ્યાનને અનુકૂળ શક્તિ સંગમ અર્થે સાધક આત્મા સ્વભૂમિકા અનુસાર પુષ્પપૂજા, આમિષપૂજા, સ્તોત્રપૂજા કરીને ચિત્તને સંપન્ન કરે છે, અને જ્યારે તે મહાત્મા સંપન્નભૂમિકાવાળા થાય છે ત્યારે મૌનવિશેષથી જપમાં ઉદ્યમ કરે છે.

વળી જેમ ધ્યાન મૌનવિશેષથી મનોયોગ દ્વારા થાય છે તેમ જપ પણ મૌનવિશેષથી મનોયોગ દ્વારા થાય છે, તેથી જપમાં અન્ય યોગોનો નિરોધ હોવાથી ધ્યાનની આસન્ન ભૂમિકા વર્તે છે. આથી કોઈ યોગી કોઈપણ યોગ દ્વારા ધ્યાનને પામેલા હોય તેઓ મૌનવિશેષથી જપ કરે તો ફરી શીઘ્ર ધ્યાનમાં ચડી શકે છે; કેમ કે જપ એ ધ્યાનની નજીકની ભૂમિકા છે, ફક્ત જપમાં ધ્યાનની જેમ એકાગ્રતા નથી, તોપણ અન્ય સર્વ ઇન્દ્રિયોના રોધપૂર્વક જપના વિષયભૂત શબ્દોમાં ચિત્તનું ગમન છે, અને ધ્યાનમાં એકાગ્રતાપૂર્વક વીતરાગભાવ પ્રત્યે ગમન છે, આથી જપને ધ્યાનની વિશ્રામ ભૂમિકા કહેલ છે અર્થાત્ ફરી આરોહનું સ્થાન કહેલ છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**ननु परैर्यादृश ईश्वरोऽभ्युपगतस्तादृशस्य भवद्भिरनभ्युपगमात् कथमार्थ-व्यापारेणापि तदनुग्रहसिद्धिरित्याशङ्कायां विषयविशेषपक्षपातेनैव समाधाना-भिप्रायवानाह –**

**અવતરણિકાર્થ :-**

**નનુથી શંકા કરે છે કે પર વડે=પતંજલિઋષિ વડે, જેવા પ્રકારના ઈશ્વર સ્વીકારાયા છે=જગતના જીવો ઉપર અનુગ્રહ કરવાના સ્વભાવવાળા ઈશ્વર સ્વીકારાયા છે, તેવા પ્રકારના ઈશ્વરનો તમારા વડે અનભ્યુપગમ હોવાથી= અસ્વીકાર હોવાથી, કેવી રીતે આર્થવ્યાપારથી પણ=શ્લોક-૭માં કહ્યું એ રીતે આર્થવ્યાપારથી પણ, તેના અનુગ્રહની સિદ્ધિ છે=ઈશ્વરના અનુગ્રહની સિદ્ધિ છે. એ પ્રકારની આશંકામાં વિષયવિશેષના પક્ષપાતથી જ=સ્તુતિના**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિષયભૂત એવા ભગવાન હોવાથી સ્તુતિના વિષયભૂત એવા ભગવાનનો આ વ્યાપાર છે એ પ્રકારના વિષયવિશેષના પક્ષપાતથી જ, સમાધાનના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

❖ कथमार्थव्यापारेणापि तदनुग्रहसिद्धिः - અહીં अपि થી એ કહેવું છે કે, પતંજલિઋષિ જેમ સાક્ષાત્ ઈશ્વરના વ્યાપારથી ઈશ્વરના અનુગ્રહની સિદ્ધિ કહે છે, તે તો તમારા મતે=જૈન સિદ્ધાંતકારના મતે, સંગત થાય નહિ, પરંતુ આર્થવ્યાપારથી પણ, ઈશ્વરના અનુગ્રહની સિદ્ધિ કઈ રીતે સંગત થાય ? અર્થાત્ થાય નહિ.

**શ્લોક :-**

**माध्यस्थ्यमवलम्ब्यैव देवतातिशयस्य च ।**
**सेवा सर्वैर्बुधैर्दृष्टा(रिष्टा) कालातीतोऽपि यज्जगौ ।।१६।।**

**અન્વયાર્થ :-**

**च=અને माध्यस्थ्यम्=માધ્યસ્થ્યનું अवलम्ब्यैव=અવલંબન કરીને જ देवतातिशयस्य=દેવતાતિશયની सेवा=સેવા सर्वैर्बुधैः=સર્વ બુધો વડે इष्टा=ઈષ્ટ છે, यत्=જે કારણથી कालातीतोऽपि=કાલાતીતે પણ जगौ=કહ્યું છે. ।।૧૬।।**

**શ્લોકાર્થ :-**

**અને માધ્યસ્થ્યનું અવલંબન કરીને જ દેવતાતિશયની સેવા સર્વ બુધો વડે ઈષ્ટ છે, જે કારણથી કાલાતીતે પણ કહ્યું છે. ।।૧૬।।**

**ટીકા :-**

माध्यस्थ्यमिति-माध्यस्थ्यम्=अनिर्णीतविशेषकलहाभिनिवेशाभावलक्षणम्, अवलम्ब्यैव, देवतातिशयस्य च विशिष्टदेवताख्यस्य च, सेवा स्तवनध्यान-पूजनादिरूपा सर्वैर्बुधैरिष्टा=तन्निमित्तकफलार्थत्वेनाभिमता, स्तवनादिक्रियायाः स्वकर्तृकायाः फलदानसमर्थत्वेऽपि स्तवनीयाद्यालम्बनत्वेन तस्याः स्तोत्रादेः फललाभस्य स्तोतव्यादिनिमित्तकत्वव्यवहारात्, यद्=यस्मात्, कालातीतोऽपि शास्त्रकृद्विशेषो जगौ ।।१६।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**माध्यस्थ्यम् ..... अभिमता, અને અનિર્ણીતવિશેષમાં કલહ-અભિનિવેશના અભાવસ્વરૂપ માધ્યસ્થ્યનું અવલંબન કરીને જ=ઉપાસ્ય એવા દેવતાવિષયક અનિર્ણીતવિશેષમાં કલહ અને અભિનિવેશના અભાવસ્વરૂપ જે મધ્યસ્થભાવ તેનું અવલંબન કરીને જ, વિશિષ્ટ દેવતારૂપ દેવતાતિશયની=રાગાદિના અભાવવાળા એવા દેવતારૂપ દેવતાતિશયની, સ્તવન, ધ્યાન, પૂજનાદિરૂપ સેવા સર્વ બુધો વડે ઈષ્ટ છે=તન્નિમિત્તક ફલાર્થપણારૂપે અભિમત છે=દેવતાની સેવાનિમિત્તક પોતાને ઈષ્ટ ફળ મળે છે તે સ્વરૂપે અભિમત છે.**

અહીં પ્રશ્ન થાય કે આ કથનથી ઈશ્વરના આર્થવ્યાપારથી અનુગ્રહની સિદ્ધિ છે, તે કઈ રીતે સિદ્ધ થાય ? તેમાં હેતુ કહે છે –

**स्तवनादि ..... व्यवहारात्, સ્વકર્તૃક એવી સ્તવનાદિ ક્રિયાનું ફળદાનમાં સમર્થપણું હોતે છતે પણ સ્તવનીયાદિનું આલંબનપણું હોવાને કારણે તેના=સ્તવનીયના, સ્તોત્રાદિથી ફળલાભનું સ્તોતવ્યાદિનિમિત્તકપણાનો વ્યવહાર છે=સ્તોતવ્ય એવા ભગવાન આદિ નિમિત્તકપણાનો વ્યવહાર છે.**

પૂર્વમાં કહ્યું કે માધ્યસ્થ્યનું અવલંબન લઈને દેવતાતિશયની પૂજા સર્વ બુધો વડે ઇષ્ટ છે. તેમાં હેતુ કહે છે –

**यत् ..... जगौ ।। જે કારણથી શાસ્ત્રકાર વિશેષ એવા કાલાતીતે પણ કહ્યું છે. ।।૧૬।।**

❖ स्तवनादिक्रियायाः स्वकर्तृकायाः फलदानसमर्थत्वेऽपि - અહીં अपि થી એ કહેવું છે કે સ્વકર્તૃક સ્તવનાદિ ક્રિયા ફળદાનમાં સમર્થ ન હોય તો તો ઈશ્વરકર્તૃક તે ફળ છે એમ કહી શકાય, પરંતુ સ્વકર્તૃકસ્તવનાદિ ક્રિયાનું ફળદાનમાં સમર્થપણું હોવા છતાં પણ સ્તોતવ્યનિમિત્તક તે ફળદાન થતું હોવાથી સ્તોતવ્ય એવા ભગવાનકૃત તે ફળ છે, એમ વ્યવહાર થાય છે.

❖ स्तोतव्यादिनिमित्तकव्यवहारात् - અહીં स्तोतव्यादि માં आदि થી તે પ્રકારના ઉપદેશકનું ગ્રહણ કરવું.

❖ कालातीतोऽपि - અહીં अपि થી એ કહેવું છે કે જૈનદર્શનકાર તો કહે છે કે માધ્યસ્થ્યનું અવલંબન કરીને દેવતાતિશયની સેવા ઇષ્ટ છે, પરંતુ કાલાતીત નામના શાસ્ત્રકારવિશેષ પણ એ પ્રમાણે કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**વિષયવિશેષના પક્ષપાતથી ઈશ્વરનો અનુગ્રહ સ્વીકારવાથી આર્થવ્યાપારથી ઈશ્વરના અનુગ્રહનો સ્વીકાર :-**

જે દેવ રાગ-દ્વેષથી પર હોય તેવા દેવતાવિશેષની સેવા મધ્યસ્થભાવથી કોઈ કરે તો તેનાથી યોગની સિદ્ધિ થાય છે, તેમ સર્વ બુધોને માન્ય છે. મધ્યસ્થભાવથી દેવતાની પૂજાવિશેષ કઈ રીતે થાય તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જ્યાં સુધી અન્ય સર્વદર્શનકારોને ઉપાસ્ય એવા દેવ કરતાં તીર્થંકર ભગવંતો વિશેષ છે તેવો નિર્ણય ન હોય તેવા જીવો માટે તીર્થંકરો અનિર્ણીતવિશેષ છે, અને અનિર્ણીત વિશેષ એવા ઉપાસ્ય દેવમાં આ દેવ ઉપાસ્ય છે અને આ દેવ ઉપાસ્ય નથી એમ કહીને ઉપાસકોની સાથે કલહ કરવો મધ્યસ્થ પુરુષને યુક્ત નથી. વળી મધ્યસ્થ પુરુષને આ જ દેવની ઉપાસનાથી કલ્યાણ થઈ શકે છે, અન્ય દેવની ઉપાસનાથી નહીં એ પ્રકારનો અભિનિવેશ કરવો જોઈએ નહિ, પરંતુ મધ્યસ્થતાપૂર્વક જે કોઈ દેવતા રાગાદિથી પર હોય તેવા દેવતાની ઉપાસના કરવી જોઈએ, અને તેવા દેવતાનું સ્તવન કરવું, તેમના સ્વરૂપનું ધ્યાન અર્થાત્ ચિંતવન કરવું કે તેમનું પૂજનાદિ કરવું, તે સર્વ તે દેવતાની પૂજા છે. આ રીતે દેવતાની પૂજા કોઈ મહાદેવની કરતા હોય, કોઈ અરિહંતની કરતા હોય કે કોઈ અન્ય દેવની કરતા હોય તે નિમિત્તક તે સાધકને યોગમાર્ગની પ્રાપ્તિરૂપ ફળ થાય છે એમ સર્વ બુધો સ્વીકારે છે અને તેમાં સાક્ષી આપે છે કે, શાસ્ત્રકાર વિશેષ એવા કાલાતીત પણ જે કારણથી આગળમાં કહેવાશે તેમ કહે છે, તેથી નક્કી થાય છે કે સર્વ બુધપુરુષો કદાગ્રહના ત્યાગપૂર્વક ગુણસંપન્ન પુરુષની ઉપાસનાથી યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકારે છે.

અહીં પ્રશ્ન થાય છે કે આમ કહેવાથી આર્થવ્યાપારથી ઈશ્વરના અનુગ્રહની સિદ્ધિ કઈ રીતે થાય ? તેથી ટીકામાં તેનો ખુલાસો કરે છે –

જેઓ માધ્યસ્થ્યનું અવલંબન લઈને દેવતાવિશેષની સેવા કરે છે, તેઓની સ્વકર્તૃક એવી સ્તવનાદિ ક્રિયાથી યોગમાર્ગની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તોપણ તે પૂજાના આલંબનીય એવા ઈશ્વરાદિ નિમિત્તક આ સ્તોત્રપૂજાનું ફળ થયું છે તેમ વ્યવહાર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનાથી એ ફલિત થાય છે કે, સાક્ષાત્ જીવના વ્યાપારથી યોગમાર્ગની નિષ્પત્તિ થાય છે, તોપણ તે યોગમાર્ગની નિષ્પત્તિમાં આલંબનીય એવા ઉપાસ્ય દેવના નિમિત્તથી પોતાને યોગમાર્ગ પ્રાપ્ત થયો છે, તેવો વ્યવહાર થાય છે તે આર્થવ્યાપારને આશ્રયીને છે અર્થાત્ સાક્ષાત્ પોતાના વ્યાપારથી યોગમાર્ગ પ્રાપ્ત થયો છે, અને અર્થથી ઈશ્વરના વ્યાપારથી પોતાને યોગમાર્ગ પ્રાપ્ત થયો છે તેમ કહેવાય છે, માટે શ્લોક-૭માં કહેલ કે આર્થવ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ અમને સંમત છે તેમાં કોઈ વિરોધ નથી. ॥૧૬॥

**અવતરણિકા :-**

શ્લોક-૧૬માં કહ્યું કે જે કારણથી કાલાતીતે પણ કહ્યું છે, તેથી હવે કાલાતીતે શું કહ્યું છે તે ગ્રંથકારશ્રી બતાવે છે –

**શ્લોક :-**

अन्येषामप्ययं मार्गो मुक्ताविद्यादिवादिनाम् ।
अभिधानादिभेदेऽपि तत्त्वनीत्या व्यवस्थितः ।।१७।।

**અન્વયાર્થ :-**

अभिधानादिभेदेऽपि=અભિધાનાદિ ભેદ હોવા છતાં પણ અર્થાત્ ઉપાસ્ય એવા દેવતાના નામ આદિનો ભેદ હોવા છતાં પણ, मुक्ताविद्यादिवादिनाम् अन्येषामपि=મુક્ત-અવિદ્યાદિવાદી એવા અન્યોને પણ, तत्त्वनीत्या=તત્ત્વનીતિથી अयं मार्गः=આ માર્ગ=દેવતાવિષયક અમારા વડે કહેવાયેલો એવો માર્ગ અર્થાત્ કાલાતીતે કહેવાયેલો એવો માર્ગ, व्यवस्थितः=વ્યવસ્થિત છે. ॥૧૭॥

**શ્લોકાર્થ :-**

**ઉપાસ્ય એવા દેવતાના નામ આદિનો ભેદ હોવા છતાં પણ મુક્ત-અવિદ્યાદિવાદી એવા અન્યોનો પણ તત્ત્વનીતિથી અમે કહેલો એવો માર્ગ વ્યવસ્થિત છે. ॥૧૭॥**

**ટીકા :-**

अन्येषामिति-अन्येषामपि तीर्थान्तरीयाणां किं पुनरस्माकं, अयम्=अस्मदुक्तो,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मार्गो देवतादिगोचरः, मुक्तादिवादिनामविद्यादिवादिनां च मतेन, अभिधानादीनां= नामविशेषणादीनां, भेदेऽपि तत्त्वनीत्या=परमार्थतः, एकविषयतया व्यवस्थितः= प्रतिष्ठितः ।।१७।।

**ટીકાર્થ :-**

**अन्येषामपि ..... देवतादिगोचरः, અન્ય એવા તીર્થાંતરીયોને પણ વળી અમારે તો શું કહેવું ? પરંતુ અન્ય એવા તીર્થંતરીયોને પણ આ માર્ગ=દેવતાદિ-વિષયક અમારા વડે કહેવાયેલો અર્થાત્ કાલાતીત વડે કહેવાયેલો, માર્ગ વ્યવસ્થિત છે એમ અન્વય છે.**

અન્ય એવા કોના મતે આ માર્ગ વ્યવસ્થિત છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે -

**मुक्तादि ..... मतेन, મુક્તાદિવાદીઓના મતે અને અવિદ્યાદિવાદીઓના મતે આ માર્ગ વ્યવસ્થિત છે એમ અન્વય છે.**

કઈ રીતે આ માર્ગ વ્યવસ્થિત છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**अभिधानादीनां ..... प्रतिष्ठितः ।। અભિધાન આદિનો=નામ વિશેષણ આદિનો અર્થાત્ ઈશ્વરનું નામ, ઈશ્વરના સ્વરૂપને કહેનારા વિશેષણાદિનો, ભેદ હોવા છતાં પણ તત્ત્વનીતિથી=પરમાર્થથી, એક વિષયપણારૂપે= રાગાદિરહિત પૂર્ણપુરુષ ઉપાસ્ય છે ઈત્યાદિરૂપ એકવિષયપણારૂપે, વ્યવસ્થિત છે=પ્રતિષ્ઠિત છે. ।।૧૭।।**

❖ अभिधानादीनां=नामविशेषणादीनां, भेदेऽपि - અહીં अपि થી એ કહેવું છે કે નામ, વિશેષણાદિનો ભેદ ન હોય તો તો એકવિષયપણારૂપે દેવતાદિવિષયક આ માર્ગ વ્યવસ્થિત છે, પરંતુ નામ, વિશેષણાદિનો ભેદ હોવા છતાં પણ તત્ત્વનીતિથી એકવિષયપણારૂપે દેવતાદિવિષયક આ માર્ગ વ્યવસ્થિત છે. नामविशेषणादीनां અહીં आदि થી દેવતાથી કરાયેલી પ્રરૂપણાનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**કાલાતીત નામના શાસ્ત્રકાર શું કથન કરે છે તેનું વર્ણન :-**

શ્લોક-૧૬માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે મધ્યસ્થભાવનું અવલંબન કરીને જ વિશિષ્ટ દેવતાની સેવા સર્વ બુધો વડે ઇષ્ટ છે અને તેમાં કહેલું કે કાલાતીત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આ પ્રમાણે કહે છે, તેથી કાલાતીત નામના શાસ્ત્રકારના વચનને બતાવતાં કહે છે –

કાલાતીત નામના શાસ્ત્રકાર કહે છે કે, દેવતાદિવિષયક નામભેદ હોય, કાંઈક સ્વરૂપભેદ હોય અર્થાત્ અનાદિમુક્ત કે આદિમાન મુક્ત ઇત્યાદિરૂપે કાંઈક સ્વરૂપભેદ હોય, તોપણ પરમાર્થથી રાગાદિથી રહિત અને ગુણોથી પૂર્ણ પુરુષ ઉપાસ્ય છે, એ રૂપ એકવિષયપણાથી ઉપાસક માટે ઉપાસ્ય એવા દેવ સ્વીકારવા યોગ્ય છે અને એ પ્રકારે જેમ અમે=કાલાતીત કહે છે, તેમ મુક્તાદિવાદીઓ અને અવિદ્યાદિવાદીઓ પોતાના ઉપાસ્ય એવા દેવને ભિન્ન ભિન્ન નામથી કહે છે, તેઓના મતથી પણ ઉપાસ્ય એવા દેવતાદિવિષયક આ માર્ગ વ્યવસ્થિત છે.

આનાથી એ ફલિત થાય છે કે, જ્યાં સુધી કયા દેવ શુદ્ધમાર્ગને બતાવનારા છે અને તેઓએ બતાવેલો યોગમાર્ગ કષ, છેદ અને તાપશુદ્ધ છે ઇત્યાદિ વિશેષનો નિર્ણય જેમને થયેલો નથી, તેવા ઉપાસક જીવોએ ઉપાસ્યના સ્વરૂપના વિષયમાં "આજ દેવની ઉપાસના થાય, અન્ય દેવની ઉપાસના ન થાય" એવો કલહ કરવો ઉચિત નથી, "આ જ દેવની ઉપાસના થાય અન્ય દેવની નહિ" તેવો અભિનિવેશ રાખવો પણ ઉચિત નથી, પરંતુ રાગાદિથી રહિત ગુણોથી પૂર્ણ એવા જે હોય તે નામથી મહાદેવ કહેવાતા હોય કે વિષ્ણુ કહેવાતા હોય કે તીર્થંકરો કહેવાતા હોય તેઓની ઉપાસના ઉપાસકોએ કરવી જોઈએ, જેથી તેઓની ઉપાસનાથી પોતાનામાં રહેલા રાગાદિ ભાવોની અલ્પતા થાય અને ક્રમે કરીને વિશેષ યોગમાર્ગની પ્રાપ્તિ થાય.

અહીં મુક્તાદિવાદી અને અવિદ્યાદિવાદી કહેવાથી એ પ્રાપ્ત થાય કે, કેટલાક દર્શનકારો આત્માની શુદ્ધ અવસ્થાને 'મુક્ત' કહે છે, તો અન્ય વળી "બુદ્ધ" કહે છે તો અન્ય વળી અન્ય શબ્દોથી કહે છે, તે સર્વને યોગમાર્ગના સેવનથી આત્માની પ્રાપ્ત કરવા યોગ્ય અવસ્થા એક જ છે, ફક્ત તેને જુદા જુદા નામોથી કહે છે. અને સંસારના કારણને કોઈ 'અવિદ્યા' કહે છે તો કોઈ અન્ય અન્ય શબ્દોથી સંસારના કારણને સ્વીકારે છે અને યોગમાર્ગના સેવન દ્વારા તેઓ અવિદ્યાદિના નાશનો જ ઉપદેશ આપે છે. તેથી સર્વ દર્શનકારો મોક્ષની પ્રાપ્તિનો ઉપાય યોગ કહે છે અને યોગથી નાશ્ય એવી અવિદ્યાને જ જુદા જુદા શબ્દોથી કહે છે. **॥૧૭॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

શ્લોક-૧૭માં કહ્યું કે અન્ય દર્શનકારોને પણ દેવતાવિષયક ઉપાસના માટે એક વિષયપણારૂપે આ માર્ગ વ્યવસ્થિત છે એને જ સ્પષ્ટ કરે છે -

**શ્લોક :-**

मुक्तो बुद्धोऽर्हन् वापि यदैश्वर्येण समन्वितः ।
तदीश्वरः स एव स्यात् संज्ञाभेदोऽत्र केवलम् ।।१८।।

**અન્વયાર્થ :-**

यद्=જે કારણથી मुक्तो बुद्धोऽर्हन्वापि=મુક્ત, બુદ્ધ અને અરિહંત ऐश्वर्येण=ઐશ્વર્યથી समन्वितः=સમન્વિત=યુક્ત હોય तद्=તે કારણથી स एव=તે જ અર્થાત્ મુક્તાદિ જ, ईश्वरः=ઈશ્વર અર્થાત્ અમારા વડે કહેવાયેલ=કાલાતીત વડે કહેવાયેલ, ઈશ્વર, स्यात्=થાય अत्र=અહીં=મુક્તાદિના કથનમાં, केवलं=ફક્ત संज्ञाभेदः=સંજ્ઞાભેદ છે. ।।૧૮।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી મુક્ત, બુદ્ધ અને અરિહંત ઐશ્વર્યથી સમન્વિત હોય તે કારણથી મુક્તાદિ જ કાલાતીત વડે કહેવાયેલ ઈશ્વર થાય, અહીં=મુક્તાદિના કથનમાં, સંજ્ઞાભેદ છે. ।।૧૮।।**

**ટીકા :-**

मुक्त इति-मुक्तः परब्रह्मवादिनां, बुद्धो बौद्धानां, अर्हन् जैनानां, वापीति समुच्चये, यद्=यस्मात्, ऐश्वर्येण=ज्ञानाद्यतिशयलक्षणेन, समन्वितो=युक्तो, वर्तते, तत्=तस्मात्, ईश्वरोऽस्मदुक्तः, स एव मुक्तादिः स्यात्, संज्ञाभेदो=नामनानात्वम्, अत्र मुक्तादिप्रज्ञापनायां केवलम् ।।१८।।

**ટીકાર્થ :-**

मुक्तः ..... समुच्चये, પરબ્રહ્મવાદીઓના ઈશ્વર મુક્ત છે, બૌદ્ધોના ઈશ્વર બુદ્ધ છે, જૈનોના ઈશ્વર અર્હન્ છે અને શ્લોકમાં કહેલ वापि શબ્દ આ બધાના સમુચ્ચય માટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यत् ..... केवलम् ।। જે કારણથી મુક્ત, બુદ્ધ અને અર્હન્ જ્ઞાનાદિ અતિશયસ્વરૂપ ઐશ્વર્યથી સમન્વિત=યુક્ત, વર્તે છે, તે કારણથી તે જ=મુક્તાદિ અર્થાત્ અન્ય દર્શનકારોએ ઉપાસ્યરૂપે સ્વીકારેલ મુક્તાદિ, અમારા વડે= કાલાતીત વડે, સ્વીકારાયેલ ઈશ્વર થાય અહીં=મુક્તાદિ પ્રજ્ઞાપનામાં અર્થાત્ મુક્તાદિ ઉપાસ્ય દેવ છે એ પ્રકારના કથનમાં, કેવલ સંજ્ઞાભેદ છે=નામનો ભેદ છે. ।।૧૮।।

**ભાવાર્થ :-**

**કાલાતીતે દેવતાની ઉપાસનાનો કહેલ માર્ગ સર્વ દર્શનકારોની સાથે સમાન છે તેનું સ્પષ્ટીકરણ :-**

કાલાતીત નામના શાસ્ત્રકાર કહે છે કે, પરબ્રહ્મવાદી ઉપાસ્યદેવને મુક્ત કહે છે, બૌદ્ધો ઉપાસ્યદેવને બુદ્ધ કહે છે, અને જૈનો ઉપાસ્યદેવને અરિહંત કહે છે, આમ કહીને તે તે ઉપાસ્યદેવને જ્ઞાનાદિના અતિશયરૂપ ઐશ્વર્યથી યુક્ત સ્વીકારે છે અને કાલાતીત કહે છે કે, અમે પણ જ્ઞાનાદિના અતિશયથી યુક્ત એવા ઈશ્વરને ઉપાસ્યરૂપે સ્વીકારીએ છીએ, તેથી સર્વદર્શનકારોના ઉપાસ્ય જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ પુરુષ છે, તેથી જેને અમે ઈશ્વર કહીએ છીએ તે ઈશ્વરને ઉપાસ્ય સ્વીકારીને સર્વ દર્શનકારો તેના જુદા જુદા નામો આપે છે, તેથી ઉપાસ્યના સ્વરૂપમાં કોઈને વિવાદ નથી માત્ર ઉપાસ્ય એવા દેવનું નામ દરેક દર્શનકારો જુદું જુદું કહે છે, તેથી નામમાત્રના ભેદથી ઉપાસ્યનો ભેદ થાય નહિ, પરંતુ ઉપાસ્યનું સ્વરૂપ સર્વને સમાન સંમત હોવાથી બધાના ઉપાસ્યદેવ એક જ છે, એ પ્રમાણે કાલાતીત કહે છે. **।।૧૮।।**

**અવતરણિકા :-**

परकल्पितविशेषनिराकरणायाह –

**અવતરણિકાર્થ :-**

પરકલ્પિત વિશેષના નિરાકરણ માટે કાલાતીત કહે છે –

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮માં કાલાતીતે કહેલું કે સર્વ દર્શનકારોના ઉપાસ્યદેવ જ્ઞાનાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિશયરૂપ ઐશ્વર્યથી સમન્વિત હોવાથી અમારા વડે કહેવાયેલા ઈશ્વરથી અન્ય નથી. ત્યાં કોઈ કહે કે અમારા ઈશ્વર તો અનાદિશુદ્ધ છે, તો વળી અન્ય કોઈ કહે કે અમારા ઈશ્વર તો સર્વગત છે, તેથી બધાના ઉપાસ્ય એવા ઈશ્વરમાં પરસ્પર સ્વરૂપભેદની પ્રાપ્તિ છે, એ પ્રકારે પર વડે કલ્પિત એવા ઈશ્વરવિષયક વિશેષસ્વરૂપના નિરાકરણ માટે કાલાતીત કહે છે –

**શ્લોક :-**

**अनादिशुद्ध इत्यादिर्यो भेदो यस्य कल्प्यते ।**
**तत्तत्तन्त्रानुसारेण मन्ये सोऽपि निरर्थकः ।।१९।।**

**અન્વયાર્થ :-**

यस्य=જેનો=જે ઈશ્વરનો, तत्तत्तन्त्रानुसारेण=તે તે તંત્રાનુસારથી अनादिशुद्धः= અનાદિશુદ્ધ इत्यादि=ઈત્યાદિ યઃ=જે भेदः=ભેદ कल्प्यते=કલ્પાય છે सोऽपि=તે પણ निरर्थकः=નિરર્થક છે मन्ये=એમ હું માનું છું. ।।૧૯।।

**શ્લોકાર્થ :-**

**જે ઈશ્વરનો તે તે તંત્રાનુસારથી અનાદિશુદ્ધ ઈત્યાદિ જે ભેદ કલ્પાય છે તે પણ નિરર્થક છે, એમ હું માનું છું. ।।૧૯।।**

**ટીકા :-**

अनादीति-अनादिशुद्ध इत्येवंरूप आदिर्यस्य स तथा, तत्रानादिशुद्धः सर्वगतश्च शैवानां, सोऽर्हन्नसर्वगतश्च (सोऽर्हन् सादिरसर्वगतश्च) जैनानां, स एव प्रतिक्षणं भङ्गुरः सौगतानां, यः पुनर्भेदो=विशेषो, यस्य=ईश्वरस्य, कल्प्यते, तस्य तस्य तन्त्रस्य=दर्शनस्यानुसारेण, अनुवृत्त्या, मन्ये=प्रतिपद्ये, सोऽपि विशेषः किं पुनः प्रागभिहितः संज्ञाभेद इत्यपिशब्दार्थः, निरर्थको= निष्प्रयोजनः ।।१९।।

**ટીકાર્થ :-**

अनादिशुद्ध ..... निष्प्रयोजनः ।। અનાદિશુદ્ધ એ પ્રકારનું સ્વરૂપ છે આદિમાં જેને તે તેવા છે=અનાદિશુદ્ધ ઈત્યાદિરૂપ છે, ત્યાં=અનાદિશુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઈત્યાદિમાં, અનાદિશુદ્ધ અને સર્વગત શૈવોને માન્ય છે અને સાદિ અને અસર્વગત જૈનોને માન્ય છે અને તે જ=ઈશ્વર જ, પ્રતિક્ષણ ભંગુર સૌગતોને= બૌદ્ધોને માન્ય છે. તે તે તંત્રના અનુસારથી=અનુવૃત્તિથી, જેના=ઈશ્વરના, જે વળી=પૂર્વમાં કહ્યા એવા જે વળી, ભેદ=વિશેષ, કલ્પાય છે તે પણ વિશેષ નિરર્થક=નિષ્પ્રયોજન હું માનું છું=કાલાતીત કહે છે કે હું માનું છું.**

સોઽપિમાં રહેલ अपिનો અર્થ કરે છે –

**વળી પૂર્વમાં કહેલ સંજ્ઞાભેદનું શું ? અર્થાત્ પૂર્વમાં કહેલ સંજ્ઞાભેદ તો નિરર્થક છે પરંતુ અનાદિશુદ્ધ ઈત્યાદિ વિશેષ પણ નિરર્થક છે. એ પ્રકારે अपि શબ્દનો અર્થ છે. ॥૧૯॥**

❖ શ્લોક-૧૯ની ટીકામાં सोऽर्हन्नसर्वगतश्च પાઠ છે ત્યાં યોગબિંદુ શ્લોક-૩૦૩ની ટીકામાં सादिरसर्वगतश्च પાઠ છે તે પાઠ સંગત છે, તેથી તે મુજબ અમે અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

**કાલાતીત દ્વારા પર વડે કલ્પિત ઈશ્વરના વિશેષસ્વરૂપનું નિરાકરણ :-**

શ્લોક-૧૮માં કાલાતીત નામના શાસ્ત્રકારે કહ્યું કે જ્ઞાનાદિ અતિશયવાળા ઈશ્વર છે અને તે સર્વદર્શનકારોને ઉપાસ્યરૂપે માન્ય છે, તેથી સર્વદર્શનકારોના ઉપાસ્ય એવા ઈશ્વર સ્વરૂપથી સમાન છે, માત્ર નામભેદ છે.

હવે તે તે દર્શનકારો ઈશ્વરને પૂર્ણ પુરુષરૂપે સ્વીકારવા છતાં કેટલાક ઈશ્વરને અનાદિશુદ્ધ કહે છે, તો વળી કેટલાક અન્ય સ્વરૂપે કહે છે, તે સર્વભેદની કલ્પના નિરર્થક છે, તે બતાવવા અર્થે કહે છે –

**શૈવદર્શનકારના મતે ઈશ્વર અનાદિશુદ્ધ અને સર્વવ્યાપી :-**

શૈવદર્શનકાર પૂર્ણપુરુષને ઉપાસ્યરૂપે સ્વીકાર્યા પછી કહે છે કે, અમારા ઈશ્વર અનાદિશુદ્ધ છે અને સર્વગત=સર્વવ્યાપી છે.

**જૈનદર્શનકારના મતે ઈશ્વર સાદિશુદ્ધ અને અસર્વગત :-**

જૈનદર્શનકાર કહે છે કે, અમારા ઉપાસ્ય પૂર્ણપુરુષ છે તે અનાદિશુદ્ધ નથી પણ સાધના કરીને શુદ્ધ થયેલા છે, તેથી સાદિશુદ્ધ છે અને સર્વગત નથી, પરંતુ સ્વદેહ પ્રમાણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બૌદ્ધદર્શનકારના મતે ઈશ્વર પ્રતિક્ષણ ભંગુર :-**

સૌગનો કહે છે કે અમારા ઉપાસ્ય પૂર્ણપુરુષ છે તે પ્રતિક્ષણ ભંગુર છે.

આ પ્રકારે ઈશ્વરનો ભેદ તે તે દર્શનકારો કલ્પના કરે છે તે કોઈ પ્રયોજનવાળો નથી; કેમ કે ઉપાસના દેવોમાં વર્તતા ગુણોથી થાય છે અને તે ગુણસંપન્ન પુરુષ અનાદિથી શુદ્ધ હોય કે આદિથી શુદ્ધ થયેલ હોય, સર્વવ્યાપી હોય કે દેહવ્યાપી હોય, અને ક્ષણિકવાદ મતાનુસાર ક્ષણભંગુર હોય, તે સર્વ ભેદોની કલ્પના કોઈ પ્રયોજનવાળી નથી, માટે જે વિશેષનો નિર્ણય કરવો દુષ્કર હોય એવા વિશેષની કલ્પના કરીને આ દેવ ઉપાસ્ય છે અને આ દેવ ઉપાસ્ય નથી તેવો કલહ કરવો કે તેવો અભિનિવેશ રાખવો ઉચિત નથી, પરંતુ ઉપાસનામાં ઉપયોગી એવા જ્ઞાનાદિ ગુણોથી જે કોઈ પૂર્ણ હોય તેવા દેવની ઉપાસના કરવી જોઈએ. એ પ્રકારનો ધ્વનિ પ્રસ્તુત શ્લોકથી કાલાતીતનો છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

कुत इत्याह –

**અવતરણિકાર્થ :-**

**શાથી ? એથી કહે છે=અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદની કલ્પના નિરર્થક છે એમ કાલાતીતે શ્લોક-૧૯માં કહ્યું તે કેમ નિરર્થક છે ? એથી કહે છે –**

**શ્લોક :-**

**विशेषस्यापरिज्ञानाद्युक्तीनां जातिवादतः ।**
**प्रायो विरोधतश्चैव फलाभेदाच्च भावतः ।।२०।।**

**અન્વયાર્થ :-**

विशेषस्यापरिज्ञानात्=**વિશેષનું અપરિજ્ઞાન હોવાથી** युक्तीनां जातिवादतः प्रायो विरोधतश्चैव=**યુક્તિઓનો જાતિવાદ હોવાને કારણે પ્રાયઃ વિરોધ હોવાથી જ** च=**અને** भावतः=**ભાવને આશ્રયીને** फलाभेदात्=**ફળનો અભેદ હોવાથી (તે પણ=અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદ પણ, નિરર્થક છે એમ શ્લોક-૧૯ સાથે સંબંધ છે). ॥૨૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**વિશેષનું અપરિજ્ઞાન હોવાથી, યુક્તિઓનો જાતિવાદ હોવાને કારણે પ્રાયઃ વિરોધ હોવાથી જ અને ભાવને આશ્રયીને ફળનો અભેદ હોવાથી (તે પણ=અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદ પણ, નિરર્થક છે એમ શ્લોક-૧૯ સાથે સંબંધ છે). ॥૨૦॥**

**ટીકા :-**

विशेषस्येति-विशेषस्य=मुक्तादेः(दि)देवताविशेषगतस्य, अपरिज्ञानादर्वाग्दर्शिप्रत्यक्षेण, तथा युक्तीनामनुमानरूपाणां, जातिवादतोऽसिद्ध्यादिहेतुदोषोपघातेनानुमानाभासत्वात्, प्रायो=बाहुल्येन, विरोधतश्चैव वेदान्तिबौद्धादियुक्तीनां, एकेषां हि नित्य एवात्मा प्रपञ्चाधिष्ठानत्वात्, अपरेषां चार्थक्रियाकारित्वस्य स्वभावभेदे नियतत्वेनानित्य एवेति, फलस्य क्लेशक्षयलक्षणस्य गुणप्रकर्षविशेषवत्पुरुषाराधनसाध्यस्य क्वचिन्नित्यानित्यत्वादौ विशेषे आराध्यगते सत्यप्यभेदाद्=अविशेषाच्च, भावतः=परमार्थतः, गुणप्रकर्षविषयस्य बहुमानस्यैव फलदायकत्वात्तस्य [च] सर्वत्र मुक्तादावविशेषादिति ।।२०।।

**ટીકાર્થ :-**

विशेषस्य ..... युक्तीनाम्, મુક્તાદિદેવતા વિશેષગત વિશેષનું અર્વાગ્દર્શીજીવોને પ્રત્યક્ષથી અપરિજ્ઞાન હોવાને કારણે, અને અનુમાનરૂપ યુક્તિઓનો જાતિવાદ હોવાને કારણે=અસિદ્ધ્યાદિ હેતુદોષના ઉપઘાતથી અનુમાનાભાસપણું હોવાને કારણે, પ્રાયઃ=બહુલતાથી, વેદાંતી અને બૌદ્ધાદિ યુક્તિઓનો વિરોધ હોવાને કારણે, અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદ નિરર્થક છે એમ શ્લોક-૧૯ સાથે સંબંધ છે.

વેદાંતી અને બૌદ્ધાદિ યુક્તિઓનો વિરોધ કેમ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે -

एकेषां ..... एवेति, એકના=વેદાંતીના મતે, નિત્ય જ આત્મા છે; કેમ કે પ્રપંચનું અધિષ્ઠાનપણું છે=જગત્વર્તી જે પ્રપંચ છે તેનું અધિષ્ઠાન શુદ્ધ બ્રહ્મ છે એ રૂપ પ્રપંચનું અધિષ્ઠાનપણું છે, અપરના=બૌદ્ધોના મતે, અર્થક્રિયા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારિપણાનું સ્વભાવભેદમાં નિયતપણું હોવાને કારણે અનિત્ય જ છે=આત્મા અનિત્ય જ છે.

इति શબ્દ વેદાંતીની અને બૌદ્ધની યુક્તિઓના પરસ્પર વિરોધના કથનની સમાપ્તિસૂચક છે.

**फलस्य ..... परमार्थतः, અને ભાવથી=પરમાર્થથી, ગુણના પ્રકર્ષવિશેષવાળા પુરુષની આરાધનાથી સાધ્ય એવા ક્લેશક્ષયસ્વરૂપ ફળનો ક્વચિત્ આરાધ્યગત નિત્ય-અનિત્યત્વાદિ વિશેષ હોતે છતે પણ અભેદ હોવાને કારણે=અવિશેષ હોવાને કારણે, અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદ નિરર્થક છે એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે આરાધ્યગત વિશેષ હોવા છતાં પણ ગુણના પ્રકર્ષવાળા પુરુષની આરાધનાથી સાધ્ય એવા ફળનો અવિશેષ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**गुणप्रकर्ष ..... अविशेषादिति ।। ગુણના પ્રકર્ષવિષય બહુમાનનું જ ફળદાયકપણું છે અને તેનો=ગુણપ્રકર્ષનો, સર્વત્ર મુક્તાદિમાં અવિશેષ છે.**

**इति શબ્દ શ્લોક-૧૯માં કહેલા અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદ નિરર્થક છે તેમાં બતાવેલા ત્રણ હેતુઓના વર્ણનની સમાપ્તિસૂચક છે. ॥૨૦॥**

❖ मुक्तादेर्देवताविशेषगतस्य પાઠ મુદ્રિતપ્રતમાં અને હસ્તપ્રતમાં છે તે અશુદ્ધ જણાય છે ત્યાં યોગબિંદુ શ્લોક-૩૦૪ પ્રમાણે मुक्तादिदेवताविशेषगतस्य પાઠ સંગત છે તેથી તે મુજબ અર્થ કરેલ છે. અને मुक्तादिમાં आदिથી बुद्ध, અર્હત્ વગેરેનું ગ્રહણ કરવું.

❖ क्वचिन्नित्यानित्यत्वादौ - અહીં आदि થી સર્વગત-અસર્વગતનું ગ્રહણ કરવું.

❖ ટીકામાં तस्य सर्वत्र मुक्तादावविशेषात् હેતુ છે તેમાં तस्य પછી च કારની સંભાવના છે તેથી तस्य च सर्वत्र मुक्तादावविशेषात् પાઠ હોવો જોઈએ.

**ભાવાર્થ :-**

**અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના કેમ નિરર્થક છે, તેમાં કાલાતીતે આપેલા ત્રણ હેતુઓનું કથન :-**

શ્લોક-૧૯માં કાલાતીતે કહેલ કે, પૂર્ણપુરુષ એવા ઈશ્વરની ઉપાસના કરનાર તે તે દર્શનકારો અનાદિશુદ્ધ ઇત્યાદિ જે ભેદની કલ્પના કરે છે તે નિરર્થક છે. કેમ નિરર્થક છે ? તેમાં ત્રણ હેતુઓ કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશેષનું અપરિજ્ઞાન હોવાને કારણે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદ નિરર્થક :-**

(૧) છદ્મસ્થ જીવોને વિશેષનું અપરિજ્ઞાન છે=આ ઉપાસ્યદેવ અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે તેનું અપરિજ્ઞાન હોવાને કારણે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના નિરર્થક છે.

**યુક્તિઓનો જાતિવાદ હોવાથી પ્રાયઃ વિરોધ હોવાને કારણે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદ નિરર્થક :-**

(૨) યુક્તિઓનો જાતિવાદ હોવાથી પ્રાયઃ વિરોધ છે માટે તે તે દર્શનકારો અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના કરે છે તે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના નિરર્થક છે.

**ભાવથી ફળનો અભેદ હોવાને કારણે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદ નિરર્થક :-**

(૩) પરમાર્થથી અનાદિશુદ્ધ કે સાદિશુદ્ધ એવા પૂર્ણપુરુષની ઉપાસનાથી સાધ્ય ક્લેશના ક્ષયરૂપ ફળનો અભેદ હોવાને કારણે અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના નિરર્થક છે.

આશય એ છે કે –

(૧) ઉપાસકો અર્વાગ્દર્શી છે અર્થાત્ સન્મુખ રહેલા પદાર્થને જોનારા છે, અને ગુણવાન પુરુષની ઉપાસના કરીને ગુણપ્રાપ્તિ અર્થે ઈશ્વરની ઉપાસના કરે છે, અને છદ્મસ્થ જીવો પ્રત્યક્ષથી જોઈ શકતા નથી કે ઉપાસ્ય એવા ઈશ્વર અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે, સર્વગત છે કે અસર્વગત છે માટે ઈશ્વરના તેવા ભેદોની કલ્પના કરવી તે સર્વદર્શનકારોની કલ્પના નિરર્થક છે.

(૨) વેદાંતીઓ આત્માને નિત્ય કહે છે અને તેમાં યુક્તિ આપે છે કે આત્મા પ્રપંચનું અધિષ્ઠાન છે માટે નિત્ય છે, અર્થાત્ જેમ અગ્નિમાંથી સ્ફુલિંગો નીકળે છે, તે સ્ફુલિંગો જ્યારે નીકળતા હોય ત્યારે તે અગ્નિનું અસ્તિત્વ અવશ્ય હોય છે, અને શુદ્ધ બ્રહ્મમાંથી અગ્નિમાંથી સ્ફુલિંગની જેમ આ બ્રહ્મના અંશો નીકળે છે, તેથી સ્ફુલિંગરૂપ જે પ્રપંચ છે તેનું અધિષ્ઠાન શુદ્ધ બ્રહ્મરૂપ આત્મા છે, અને પ્રપંચ સતત વિદ્યમાન છે, તેથી તે પ્રપંચનું અધિષ્ઠાન બ્રહ્મરૂપ આત્મા નિત્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી બૌદ્ધદર્શનકાર કહે છે કે, સ્વભાવભેદની સાથે અર્થક્રિયાકારિપણાનું નિયતપણું છે, અને આત્મા અર્થક્રિયાકારી છે માટે અનિત્ય છે.

આશય એ છે કે, દરેક પદાર્થો પ્રતિક્ષણ કોઈક અર્થને અનુકૂળ ક્રિયા કરે છે, તેથી પદાર્થનું લક્ષણ અર્થક્રિયાકારિત્વ છે, અને અર્થક્રિયાકારિત્વ વસ્તુનું લક્ષણ સ્વીકારીએ તો વસ્તુ પ્રતિક્ષણ અન્ય અન્ય સ્વરૂપે પ્રાપ્ત થાય છે તેમ સ્વીકારવું પડે, અને વસ્તુ પ્રતિક્ષણ અન્ય અન્ય સ્વરૂપે પ્રાપ્ત થાય છે તેમ સ્વીકારીએ તો વસ્તુનો પ્રતિક્ષણ સ્વભાવભેદ પ્રાપ્ત થાય, તેથી સ્વભાવભેદથી વસ્તુભેદ છે તેમ માનવું પડે, માટે આત્મારૂપ વસ્તુનો પણ પ્રતિક્ષણ સ્વભાવભેદ પ્રાપ્ત થતો હોવાથી આત્મા અનિત્ય છે. આ રીતે વેદાંતી અને બૌદ્ધની યુક્તિઓનો પરસ્પર વિરોધ છે.

આનાથી એ ફલિત થાય છે કે, અતીન્દ્રિય પદાર્થોને સિદ્ધ કરવા માટે જે યુક્તિઓ અપાય છે, તે યુક્તિઓ અનુમાનાભાસરૂપ છે, તેથી તે યુક્તિઓનો પ્રાયઃ વિરોધ પ્રાપ્ત થાય છે, માટે તે તે દર્શનની પરસ્પર વિરોધી એવી યુક્તિઓના બળથી આત્મા અનાદિશુદ્ધ છે કે આત્મા પ્રતિક્ષણભંગુર છે તેવો નિર્ણય થઈ શકે નહિ, માટે ઈશ્વરને કેટલાક અનાદિશુદ્ધ કહે છે તો વળી કેટલાક પ્રતિક્ષણભંગુર કહે છે તે સર્વ નિરર્થક છે, પરંતુ સર્વને ઉપાસ્યરૂપે પૂર્ણપુરુષ અભિમત છે તે પ્રમાણ છે એમ કાલાતીત કહે છે.

(૩) પરમાર્થથી ઉપાસ્ય એવા પૂર્ણપુરુષને અનાદિશુદ્ધ કહીને કોઈ આરાધના કરે, તો વળી અન્ય કોઈ ઉપાસ્ય એવા પૂર્ણપુરુષને સાદિશુદ્ધ કહીને આરાધના કરે, તો વળી અન્ય કોઈ પ્રતિક્ષણભંગુર સ્વીકારીને આરાધના કરે, તો તે આરાધનાના ફળરૂપે ક્લેશક્ષય સર્વને સમાન રીતે પ્રાપ્ત થાય છે; કેમ કે સર્વ ઉપાસકો રાગાદિરહિત એવા પૂર્ણપુરુષને ઉપાસ્ય સ્વીકારીને તેમાં તન્મય થવા યત્ન કરે ત્યારે તેમનામાં વર્તતો પૂર્ણપુરુષ પ્રત્યેનો બહુમાનભાવ ફળને આપનાર છે, અને સર્વદર્શનકારોના ઉપાસ્ય એવા મુક્તાદિમાં ગુણનો પ્રકર્ષ સમાન છે, તેથી ગુણના પ્રકર્ષરૂપે ઉપાસના કરવાથી સમાન ફળ પ્રાપ્ત થાય છે, આમ છતાં પોતાના ઉપાસ્યદેવ અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે ઇત્યાદિ ભેદ કરવા માત્રથી ફળમાં કોઈ ભેદ પડતો નથી, માટે પૂર્ણપુરુષની અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદ કલ્પના નિરર્થક છે એમ કાલાતીત નામના પુરુષવિશેષ કહે છે. **॥૨૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, સર્વદર્શનકારોને અભિમત ઉપાસ્ય ઈશ્વર એક છે અને ઈશ્વરના વિષયમાં તે તે દર્શનકારો નામભેદ કરે છે અને અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદ કરે છે તે નિરર્થક છે. હવે સંસારના કારણરૂપે પણ સર્વદર્શનકારોની માન્યતા સમાન છે, ફક્ત સંસારના કારણના તેઓ નામભેદ કરે છે તે નિરર્થક છે. તે બતાવવા અર્થે કાલાતીત કહે છે –

**શ્લોક :-**

अविद्याक्लेशकर्मादि यतश्च भवकारणम् ।
ततः प्रधानमेवैतत् संज्ञाभेदमुपागतम् ।।२१।।

**અન્વયાર્થ :-**

च=અને यतः=જે કારણથી अविद्याक्लेशकर्मादि=અવિદ્યા, ક્લેશ, કર્માદિ भवकारणम्=ભવના કારણ છે ततः=તે કારણથી एतत्=આ=ભવનું કારણ प्रधानमेव=પ્રધાન જ અર્થાત્ કાલાતીતને અભિમત એવું પ્રધાન જ, संज्ञाभेद-मुपागतम्=સંજ્ઞાભેદને પામેલ છે. ।।૨૧।।

**શ્લોકાર્થ :-**

**અને જે કારણથી અવિદ્યા, ક્લેશ, કર્માદિ ભવના કારણ છે, તે કારણથી ભવનું કારણ પ્રધાન જ સંજ્ઞાભેદને પામેલ છે. ।।૨૧।।**

**ટીકા :-**

अविद्येति-अविद्या वेदान्तिनां, क्लेशः साङ्ख्यानां, कर्म जैनानां, आदिशब्दाद्वासना सौगतानां, पाशः शैवानां, यतो=यस्मात्, चकारो वक्तव्यान्तरसूचनार्थः, भवकारणं=संसारहेतुः, ततः=तस्माद्, अविद्यादीनां भवकारणत्वाद्धेतोः प्रधानमेवैतदस्मदभ्युपगतं भवकारणं सत् संज्ञाभेदं= नामनानात्वं, उपागतम् ।।२१।।

**ટીકાર્થ :-**

अविद्या ..... उपागतम् ।। વેદાંતીઓને અવિદ્યા, સાંખ્યોને ક્લેશ, જૈનોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કર્મ, આદિ શબ્દથી સૌગતોને=બૌદ્ધોને, વાસના, શૈવોને પાશ=બંધન જે કારણથી ભવનું કારણ=સંસારનો હેતુ, અભિમત છે. તે કારણથી અવિદ્યાદિનું ભવકારણપણારૂપ હેતુથી પ્રધાન જ એવું તે અમારા વડે સ્વીકારાયેલું= કાલાતીત વડે સ્વીકારાયેલું, ભવનું કારણ છતું સંજ્ઞાભેદરૂપ નામનું નાનાપણું= જુદાપણું, સ્વીકારાયેલું છે.**

**चकार=શ્લોકમાં રહેલ 'च' શબ્દ વક્તવ્યાંતરના સૂચન માટે છે અર્થાત્ ઈશ્વરના વક્તવ્ય કરતાં ભવના કારણરૂપ અન્ય વક્તવ્યના સૂચન માટે છે. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

**સંસારના કારણોનો નામભેદ નિરર્થક છે, એ પ્રકારે કાલાતીતનું અન્ય વક્તવ્ય :-**

કાલાતીત નામના ઋષિ કહે છે કે, સર્વદર્શનકારોના ઉપાસ્ય પૂર્ણપુરુષ છે. તે પૂર્ણપુરુષરૂપે અમને અભિમત એવા ઈશ્વરની અન્ય દર્શનકારો નામભેદથી ઉપાસના કરે છે.

વળી અન્ય પણ વક્તવ્ય કાલાતીત કહે છે કે, અમે પુરુષ અને પ્રકૃતિ=પ્રધાન સ્વીકારીએ છીએ અને પ્રધાનને ભવનું કારણ કહીએ છીએ અને તે પ્રધાનને વેદાંતીઓ અવિદ્યા, સાંખ્યો ક્લેશ, જૈનો કર્મ, સૌગતો=બૌદ્ધો, વાસના અને શૈવો પાશ=બંધન, કહે છે, તેથી અમે ભવના કારણને પ્રધાન કહીએ છીએ, તે ભવના કારણને અન્ય દર્શનકારો જુદું જુદું નામ આપે છે, તેથી જે અમને અભિમત છે, તે સર્વને અભિમત છે એમ ફલિત થાય છે. એ પ્રમાણે કાલાતીત કહે છે.

**વિશેષાર્થ :-**

કાલાતીતનો આશય એ છે કે, ભવ એ વિડંબણારૂપ છે અને ભવનું કારણ પ્રધાન છે, ભવથી છૂટવા માટે જગત્વર્તી જીવો પૂર્ણપુરુષની ઉપાસના કરે છે, અને પૂર્ણપુરુષની ઉપાસનાથી સાધ્ય ભવનો અંત છે, તેથી સર્વદર્શનકારો મોક્ષ અર્થે ઉપદેશ આપે છે, અને તેના ઉપાયરૂપે પૂર્ણપુરુષની ઉપાસના કરવાનું કહે છે, અને ભવનું કારણ અવિદ્યાદિ છે, તે સર્વ કથનમાં સર્વદર્શનકારોની એકવાક્યતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, માટે નામભેદનો કલહ છોડીને ભવના કારણના ઉચ્છેદ માટે અને પૂર્ણપુરુષની ઉપાસના માટે યત્ન કરવો જોઈએ. ॥૨૧॥

**અવતરણિકા :-**

अत्रापि परपरिकल्पितविशेषनिराकरणायाह –

**અવતરણિકાર્થ :-**

**અહીં પણ=ભવના કારણમાં પણ, પર વડે પરિકલ્પિત વિશેષના નિરાકરણ માટે=કાલાતીતથી અન્ય અન્ય દર્શનકારો વડે પરિકલ્પિત વિશેષના નિરાકરણ માટે, કાલાતીત કહે છે –**

❖ अत्रापि - અહીં अपि થી એ કહેવું છે કે, ઈશ્વરમાં તો પર વડે પરિકલ્પિત વિશેષનું નિરાકરણ કાલાતીતે શ્લોક-૨૦માં કર્યું, પરંતુ ભવના કારણમાં પણ પર વડે પરિકલ્પિત વિશેષના નિરાકરણ માટે કાલાતીત કહે છે.

**શ્લોક :-**

**अस्यापि योऽपरो भेदश्चित्रोपाधिस्तथा तथा ।**
**गीयतेऽतीतहेतुभ्यो धीमतां सोऽप्यपार्थकः ।।२२।।**

**અન્વયાર્થ :-**

**अस्यापि=આનો પણ અર્થાત્ પ્રધાનનો પણ तथा तथा=તે તે પ્રકારે=તે તે દર્શનના ભેદથી તે તે પ્રકારે, चित्रोपाधिः=ચિત્ર ઉપાધિવાળો योऽपरो भेदः=જે અપર ભેદ=ભવના કારણપણાથી જે અપરભેદ गीयते=કહેવાય છે सोऽपि=તે પણ धीमतां=બુદ્ધિમાનોને अतीतहेतुभ्यः=અતીત હેતુઓથી= શ્લોક-૨૦માં કહેલા હેતુઓથી अपार्थकः=અપાર્થક=પ્રયોજન રહિત છે. ॥૨૨॥**

**શ્લોકાર્થ :-**

**પ્રધાનનો પણ તે તે દર્શનના ભેદથી તે તે પ્રકારે ચિત્ર ઉપાધિવાળો ભવના કારણપણાથી જે અપરભેદ કહેવાય છે, તે પણ બુદ્ધિમાનોને અતીત હેતુઓથી પ્રયોજન રહિત છે. ॥૨૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

अस्यापीति-अस्यापि=प्रधानस्यापि, योऽपरो=भवकारणत्वात् सर्वाभ्युपगतादन्यो, भेदो=विशेषः, चित्रोपाधिः नानारूपमूर्तत्वादिलक्षणः, तथा तथा तत्तदर्शनभेदेन, गीयते=वर्ण्यते, अतीतहेतुभ्योऽनन्तरमेव 'विशेषस्यापरिज्ञानात्' इत्यादिश्लोकोक्तेभ्यः, धीमतां सोऽपि किं पुनर्देवतागत इत्यपिशब्दार्थः, अपार्थकः=अपगतपरमार्थप्रयोजनः, सर्वैरपि भवकारणत्वेन योगापनेयस्यास्योपगमादन्यस्य विशेषस्य सतोऽप्यकिञ्चित्करत्वात् ।।२२।।

**ટીકાર્થ :-**

अस्यापि ..... अकिञ्चित्करत्वात् ।। આનો પણ=પ્રધાનનો પણ, જે અપર ભેદ=સર્વ વડે સ્વીકારાયેલ એવા ભવના કારણપણાથી જે અન્ય ભેદ=વિશેષ, નાનારૂપ મૂર્તત્વાદિસ્વરૂપ ચિત્રઉપાધિવાળો તે તે દર્શનના ભેદથી તે તે પ્રકારે વર્ણન કરાય છે તે પણ બુદ્ધિમાનોને અનંતર જ 'વિશેષના અપરિજ્ઞાનથી' ઈત્યાદિ શ્લોક-૨૦માં કહેવાયેલા અતીત હેતુઓથી અપાર્થક છે=અપગત પરમાર્થ પ્રયોજનવાળું છે; કેમ કે સર્વદર્શનકારો વડે ભવના કારણપણારૂપે યોગથી અપનેય એવા આનો=પ્રધાનનો, ઉપગમ હોવાથી વિદ્યમાન પણ અન્ય વિશેષનું=વિદ્યમાન પણ મૂર્તત્વાદિ અન્ય વિશેષનું, અકિંચિત્કરપણું છે. ।।૨૨।।

❖ अस्यापि=प्रधानस्यापि - અહીં अपि થી એ કહેવું છે કે ઈશ્વરના તો સર્વગત-અસર્વગત ઇત્યાદિ ભેદ નિરર્થક છે પરંતુ ભવના કારણ એવા પ્રધાનના પણ મૂર્તત્વાદિ ચિત્ર ઉપાધિરૂપ અપરભેદ નિરર્થક છે.

**ભાવાર્થ :-**

**ભવના કારણમાં પર વડે પરિકલ્પિત વિશેષનું કાલાતીત દ્વારા નિરાકરણ :-**

ભવના કારણને કેટલાક અવિદ્યા, ક્લેશ આદિ ભિન્ન ભિન્ન શબ્દોથી કહે છે, તેથી ભવના કારણમાં નામભેદ સિવાય અન્ય કોઈ ભેદ નથી, એમ પૂર્વમાં કાલાતીતે સ્થાપન કર્યું, ત્યાં કોઈ કહે કે, ભવના કારણ એવા કર્મને કેટલાક મૂર્ત કહે છે, તો વળી કેટલાક અમૂર્ત કહે છે, આ પ્રકારનો તે તે દર્શનકારોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવના કારણવિષયક જે ભેદ છે, તે પણ નિરર્થક છે. કેમ નિરર્થક છે ? તેમાં યુક્તિ આપે છે –

શ્લોક-૨૦માં કહેલ કે છદ્મસ્થ જીવોને વિશેષનું અપરિજ્ઞાન છે, યુક્તિઓ જાતિવાદરૂપ હોવાથી પ્રાયઃ વિરોધી છે, અને પરમાર્થથી ફળનો અભેદ છે, તે કારણથી પ્રધાનવિષયક મૂર્તત્વાદિરૂપ ભેદ છે તે નિરર્થક છે.

આશય એ છે કે, સર્વ ઉપાસકો યોગના સેવન દ્વારા ભવના કારણને દૂર કરવા પ્રયત્ન કરે છે; કેમ કે સર્વદર્શનકારો કહે છે કે, ભવના ઉચ્છેદ અર્થે યોગમાર્ગનું સેવન કરવું જોઈએ, તેથી યોગમાર્ગના સેવન દ્વારા ભવના કારણનો ઉચ્છેદ થાય છે તેમ સર્વને અભિમત છે, તે ભવના કારણમાં મૂર્તત્વ-અમૂર્તત્વાદિરૂપ કોઈ ભેદ હોય, તે ભેદની યોગમાર્ગના સેવનમાં કોઈ ઉપયોગિતા નથી; કેમ કે ઉપાસકો ક્લેશનાશ થાય તે રીતે યોગમાર્ગની ઉપાસના કરતા હોય તો તે ઉપાસનાથી ભવના કારણનો ઉચ્છેદ થશે, પરંતુ તે ઉપાસકો ભવના કારણને મૂર્તરૂપે સ્વીકારીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરશે તો ભવના કારણનો ઉચ્છેદ થશે, કે અમૂર્તરૂપે સ્વીકારીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરશે તો ભવના કારણનો ઉચ્છેદ થશે તેવો કોઈ નિયમ નથી, માટે ભવનું કારણ મૂર્ત હોય કે અમૂર્ત હોય તે અંગે વિવાદ ભવના ઉચ્છેદમાં ઉપયોગી નથી. **॥૨૨॥**

**અવતરણિકા :-**

यत एवम् –

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આ પ્રમાણે છે=ઈશ્વરમાં અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદની કલ્પના પૂર્ણપુરુષની ઉપાસનામાં નિરર્થક છે, અને યોગમાર્ગની ઉપાસના દ્વારા ઉચ્છેદ કરવા યોગ્ય એવા ભવના કારણમાં મૂર્તત્વ-અમૂર્તત્વાદિરૂપ ભેદની કલ્પના નિરર્થક છે, એમ પૂર્વમાં સ્થાપન કર્યું એ પ્રમાણે છે, તે કારણથી શું તે શ્લોકમાં બતાવે છે –**

**શ્લોક :-**

**ततोऽस्थानप्रयासोऽयं यत्तद्भेदनिरूपणम् ।**
**सामान्यमनुमानस्य यतश्च विषयो मतः ।।२३।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

ततो=તે કારણથી यत्तद्‌भेदनिरूपणम्=જે તેના ભેદનું નિરૂપણ=દેવાદિવિશેષનું નિરૂપણ अयं=એ अस्थानप्रयासः=અસ્થાન પ્રયાસ છે च=અને यतः=જે કારણથી अनुमानस्य=અનુમાનનો विषयः=વિષય सामान्यं=સામાન્ય मतः= કહેવાયો છે (એથી પણ આ અસ્થાન પ્રયાસ છે.) ॥૨૩॥

**શ્લોકાર્થ :-**

**તે કારણથી દેવાદિવિશેષનું નિરૂપણ એ અસ્થાન પ્રયાસ છે અને જે કારણથી અનુમાનનો વિષય સામાન્ય કહેવાયો છે (એથી પણ આ અસ્થાન પ્રયાસ છે). ॥૨૩॥**

**ટીકા :-**

तत इति-ततः=सतो विशेषस्यापार्थकत्वाद्धेतोः, अस्थानप्रयासोऽयं तत्त्वचिन्तकानां यत्तद्‌भेदस्य=देवादिविशेषस्य, निरूपणं=गवेषणं, यतश्चानुमानस्य देवताविशेषादिग्राहकत्वेनाभिमतस्य सामान्यं विषयो मतः, अतोऽपि सर्वविशेषानुगतस्य तस्याप्रतीतेरस्थानप्रयासोऽयम् ।।२३।।

**ટીકાર્થ :-**

ततः ..... अयम् ।। તે કારણથી=વિદ્યમાન વિશેષના અપાર્થકપણારૂપ હેતુથી=દેવતાગત અને ભવના કારણગત વિદ્યમાન વિશેષનું ઉપાસનામાં નિરર્થકપણું છે એ રૂપ હેતુથી, જે તેના ભેદનું=દેવાદિવિશેષનું, નિરૂપણ= ગવેષણ, એ તત્ત્વચિંતકોને અસ્થાન પ્રયાસ છે, અને જે કારણથી દેવતા-વિશેષાદિગ્રાહકપણારૂપે અભિમત એવા અનુમાનનો=ઉપાસ્ય દેવતા પૂર્ણપુરુષરૂપ જોઈએ એ રૂપ વિશેષાદિના ગ્રાહકપણારૂપે અભિમત એવા અનુમાનનો, વિષય સામાન્ય કહેવાયો છે, આથી પણ સર્વવિશેષઅનુગત એવા તેની=સર્વ વિશેષથી યુક્ત એવા ઈશ્વરની, અપ્રતીતિ હોવાને કારણે આ અસ્થાન પ્રયાસ છે=ઈશ્વર અનાદિશુદ્ધ છે ઈત્યાદિ ભેદનું નિરૂપણ અસ્થાન પ્રયાસ છે. ॥૨૩॥

❖ देवादिविशेषस्य - અહીં देवादि માં आदि થી ભવકારણનું ગ્રહણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ देवताविशेषादि.... - અહીં आदि થી ભવકારણના વિશેષનું ગ્રહણ કરવું.

❖ अतोऽपि - અહીં अपि થી એ કહેવું છે કે ઉપાસ્યમાં વિદ્યમાન વિશેષનું ઉપાસનામાં અપાર્થકપણું છે તેથી તો આ અસ્થાન પ્રયાસ છે, પરંતુ અનુમાનનો વિષય સામાન્ય છે એથી પણ આ અસ્થાન પ્રયાસ છે.

**ભાવાર્થ :-**

**ઈશ્વરમાં અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદની કલ્પના અને ભવના કારણ કર્મમાં મૂર્તત્વ-અમૂર્તત્વાદિરૂપ ભેદની કલ્પના નિરર્થક છે તેથી વળી દેવાદિવિશેષનો ગ્રાહક અનુમાનનો વિષય સામાન્ય હોવાથી દેવતાદિગત વિશેષની વિચારણા એ અસ્થાન પ્રયાસ :-**

કાલાતીતે અત્યાર સુધી સ્થાપન કર્યું કે, સંસારના ઉચ્છેદ અર્થે ઉપાસ્ય પૂર્ણપુરુષ છે, અને પૂર્ણપુરુષની ઉપાસના દ્વારા ભવના કારણનો ઉચ્છેદ થાય છે, એ વિષયમાં સર્વદર્શનકારોની સમાન માન્યતા છે. આમ છતાં પૂર્ણપુરુષની ઉપાસનાના વિષયમાં તે તે દર્શનકારો પૂર્ણપુરુષનો નામભેદ કરે છે, અને પૂર્ણપુરુષને અનાદિશુદ્ધ ઇત્યાદિ કહે છે તે નિરર્થક છે, અને ભવના કારણને પણ મૂર્ત-અમૂર્તત્વાદિરૂપે ભિન્ન ભિન્ન કહે છે તે નિરર્થક છે. જે કારણથી આમ છે તે કારણથી દેવવિશેષનું નિરૂપણ અને ભવના કારણવિશેષનું નિરૂપણ એ અસ્થાન પ્રયાસ છે; કેમ કે ભવના ઉચ્છેદના અર્થીએ યોગમાર્ગનું સેવન કરવું જોઈએ અને તેના માટે પૂર્ણપુરુષની ઉપાસના કરવી જોઈએ, આ નિયમ સર્વને સંમત છે, તેથી પૂર્ણપુરુષવિષયક અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદનું નિરૂપણ કરવું, કે ભવના કારણવિષયક ભવનું કારણમૂર્ત છે કે અમૂર્ત છે ઇત્યાદિ ગવેષણ કરવું તે નિરર્થક છે.

વળી ઈશ્વરના વિશેષનું નિરૂપણ અને ભવના કારણવિશેષનું નિરૂપણ અસ્થાન પ્રયાસ છે તેમાં અન્ય હેતુ બતાવે છે –

જેમ ધૂમને જોઈને પર્વતમાં અગ્નિનું અનુમાન કરાય છે, તે અનુમાનનો વિષય અગ્નિ સામાન્ય હોય છે, પરંતુ પ્રત્યક્ષથી દેખાતા અગ્નિ જેવો વિશેષ વિષય હોતો નથી, આથી પ્રત્યક્ષથી અગ્નિને જોનાર પુરુષ કહી શકે કે, આ અગ્નિ આ સ્થાનમાં શ્વેતાંશવાળો છે અને આ સ્થાનમાં રક્તાંશવાળો છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આટલો વિસ્તૃત છે એવો ભેદ ધૂમાડાને જોઈને અગ્નિનો નિર્ણય કરાય તે સ્થાનમાં થતો નથી. તે રીતે કલ્યાણના અર્થી જીવ અનુમાન કરે છે કે, ગુણસંપન્ન પુરુષની ઉપાસના કરવાથી પોતાનામાં ગુણ આવિર્ભાવ પામે છે, પરંતુ આ પ્રકારના અનુમાનથી એ નિર્ણય થતો નથી કે, ઉપાસનાના વિષયભૂત ગુણસંપન્ન પુરુષ અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે, દેહવ્યાપી છે કે સર્વવ્યાપી છે, માટે અનુમાનના વિષયમાં વિશેષનો નિર્ણય થઈ શકતો ન હોય, તે વખતે ઉપાસ્ય એવા પૂર્ણપુરુષવિષયક તેના ભેદનું નિરુપણ કરવું એ અસ્થાન પ્રયાસ છે.

વળી યોગમાર્ગની પ્રવૃત્તિ કરનાર જીવ વિચારે છે કે, ભવનું કોઈક કારણ છે તેને દૂર કરવા અર્થે યોગમાર્ગનું સેવન કરવું જોઈએ, તેથી ભવનો ઉચ્છેદ થાય, આ પ્રકારના અનુમાનમાં યોગમાર્ગના સેવનથી ઉચ્છેદ કરવા યોગ્ય એવા ભવના કારણવિષયક મૂર્તત્વ-અમૂર્તત્વાદિનો નિર્ણય થતો નથી, પરંતુ એટલું જ અનુમાન થાય છે કે, યોગમાર્ગના સેવનથી ભવના કારણનો ઉચ્છેદ થાય છે, તેથી ભવના કારણવિષયક ભવનું કારણ મૂર્ત છે કે અમૂર્ત છે, ઇત્યાદિગવેષણ કરવું એ અસ્થાન પ્રયાસ છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**इत्थं च भवकारणमात्रज्ञानात्तदपनयनार्थं गुणवत्पुरुषविशेषाराधनं कर्तव्यं, विशेषविमर्शस्तु निष्प्रयोजन इति कालातीतमतं व्यवस्थितं, एतच्चास्माकमपि विशेषविमर्शाक्षमस्य स्वाग्रहच्छेदाय सामान्ययोगप्रवृत्त्यर्थमनुमतं, अन्यस्य तु निरभिनिवेशस्य शास्त्रानुसारेण विशेषविमर्शोऽपि भगवद्विशिष्टोपासनारूपतयाऽश्रद्धामलक्षालनेन तत्त्वज्ञानगर्भवैराग्यजीवातुभूतत्वाद्विशिष्टनिर्जराहेतुरिति न सर्वथा तद्वैफल्यमित्यभिप्रायवानाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે=શ્લોક-૧૭થી ૨૩માં વર્ણન કર્યું એ રીતે, ભવકારણ માત્રના જ્ઞાનથી તેના અપનયન માટે=ભવના કારણને દૂર કરવા માટે, ગુણવાન પુરુષવિશેષનું આરાધન કરવું જોઈએ, વળી વિશેષવિમર્શ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નિષ્પ્રયોજન છે, એ પ્રમાણે કાલાતીત મત વ્યવસ્થિત છે અને આ=પૂર્વમાં કાલાતીત મત બતાવ્યો એ, અમને પણ વિશેષવિમર્શમાં અસમર્થપુરુષના સ્વઆગ્રહના છેદ માટે સામાન્ય એવા યોગની પ્રવૃત્તિ અર્થે અનુમત છે, વળી નિરભિનિવેશવાળા એવા અન્યનો=કદાગ્રહ વગરના તત્ત્વના પરીક્ષક એવા અન્યનો, શાસ્ત્રાનુસારથી વિશેષ વિમર્શ પણ=ઈશ્વરવિષયક અને ભવના કારણવિષયક વિશેષ વિમર્શ પણ, ભગવાનની વિશિષ્ટ ઉપાસનારૂપપણું હોવાને કારણે અશ્રદ્ધામલના ક્ષાલનથી વિશિષ્ટ નિર્જરાનો હેતુ છે; કેમ કે તત્ત્વજ્ઞાનગર્ભવૈરાગ્યનું જીવાતુભૂતપણું છે=વિશેષ વિમર્શ તત્ત્વજ્ઞાનગર્ભ-વૈરાગ્યનું જીવાતુ છે, એથી સર્વથા તેનું વૈફલ્ય નથી=ઈશ્વરવિષયક કે ભવના કારણવિષયક વિશેષવિમર્શનું કાલાતીત કહે છે, તેમ સર્વથા વિફળપણું નથી એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

❖ एतच्चास्माकमपि - અહીં अपि થી એ કહેવું છે કે કાલાતીતને તો આ મત અભિમત છે, પરંતુ વિશેષવિમર્શમાં અસમર્થ એવા પુરુષના સ્વઆગ્રહના છેદ માટે અમને પણ=ગ્રંથકારશ્રીને પણ, સામાન્ય યોગપ્રવૃત્તિ માટે આ મત અભિમત છે.

❖ विशेषविमर्शोऽपि - અહીં अपि થી એ કહેવું છે કે વિશેષવિમર્શમાં અસમર્થ જીવો માટે તો કાલાતીતે કહ્યું તે પ્રમાણે સ્વીકારવું ઉચિત છે પરંતુ નિરભિનિવેશવાળા જીવોને શાસ્ત્રાનુસારથી વિશેષવિમર્શ પણ વિશિષ્ટ નિર્જરાનો હેતુ છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૬માં ગ્રંથકારશ્રીએ કહેલ કે, જે જીવોએ વિશેષનો નિર્ણય કર્યો નથી. તેઓએ માધ્યસ્થ્યનું અવલંબન લઈને દેવતાદિની પૂજા કરવી જોઈએ પરંતુ દેવતાવિષયક વિશેષ નિર્ણય થયો ન હોય તો દેવતાવિષયક કલહ કરવો કે, આ જ દેવતા ઉપાસ્ય છે કે આ દેવતા ઉપાસ્ય નથી તેવો અભિનિવેશ કરવો ઉચિત નથી અને તેની પુષ્ટિ કરવા માટે શ્લોક-૧૭થી ૨૩ સુધી કાલાતીતનો મત બતાવ્યો. તેનાથી શું ફલિત થાય છે તે બતાવતાં કહે છે –

જે જીવોને દેખાતા સંસારની વિડંબણા જોઈને બોધ થયો છે કે, ભવનું જે કારણ છે તેને દૂર કરવું જોઈએ, અને તેને દૂર કરવા માટે ગુણવાન પુરુષવિશેષની આરાધના કરવી જોઈએ, અને વળી તેવા જીવોને ગુણવાન પુરુષવિષયક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના પ્રરૂપણ કરાયેલા શાસ્ત્રની પરીક્ષા કરીને વિશેષ નિર્ણય થયો નથી તેવા જીવો માટે ગુણવાન પુરુષવિષયક વિશેષ વિમર્શ નિષ્પ્રયોજન છે, એ પ્રકારનો કાલાતીત મત ગ્રંથકારશ્રીને પણ અભિમત છે તેથી કહે છે –

જે જીવોને ઈશ્વરવિષયક વિશેષવિમર્શ કરવાની શક્તિ નથી, અને ભવના કારણવિષયક વિશેષ વિમર્શ કરવાની શક્તિ નથી, આમ છતાં સ્વ-સ્વદર્શનનું અવલંબન લઈને સ્વ-સ્વ દર્શનનની માન્યતાનુસાર આગ્રહ કરે છે, તેના વ્યવચ્છેદ માટે અને સામાન્યથી યોગમાર્ગની પ્રવૃત્તિ માટે અમને પણ=ગ્રંથકારશ્રીને પણ, કાલાતીતનો મત અનુમત છે.

અહીં સામાન્યથી યોગની પ્રવત્તિ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે ભગવાનના શાસનના નયગર્ભ વચનના પરમાર્થને જાણીને જેઓ વિશેષથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે, તેઓએ તો યુક્તિ અને અનુભવ અનુસાર સર્વજ્ઞના વચનનો વિશેષ નિર્ણય કરવો આવશ્યક છે અને તેવા જીવો વિશેષથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરનારા છે, પરંતુ જે જીવોમાં તેવી પ્રજ્ઞા હજુ પ્રગટ થઈ નથી તેવા જીવો તો હિંસાદિ ભવના કારણોને જાણીને સામાન્યથી હિંસાદિના ત્યાગની પ્રવૃત્તિ કરનારા હોય છે, તેવા જીવોથી થતી સામાન્ય યોગમાર્ગની પ્રવૃત્તિ માટે કાલાતીતનો મત ઇષ્ટ છે; કેમ કે જૈનશાસનમાં પણ ઘણા એવા જીવો છે કે, જેમને વિશેષનો કોઈ નિર્ણય નથી છતાં સ્વ-સ્વ માન્યતામાં આગ્રહ કરીને અને પરસ્પર કલહ કરીને યોગમાર્ગનો નાશ કરે છે, તેવા જીવોને વિશેષની અનિર્ણય દશામાં તેવો કલહ કરવો ઉચિત નથી, પરંતુ રાગાદિનો ઉચ્છેદ થાય તેવી ઉચિત પ્રવૃત્તિરૂપ યોગમાર્ગનું સેવન કરવું ઉચિત છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે, તેવા જીવોને આશ્રયીને કાલાતીતનો મત અમને પણ ઇષ્ટ છે.

વળી જે જીવોને ક્યાંય અભિનિવેશ નથી પણ પરીક્ષા કરીને તત્ત્વનો નિર્ણય કરવા તત્પર થયા છે, તેવા જીવો કયું દર્શન કષ, છેદ અને તાપશુદ્ધ છે તેનો નિર્ણય કરીને અને કષ, છેદ અને તાપશુદ્ધ એવું દર્શન સર્વજ્ઞ કથિત છે તેવો નિર્ણય કરીને તેમના વચનાનુસાર અનુભવ અને યુક્તિથી ઉપાસ્ય પુરુષ કેવા માનવા ઉચિત છે, અને ભવનું કારણ એવું કર્મ કેવું માનવું ઉચિત છે, તેનો વિશેષવિમર્શ કરે તો તેનાથી પણ તે મહાત્માને વિશિષ્ટ નિર્જરા થાય છે; કેમ કે સત્પરીક્ષક એવા તે મહાત્મા ભગવાને કહેલા શાસ્ત્રની પરીક્ષા કરીને અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાને બતાવેલા પદાર્થોને યુક્તિ અને અનુભવથી યથાસ્થાને જોડીને ઉપાસ્ય એવા પૂર્ણપુરુષવિષયક વિશિષ્ટ વિમર્શ કરે, અને ભવનું કારણ એવું કર્મ કેવું માનવું ઉચિત છે તેનો વિશેષ વિમર્શ કરે, તો અનુભવને અનુરૂપ ભગવાનનું આ વચન છે તેવો સ્થિર અધ્યવસાય થાય છે, અને ભગવાને કહેલા પદાર્થને યુક્તિ અને અનુભવથી જાણવાના કરાયેલા યત્નથી ભગવાન પ્રત્યે જ વિશિષ્ટ ભક્તિ થાય છે, અને તે પ્રકારે ભગવાનની વિશિષ્ટ ઉપાસના થવાના કારણે તેમનામાં રહેલ મિથ્યાત્વનો વિશેષ પ્રકારે નાશ થાય છે અર્થાત્ ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ હોય તો તે ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ અધિક અધિક નિર્મળ-નિર્મળતર થાય છે, તેથી તેવા જીવોને આશ્રયીને વિશેષ વિમર્શ નિર્જરાનો હેતુ છે.

વળી આ પ્રકારનો વિશેષ વિમર્શ તત્ત્વના યથાર્થ અવલોકનપૂર્વક હોવાથી તે મહાત્મામાં વર્તતા તત્ત્વજ્ઞાનગર્ભ એવા વૈરાગ્યનો જીવાતુ બને છે, અર્થાત્ તે મહાત્મામાં વર્તતું તત્ત્વજ્ઞાનગર્ભ વૈરાગ્ય પુષ્ટ-પુષ્ટતર થાય છે; કેમ કે અનુભવ અને યુક્તિથી સર્વજ્ઞે કહેવા પદાર્થ યથાર્થ જોવાથી સર્વજ્ઞે કહેવા તત્ત્વજ્ઞાનથી તે મહાત્માનું ચિત્ત અત્યંત ભાવિત થાય છે જેથી પૂર્વ કરતાં અધિક અધિક નિર્લેપતા પ્રાપ્ત થાય છે. તેથી ગુણવાન પુરુષવિષયક વિશેષવિમર્શ અને ભવના કારણવિષયક વિશેષ વિમર્શ તેવા જીવો માટે કલ્યાણનું કારણ છે, માટે ઈશ્વરવિષયક અને ભવના કારણવિષયક વિશેષવિમર્શ કાલાતીત કહે છે એ પ્રમાણે સર્વથા નિષ્ફળ નથી. ફક્ત આદ્ય ભૂમિકાવાળા જીવો માટે વિશેષવિમર્શ વિફળ છે અને તત્ત્વજિજ્ઞાસુ અને મધ્યસ્થ બુદ્ધિવાળા જીવો માટે તે વિશેષવિમર્શ વિશિષ્ટ કલ્યાણનું કારણ છે. એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે -

**શ્લોક :-**

**आस्थितं चैतदाचार्यैस्त्याज्ये कुचितिकाग्रहे ।**
**शास्त्रानुसारिणस्तर्कान्नामभेदानुपग्रहात् ।।२४।।**

**અન્વયાર્થ :-**

**च=અને कुचितिकाग्रहे त्याज्ये=કુચિતિકાનો આગ્રહ ત્યાજ્ય હોતે છતે शास्त्रानुसारिणस्तर्कात्=શાસ્ત્રાનુસારી તર્કથી नामभेदानुपग्रहात्=નામભેદનો**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુપગ્રહ હોવાને કારણે एतद्=આ=કાલાતીતનો મત, आचार्यैः=આચાર્ય વડે=પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજા વડે, आस्थितम्=અંગીકૃત છે. ।।૨૪।।

**શ્લોકાર્થ :-**

**અને કુચિતિકાનો આગ્રહ ત્યાજ્ય હોતે છતે શાસ્ત્રાનુસારી તર્કથી નામભેદનો અનુપગ્રહ હોવાને કારણે કાલાતીતનો મત પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે અંગીકૃત છે. ।।૨૪।।**

**ટીકા :-**

आस्थितं चेति-एतच्च=कालातीतमतं, आचार्यैः=श्रीहरिभद्रसूरिभिः, आस्थितम्=अङ्गीकृतम्, कुचितिकाग्रहे=कौटिल्यावेशे, त्याज्ये=परिहार्ये, कुचिति-कात्यागार्थमित्यर्थः, शास्त्रानुसारिणः तर्कात्, अर्थसिद्धौ सत्यामिति गम्यं, नामभेदस्य=संज्ञाविशेषस्य, अनुपग्रहात्=अनभिनिवेशात्, तत्त्वार्थसिद्धौ नाममात्रक्लेशो हि योगप्रतिपन्थी, न तु धर्मवादेन विशेषविमर्शोऽपीति भावः । **तदिदमुक्तं** – "साधु चैतद्यतो नीत्या शास्त्रमत्र प्रवर्तकम् । तथाभिधानभेदात्तु भेदः कुचितिकाग्रहः" ।।१।। "विपश्चितां न युक्तोऽयमैदंपर्यप्रिया हि ते । यथोक्तास्तत्पुनश्चारु हन्तात्रापि निरूप्यताम्" ।।२।। "उभयोः परिणामित्वं तथाभ्युपगमाद् ध्रुवम् । अनुग्रहाप्रवृत्तेश्च तथाद्धाभेदतः स्थितम्" ।।३।। "आत्मनां तत्स्वभावत्वे प्रधानस्यापि संस्थिते । ईश्वरस्यापि सन्न्यायाद्विशेषोऽधिकृतो भवेत्" ।।४।। **इति ।।२४।।**

**ટીકાર્થ :-**

**एतच्च ..... इत्यर्थः, અને આ=કાલાતીતનો મત, કુચિતિકાનો આગ્રહ= કૌટિલ્યનો આવેશ, ત્યાજ્ય હોતે છતે=પરિહાર્ય હોતે છતે, અર્થાત્ કુચિતિકાના ત્યાગ માટે પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજા વડે આસ્થિત=અંગીકૃત છે.**

કઈ રીતે પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજા વડે કાલાતીતનો મત અંગીકૃત છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**शास्त्रानुसारिणः ..... अनभिनिवेशात्, શાસ્ત્રાનુસારી તર્કથી અર્થની સિદ્ધિ હોતે છતે નામભેદનો=સંજ્ઞાવિશેષનો અર્થાત્ ઉપાસ્યવિષયક અને ભવના કારણવિષયક સંજ્ઞાવિશેષનો, અનુપગ્રહ હોવાથી=અનભિનિવેશ હોવાથી,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજા વડે કાલાતીતનો મત અંગીકૃત છે એમ અન્વય છે.**

આનાથી શું ફલિત થાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

**तत्त्वार्थसिद्धौ ..... भावः । તત્ત્વાર્થની સિદ્ધિમાં નામમાત્રનો ક્લેશ= ઉપાસ્યવિષયક કે ભવના કારણવિષયક નામમાત્રનો ક્લેશ, યોગનો પ્રતિપંથી છે પરંતુ ધર્મવાદથી=તત્ત્વની પ્રાપ્તિ અર્થે પદાર્થના સ્વરૂપ નિર્ણયવિષયક વિશેષ વિચારણા અર્થે કરાતા ધર્મવાદથી, વિશેષવિમર્શ પણ યોગનો પ્રતિપંથી નથી એ પ્રકારે ભાવ છે.**

**तदिदमुक्तम्=તે આ=શ્લોકમાં જે કહેવાયું તે આ, યોગબિંદુ શ્લોક- ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૨માં કહેવાયું છે.**

"साधु ..... कुचितिकाग्रहः" ।। "વળી આ કાલાતીતે કહેલું સુંદર છે, જે કારણથી નીતિથી=પરમાર્થ ચિંતારૂપ નીતિથી, અહીંયા=દેવતાદિ અર્થમાં, શાસ્ત્ર પ્રવર્તક છે, (તે કારણથી) તે પ્રકારના અભિધાનના ભેદથી=દેવાદિના અને કર્માદિના અભિધાનના ભેદથી, ભેદ=આ દેવ ઉપાસ્ય છે અને આ દેવ ઉપાસ્ય નથી, આ દર્શનનું ભવનું કારણ મિથ્યા છે અને આ દર્શનનું ભવનું કારણ સમ્યગ્ છે એ પ્રકારનો ભેદ, કુચિતિકાગ્રહ=ખોટો આગ્રહ છે."

"विपश्चितां ..... निरूप्यताम्" ।। "બુદ્ધિમાનોને આ=કુચિતિકાગ્રહ, યુક્ત નથી हि=જે કારણથી યથોક્ત એવા તેઓ=તાત્ત્વિક એવા બુદ્ધિમાનો, ઐદંપર્યપ્રિય હોય છે. વળી તે=ઐદંપર્ય चारु=શુદ્ધ અહીં પણ=કાલાતીત વડે કહેવાયેલા કથનમાં પણ, નિપુણબુદ્ધિપૂર્વક વિચારો."

"उभयोः ..... स्थितम्" ।। "ઉભયનું=ઈશ્વર અને પ્રધાનનું, પરિણામીપણું ધ્રુવ છે; કેમ કે તે પ્રકારનો અભ્યુપગમ છે.

તે પ્રકારના અભ્યુગમને સ્પષ્ટ કરે છે –

અનુગ્રહથી અને પ્રવૃત્તિથી=ઈશ્વર વડે તેવા પ્રકારના યોગ્ય જીવોના અનુગ્રહથી અને પ્રધાનના વ્યાપારથી, તે પ્રકારના અદ્ધાભેદથી=તે પ્રકારના કાળના ભેદથી, સ્થિત છે=ઈશ્વર અને પ્રધાનનું પરિણામીપણું સ્થિત છે."

"आत्मनां ...... भवेत्" ।। "આત્માનું, પ્રધાનનું પણ અને ઈશ્વરનું પણ, તત્સ્વભાવપણું સંસ્થિત હોતે છતે=આત્માનું અનુગ્રાહ્યસ્વભાવપણું, પ્રધાનનું નિવૃત્તઅધિકારિત્વલક્ષણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વભાવપણું અને ઈશ્વરનું અનુગ્રાહકત્વરૂપ સ્વભાવપણું સંસ્થિત હોતે છતે, સન્ન્યાયથી= સદ્યુક્તિથી, અધિકૃત વિશેષ થાય=તીર્થંકરાદિરૂપ વિશેષ થાય."

**इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે. ॥૨૪॥**

❖ विशेषविमर्शोऽपि - અહીં अपि થી એ કહેવું છે કે આદ્ય ભૂમિકામાં વિશેષવિમર્શનો અભાવ તો યોગપ્રતિપંથી નથી, પરંતુ સંપન્ન ભૂમિકાવાળા જીવોને ધર્મવાદથી વિશેષવિમર્શ પણ યોગ પ્રતિપંથી નથી.

**ભાવાર્થ :-**

## કાલાતીતનો મત પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ કઈ રીતે સ્વીકાર કરેલ છે તેનું સ્પષ્ટીકરણ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ શ્લોક-૧૭થી ૨૩માં કાલાતીતમત બતાવ્યો, તે કાલાતીતમત પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ સ્વીકારેલ છે. ત્યાં પ્રશ્ન થાય કે કાલાતીતનું વચન પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ કેમ સ્વીકાર્યું છે ? તેથી કહે છે –

**કુચિતિકાના ત્યાગ માટે કાલાતીતમતનો સ્વીકાર :-**

કુચિતિકાના ત્યાગ માટે=પરમાર્થના બોધ વગર સ્વ-સ્વદર્શનના આગ્રહરૂપ કુચિતિકાના ત્યાગ માટે, પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ કાલાતીત મતનો સ્વીકાર કર્યો છે.

કેમ કાલાતીતમતનો સ્વીકાર કર્યો છે તેમાં યુક્તિ બતાવે છે –

## શાસ્ત્રાનુસારી તર્કથી અર્થની સિદ્ધિ થવાથી નામભેદનો અનભિનિવેશ હોવાને કારણે પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજા વડે કાલાતીતમતનો સ્વીકાર :-

શાસ્ત્રાનુસારી તર્કથી અર્થની સિદ્ધિ હોતે છતે પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાને નામભેદનો અનભિનિવેશ હોવાને કારણે=આગ્રહ નહિ હોવાને કારણે, કાલાતીત મતનો સ્વીકાર કર્યો છે.

આશય એ છે કે, ભગવાનનું વચન જીવોને મધ્યસ્થ થવાનો ઉપદેશ આપે છે અને મધ્યસ્થ થઈને તત્ત્વાતત્ત્વનો વિભાગ કરવો જોઈએ અને તત્ત્વનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્ણય કરીને તત્ત્વમાં પ્રવૃત્તિ કરવી જોઈએ, તે પ્રકારે શાસ્ત્રાનુસારી તર્ક છે, તેથી જે જીવો ઈશ્વરવિષયક કે કર્મવિષયક વિશેષ નિર્ણય કરવા સમર્થ નથી તેવા જીવોને મધ્યસ્થતાપૂર્વક યોગમાર્ગ સેવવા માટે શાસ્ત્રવચન ઉપદેશ આપે છે; કેમ કે પોતાને ઈશ્વરવિષયક વિશેષ નિર્ણય ન હોય આમ છતાં આ ઈશ્વર ઉપાસ્ય છે અને આ ઈશ્વર ઉપાસ્ય નથી, તેવો આગ્રહ અવિચારક રીતે સ્વીકાર કરેલા પોતપોતાના દર્શન પ્રત્યે વિચારકોને કરવો ઉચિત નથી, પરંતુ મધ્યસ્થતાથી વિચારવું જોઈએ કે ઉપાસનાનો વિષય ગુણસંપન્ન પુરુષ છે, અને ગુણસંપન્ન પુરુષની ઉપાસના કરવાથી પોંતાનામાં ગુણો આવિર્ભાવ પામે છે, અને ગુણો પ્રત્યે પક્ષપાતવાળા જીવો થાય છે, આ પ્રકારનો શાસ્ત્રાનુસારી તર્ક સામે રાખીને પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઈશ્વરના વિષયમાં નામભેદના અભિનિવેશનો ત્યાગ કરીને શાસ્ત્રાનુસારી તર્કથી કાલાતીત મત પ્રમાણે મધ્યસ્થતાથી સર્વ ઈશ્વરવિષયક અને ભવના કારણવિષયક વિચારવાનું સ્વીકારેલું છે; કેમ કે તે રીતે જ આદ્ય ભૂમિકાવાળા જીવો પ્રવૃત્તિ કરે તો કદાગ્રહ વગર સ્વ-સ્વભૂમિકાના યોગમાર્ગને સેવીને તેઓને અર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય અર્થાત્ યોગમાર્ગના સેવનથી જન્ય બીજાધાનાદિરૂપ અર્થની સિદ્ધિ થાય.

તે પદાર્થને સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**તત્ત્વાર્થની સિદ્ધિમાં નામમાત્રનો ક્લેશ યોગનો પ્રતિપંથી પરંતુ ધર્મવાદથી વિશેષવિમર્શ યોગનો અપ્રતિપંથી :-**

તત્ત્વાર્થની સિદ્ધિમાં નામમાત્રનો ક્લેશ યોગનો પ્રતિપંથી છે અર્થાત્ પોતાના ઉપાસ્ય દેવવિષયક આ નામવાળા દેવ ઉપાસ્ય છે અને આ નામવાળા દેવ ઉપાસ્ય નથી એમ કહીને પરસ્પર ક્લેશ કરવો તે મધ્યસ્થતાપૂર્વક આત્મકલ્યાણની પ્રવૃત્તિરૂપ યોગમાર્ગમાં વિઘ્નભૂત છે, પરંતુ જેઓ નામમાત્રથી ક્લેશ કરતા નથી પણ ધર્મવાદ દ્વારા વિશેષવિમર્શ કરે છે, તે વિમર્શ દ્વારા ઈશ્વર વિશેષનો નિર્ણય કરે અને ભવના કારણનો વિશેષ નિર્ણય કરે, અને તે રીતે નિર્ણય કરીને તીર્થંકરાદિને ઈશ્વર તરીકે સ્વીકારે, અન્યને ન સ્વીકારે અને ભવના કારણને રૂપી સ્વીકારે, અરૂપી ન સ્વીકારે તેમાં કોઈ દોષ નથી.

આનાથી એ ફલિત થાય છે કે, પ્રસ્તુત શ્લોકની અવતરણિકામાં કહેલ તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે આદ્ય ભૂમિકાવાળા જીવોને સ્વ-સ્વદર્શનના કુત્સિત આગ્રહના ત્યાગ માટે પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ શાસ્ત્રાનુસારી તર્કથી કાલાતીતમતનો સ્વીકાર કર્યો છે; કેમ કે આદ્ય ભૂમિકાવાળા જીવોને કાલાતીતના વચનાનુસાર મધ્યસ્થતાથી પ્રવૃત્તિ કરવાથી યોગમાર્ગની પ્રાપ્તિરૂપ અર્થસિદ્ધિ થાય છે.

**શ્લોકના કથનમાં યોગબિંદુ શ્લોક-૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૨ની સાક્ષી આપી તેનો ભાવ :-**

યોગબિંદુ શ્લોક-૩૦૮માં પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજા કહે છે કે, કાલાતીતે આ કહ્યું છે તે સુંદર છે. કેમ સુંદર છે તેમાં યુક્તિ આપે છે –

પરમાર્થની ચિંતારૂપ નીતિથી દેવતાદિ અર્થમાં પ્રવર્તક શાસ્ત્ર છે, તેથી શાસ્ત્રવચનને અવલંબીને કોઈ પૂર્ણપુરુષની ઉપાસના કરતા હોય અને તે પૂર્ણપુરુષને કોઈ મુક્ત કહે, કોઈ બુદ્ધ કહે, કોઈ અર્હત્ કહે, તેટલા નામમાત્રથી તે દેવતાનો ભેદ કરીને આગ્રહ કરવામાં આવે કે 'આ દેવ ઉપાસ્ય છે અને આ દેવ ઉપાસ્ય નથી' તે કુચિતિકાગ્રહ છે.

વળી યોગમાર્ગના સેવન દ્વારા આત્મા ઉપર લાગેલા કર્મોને દૂર કરવાના છે અને તેના માટે યોગમાર્ગની પ્રવૃત્તિ શાસ્ત્રાનુસારી થાય છે તે વખતે તે કર્મને કોઈ પ્રધાન કહે, કોઈ અવિદ્યા કહે, કે કોઈ વાસના કહે, તેટલામાત્રથી તેનો ભેદ સ્વીકારીને આ દર્શનનું ભવનું કારણ સમ્યક્ છે અને આ દર્શનનું ભવનું કારણ સમ્યગ્ નથી એ પ્રકારનો આગ્રહ કુચિતકાગ્રહ છે.

આ રીતે દેવતાવિષયક અને કર્મવિષયક નામભેદથી ભેદ કરવો એ કુત્સિત આગ્રહ છે તેમ બતાવ્યા પછી વિદ્વાન પુરુષોએ તેવો આગ્રહ કરવો જોઈએ નહિ તેમ યોગબિંદુ શ્લોક-૩૦૯માં કહે છે; કેમ કે બુદ્ધિમાન વિદ્વાનો ઐદંપર્યને જોનારા હોય છે, તેથી તેઓ વિચારી શકે છે કે, ગુણસંપન્ન પુરુષ ઉપાસ્ય છે તે ગુણસંપન્ન પુરુષનું નામ બુદ્ધ હોય, કે મુક્ત હોય, કે અર્હત્ હોય, તેનાથી કોઈ ભેદ પડતો નથી. વળી યોગમાર્ગના સેવનથી દૂર કરવા યોગ્ય કર્મોને પ્રધાન કહેવામાં આવે, કે કર્મ કહેવામાં આવે, કે વાસના કહેવામાં આવે તેનાથી કોઈ ભેદ પડતો નથી, માટે ઉપાસ્યના વિષયમાં અને યોગમાર્ગના પ્રયત્નથી અપનેય એવા કર્મના વિષયમાં ઐદંપર્યશુદ્ધ વિચારવું જોઈએ અને આગ્રહને છોડીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાસનામાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

આ રીતે કાલાતીત મત પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાને ઇષ્ટ છે એ બતાવ્યા પછી કાલાતીત મતાનુસાર અને સ્વમતાનુસાર સ્વીકારવાથી ઈશ્વર અને પ્રધાનનું પરિણામીપણું પ્રાપ્ત થાય છે તે યોગબિંદુ શ્લોક-૩૧માં બતાવે છે –

કાલાતીત મતવાળા કહે છે તે પ્રમાણે સ્વીકારવું હોય તો ઈશ્વરના અનુગ્રહથી અનુગ્રાહ્ય જીવોમાં યોગમાર્ગની નિષ્પત્તિ થાય અને તે વખતે પ્રધાન પણ જીવમાં યોગપ્રાપ્તિને અનુકૂળ વ્યાપારવાળું થાય છે, એમ અર્થથી માનવું પડે અર્થાત્ પૂર્વમાં ઈશ્વર વ્યાપારવાળા ન હતા અને પાછળથી જીવનો અનુગ્રહ કરવાનો વ્યાપાર કરે છે, અને પ્રધાન પણ પૂર્વમાં વ્યાપારવાળું ન હતું અને ઈશ્વરનો અનુગ્રહ થાય છે ત્યારે જીવને યોગમાર્ગની પ્રાપ્તિ થાય તે પ્રકારના વ્યાપારવાળું થાય છે, તેથી ઈશ્વરની અનુગ્રહની પ્રવૃત્તિ અને પ્રધાનની વ્યાપારની પ્રવૃત્તિ તે તે પ્રકારના કાળના ભેદથી થાય છે તે સંગત થાય, અને તેમ કાલાતીત વગેરે દર્શનકારો સ્વીકારે તો ઈશ્વર અને પ્રધાન બંને પરિણામી છે તેમ તેમને સ્વીકારવું જોઈએ.

આનાથી શું ફલિત થાય છે તે યોગબિંદુ શ્લોક-૩૧૨માં કહે છે –

જીવોનો ઈશ્વરથી અનુગ્રાહ્યસ્વભાવ છે અને પ્રધાનનો નિવૃત્તઅધિકારિત્વરૂપ સ્વભાવ છે અને ઈશ્વરનો અનુગ્રાહકસ્વભાવ છે અને તેમ સ્વીકારીએ તો સન્ન્યાયથી=સદ્ યુક્તિથી તીર્થંકરાદિ વિશેષ સ્વીકૃત થાય છે; કેમ કે જીવો ઉપર અનુગ્રહ કરનાર તીર્થંકરો છે તેથી અન્ય જીવો કરતાં તીર્થંકરના જીવો વિશેષ છે અને અન્ય જીવો તીર્થંકરથી અનુગ્રાહ્યસ્વભાવવાળા છે. આ પ્રમાણે સિદ્ધ થાય છે.

કાલાતીતનો મત સ્વીકારવામાં ગ્રંથકારશ્રીને કોઈ વિરોધ નથી, ફક્ત કાલાતીતના વચનથી આત્મા, ઈશ્વર, કર્મ વગેરે પરિણામી સિદ્ધ થાય છે અને તેમ કહેનારું જૈનવચન છે અને તેની પ્રરૂપણા કરનારા તીર્થંકરો છે, તેથી તીર્થંકરાદિરૂપ દેવવિશેષ પણ કદાગ્રહ વગર ધર્મવાદથી કોઈ સ્વીકારે તો તે યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિરોધી નથી. **॥૨૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

विशेषविमर्शे शास्त्रतर्कयोर्द्वयोरुपयोगप्रस्थानमाह –

**અવતરણિકાર્થ :-**

**વિશેષવિમર્શમાં=અતીન્દ્રિય પદાર્થવિષયક વિશેષ વિચારણામાં, શાસ્ત્ર અને તર્ક બંનેના ઉપયોગના પ્રકૃષ્ટ સ્થાનને શ્લોક-૨૫થી ૨૭માં કહે છે -**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૪ની અવતરણિકામાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, નિરભિનિવેશવાળા એવા અન્ય જીવોને શાસ્ત્રાનુસારથી વિશેષવિમર્શ પણ વિશિષ્ટ નિર્જરાનો હેતુ છે, અને તે કથનને શ્લોક-૨૪માં સ્પષ્ટ કરતાં કહ્યું કે, તત્ત્વાર્થની સિદ્ધિમાં નામમાત્રનો ક્લેશ યોગપ્રતિપંથી છે, પરંતુ ધર્મવાદથી વિશેષવિમર્શ પણ યોગમાર્ગનો પ્રતિપંથી નથી, તેથી જિજ્ઞાસા થાય કે ઈશ્વરવિષયક કે ભવના કારણ પ્રધાનવિષયક વિશેષવિમર્શ શાનાથી થઈ શકે છે ? તેથી ગ્રંથકારશ્રી શ્લોક-૨૫થી ૨૭ સુધી વિશેષવિમર્શમાં શાસ્ત્ર અને તર્ક બંનેના ઉપયોગના પ્રકૃષ્ટ સ્થાનને કહે છે.

**શ્લોક :-**

**अस्थानं रूपमन्धस्य यथा सन्निश्चयं प्रति ।**
**तथैवातीन्द्रियं वस्तु छद्मस्थस्यापि तत्त्वतः ।।२५।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે सन्निश्चयं प्रति=સત્ નિશ્ચય પ્રત્યે=યથાર્થ નિર્ણય પ્રત્યે, अन्धस्य=અંધને रूपम्=રૂપ अस्थानं=અસ્થાન છે=અવિષય છે तथैव=તે પ્રમાણે જ तत्त्वतः=તત્ત્વથી छद्मस्थस्यापि=છદ્મસ્થને પણ अतीन्द्रियं वस्तु=અતીન્દ્રિય વસ્તુ (अस्थानं=અવિષય છે.) ॥૨૫॥**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે સત્ નિશ્ચય પ્રત્યે અંધને રૂપ અસ્થાન છે તે પ્રમાણે જ તત્ત્વથી છદ્મસ્થને પણ અતીન્દ્રિય વસ્તુ અસ્થાન છે. ।।૨૫।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

अस्थानमिति- अस्थानम्=अविषयः, रूपं=नीलकृष्णादिलक्षणम्, अन्धस्य= लोचनव्यापारविकलस्य, यथा सन्निश्चयं=विशदावलोकनं, प्रति=आश्रित्य, तथैव=उक्तन्यायेनैव, अतीन्द्रियं वस्तु आत्मादिविशेषरूपं छद्मस्थस्य=अर्वाग्दृशः प्रमातुरपि, तत्त्वतः=परमार्थनीत्या ।।२५।।

**ટીકાર્થ :-**

अस्थानम् ..... परमार्थनीत्या ।। જે પ્રમાણે સત્‌નિશ્ચય પ્રત્યે=વિશદ અવલોકનને આશ્રયીને અંધને=લોચન વ્યાપાર રહિત પુરુષને, નીલકૃષ્ણાદિ-સ્વરૂપ રૂપ અસ્થાન=અવિષય છે. તે પ્રમાણે જ=ઉક્તન્યાયથી જ અર્થાત્ પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધમાં બતાવેલા દૃષ્ટાંતથી જ, છદ્મસ્થને=અર્વાગ્દૃષ્ટિવાળા એવા પ્રમાતાને પણ, તત્ત્વથી=પરમાર્થનીતિથી, આત્માદિ વિશેષરૂપ અતીન્દ્રિય વસ્તુ અવિષય છે એમ અન્વય છે. ।।૨૫।।

❖ छद्मस्थस्यार्वाग्दृशः प्रमातुरपि - અહીં अपि થી એ કહેવું છે કે અંધ પુરુષોને તો અતીન્દ્રિય વસ્તુ અવિષય છે, પરંતુ છદ્મસ્થને=અર્વાગ્દૃષ્ટિવાળા પ્રમાતાને પણ અતીન્દ્રિય વસ્તુ અવિષય છે.

**ભાવાર્થ :-**

**સત્‌નિશ્ચય પ્રતિ અંધને રૂપ અવિષય છે, તેવી રીતે છદ્મસ્થને તત્ત્વથી આત્માદિ વિશેષરૂપ અતીન્દ્રિય વસ્તુ અવિષય :-**

પ્રસ્તુત શ્લોકની અવતરણિકામાં કહેલ કે, વિશેષવિમર્શમાં શાસ્ત્ર અને તર્કના ઉપયોગના પ્રકૃષ્ટ સ્થાનને કહે છે, તેથી હવે આત્માદિ વિશેષરૂપ અતીન્દ્રિય વસ્તુવિષયક શાસ્ત્રના ઉપયોગના પ્રકૃષ્ટ સ્થાનને શ્લોક-૨૫-૨૬માં કહે છે -

જે પ્રમાણે ચક્ષુરહિત પુરુષ ઘટાદિ વસ્તુને જોઈને તે ઘટનું રૂપ નીલ છે કે કૃષ્ણ છે ઇત્યાદિ નિર્ણય કરી શકતો નથી, પરંતુ તેનો નિર્ણય કરવા માટે તેમણે ચક્ષુવાળા પુરુષનો આશ્રય કરવો પડે, તે રીતે ઇન્દ્રિયોથી સામે રહેલી વસ્તુને જોનારા એવા છદ્મસ્થ જીવો પણ “આત્મા દેહવ્યાપી છે કે સર્વવ્યાપી છે, ઈશ્વર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે, ભવનું કારણ એવું કર્મરૂપી છે કે અરૂપી છે” ઇત્યાદિ અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય પરમાર્થનીતિથી કરી શકતા નથી; કેમ કે જેમ કોઈ અંધ પુરુષોના સમુદાય વચ્ચે વિવાદ ચાલતો હોય કે આ ઘટ નીલ છે, તો વળી અન્ય કોઈ કહે કે આ ઘટ કૃષ્ણ છે, તો વળી અન્ય કોઈ કહે કે આ ઘટ રક્ત છે, તો તે વિવાદનું ભંજન ચક્ષુ વગરના તે પુરુષો સ્વયં કરી શકે નહિ પરંતુ તેનો નિર્ણય કોઈ દેખતા પુરુષનો આશ્રય તે સર્વ અંધ પુરુષો કરે તો જ થઈ શકે. તેમ આત્માવિષયક, ઉપાસ્યવિષયક કે ભવના કારણ કર્મવિષયક છદ્મસ્થ જીવોનો વિવાદ ચાલતો હોય તો અંધતુલ્ય તે છદ્મસ્થ જીવો તે વિશેષનો નિર્ણય કરીને વિવાદનું ભંજન કરી શકે નહિ, પરંતુ સર્વજ્ઞે બતાવેલા શાસ્ત્રવચનના અવલંબનથી તેનો વિશેષ નિર્ણય કરી શકે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૫માં દૃષ્ટાંતથી બતાવ્યું કે, અતીન્દ્રિય એવા આત્માદિ વસ્તુમાં છદ્મસ્થ જીવો વિશેષનો નિર્ણય કરી શકે નહિ, તેથી હવે સર્વજ્ઞના વચનથી તે વિશેષનો નિર્ણય છદ્મસ્થ જીવો સામાન્યથી કરી શકે છે. તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**हस्तस्पर्शसमं शास्त्रं तत एव कथञ्चन ।**

**अत्र तन्निश्चयोऽपि स्यात्तथा चन्द्रोपरागवत् ॥२६॥**

**અન્વયાર્થ :-**

हस्तस्पर्शसमं=હસ્તસ્પર્શ જેવું शास्त्रं=શાસ્ત્ર છે, तत एव=તેનાથી જ=શાસ્ત્રથી જ, अत्र=અહીં=છદ્મસ્થ પ્રમાતામાં, कथञ्चन=કોઈક પ્રકારથી तन्निश्चयोऽपि= તેનો નિશ્ચય પણ અર્થાત્ અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય પણ, तथा चन्द्रोपरागवत्=તે પ્રકારના ચંદ્ર ઉપરાગની જેમ स्यात्=થાય. ॥૨૬॥

**શ્લોકાર્થ :-**

**હસ્તસ્પર્શ જેવું શાસ્ત્ર છે, શાસ્ત્રથી જ છદ્મસ્થ પ્રમાતામાં કોઈક પ્રકારથી અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય પણ તે પ્રકારના ચંદ્ર ઉપરાગની જેમ થાય. ॥૨૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

हस्तेति-हस्तस्पर्शसमं=तद्वस्तूपलब्धिहेतुहस्तस्पर्शसदृशं, शास्त्रमतीन्द्रियार्थगोचरं, तत एव=शास्त्रादेव, कथञ्चन=केनापि प्रकारेण, अत्र=छद्मस्थे प्रमातरि, तन्निश्चयोऽपि=अतीन्द्रियवस्तुनिर्णयोऽपि, स्यात्, तथा वर्धमानत्वादिविशेषेण, चन्द्रोपरागवत्=चन्द्रराहुस्पर्शवत्, यथा शास्त्रात् सर्वविशेषानिश्चयेऽपि चन्द्रोपरागः केनापि विशेषेण निश्चीयत एव, तथाऽन्यदप्यतीन्द्रियवस्तु ततश्छद्मस्थेन निश्चीयत इति भावः ।।२६।।

**ટીકાર્થ :-**

हस्तस्पर्शसमं ..... स्यात्, હસ્તસ્પર્શ જેવું=તે વસ્તુની ઉપલબ્ધિનો હેતુ એવા હસ્તસ્પર્શ જેવું અર્થાત્ અંધ પુરુષને પુરોવર્તી વસ્તુના ઉપલબ્ધિનો હેતુ એવા હસ્તસ્પર્શ જેવું, અતીન્દ્રિયાર્થ ગોચર=વિષયવાળું શાસ્ત્ર છે, તેનાથી જ=શાસ્ત્રથી જ, કોઈક રીતે=કોઈક પ્રકારથી, અહીં=છદ્મસ્થ પ્રમાતામાં, તેનો નિશ્ચય પણ=અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય પણ, થાય.

છદ્મસ્થ જીવોને શાસ્ત્રથી અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય કઈ રીતે થાય, તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

तथा ..... चन्द्रराहुस्पर्शवत्, તે પ્રકારે વર્ધમાનત્વાદિ વિશેષથી ચંદ્રઉપરાગની જેમ=ચંદ્રને રાહુના સ્પર્શની જેમ, છદ્મસ્થ જીવોને શાસ્ત્રથી અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય થાય છે એમ અન્વય છે.

દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક ભાવને સ્પષ્ટ કરે છે –

यथा ..... इति भावः ।। જે પ્રમાણે શાસ્ત્રથી સર્વવિશેષનો અનિશ્ચય હોવા છતાં પણ કોઈક પણ વિશેષથી ચંદ્રઉપરાગ નિર્ણીત થાય જ છે, તે પ્રમાણે અન્ય પણ અતીન્દ્રિય વસ્તુ તેનાથી=શાસ્ત્રથી, છદ્મસ્થ વડે નિર્ણીત થાય છે. એ પ્રકારે ભાવ છે. ।।૨૬।।

❖ तन्निश्चयोऽपि - અહીં अपि થી એ કહેવું છે કે, શાસ્ત્રથી અતીન્દ્રિય વસ્તુનો કેટલાક સ્થાને નિર્ણય નહિ થતો હોવા છતાં પણ શાસ્ત્રથી જ કોઈક પ્રકારે અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય પણ થઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ સર્વવિશેષાનિશ્ચયેઽપિ - અહીં અપિ થી એ કહેવું છે કે, શાસ્ત્રથી અતીન્દ્રિય વસ્તુમાં સર્વ વિશેષનો નિર્ણય થતો હોય તો તો આત્માદિ વસ્તુવિષયક શાસ્ત્રથી નિર્ણય થઈ શકે, પરંતુ શાસ્ત્રથી સર્વવિશેષનો અનિર્ણય હોવા છતાં પણ અતીન્દ્રિય એવા આત્માદિ વસ્તુવિષયક ચંદ્રઉપરાગની જેમ વિશેષ નિશ્ચય પણ થાય છે.

**ભાવાર્થ :-**

## વિશેષવિમર્શમાં શાસ્ત્રના ઉપયોગનું પ્રકૃષ્ટ સ્થાન :-

જન્મથી ચક્ષુરહિત પુરુષ પુરોવર્તી પદાર્થના રૂપાદિ વિશેષ સ્વયં જોઈ શકતા નથી, તોપણ તે વસ્તુને હાથથી સ્પર્શ કરીને આ ઘડો છે, આ વસ્ત્ર છે ઇત્યાદિ સામાન્ય નિર્ણય કરી શકે છે, તે રીતે સંસારના ઉચ્છેદના કારણીભૂત યોગમાર્ગમાં કેવો અંતરંગ ઉદ્યમ કરવો જોઈએ કે, જેથી જીવ વીતરાગ સર્વજ્ઞ બની શકે તેવો વિશેષ નિર્ણય કોઈ છદ્મસ્થ જીવો કરી શકતા નથી, આથી જ મોક્ષના અત્યંત અર્થી ચૌદ પૂર્વધરો અપ્રમાદપૂર્વક સંયમમાં ઉદ્યમ કરનારા હોવા છતાં પણ વિશેષ પ્રકારના સામર્થ્યયોગકાલીન ઉદ્યમમાં કઈ રીતે યત્ન કરવો તેનો બોધ નહિ હોવાથી ક્ષપકશ્રેણિમાં પ્રવૃત્ત થઈ શકતા નથી, આમ છતાં જેમ અંધ પુરુષ હસ્તના સ્પર્શથી આ ઘટ છે, આ વસ્ત્ર છે ઇત્યાદિ સામાન્ય નિર્ણય કરી શકે છે, તેમ છદ્મસ્થ જીવો પણ હસ્તસ્પર્શ જેવા શાસ્ત્રવચનથી યોગમાર્ગનો સામાન્ય નિર્ણય કરી શકે છે, આથી જ શાસ્ત્ર ભણેલા ગીતાર્થો, પૂર્વધરો, મોક્ષના અર્થી જીવો શાસ્ત્રવચનના બળથી સંસારમાર્ગથી ભિન્ન એવા યોગમાર્ગનો સામાન્ય નિર્ણય કરીને જિનવચનાનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે છે, તેથી છદ્મસ્થ જીવો માટે અતીન્દ્રિય પદાર્થોનો બોધ કરવા માટે શાસ્ત્ર હસ્તસ્પર્શ જેવું છે, તોપણ તે શાસ્ત્રવચનથી કોઈક સ્થાનમાં છદ્મસ્થ જીવોને વિશેષ નિર્ણય પણ થાય છે, આથી જેઓ આત્મા શરીરવ્યાપી છે કે સર્વવ્યાપી છે, કર્મરૂપી છે કે અરૂપી છે, ઈશ્વર અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે એવું સાક્ષાત્ જોનારા નથી, તેવા છદ્મસ્થ જીવો પણ કષ, છેદ અને તાપશુદ્ધ આગમ કયું છે તેની પરીક્ષા કરીને તે શાસ્ત્રવચનના અવલંબનથી અને આગળના શ્લોકમાં કહેવાશે એ પ્રકારના તર્કના અવલંબનથી આત્મા શરીરવ્યાપી છે કે નહિ ? ઈશ્વર અનાદિશુદ્ધ છે કે નહિ ? અને કર્મરૂપી છે કે નહિ ? તેનો નિર્ણય કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કઈ રીતે નિર્ણય કરી શકે છે ? તેમાં દૃષ્ટાંત બતાવે છે –

ચંદ્ર રાહુથી તે પ્રકારનો સ્પર્શ અમુક કાળે પામશે ઇત્યાદિ કોઈ છદ્મસ્થ જીવો જોતા નથી, તોપણ શાસ્ત્રવચનથી તે વિશેષનો નિર્ણય થઈ શકે છે. તે પ્રમાણે શાસ્ત્રથી સર્વ વિશેષનો છદ્મસ્થ જીવો નિર્ણય નહિ કરી શકતા હોવા છતાં પણ આત્માદિવિષયક છદ્મસ્થ એવા તે તે દર્શનકારોનો વિવાદ ચાલે છે, તે સ્થાનમાં છદ્મસ્થ જીવો શાસ્ત્રથી તે વિશેષનો નિર્ણય કરી શકે છે.

આશય એ છે કે, જે પ્રમાણે અંધ પુરુષો ઘટવસ્તુવિષયક વર્ણનો વિવાદ કરતા હોય ત્યારે કોઈક દેખતા પુરુષના આલંબનને સ્વીકારીને આ ઘટ નીલવર્ણવાળો છે, અન્યવર્ણવાળો નથી તેવો નિર્ણય કરી શકે છે, તેમ છદ્મસ્થ જીવો પણ શાસ્ત્રવચનથી આત્માદિવિષયક જે સ્થાનમાં ભિન્ન ભિન્ન દર્શનકારોનો વિવાદ ચાલે છે, તે સ્થાનમાં સર્વજ્ઞના વચનરૂપ શાસ્ત્રથી વિશેષ નિર્ણય કરી શકે છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૫ની અવતરણિકામાં કહેલ કે વિશેષવિમર્શમાં શાસ્ત્ર અને તર્ક એ બંનેના ઉપયોગનું પ્રકૃષ્ટ સ્થાન બતાવાય છે, તેથી શાસ્ત્રના ઉપયોગનું પ્રકૃષ્ટ સ્થાન શ્લોક-૨૬માં બતાવ્યું. હવે વિશેષવિમર્શમાં તર્કના ઉપયોગનું પ્રકૃષ્ટ સ્થાન બતાવે છે –**

**શ્લોક :-**

इत्थं ह्यस्पष्टता शाब्दे प्रोक्ता तत्र विचारणम् ।
माध्यस्थ्यनीतितो युक्तं व्यासोऽपि यददो जगौ ।।२७।।

**અન્વયાર્થ :-**

**इत्थं=આ રીતે=શ્લોક-૨૫માં દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, शाब्दे=શાબ્દજ્ઞાનમાં અર્થાત્ શાસ્ત્રવચનથી થતા બોધમાં अस्पष्टता=અસ્પષ્ટતા हि=ખરેખર, प्रोक्ता=કહેવાઈ. तत्र=ત્યાં=શાસ્ત્રવચનથી થતા અસ્પષ્ટ બોધમાં, माध्यस्थ्य-नीतितो=માધ્યસ્થ નીતિથી=મધ્યસ્થભાવથી विचारणं=વિચારવું युक्तं=યુક્ત છે અર્થાત્ ઉચિત છે यद्=જે કારણથી व्यासोऽपि=વ્યાસે પણ अदः=આને= આગળના શ્લોકમાં કહેશે એને, जगौ=કહ્યું છે. ॥૨૭॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૨૫માં દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, શાબ્દજ્ઞાનમાં અસ્પષ્ટતા કહેવાઈ. શાસ્ત્રવચનથી થતા અસ્પષ્ટ બોધમાં માધ્યસ્થ્ય નીતિથી વિચારવું યુક્ત છે. જે કારણથી વ્યાસે પણ આગળના શ્લોકમાં કહેવાશે એને કહ્યું છે. ॥૨૭॥**

**ટીકા :-**

इत्थं हीति-इत्थम्=उक्तदृष्टान्तेन, हि शाब्दे ज्ञाने अस्पष्टता प्रोक्ता, तत्र=अस्पष्टे शाब्दज्ञाने, माध्यस्थ्यनीतितो विचारणं युक्तं, तर्कस्य प्रमाणानुग्राहकत्वात्, तेनैवैदम्पर्यशुद्धेः तस्याश्च स्पष्टताप्रायत्वात्, यद्=यस्माद्, अदः=वक्ष्यमाणं, व्यासोऽपि जगौ ।।२७।।

**ટીકાર્થ :-**

इत्थम् ..... जगौ ।। ખરેખર આ રીતે=ઉક્ત દૃષ્ટાંતથી=શ્લોક-૨૫માં બતાવેલા દૃષ્ટાંતથી, શાબ્દજ્ઞાનમાં અર્થાત્ શાસ્ત્રવચનથી થતા શાબ્દબોધમાં, અસ્પષ્ટતા કહેવાઈ. ત્યાં=અસ્પષ્ટ શાબ્દજ્ઞાનમાં અર્થાત્ અસ્પષ્ટ શાબ્દબોધમાં, માધ્યસ્થ્ય નીતિથી વિચારવું યુક્ત છે; કેમ કે તર્કનું પ્રમાણને અનુગ્રાહકપણું છે અર્થાત્ તર્કથી વિચારવામાં આવે તો શાસ્ત્રથી થયેલા શાબ્દબોધરૂપ પ્રામાણિક જ્ઞાનનો તર્ક અનુગ્રાહક બને છે, કઈ રીતે શાબ્દબોધમાં તર્ક અનુગ્રાહક બને છે તે સ્પષ્ટ કરે છે. તેના વડે જ=તર્ક વડે જ, ઐદંપર્યની શુદ્ધિ છે અર્થાત્ શાસ્ત્રવચનના ઐદંપર્યની શુદ્ધિ છે અને તેનું=ઐદંપર્ય શુદ્ધિનું, સ્પષ્ટતા પ્રાયઃપણું છે અર્થાત્ સ્પષ્ટજ્ઞાન તુલ્યપણું છે, જે કારણથી આને=વક્ષ્યમાણને=આગળના શ્લોકમાં કહેવાશે એને, વ્યાસે પણ કહ્યું છે. ॥૨૭॥

**ભાવાર્થ :-**

**શાસ્ત્રવચનથી થતા અસ્પષ્ટ બોધમાં માધ્યસ્થ્યનીતિથી વિચારણા યુક્ત :-**

શ્લોક-૨૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, અતીન્દ્રિય પદાર્થને બતાવવામાં શાસ્ત્ર હસ્તસ્પર્શ જેવું છે, તેથી એ ફલિત થાય છે કે, શાસ્ત્રથી જે શાબ્દબોધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે તે શાબ્દબોધમાં અસ્પષ્ટતા છે, પરંતુ પ્રત્યક્ષ જ્ઞાન જેવી સ્પષ્ટતા નથી, આથી જ ચૌદ પૂર્વધરો પણ યોગમાર્ગને સામાન્યથી જોનારા છે, પરંતુ કેવલીની જેમ વિશેષથી જોનારા નથી. આમ છતાં જેમ અંધપુરુષો હાથના સ્પર્શથી આ ઘટ છે, આ પટ છે, તેમ નિર્ણય કરીને ઉચિત વ્યવહાર કરે છે, તેમ શાસ્ત્રના પરમાર્થને જાણનારા મહાત્માઓ અતીન્દ્રિય એવા યોગમાર્ગમાં શાસ્ત્રવચનથી પ્રવૃત્તિ કરે છે, અને શાસ્ત્રથી જે શાબ્દજ્ઞાન થાય છે તે શાબ્દજ્ઞાનમાં માધ્યસ્થ્ય નીતિથી વિચારણા કરવી આવશ્યક છે અને તે વિચારણા ઉચિત તર્કથી થઈ શકે છે; કેમ કે તર્ક પ્રમાણનો અનુગ્રાહક છે.

આશય એ છે કે, આત્મા સર્વવ્યાપી છે કે દેહવ્યાપી છે, ઈશ્વર અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે, યોગમાર્ગના સેવનથી અપનેય એવું કર્મ રૂપી છે કે અરૂપી છે, તેનો નિર્ણય ભિન્ન ભિન્ન શાસ્ત્રકારોના વચનથી થઈ શકતો નથી; કેમ કે તે વિષયમાં સર્વદર્શનકારોનો વિવાદ વર્તે છે, તે વખતે તર્કથી વિચારવામાં આવે કે, સર્વદર્શનકારો મોક્ષનો ઉપદેશ આપે છે અને તેના ઉપાયરૂપે યોગમાર્ગનું સેવન કહે છે, યોગમાર્ગના સેવનથી ભવનું કારણ એવું કર્મ અપનેય છે આ પ્રમાણે કહે છે. આમ છતાં આત્માને પરિણામી માનતા નથી અને દેહથી આત્માને એકાંતે ભિન્ન માને છે, તેમના મતે અનુપચરિત એવો સંસાર અને અનુપચરિત એવો મોક્ષ સંગત થાય નહિ. તેથી કયું દર્શન અનુભવને અનુરૂપ આત્માદિ પદાર્થો બતાવે છે અને કયા દર્શનના વચનાનુસાર સંસાર અને મોક્ષની સંગતિ થાય તેની પરીક્ષા તર્કથી થાય છે, અને તે પરીક્ષા કર્યા પછી જે દર્શન આત્માને પરિણામી સ્વીકારતું હોય, જે દર્શનના સર્વ વચનો મોક્ષને અનુકૂળ અને સંસારના ઉચ્છેદને અનુકૂળ હોય તે દર્શનકારના વચનથી આત્મા, ઈશ્વર અને કર્મવિષયક વિશેષ નિર્ણય પણ થઈ શકે છે, અને તર્કથી વિચારીને તે દર્શનના વચનથી શાબ્દબોધ કરવામાં આવે તો તે શાબ્દબોધમાં અસ્પષ્ટતા હોવા છતાં ઐદંપર્યની શુદ્ધિ પ્રાપ્ત થાય છે, તે ઐદંપર્યની શુદ્ધિ સર્વજ્ઞના જ્ઞાન જેવી સ્પષ્ટતાવાળી નહિ હોવા છતાં છદ્મસ્થ અવસ્થામાં સંભવે તેવી સ્પષ્ટતાતુલ્ય છે, આથી જ જેઓ મધ્યસ્થ બુદ્ધિથી કયું શાસ્ત્ર સર્વજ્ઞ કથિત છે, તેનો નિર્ણય કરીને અને સર્વજ્ઞના વચનાનુસાર ઈશ્વરને અનાદિશુદ્ધ કેમ ન માનવો અને સાદિશુદ્ધ કેમ માનવો તેનો તર્કથી નિર્ણય કરે તો ઈશ્વર સાદિશુદ્ધ છે તેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પષ્ટ નિર્ણય કરી શકે છે, તે રીતે આત્માને સર્વવ્યાપી કેમ ન માનવો અને દેહવ્યાપી કેમ માનવો તે પણ તર્કથી વિચારે તો શાસ્ત્રથી થયેલો અસ્પષ્ટ બોધ પણ તર્કના બળથી ઐદંપર્ય શુદ્ધ પ્રાપ્ત થાય છે, અને તે રીતે કર્મને પણ અમૂર્ત કેમ ન માનવું અને મૂર્ત કેમ માનવું તેનો તર્કથી નિર્ણય કરે તો ઐદંપર્ય શુદ્ધિની પ્રાપ્તિ થાય છે, માટે અસ્પષ્ટ એવા શાબ્દજ્ઞાનમાં મધ્યસ્થ બુદ્ધિથી તર્કના આલંબનથી વિચારણા કરવી આવશ્યક છે, તે વચનને દૃઢ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

જે કારણથી આગળમાં કહેવાશે તે પ્રમાણે શાબ્દબોધ કર્યા પછી તર્કથી વિચારણા કરવી આવશ્યક છે એને વ્યાસે પણ કહ્યું છે. **॥૨૭॥**

**શ્લોક :-**

**आर्षं धर्मोपदेशं च वेदशास्त्राविरोधिना ।**
**यस्तर्केणानुसन्धत्ते स धर्मं वेद नेतरः ॥२८॥**

**અન્વયાર્થ :-**

**वेदशास्त्राविरोधिना तर्केण=વેદશાસ્ત્રના અવિરોધી એવા તર્કથી यः=જે आर्षं धर्मोपदेशं च=આર્ષને અને ધર્મોપદેશને अनुसन्धत्ते=અનુસંધાન કરે છે सः=તે धर्मं=ધર્મને वेद=જાણનાર છે नेतरः=ઈતર નહિ અર્થાત્ ઈતર ધર્મને જાણનાર નથી. ॥૨૮॥**

**શ્લોકાર્થ :-**

**વેદશાસ્ત્રના અવિરોધી એવા તર્કથી જે આર્ષને અને ધર્મોપદેશને અનુસંધાન કરે છે તે ધર્મને જાણનાર છે, ઈતર ધર્મને જાણનાર નથી. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

**વેદશાસ્ત્રના અવિરોધી એવા તર્કથી આર્ષને અને ધર્મોપદેશને અનુસંધાન કરનારા પુરુષો ધર્મના જાણકાર, ઇતર અજાણકાર :-**

જે પુરુષો સંસારના ઉચ્છેદના અર્થી છે, મધ્યસ્થ બુદ્ધિવાળા છે તેઓ વિચારે છે કે, અતીન્દ્રિય પદાર્થો સાક્ષાત્ ઇન્દ્રિયોથી ગમ્ય નથી, માટે તેનો નિર્ણય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છદ્મસ્થ જીવો કરી શકે નહિ, તેથી અતીન્દ્રિય પદાર્થોને કહેનારા વેદશાસ્ત્રો=આગમ વચનો, તેની સાથે વિરોધ ન આવે તે પ્રકારે માર્ગાનુસારી તર્કથી આર્ષ પુરુષ કોણ છે ? અર્થાત્ અતીન્દ્રિય પદાર્થના યથાર્થ વક્તા સર્વજ્ઞ કોણ છે ? અને તેમનો ધર્મોપદેશ કઈ રીતે યથાર્થ છે, તેનો તર્ક દ્વારા નિર્ણય કરે તો તે પુરુષો ધર્મને જાણનારા બને છે.

જેમ – સંસારના ઉચ્છેદના અર્થી જીવો મોક્ષમાર્ગમાં ઉદ્યમ કરે છે તે મોક્ષમાર્ગને કહેનારા આર્ષ એવા સર્વજ્ઞ, સર્વદર્શી કોણ હોઈ શકે અને તેમનો ઉપદેશ કેવો હોઈ શકે, તેનો નિર્ણય કરવા માટે કષ, છેદ અને તાપથી પરીક્ષા કરવામાં આવે તો નિર્ણય થાય કે, જે શાસ્ત્ર મોક્ષનો ઉપદેશ આપે છે, તેને અનુરૂપ જ સર્વવિધિ તે શાસ્ત્રમાં વાક્યો છે અને મોક્ષની વિરુદ્ધ જે જે પ્રવૃત્તિ છે તેનો નિષેધ કરનારા વચનો તે શાસ્ત્રમાં છે તે શાસ્ત્ર કષશુદ્ધ છે, અને જે વિધિ અને નિષેધના વચનો છે તેની પોષક એવી સર્વ ઉચિત ક્રિયાઓ જે શાસ્ત્રમાં બતાવી છે તે શાસ્ત્ર છેદશુદ્ધ છે, અને મોક્ષને સ્વીકારવામાં સંગત થાય તેવો પરિણામી તેમ જ દેહથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન આત્મા છે ઇત્યાદિ જે દર્શનકારો સ્વીકારે છે તે દર્શન તાપશુદ્ધ છે તેથી તેવા કષ, છેદ અને તાપશુદ્ધ આગમ બતાવનારા આર્ષ છે, અને આર્ષ એવા સર્વજ્ઞના વચનનો કષ, છેદ અને તાપ પરીક્ષાથી નિર્ણય કરીને જે પુરુષો સર્વજ્ઞના વચનથી ધર્મને જાણે છે તે પુરુષો ધર્મને જાણનારા છે ઇતર=સ્વ-સ્વ દર્શનાનુસાર ધર્મને સેવનારા પુરુષો, પરમાર્થથી ધર્મને જાણનારા નથી. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**પ્રસ્તુત બત્રીશીમાં ઈશ્વરના અનુગ્રહનો વિચાર પ્રારંભ કરેલ તેમાં પ્રથમ ઈશ્વરના અનુગ્રહ વિષયક પતંજલિઋષિનું કથન બતાવીને તે કઈ રીતે સંગત નથી તે બતાવ્યું ત્યારપછી આર્થવ્યાપારને આશ્રયીને ભગવાનનો અનુગ્રહ યુક્તિસંગત છે તેમ સ્થાપન કર્યું તે સર્વ કથનનું નિગમન કરે છે -**

**શ્લોક :-**

**शास्त्रादाचरणं सम्यक् स्याद्वादन्यायसंगतम् ।**
**ईशस्यानुग्रहस्तस्माद् दृष्टेष्टार्थाविरोधिनः ।।२९।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

तस्मात्=તે કારણથી=આર્થવ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ છે અને તે અનુગ્રહ સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી થાય છે તે કારણથી, दृष्टेष्टार्थाविरोधिनः=દૃષ્ટ, ઈષ્ટ અર્થના અવિરોધી એવા शास्त्रात्=શાસ્ત્રથી स्याद्वादन्यायसंगतम्=સ્યાદ્વાદન્યાયથી સંગત सम्यक्=સમ્યગ્ आचरणम्=આચરણ ईशस्य=ઈશનો=ઈશ્વરનો, अनुग्रहः=અનુગ્રહ છે. ॥૨૯॥

**શ્લોકાર્થ :-**

**તે કારણથી દૃષ્ટ, ઈષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રથી સ્યાદ્વાદન્યાયથી સંગત સમ્યગ્ આચરણ ઈશ્વરનો અનુગ્રહ છે. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

**દૃષ્ટ-ઇષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રથી સ્યાદ્વાદન્યાયથી સંગત સમ્યગ્ આચરણ ઈશ્વરનો અનુગ્રહ :-**

અતીન્દ્રિય પદાર્થોનો છદ્મસ્થ જીવો શાસ્ત્રથી, તર્કથી અને સ્વાનુભવના બળથી કાંઈક નિર્ણય કરી શકે છે, તેથી જેઓ મધ્યસ્થતાપૂર્વક શાસ્ત્રની પરીક્ષા કરીને સર્વજ્ઞકથિત શાસ્ત્રનો નિર્ણય કરે, અને તે સર્વજ્ઞકથિત શાસ્ત્ર દૃષ્ટ, ઇષ્ટ અર્થનો અવિરોધી છે, તેવો નિર્ણય થવાથી બુદ્ધિમાનને નિર્ણય થાય કે, આ શાસ્ત્ર સર્વજ્ઞકથિત છે, અને તેવા શાસ્ત્રથી જે યોગીપુરુષો સ્યાદ્વાદન્યાયથી સંગત એવી સમ્યગ્ આચરણા કરે તેમને ઈશ એવા તીર્થંકરોનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે, તીર્થંકર વીતરાગ સર્વજ્ઞ છે અને તેમણે જે કાંઈ ઉપદેશ આપ્યો છે તે સ્યાદ્વાદ ન્યાયથી સંગત છે, અને તેમનો સર્વ ઉપદેશ યોગ્ય જીવોને પોતાના તુલ્ય કરવા અર્થે છે, તેથી તેમના ઉપદેશ અનુસાર જે જીવો સર્વસંયમની ઉચિત આચરણા કરે છે તે જીવો તે આચરણાના બળથી વીતરાગભાવથી ભાવિત બને છે, અને અનાદિના અવીતરાગભાવના જે સંસ્કારો તેમના આત્મામાં પડેલા છે તે ક્રમસર નાશ પામે છે, અને વીતરાગભાવને અનુકૂળ ઉત્તમ સંસ્કારો તે ચારિત્રાચારની ક્રિયાથી આધાન કરીને સંસારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચ્છેદ માટે સમર્થ બને છે, તે તેમના ઉપર ઈશ્વર એવા તીર્થંકરોનો અનુગ્રહ છે; કેમ કે જેમ જેમ તીર્થંકરનું વચન તેમને પરિણમન પામે છે તેમ તેમ તેઓ સંસારથી પર થઈને તીર્થંકર તુલ્ય સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ નજીક બને છે.

સ્યાદ્વાદન્યાયસંગત સમ્યગ્ આચરણા કહેવાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાને કોઈપણ આચરણા આ આમ જ કરવી એ પ્રમાણે વિધાન કરેલ નથી, પરંતુ પુરુષ, કાળ, પુરુષની શક્તિ વગેરે સર્વની વિચારણા કરીને જે પ્રવૃત્તિથી તેનું હિત થાય તે પુરુષને તે પ્રવૃત્તિ કરવાનું કહેલ છે. આથી જ ભગવાનનું વચન ઉત્સર્ગ-અપવાદમય છે તેથી જે પુરુષ ભગવાનના વચનને ઉચિત રીતે યોજન કરીને તે વચન અનુસાર જે આચરણા કરે તે સ્યાદ્વાદન્યાયસંગત કહેવાય.

**દૃષ્ટ-ઇષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રવચનનું તાત્પર્ય :-**

**દૃષ્ટઅવિરોધી શાસ્ત્રવચન :-** શાસ્ત્રનું વચન દૃષ્ટ-ઇષ્ટ અર્થને અવિરોધી કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, જે શાસ્ત્રવચનો દેખાતા અનુભવથી વિરોધવાળા ન હોય તેવા અર્થને કહે તે દૃષ્ટઅવિરોધી શાસ્ત્રવચન છે.

જેમ – આત્માને પરિણામી કહે છે તે દૃષ્ટથી સર્વને પ્રતીત છે કે પોતાનો આત્મા પ્રતિક્ષણ નવા નવા પરિણામ પ્રાપ્ત કરે છે અને તે સર્વ પરિણામોમાં પોતે અનુગત છે, આથી જ જે હું 'બાળ' હતો તે જ હું 'યુવા' છું એવી સર્વજનને પ્રતીતિ થાય છે, તેથી આત્માને પરિણામી સ્વીકારવાથી દૃષ્ટથી બાધા આવતી નથી.

**ઇષ્ટઅવિરોધી શાસ્ત્રવચન :-** જીવને ઇષ્ટ સર્વકદર્થના રહિત એવો મોક્ષ છે અને તે મોક્ષને કહેનારા જે શાસ્ત્રવચનો છે તે ઇષ્ટ એવા મોક્ષના સાધક હોવાથી ઇષ્ટ છે અને ઇષ્ટ એવા શાસ્ત્ર વચનોમાં પરસ્પર ક્યાંય વિરોધ ન હોય તેવા સાપેક્ષ વચનો જે શાસ્ત્રમાં હોય તે ઇષ્ટઅવિરોધી શાસ્ત્રવચન કહેવાય.

જેમ – મોક્ષના અર્થે વિધિ-નિષેધો કહ્યા પછી તે વિધિ-નિષેધના અર્થ સાથે વિરોધ આવે તેવી કોઈ આચરણા ભગવાનના શાસ્ત્રમાં નથી માટે સર્વજ્ઞનું વચન ઇષ્ટઅવિરોધી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે દૃષ્ટ-ઇષ્ટઅવિરોધી એવા શાસ્ત્રથી કરાયેલી સમ્યગ્ આચરણા કલ્યાણનું કારણ બને છે.

**સારાંશ :-**

દૃષ્ટ, ઇષ્ટ અવિરોધી શાસ્ત્રવચન

↓ તેનાથી

સ્યાદ્વાદન્યાયથી સંગત સમ્યગ્ આચરણા

↓ તેનાથી

ઈશ્વરના અનુગ્રહની પ્રાપ્તિ. ॥૨૯॥

**અવતરણિકા :-**

શ્લોક-૨૯માં કહ્યું કે જે યોગીઓ દૃષ્ટ, ઈષ્ટ અર્થના અવિરોધી એવા શાસ્ત્રથી સમ્યગ્ આચરણા કરે છે, તેમને ઈશનો અનુગ્રહ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે, વીતરાગ સર્વજ્ઞ ભગવાન તો કોઈ જીવ ઉપર અનુગ્રહ કે કોપ કરતા નથી, તેથી દૃષ્ટ-ઈષ્ટ અવિરોધી એવા શાસ્ત્રથી સમ્યગ્ આચરણા કરનારા યોગીઓ ઉપર ઈશ્વરનો અનુગ્રહ થાય છે તેમ કેમ કહી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

यद्दातव्यं जिनैः सर्वैर्दत्तमेव तदेकदा ।
दर्शनज्ञानचारित्रमयो मोक्षपथः सताम् ।।३०।।

**અન્વયાર્થ :-**

सतां=યોગ્ય જીવોને सदा=હંમેશા दर्शनज्ञानचारित्रमयः=દર્શન, જ્ઞાન અને ચારિત્રમય मोक्षपथः=મોક્ષમાર્ગ यद् दातव्यं=જે આપવા યોગ્ય છે तद्=તે सर्वैः जिनैः=સર્વ જિનો વડે एकदा=એક વખતે दत्तमेव=અપાયું જ છે. ।।૩૦।।

**શ્લોકાર્થ :-**

**યોગ્ય જીવોને હંમેશા દર્શન, જ્ઞાન અને ચારિત્રમય મોક્ષમાર્ગ જે**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આપવા યોગ્ય છે, તે સર્વ જિનો વડે એક વખતે અપાયું જ છે. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

જગતમાં જે કોઈ તીર્થંકરો થાય છે તે સર્વ જગતના કલ્યાણના આશયથી બંધાયેલા તીર્થંકર નામકર્મના ઉદયથી થાય છે, તેથી તીર્થંકરના જીવો કેવલજ્ઞાન પામ્યા પછી જગતના જીવમાત્રના કલ્યાણને અનુકૂળ જે કાંઈ આપવા યોગ્ય છે તે આપે છે.

જેમ – સર્વ તીર્થંકરો જગતના કલ્યાણને અનુકૂળ આપવા યોગ્ય વસ્તુ જગતના જીવોને આપે છે, તેમ આસન્ન ઉપકારી એવા શ્રીવીરભગવાને પણ એક સાથે જગતના કલ્યાણનું કારણ બને તેવી વસ્તુ જગતને આપી છે.

અહીં પ્રશ્ન થાય કે, જગતના કલ્યાણ અર્થે સર્વ તીર્થંકરો વડે સદા યોગ્ય જીવોને શું આપવા યોગ્ય છે ? તેથી શ્લોકના ઉત્તરાર્ધથી તીર્થંકરો દ્વારા આપવા યોગ્ય વસ્તુ શું છે તેની સ્પષ્ટતા કરે છે –

સંસારમાં જીવો મોક્ષપથને પામ્યા નથી, તેથી સંસારમાં પરિભ્રમણની સર્વ કદર્થના પામે છે, અને તે કદર્થનામાંથી સંસારી જીવોને મુક્ત કરીને સુખી કરવા હોય તો મોક્ષપ્રાપ્તિનો પથ=માર્ગ, સર્વ તીર્થંકરોએ આપવા યોગ્ય છે અને તે મોક્ષપથ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય છે, તેથી સર્વ તીર્થંકરોએ જગતના યોગ્ય જીવોને દર્શન, જ્ઞાન અને ચારિત્રમય મોક્ષપથ આપીને અનુગ્રહ કર્યો છે, અને જે જીવો સ્યાદ્વાદ સંગત એવા શાસ્ત્રથી સમ્યગ્ આચરણા કરે તે જીવો ઉપર મોક્ષમાર્ગની પ્રાપ્તિરૂપ ઈશનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે એમ શ્લોક-૨૯ સાથે સંબંધ છે.

**સારાંશ :-**

**સ્યાદ્વાદન્યાયથી સંગત શાસ્ત્રથી સમ્યગ્ આચરણા**

**↓ તેનાથી**

**સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રમયમોક્ષમાર્ગની**
**પ્રાપ્તિરૂપ ઈશના અનુગ્રહની પ્રાપ્તિ. ॥૩૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

શ્લોક-૨૯માં કહ્યું કે મોક્ષપથને બતાવનારા એવા શાસ્ત્રથી જે સમ્યગ્ આચરણા કરાય તે ઈશ્વરનો અનુગ્રહ છે, અને શ્લોક-૩૦માં કહ્યું કે ભગવાને આપવા યોગ્ય સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રમય મોક્ષપથ છે તે એક સાથે આપ્યું છે, તેથી જે જીવો શાસ્ત્રને અવલંબીને સ્વશક્તિ અનુસાર આચરણમાં યત્ન કરતા નથી, અને માત્ર ભગવાનની ભક્તિથી ભગવાન પાસે યાચના કરે છે તેમને ભગવાન સાક્ષાત્ કાંઈ આપનાર નહિ હોવાથી તેમના ઉપર ભગવાનનો કોઈ અનુગ્રહ થશે નહિ. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

जिनेभ्यो याचमानोऽन्यं लब्धं धर्ममपालयन् ।
तं विह्वलो विना भाग्यं केन मूल्येन लप्स्यते ।।३१।।

**અન્વયાર્થ :-**

लब्धं=પ્રાપ્ત એવા अन्यं=અન્ય धर्मम्=ધર્મને अपालयन्=નહિ પાળતો जिनेभ्यो=જિનો પાસેથી याचमानो=યાચના કરતો એવો विह्वलः=વિહ્વળ પુરુષ भाग्यं विना=ભાગ્ય વગર केन मूल्येन=કયા મૂલ્યથી तं=તેને અર્થાત્ યાચનાના વિષયભૂત પદાર્થને, लप्स्यते=પ્રાપ્ત કરશે ? અર્થાત્ પ્રાપ્ત નહિ કરે. ।।૩૧।।

**શ્લોકાર્થ :-**

**પ્રાપ્ત એવા અન્ય ધર્મને નહિ પાળતો, જિનો પાસેથી યાચના કરતો એવો વિહ્વળ પુરુષ ભાગ્ય વગર કયા મૂલ્યથી યાચનાના વિષયભૂત પદાર્થને પ્રાપ્ત કરશે ? અર્થાત્ પ્રાપ્ત નહિ કરે. ।।૩૧।।**

**ભાવાર્થ :-**

**પ્રાપ્ત એવા અન્ય ધર્મને નહિ પાળતા અને જિનો પાસે યાચના કરતા એવા વિહ્વળ પુરુષને યાચનાના વિષયભૂત પદાર્થની અપ્રાપ્તિ :-**

કેટલાક જીવો કલ્યાણના અર્થી છે, આમ છતાં સ્વશક્તિ અનુસાર જિનવચનનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવલંબન લઈને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા નથી, અને યોગમાર્ગની પ્રવૃત્તિ કષ્ટસાધ્ય છે તેમ વિચારીને વિચાર કરે છે કે, આપણે ભગવાનને ખૂબ ભક્તિથી યાચના કરશું, તેથી ભગવાન સ્વયં આપણને મોક્ષ આપશે, આ રીતે મોક્ષ અને મોક્ષમાર્ગની યાચના કરતા તેઓ સ્વશક્તિ અનુસાર કાંઈ ઉદ્યમ કરતા નથી તેમને ગ્રંથકારશ્રી કહે છે –

વસ્તુતઃ જે ધર્મમાં પોતાંની શક્તિ નથી તે ધર્મને અનુકૂળ શક્તિ પોતાનામાં પ્રાપ્ત થાય, તેના માટે તે ધર્મની પ્રાર્થના કરીને તે ધર્મ કરવાની રુચિ પોતાનામાં અતિશયિત કરવામાં આવે છે તે પ્રાર્થનાના વિષયભૂત ધર્મથી અન્ય પ્રાપ્ત એવા ધર્મને=પોતે સેવી શકે તેવા ધર્મને, જે પાળતા નથી અર્થાત્ શાસ્ત્રોથી જે ધર્મ પોતાને પ્રાપ્ત થયો છે અને પોતે સેવી શકે તેવો છે, તે ધર્મને જેઓ પાળતા નથી અને ભગવાન પાસે યાચના કરે છે કે, ભગવાન તમે મને ચારિત્ર આપજો અને મને મોક્ષ આપજો, તેઓ ચારિત્રધર્મને શક્તિ અનુસાર સેવતા નહિ હોવાથી ભાગ્ય વગરના છે; કેમ કે પ્રાપ્ત થયેલા ધર્મને સેવવાના ભાગ્યવાળા નથી, તેવા ભાગ્ય વગરના જીવો કયા મૂલ્યથી તેને પ્રાપ્ત કરશે ? અર્થાત્ યાચના કરવામાં વિહ્વળ એવા તેઓ ઉત્તમ ધર્મને સેવીને શક્તિ અનુસાર ધર્મના સંસ્કારો આધાન કરતા નથી, તેથી તે ઉત્તમ સંસ્કારોરૂપ મૂલ્ય વગર અન્ય ભવમાં તેઓ ધર્મની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે ? અર્થાત્ કરી શકશે નહિ. તેથી જેઓને ભગવાનનો અનુગ્રહ જોઈતો હોય તેમણે માત્ર ભગવાનની પાસે પ્રાર્થના કરવાથી સંતોષ માનવો જોઈએ નહિ, પરંતુ ભગવાને જે મોક્ષમાર્ગ બતાવ્યો છે તેના પરમાર્થને શક્તિ અનુસાર જાણવા માટે, જાણીને સ્થિર કરવા માટે, અને સ્થિર કર્યા પછી શક્તિ અનુસાર તેને સેવીને આત્મામાં ધર્મના ઉત્તમ સંસ્કારો આધાન કરવા માટે યત્ન કરવો જોઈએ. તે ઉત્તમ સંસ્કારોરૂપ મૂલ્યથી જન્માંતરમાં તે મહાત્માને વિશેષ પ્રકારના ધર્મની પ્રાપ્તિ થશે. માટે ધર્મની બાબતમાં આળસુ અને માત્ર યાચના કરનાર જીવોને મોક્ષમાં ગયેલા સિદ્ધના જીવો કે મોક્ષમાં ગયેલા તીર્થંકરના જીવો કોઈ અનુગ્રહ કરતા નથી, પરંતુ તીર્થંકરોએ આપેલો જે મોક્ષપથ છે તેને સમ્યક્ સેવવાથી જ તીર્થંકરનો અનુગ્રહ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સારાંશ :-**

ભગવાને બતાવેલા ઉત્તમધર્મનું સેવન

↓ તેનાથી

ઉત્તમ ધર્મના સંસ્કારોનું આધાન

↓ તેનાથી

જન્માંતરમાં વિશેષ પ્રકારના ધર્મની પ્રાપ્તિ.

કેવળ યાચના કરવામાં વિહ્વળ પુરુષોને ઉત્તમ ધર્મનું અનાસેવન

↓ તેનાથી

ઉત્તમ ધર્મના સંસ્કારોનું અનાધાન

↓ તેનાથી

જન્માંતરમાં પ્રાર્થના કરાયેલા ધર્મની અપ્રાપ્તિ.

❖ તીર્થંકરોએ બતાવેલા સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રમય મોક્ષમાર્ગના સેવનથી ઈશના અનુગ્રહની પ્રાપ્તિ.

❖ તીર્થંકરોએ બતાવેલા સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રમય મોક્ષમાર્ગના અનાસેવનથી અને માત્ર મોક્ષ કે મોક્ષમાર્ગની યાચનાથી ઈશના અનુગ્રહની અપ્રાપ્તિ. ॥૩૧॥

**શ્લોક :-**

**अनुष्ठानं ततः स्वामिगुणरागपुरःसरम् ।**
**परमानन्दतः कार्यं मन्यमानैरनुग्रहम् ।।३२।।**

**અન્વયાર્થ :-**

**ततः=તે કારણથી=શ્લોક-૩૧માં કહ્યું કે યાચનામાત્રથી ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થતો નથી, પરંતુ શ્લોક-૨૯માં કહ્યું એ પ્રમાણે શાસ્ત્રથી કહેલી સમ્યગ્ આચરણાથી ઈશ્વરનો અનુગ્રહ છે તે કારણથી, अनुग्रहं=અનુગ્રહને मन्यमानैः=માનનારા પુરુષોએ અર્થાત્ ભગવાનના અનુગ્રહથી મારા કલ્યાણની પ્રાપ્તિ છે એ પ્રકારે માનનારા પુરુષોએ स्वामिगुणरागपुरः-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सरम्=સ્વામીના ગુણના રાગપૂર્વક परमानन्दतः=પરમાનંદથી અર્થાત્ અત્યંત ઉત્સાહથી अनुष्ठानं= અનુષ્ઠાન कार्यम्=કરવું જોઈએ અર્થાત્ ભગવાને બતાવેલ અનુષ્ઠાન સેવવું જોઈએ. ।।૩૨।।

**શ્લોકાર્થ :-**

**તે કારણથી અનુગ્રહને માનનારા પુરુષોએ સ્વામીના ગુણના રાગપૂર્વક પરમાનંદથી અનુષ્ઠાન કરવું જોઈએ. ।।૩૨।।**

**ટીકા :-**

आर्षमित्यारभ्य स्पष्टम् ।।३२।।

**ટીકાર્થ :-**

आर्षम् ..... स्पष्टम् ।। आर्षम् ..... શ્લોક-૨૮થી માંડીને શ્લોક-૩૨ સુધી સ્પષ્ટ હોવાથી શ્લોક-૨૮થી શ્લોક-૩૨ સુધીની ટીકા ગ્રંથકારશ્રીએ કરેલ નથી. ।।૩૨।।

**ભાવાર્થ :-**

**શાસ્ત્રથી કરાયેલ સમ્યગ્ આચરણા એ ઈશ્વરનો અનુગ્રહ હોવાથી સ્વામીના ગુણના રાગપૂર્વક અત્યંત ઉત્સાહથી અનુષ્ઠાનની કર્તવ્યતા :-**

શ્લોક-૩૧માં કહ્યું કે, જે જીવો શક્તિ અનુસાર ભગવાને બતાવેલ ધર્મનું સેવન કરતા નથી અને ભગવાન પાસે ચારિત્રની કે મોક્ષની યાચના કરે છે, તેમને ભગવાન સાક્ષાત્ આપનારા નહિ હોવાથી યાચનાથી કોઈ ફળ પ્રાપ્ત થશે નહિ. પરંતુ ભગવાન વડે જે આપી શકાય એવું હતું તે મોક્ષપથ ભગવાને એક સાથે આપેલ છે, તે મોક્ષપથને શાસ્ત્રથી જાણીને જેઓ સમ્યગ્ આચરણા કરશે તેમના ઉપર ભગવાનનો અનુગ્રહ થશે, તે કારણથી જેઓ માને છે કે ભગવાન અનુગ્રહ કરે છે તેઓએ ભગવાનના અનુગ્રહના પરમાર્થને જાણીને વિચારવું જોઈએ કે, ભગવાન મોક્ષમાં ગયા પછી કોઈ પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ ભગવાને જે મોક્ષપથ આપ્યો છે તે મોક્ષપથ જેટલો મને સમ્યક્ પરિણમન પામશે તે ભગવાનનો મારા ઉપર અનુગ્રહ છે, તેથી ભગવાને જે મોક્ષપથ મને આપ્યો છે તેના પરમાર્થને જાણીને અત્યંત ઉત્સાહપૂર્વક ભગવાનના ગુણના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગપૂર્વક તે મોક્ષપથની આચરણારૂપ અનુષ્ઠાનનું સેવન કરવું જોઈએ, તેથી વીતરાગના રાગથી સેવાયેલા તે અનુષ્ઠાનો દ્વારા આત્મા વીતરાગભાવરૂપે કાંઈક પરિણમન પામીને પ્રકર્ષની ભૂમિકાને પામે ત્યારે વીતરાગતુલ્ય બને છે, એ જ ભગવાનનો પોતાના ઉપર પારમાર્થિક અનુગ્રહ છે, માટે ભગવાનના અનુગ્રહના અર્થીએ રત્નત્રયમાં અપ્રમાદથી ઉદ્યમ કરવો જોઈએ.

**સારાંશ :-**

**ભગવાનના ગુણના રાગપૂર્વક સમ્યગ્ અનુષ્ઠાનનું સેવન**

**↓ તેનાથી**

**વીતરાગભાવનો પ્રકર્ષ પામી વીતરાગતુલ્ય બનવું**

**તે પારમાર્થિક ઇશાનુગ્રહ. ॥૩૨॥**

।। इशानुग्रहविचारद्वात्रिंशिका ।।१६।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"यद्दातव्यं जिनैः सर्वैः,

दत्तमेव तदेकदा ।

दर्शनज्ञानचारित्रमयो,

मोक्षपथः सताम् ॥"

"યોગ્ય જીવોને દર્શન, જ્ઞાન, ચારિત્રમય
મોક્ષમાર્ગ જે આપવા યોગ્ય છે તે
સર્વ જિનોએ એક વખતે આપ્યું જ છે."

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org